। નમો નમઃ શ્રી ગુરૂ પ્રેમ સૂરયે ।

અધ્યાત્મ યોગીરાજ

શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદજી) કૃત

# પદ્યાવલી

## ૭૨, બહોંતર પદો – અનુવાદ સાથે
## તથા અન્ય કાવ્ય કૃતિઓ

## ભાગ : ૧-૨


પ્રેરક - સંશોધક :

સદ્ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી મહારાજ

અનુવાદક :

કુંવરજી આણંદજી



પુનઃ પ્રકાશન – આવૃત્તિ ૨જી

પ્રેરણાદાતા : પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ

પ.પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી

પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ

વિ. સં. ૨૦૫૧

વીર સંવત ૨૫૨૧ નકલ ૧૦૦૦ કિંમત રૂ. ૬૦/-

। નમો નમઃ શ્રી ગુરૂ પ્રેમ સૂરયે ।

અધ્યાત્મ યોગીરાજ
શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદ્રજી) કૃત

# પદ્યાવલી

## ૭૨, બહોંતર પદો – અનુવાદ સાથે
## તથા અન્ય કાવ્ય કૃતિઓ

## ભાગ : ૧-૨


પ્રેરક – સંશોધક :
**સદ્‌ગુણાનુરાગી મુનિ કર્પૂરવિજયજી મહારાજ**

અનુવાદક :
**કુંવરજી આણંદજી**


---


**પુનઃ પ્રકાશન – આવૃત્તિ ૨જી**

પ્રેરણાદાતા : **પ.પૂ. વૈરાગ્યદેશનાદક્ષ**
**પ.પૂ. આચાર્યશ્રી વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ**

પ્રકાશક : **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, મુંબઈ**

વિ. સં. ૨૦૫૧
વીર સંવત ૨૫૨૧ નકલ ૧૦૦૦ કિંમત રૂ. ૬૦/-

પુનઃપ્રકાશક
**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
દુ. નં. ૫ બદ્રિકેશ્વર સોસાયટી
૮૨ નેતાજી સુભાષ રોડ,
મરીન ડ્રાઈવ "ઈ" રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

## પ્રાપ્તિ સ્થાન

૧. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
મુંબઈ શાખાઃ ૫, બદ્રિકેશ્વર સો.,
૮૨, નેતાજી સુભાષ રોડ,
મરીન ડ્રાઈવ રોડ, મુંબઈ-૨.

૨. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o ચંદ્રકાંત એસ. સંઘવી
કનાસાનો પાડો, પાટણ

૩. **રાયચંદ મગનલાલ શાહ**
૧૨, રામવિહાર, રોકડીઆ લેન,
મંડપેશ્વર રોડ, બોરીવલી (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૯૨

૪. **મૂળીબેન અંબાલાલ જૈન ધર્મશાળા**
સ્ટેશન રોડ, વીરમગામ
જિ. અમદાવાદ

# યત્કિંચિત

લેખક : **પ.પૂ. આચાર્યશ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મ.સા**

ઘોર તપ અને ઉગ્ર સંયમ વિના મુક્તિની પ્રાપ્તિ થતી નથી. પરંતુ ઉગ્ર સંયમ અને ઘોર તપની આરાધનાનું સત્વ પ્રાપ્ત કરવું કેવી રીતે ? એ પ્રાપ્ત કરવાનો ઉપાય ઉગ્ર સંયમી અને ઘોર તપસ્વી આત્માઓના ગુણાનુવાદ અને સ્તવના છે. દેવાધિદેવ તીર્થંકર પરમાત્માઓ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ કોટિના સંયમી અને તપસ્વી થઈ ગયા. ઘોર તપ અને ઉગ્રસંયમ દ્વારા કર્મ ખપાવી એ મહાપુરુષો કેવળજ્ઞાનને પામ્યા એટલું જ નહીં પણ ઉગ્ર સંયમ અને ઘોર તપ સાથે એ મહાપુરુષોના જીવનમાં એક બીજી મહાન વિશેષતા હતી અને તે જગતના જીવ માત્ર પ્રત્યેની અગાધ કરુણા અથવા વિશ્વવાત્સલ્ય. પરમાત્મા દેવાધિદેવના પરમ ઉપાસક એવા સ્વ. પન્યાસજી શ્રી ભદ્રંકર વિજયજી મ.ના શબ્દોમાં જોઈએ તો "શ્રી તીર્થંકર દેવો જગતમાં પૂજ્યતમ છે તેનું કારણ તેમની વિદ્વતા, રાજ્યસત્તા કે રૂપરંગાદિ નથી, પરંતુ તેમનું **અગાધ અનુપમ અપરિમેય વિશ્વ વાત્સલ્ય છે.** જેમાંથી તીર્થંકરત્વનો જન્મ થાય છે"

આમ વિશ્વના સર્વે જીવો પ્રત્યેની અગાધ કરુણાથી તીર્થંકર નામ કર્મનો બંધ કરી ત્રીજા ભવે તીર્થંકર બની શાસનસ્થાપના, દ્વાદશાંગીનું સર્જન વગેરે દ્વારા વિશ્વ ઉપર મહાન ઉપકાર કરનાર દેવાધિદેવ તીર્થંકર ભગવંતો પ્રત્યે યોગ્ય આત્માઓના હૈયામાં ભક્તિ અને બહુમાનના ભાવ જાગ્યા વગર રહેતા નથી અને આવા ભાવોમાંથી ઉત્પન્ન થાય છે પરમાત્માની સ્તવના

સ્તુતિઓ... સ્તોત્રો... વગેરે...

પૂ. આ. સિદ્ધાસેન દિવાકર સૂરિ મ.સા. કલિકાલસર્વજ્ઞ પૂ. આ. હેમચન્દ્રસૂરિ મ.સા., પૂ. હરિભદ્રસૂરિ મ.સા. પૂ. આનંદઘનજી મ.પૂ. ઉપાધ્યાયજી યશોવિજય મ.સા. વગેરે પૂર્વના અનેક મહાપુરુષોના હૃદયમાંથી નીકળેલા

ભાવોથી સર્જન થયેલા સ્તુતિ અને સ્તવનો નો પાઠ આજે પણ આપણને ભાવવિભોર બનાવી દે છે. **આવા જ એક મહાપુરુષ નિકટના સમયમાં થોડા વર્ષો પૂર્વે થયા–પ.પૂ. ચિદાનંદજી મહારાજ.** તેઓએ પણ અતિગૂઢ ભાવોથી ભરેલા પરમાત્મ ભક્તિના અનેક પદો રચીને ભક્તિક્ષેત્રને સમૃદ્ધ બનાવ્યું. તેમના આ પદો લાલિત્યથી ભરેલા ભાવવાહી છે. અંતરમાં ભારે તોફાનને ઉભુ કરી દે છે અને સંસાર તરફ દોડતા મનને ફેરવીને પ્રભુ તરફ દોડતું બનાવી દે છે. જેમ પ્રભુભક્તિના પદો રચ્યા છે તેજ રીતે સંસારની અસારતા દર્શક વૈરાગ્ય વર્ધક, પુદ્‌ગલ ગીતા અધ્યાત્મ છત્રીશી વગેરે પદો પણ એમણે રચ્યાં છે. આ બધાનો સ્વાધ્યાય ખરેખર જો અંતરથી કરવામાં આવે તો પુદ્‌ગલ આસક્તિ ઘટ્યા વગર રહે નહિ. અને પરમાત્મ ભક્તિ પણ વધ્યા વગરે રહે નહીં. અને તેથી જ આવા ઉગ્ર સંયમ અને ઘોર તપ સાથે વિશ્વવાત્સલ્યને ધારણ કરનારા દેવાધિદેવની સ્તુતિ-સ્તવના-ભક્તિથી જીવ પોતે પણ સંયમ તપમાં અવરોધભૂત કર્મનો ક્ષય કરી સ્વયં ઉગ્ર સંયમ અને ઘોર તપનો આરાધક બની શીઘ્ર નિર્વાણને પામે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં જણાવેલ છે.

"थयथुइ मगंलेण भंते जीवे किं जणई ? थयथुइमंगलेणं णाणदंसण चरित्त बोहिलाभं संजणइ, नाणदंसणचरित्त बोहिलाभसंपन्नेणं जीवे अंतकिरियं कप्पविभाणोववजियं आराहणंवा आराहेइ ।

સ્તવ સ્તુતિ રૂપ મંગલથી હે પ્રભુ ! જીવને શું પ્રાપ્ત થાય છે ? સ્તવસ્તુતિરૂપ મંગલથી જીવને દર્શન જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ બોધિલાભની પ્રાપ્તિ થાય છે. આનાથી જીવને મુક્તિની (કર્મનો સર્વથા નાશ કરનારી) આરાધનાની પ્રાપ્તિ થાય છે અથવા વૈમાનિક દેવમાં ઉત્પન્ન થવાય એવી *આરાધના થાય છે.*

અહીં સ્પષ્ટ થયું કે સ્તુતિ સ્તોત્રાદિ દ્વારા જીવને રત્નત્રયીની પ્રાપ્તિ થાય છે અને તેનાથી તેજ ભવમાં મુક્તિ ન થાય તો અવશ્ય વૈમાનિક દેવલોકની પ્રાપ્તિ થયા વગર રહેતી નથી...

પૂજાકોટિ સમાન સ્તવપાઠનું ફળ શાસ્ત્રમાં બતાવેલ છે. અરે પરમાત્માની

સ્તવનામાં આગળ વધતો ભાવ વિભોર બનતો જીવ તીર્થંકર નામગોત્રનો બંધ કરે છે. તેવા રાવણાદિના દ્રષ્ટાંતો આપણા શાસનમાં પ્રસિદ્ધ છે. પરમાત્મ ભક્તિમાં મગ્ન બનતા દેવો પણ મનુષ્ય ગતિ આદિ મુનષ્યને લગતી ઉત્કૃષ્ટ રસવાળી પુણ્ય પ્રકૃતિઓ બાંધે છે તેમ કર્મગ્રંથમાં બતાવેલ છે, પરમાત્માના દર્શન કરતા જીવ જેમ જેમ આનંદ પામે છે તેમ તેમ આત્મા પરથી કર્મ ખરતા જાય છે, એજ રીતે ભાવપૂર્વક સ્તોત્ર પાઠ કરતા જીવો પણ અપૂર્વ કર્મ નિર્જરા કરે છે

દર્શનથી પૂજા મહાન છે, પૂજાથી પણ સ્તોત્રપાઠ મહાન છે તેથી જ શાસ્ત્રકારે કહ્યું છે કે "पूजा कोटि समं स्तोत्रपाठं" કુમારપાલ મહારાજાએ પોતાની રચેલી સ્તુતિમાં પણ પરમાત્માનો સ્તોત્ર પાઠ કરનારને ખૂબ જ ધન્ય તથા પુણ્યવાન જણાવેલ છે.

'જે ભવ્ય જીવો આપને ભાવે નમે, સ્તોત્રે સ્તવે
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠે ઠવે,
તે ધન્ય છે કૃતપુણ્ય છે, ચિંતામણી તેના કરે
વાવ્યો છે પ્રભો! નિજકૃત્યથી સુરવૃક્ષને એને ગૃહે"
– કુમારપાલ સ્તવનાનો અનુવાદ

કુમારપાલ મહારાજા આ રીતે આ સ્તુતિ દ્વારા ત્રણે કાળમાં પરમાત્માને નમસ્કાર કરનાર, સ્તોત્રથી સ્તવના કરનાર અને પૂજા કરનાર પુણ્યાત્માઓની ભાવપૂર્ણ અનુમોદના કરે છે.

પરમાત્મા તો અતિમહાન છે. પણ પરમાત્માની ભાવપૂર્ણ ભક્તિ કરનાર પણ અતિશય મહાન છે. ભાવપૂર્ણ સ્તુતિથી અનેક ભવોના સંચિત કર્મો સહેલાઈથી ક્ષય પામી જાય છે. આ જ કુમારપાલ મહારાજાની સ્તુતિ જુઓ.

પ્રાણી તણા પાપો ઘણા ભેગા કરેલા જે ભવે;
ક્ષીણ થાય છે ક્ષણવારમાં જે આપને ભાવે સ્તવે;
અંતિ ગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું,
એમ જાણીને પણ આનંદથી હું આપને નિત્યે ભજું ।

(કુમારપાલ મહારાજાની સ્તુતિઓ તો સંસ્કૃતમાં છે અહીં ગુજરાતીમાં

જે પદ્ય રજુ કર્યા છે તે કુમારપાલની સ્તુતિના પૂ. આ. અમૃતસૂરિમહારાજે કરેલ અનુવાદ પદ્યો છે)

ઘણો મોટો પણ કપાસનો ઢગલો અગ્નિના એક કણથી ક્ષણવારમાં બળીને રાખ થઈ જાય છે, ગાઢ અંધકાર પણ સૂર્યના પ્રગટ થવાની સાથે જ નષ્ટ થઈ જાય છે, મોટા અબજોપતિ પણ શેરબજારમાં ઉથલપાથલ થતા ક્ષણવારમાં રોડપતિ બની જાય છે, તેમ કર્મનો મોટો જથ્થો પણ વીતરાગ પરમાત્માની ભક્તિ કે સ્તવનાથી ક્ષણવારમાં નાશ પામી જાય છે. માટે જ નાગકેતુ પ્રભુની પુષ્પપૂજા કરતા કરતા ભાવવિભોર બની ક્ષપકશ્રેણિમાં આરોહણ કરી કેવળજ્ઞાન પામી ગયા...

મોઢામાં હજારો જીભ હોય
હૃદયમાં કેવળજ્ઞાન હોય
લાખો પૂર્વના આયુષ્ય હોય

તો પણ તીર્થંકર ભગવંતના મહિમાને વર્ણવવાને જેમ અશક્ય છે એમ તીર્થંકર પરમાત્માની ભક્તિના ફળનું પણ વર્ણન કરવું અશક્ય છે.

પરમાત્મ પદની વિશેષતા જુઓ. ગઈ ચોવીશીના ત્રીજા સગર તીર્થંકરના મુખે ભગવાન નેમનાથ સ્વામીના શાસનમાં પોતાની મુક્તિ સાંભળીને પરમાત્મા નેમનાથ સ્વામી પણ જ્યારે સમકિત પામ્યા નથી તેવા સમયે પાંચમાં બ્રહ્મદેવલોકના ઈંદ્રે પરમાત્માની રત્નની પ્રતિમાનું નિર્માણ કરીને દેવલોકમાં તેની પુજાનો પ્રારંભ કરી દીધો, એવી જ રીતે ગતચોવિશીમાં દામોદર પ્રભુની વાણી સાંભળીને અષાઢી શ્રાવકે પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા નિર્માણ કરી પૂજા શરૂ કરી દીધી,પરમાત્મા તીર્થંકર દેવો જ્યારે પરમાત્મપદને પામ્યા પણ નથી ત્યારે પણ ભવિષ્યમાં તીર્થંકર પદને પામવાના છે તે નિમિત્તે તેમની ભકિતનો પ્રારંભ થઈ જાય છે.

ખરેખર દેવાધિદેવ તીર્થંકર પરમાત્માનો વર્ણનાતીત-કલ્પનાતીત પ્રભાવ છે. કહેવાય છે કે પ્રભુનું વર્ણન કરવા માટે જોઈતા શબ્દો જ શબ્દકોષમાં નથી, શા આધારે ના વર્ણન કરીએ ? જુઓ વળી કુમારપાલ મહારાજાના શબ્દો.

વીતરાગ હે, કૃતકૃત્ય ભગવન્! આપને શું વિનવું ?,

હું મૂર્ખ છું, મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું;
શું અર્થીવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે,
પણ પ્રભો ! ભૂરિ ભકિતપાસે યુક્તિઓ ય ના ઘટે ॥

પરમાત્માના યથાર્થસ્વરૂપનું વર્ણન કોણ કરી શકે? પરંતુ અંદરનો ઉછળતો ભક્તિભાવ જ શક્તિ ન હોવા છતા પ્રભુના ગુણ ગાવા જીવને પ્રેરે છે, કુમારપાલ મહારાજા કહે છે કે

ભક્તિ પાસે યુકિતઓ ઘટતી નથી અર્થાત્ અશક્ય એવા પણ પ્રભુના ગુણ ગાવા માટે માત્ર ભક્તિ જ પ્રેરે છે અને ભકિતભાવની પ્રેરણાથી જ પ્રભુના થોડા ઘણા ગુણો ગાવાનું થાય છે.

વર્તમાનકાલે ભાવ તીર્થંકર ભગવંતની ગેરહાજરીમાં આપણને સ્થાપના જિનની ઉપાસના કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે. સ્થાપના જિન દ્વારા આપણી ભકિત છેક ભાવજિન સુધી પહોંચે છે.

પરમાત્માની ભકિત માટે ત્રણ પ્રકારની પૂજા શાસ્ત્રોએ બતાવી છે ૧) અંગપૂજા ૨) અગ્રપૂજા અને ૩) ભાવપૂજા.

પરમાત્માની પ્રતિમા ઉપર જળ - ચંદન - પુષ્પ આભુષણ વગેરેથી થતી પૂજા એ અંગપૂજા છે. સન્મૂખ ઊભા રહીને થતી ધૂપ-દિપ-અક્ષત નૈવેદ્ય ફળ પૂજાદિ અગ્રપૂજા કહેવાય છે તેવી જ રીતે પરમાત્માનું ચૈત્યવંદન સ્તવનો - સ્તુતિઓ, સ્તોત્ર વગેરેનો પાઠ એ ભાવપૂજા છે

શાસ્ત્રકારો કહે છે કે અંગપૂજાથી વિઘ્નોનો નાશ થાય છે, અગ્રપૂજાથી આબાદી વધે છે, જ્યારે ભાવપૂજાથી મોક્ષની સાધના થાય છે.

સાધુ-સાધ્વીઓને અંગપૂજા, અગ્રપૂજા કરવાની હોતી નથી, માત્ર ભાવપૂજા-જ કરવાની હોય છે, ઘરવાસમાં રહેલા ગૃહસ્થોને અંગપૂજા, અગ્રપૂજા કર્યા પછી ભાવપૂજા કરવાની હોય છે આમ ગૃહસ્થોને ત્રણે પૂજા કરવાની હોય છે.

ત્રણે પૂજામાં પ્રધાન ભાવપૂજા છે આપણા સદ્ભાગ્યે ભાવપૂજા કરવા માટે ગણધર ભગવંતોના રચેલા ગુઢ ભાવાર્થવાળા નમુથ્થુણં આદિ સૂત્રો આપણને મલ્યા છે. સાથે સાથે મહાપુરુષોના રચેલા સ્તવનો-સ્તોત્રો-પદો વગેરે પણ મલ્યા છે જેના આલંબનથી સુંદર ભાવો આપણા હૈયામાં

ઉત્પન્ન થઈ જાય છે. આવા ઉત્તમ સ્તોત્રો અને પદોની રચના કરનાર એ મહાપુરુષો પણ આપણા પરમ ઉપકારી છે. ચિદાનંદજી મહારાજે આ પદોની રચના કરવા દ્વારા સ્વકલ્યાણની સાથે પરકલ્યાણને પણ સાધ્યું છે. તેમના પદોને અર્થ સાથે વર્ષો પૂર્વે પ્રકાશન થયેલ આ ગ્રંથનું પુનઃપ્રકાશન પણ અનેક પુણ્યાત્માઓના કલ્યાણમાં નિમિત્તભૂત બનશે તેમાં શંકા નથી.

આ ગૂઢ અને રહસ્યમય પદોના સ્વાધ્યાય, ચિંતન અને અનુપ્રેક્ષાથી અનેક પુણ્યાત્માઓ પ્રભુભક્તિના ભાવોમાં અને વૈરાગ્યભાવોમાં ખૂબ ખૂબ પ્રગતિ કરે એ જ શુભાભિલાષા.

જિન ભક્તિ દ્વારા સૌ કોઈ શીઘ્ર કલ્યાણને સાધો !

એજ શુભેચ્છા

વિ. સં. ૨૦૫૧

વૈ.વદ-૧૧ — પ્રેમભુવનભાનુપદ્મવિનેય

જૈન ઉપાશ્રય — **આ. હેમચંદ્રસૂરિ...**

નવકાર ફ્લેટ, વાસણા,

અમદાવાદ

# લાભ લેનાર પુણ્યશાળી

૧. શ્રી રિખદેવજી મહારાજ.................. જૈન દેરાસર ટ્રસ્ટ, ચેમ્બુર ..... ૧૧૦૦૦/-
૨. શ્રી અર્બુદગિરિરાજ ........................ જૈન શ્વે. તપ. ઉપાશ્રય, ઈંદોર.. ૫૦૦૦/-
૩. શ્રી જૈન મિત્રમંડળ ........................ પાલનપુર............................ ૫૦૦૦/-
૪. શ્રી મહાવીર જૈન મંડળની બહેનો ...... કરાડ ................................ ૧૦૦૦/-
પૂ. સા. શ્રી હંસકિર્તીશ્રીજી મ.ના ઉપદેશથી
૫. માણેકલાલ ફુલચંદ ધર્મશાળા....................................................... ૧૦૦૦/-
સા. શ્રી પુષ્પદંતાશ્રીજી મ. ના ઉપદેશથી
૬. દફતરી ઉપાશ્રયની બહેનો ........................................................ ૧૦૦૦/-
પ્રેરક - પૂ. સા. શ્રી પુષ્પચુલાશ્રીજી મ.
૭. પ્રકાશભાઈ વાડીલાલ વસા. .............. ધોરાજી .............................. ૨૫૦૦/-
૮. હિંમતભાઈ છગનલાલ..................... વાંકાનેર ............................. ૨૫૦૦/-
૯. શ્રી વિજયગચ્છ જ્ઞાનભંડાર............... ડભોઈ................................ ૨૦૦૧/-
પ્રેરક - મુનિશ્રી મુક્તિચંદ્ર વિ.મ. તથા મુનિશ્રી મુનિચંદ્ર વિજય મ.
૧૦. શેઠ મોતીચંદ હેમરાજ જૈન ધર્મશાળા.. જામનગર ........................... ૩૦૦૧/-
૧૧. શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂર્તિપૂજક તપગચ્છ સંઘની બહેનો................ ૧૨૫૦/-
પ્રેરક - પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ.
૧૨. શ્રી જાપાન જૈન સંઘ ............................................................ ૫૦૦૦/-

ઉપરોક્ત સંસ્થાઓ તથા પુણ્યાત્માઓની શ્રુતભક્તિની ભાવભરી અનુમોદના.

## પ્રાપ્તિ સ્થાન

**૧. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
મુંબઈ શાખાઃ ૫, બદ્રિકેશ્વર સો.,
૮૨, નેતાજી સુભાષ રોડ,
મરીન ડ્રાઈવ રોડ, મુંબઈ-૨.

**૨. શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
C/o ચંદ્રકાંત એસ. સંઘવી
કનાસાનો પાડો, પાટણ

**૩. રાયચંદ મગનલાલ શાહ**
૧૨, રામવિહાર, રોકડીઆ લેન,
મંડપેશ્વર રોડ, બોરીવલી (પ.)
મુંબઈ - ૪૦૦ ૦૯૨

**૪. મૂળીબેન અંબાલાલ જૈન ધર્મશાળા**
સ્ટેશન રોડ, વીરમગામ
જિ. અમદાવાદ

। નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે ।

દિવ્યકૃપા

**સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવશ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા**

શુભાશીષ

**વર્ધમાન તપોનિધિ ગચ્છાધિપતિ સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

પુણ્યપ્રભાવ

**પરમ પૂજ્ય સમતાસાગર સ્વ. પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવર્યશ્રી**

પ્રેરણા - માર્ગદર્શન

**પ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચંદ્રસૂરિ મહારાજ**

## શ્રુતસમુદ્ધારક

(૧) **ભાણબાઈ નાનજી ગડા**
(પ.પૂ. ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી.)

(૨) **શેઠ આણંદજી કલ્યાણજી પેઢી - અમદાવાદ**

(૩) **શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ - અમદાવાદ**
**(પ.પૂ. અજોડ તપસ્વી આચાર્યદેવ શ્રીમદ્ વિજય હિમાંશુસૂરિ મ.સા. તથા પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય નરરત્નસૂરિ મ.સા. આદિની પ્રેરણાથી.)**

(૪) **શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ**
(પ.પૂ. પંન્યાસજી શ્રી ફુલચંદ્ર વિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

(૫) **નયન બાળા બાબુભાઈ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર. મનીષ. કલ્પનેશ વગેરે**
(પ.પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી.)

(૬) **કેશરબેન રતનચંદ કોઠારી હા. લલિતભાઈ**
(પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ **વિજય જયઘોષસૂરીશ્વરજી** મહારાજાની પ્રેરણાથી.)

(૭) **શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર-(મુંબઈ)**

(૮) **શ્રી શ્રીપાળનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર ટ્રસ્ટ, વાલકેશ્વર-(મુંબઈ)**
(પ.પૂ. ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ **શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મ.સા.ના ઉપકારની સ્મૃતિ નિમિત્તે પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદસૂરિ મ.સા.ની પ્રેરણાથી.)

(૯) **શ્રી મુલુંડ શ્વે. મૂર્તિ. જૈન સંઘ મુંબઈ**
પ્રેરક : પુજ્યપાદ **આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ** મ.

(૧૦) **શ્રી સાંતાક્રુઝ શ્વે. મૂર્તિ. તપગચ્છ સંઘ**
પ્રેરક : પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રી હેમચંદ્રસૂરિ** મ

(૧૧) **શ્રી દેવકરણ મૂળજીભાઈ જૈન દેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ**
પ્રેરક : પ.પૂ. સંયમબોધિ વિ. મ.

(૧૨) **સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ (ખંભાત)**
પૂ. સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ. ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે.

(૧૩) **બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૬**
પૂ. અક્ષયબોધિ વિ.મ. તથા પૂ. મહાબોધિ વિ.મ. તથા પૂ. હિરણ્યબોધિ વિ.મ.ની પ્રેરણાથી.

(૧૪) **શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ**
પૂ. હેમદર્શન વિ.મ. તથા પૂ. રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી

(૧૫) **શ્રી જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ, મંગળપારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ**
પ્રેરણા : પ.પૂ. **આચાર્યદેવ શ્રી રુચકચંદ્રસૂરિ** મ.

(૧૬) **શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂર્તિ. જૈન સંઘ, સાંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ**
પ્રેરક : પૂ. કલ્યાણબોધિ વિ.મ.

(૧૭) **શ્રી નવજીવન જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, નવજવન સોસાયટી, મુંબઈ-૮** ● પ્રેરક : પૂ. અક્ષયબોધિ વિ.મ.

(૧૮) **શ્રી કલ્યાણજી સોભાગચંદ જૈન પેઢી, પીંડવાડા**
સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ **શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મ.ના નિર્મળસંયમની અનુમોદનાર્થે.

(૧૯) **શ્રી ઘાટકોપર જૈન શ્વેતા. મૂર્તિ. તપગચ્છ સંઘ.**

## શ્રુતોદ્ધારક

(૧) **શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ**
(પ.પૂ. મુનિશ્રી નિપુણચંદ્ર વિજયજી મ.સા.ના ઉપદેશથી)

(૨) **શ્રી સાયન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુંબઈ**

(૩) **શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નડીયાદ**
(પ.પૂ. મુનિશ્રી વરબોધિ વિજયજી મહારાજની પ્રેરણાથી)

(૪) **શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સંઘાણી એસ્ટેટ ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ**

## શ્રુતભક્ત

(૧) **બી.સી. જરીવાળા ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરા**
(પ.પૂ. મુનિશ્રી સંયમબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૨) **શ્રી સુમતિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ પ્રેમનગર, અમદાવાદ**
(પ.પૂ. મુનિશ્રી ધર્મરક્ષિત વિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિશ્રી હેમદર્શન વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૩) **શ્રી બાપુનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ**
(પ.પૂ. મુનિશ્રી અક્ષયબોધિ વિજયજી મ.સા. તથા પ.પૂ. મુનિશ્રી મહાબોધિ વિજયજી મ.સા.ની પ્રેરણાથી)

(૪) **સ્વ. સુંદરલાલ દલપતભાઈ ઝવેરી. હા. જાસુદબેન, પુનમચંદ, જસવંત વગેરે**

(૫) **શ્રી મુનિસુવ્રત સ્વામિ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંદિર ટ્રસ્ટ કોલ્હાપુર**

(૬) **અરવિંદકુમાર કેશવલાલ ઝવેરી જૈન રિલિજિયસ ટ્રસ્ટ, મું. ખંભાત**

# પ્રસ્તાવના

मुखमांहि रामपें हराममांहि मन फिरे,
गिरे भवकूपमांहि कर दीप धारके;

(જે વ્યક્તિ મનમાં અનીતિ રાખીને મુખેથી રામ બોલે છે તે હાથમાં દીવો હોવા છતાં ભવના કૂવામાં ડૂબે છે)

પ્રસ્તુત અવતરણ વાંચતા તેના કર્તા વિષે સહેજે જાણવાનું મન થાય. 'કલિકાલસર્વજ્ઞ'નું બહુમૂલ્ય બિરૂદ ધારણ કરનાર પૂજ્યપાદ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ મહારાજની સાહિત્યસાધનાથી સૌ કોઈ જ્ઞાત હોય કારણ કે તેઓ શ્રી અને તેમની વિદ્વતા ઈતિહાસના ઉજ્જવળ પાનાંઓમાં અંકિત થયેલી છે. પરંતુ આ સદીમાં સાહિત્ય જગતમાં ચમત્કૃતિ અને અર્થસભર આવી રચનાઓ આપનારનું નામ બહુ ઓછું પ્રચલિત બન્યું છે. ઉપરના સરળ છતાં ગૂઢ અર્થવાળા શબ્દો આ જ સદીના મહાપુરુષ શ્રી ચિદાનંદજીના છે. જૈન સાહિત્યના પ્રચાર અને પ્રસારની દિશામાં બુદ્ધિ-વૃદ્ધિ-કર્પૂર ગ્રંથમાળાએ આ મહાપુરુષના સાહિત્યને સંઘ સુધી પહોંચાડવાનો પ્રયાસ શરૂ કર્યો છે, ત્યારે તેઓશ્રી રચિત બહોંતેરી, સવૈયા, પુદ્‌ગલ ગીતા, અધ્યાત્મ બાવની, દયાછત્રીશી, પરમાત્મછત્રીશી, પ્રશ્નોત્તરમાળા જેવા હિતશિક્ષાના દુહા વગેરેનું પ્રકાશન સર્વગ્રાહી બની રહેશે. આથી જ આ હૃદયંગમ છતાં સરળ અને ઉત્કૃષ્ટ સાહિત્યના રચયિતા **શ્રી ચિદાનંદજીને અને તેઓશ્રીની વિદ્વતાને આ સદીના ઈતિહાસનાં ઉજ્જવળ પાનાં ગણાવી શકાય.**

આ મહાપુરુષ અધ્યાત્મ તત્ત્વમાં નિપુણ, આત્મા અને પરમાત્મા વચ્ચેનાં અભિસંધાન માટેની સેતુરૂપ બાબતોના અંગૂલિનિર્દેષક, અધ્યાત્મશાસ્ત્રના જ્ઞાતા, યોગશાસ્ત્રમાં પારંગત, અજબ સિદ્ધિ અને શક્તિના સ્ત્રોત તેમજ ઉત્તમ સાધક હતા.

'શ્રી ચિદાનંદ (કર્પૂરચંદ્રજી) કૃત બહોંતેરી' અને 'શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદ્રજી)

કૃત સર્વસંગ્રહ - ભાગ : ૨'માં સંગૃહિત સાહિત્યની પ્રસ્તાવના લખવી એટલે આ વિશાળ સમુદ્રમાંથી એકાદ બિંદુ કે અમૃતરસથી ભરપૂર કળશમાંથી એકાદ છાંટો પામવા જેવું કપરું કાર્ય. છતાંય આ રસથાળના સ્વાદમાંથી એકાદ અંશ પણ જો પામી શકાય તો આ ઉત્તમ સાધકની સાધનાને થોડી પીછાણી શકાય. આવી ઉત્તમ રચનાઓ સરળ ભાષામાં લખવી એ અઘરું કામ છે, છતાંય લોકભોગ્ય બનાવવાની અજબ આવડત તેઓશ્રી ધરાવતા હતા, તેનો ખ્યાલ તેઓશ્રીની રચનાઓમાંથી જણાય છે. આમ છતાંય અંદરના તત્ત્વને વાચક પૂરી રીતે પામી શકે એ માટે 'બહોંતેરી'ને અર્થ અને ભાવાનુવાદ સાથે તૈયાર કરવામાં આવી છે. એ વાત નોંધનીય અને પ્રસંશનીય છે.

આ પુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ પૈકી 'બહોંતેરી'ના પ્રથમપદમાં એક રસપ્રદ અને નાટ્યાત્મક શૈલીનું પ્રયોજન ધ્યાન ખેંચે એવું છે. મોહથી અંધ બનેલ આત્મા જ્યારે અનંતકાળથી કુમતિના ફંદામાં ફસાયેલો છે અને અત્યંત પાયમાલ સ્થિતિમાં છે, ત્યારે સમતા કે જેને અહીં ચેતનની પ્રિયા તરીકે કલ્પી છે તે ચેતનને આ બંધનમાંથી મુક્ત થવા માટે સમજાવે છે. પોતાના પ્રિયતમને જે રીતે પ્રેમથી સમજાવે, એ રીતે સમજાવતા નીચે પ્રમાણે કહે છે :

'પિયા પરઘર મત જાવો રે...

ઘર અપને વાલમ કહો રે, કોણ વસ્તુકી ખોટ;
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ
... (૪)

આ રીતે પ્રેમાળ પ્રિયા, પ્રિયતમને સાચા રસ્તે લાવવા માટે જે પ્યાર ભરેલા શબ્દોથી સમજાવે એવી પ્રબળ અને પ્રેમાળ વાણીમાં ચેતનને પોતાના કર્તવ્યનું ભાન કરાવે છે અને કુમતિના સંગનું વિકૃત પરિણામ સમજાવે છે.

શ્રી ચિદાનંદજી પરમ અધ્યાત્મવાદી હતા. તેઓશ્રીના આત્મા અને આત્માના પરમ સૌન્દર્ય વિષયક ઊંડા જ્ઞાનનું પ્રતિબિંબ આ પદોમાં પડ્યું છે. આત્મા કે ચેતનના અસ્તિત્વ વિષે તેઓશ્રી પદ ત્રીજામાં કહે છે કે જેમ *પથ્થરમાં સોનું દૂધમાં ઘી, તલમાં તેલ અને પુષ્પમાં પરિમલ છે, તેમ શરીરમાં*

જીવનું સ્થાન છે. જેમ રાજહંસ દૂધ અને પાણીના મિશ્રણમાંથી દૂધ એટલે કે અમૃત તત્ત્વને અલગ કરી સત્ત્વની પસંદગી કરી શકે છે, એ રીતે આત્મજ્ઞાન પામ્યા પછી ચેતન કર્મના મળ-મેલને દૂર કરી, શુદ્ધ સ્ફટિકમયરૂપ ધારણ કરે છે ત્યારે નિર્મળ સ્વરૂપે વિદ્યમાન થાય છે, ત્યારે ખોટી બાબત અને મોહજન્ય આસક્તિ છૂટી જાય છે.

આ રીતે શ્રી ચિદાનંદજી બતાવે છે કે આત્મા મોહાદિ આસક્તિથી મુક્ત બની અક્ષયસુખની પ્રાપ્તિ માટે ઉન્નત સ્થિતિએ પહોંચે છે. સ્ફટિકમય અને રત્ન સમાન ઉજ્જવળ અને અવિકારી આત્મા વિષેના આ ભાવને શ્રી ગોડી પાર્શ્વનાથના સ્તવન - ૫૬ - ૯માં કહે છે :

'હું સંસાર અસાર ઉદધિ પડ્યો,
તુમ પ્રભુઃભયે પંચમ ગતિ ગામી...૧'

આ રીતે તેઓશ્રીએ પ્રભુને પરમ અને ઉત્તમ સામર્થ્યવાળા બતાવી પોતે જન્મ-મરણથી મુક્ત થવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કારણ કે જે આત્મા સકળ કર્મબંધનોને કાપી શકે છે, તે જ સર્વજ્ઞ, સર્વ દેશી અને સર્વસુખમય બની શકે છે.

રચયિતાશ્રીની વાણી અનેક કલ્પનાઓ અને ભાવ-વિભાવનાઓથી સૌન્દર્યમય બની છે. અહીં કવિશ્રીનું પોતાની કલ્પના અને ભાવનું સુમધુર મેઘધનુષ્ય રચાયું છે. તેઓ શ્રીએ ૧૮માં પદમાં માનવ મનને ભમરા સાથે સરખાવતા જણાવ્યું છેઃ

'માન કહા અબ મેરા મધુકર !...
નાભિનંદ કે ચરણ સરોજ મેં
કીજે અચલ બસેરા રે...'

કારણ કે ચોરાશી લાખ જીવયોનિમાં નાટકના પાત્રોની જેમ વિવિધ વેશ ધારણ કરી અનેકવિધ નાચ કરનાર આત્મા-ચેતન-જીવ મોહદશામાં જકડાયેલો રહ્યો છે. પરંતુ હવે આ બંધન છોડે છે ત્યારે આ આત્મા પરમાત્મામાં લીન બને છે. શુદ્ધ ચેતના સાથે એકાકાર થતા જ્ઞાનનો પ્રકાશપુંજ રચાય છે તેથી જ તેઓશ્રી આત્માને ચેતવણી આપતા ૩૪માં પદમાં કહ્યું છે :

'હે આત્મા ! મોહજાળમાં આંખ મીંચીને શું પડ્યો છે ? તું પાંચે પ્રમાદ તજી દે, આ ભવમાં મળેલ સામગ્રીને વૃથા ન ગુમાવ. તે જ તને આગળ

જતાં ક્ષપકશ્રેણી ચડી શાશ્વત સુખને પામવામાં મદદ કરશે.'

આ રીતે શ્રી ચિદાનંદજીએ આત્માને શાશ્વત સુખની પ્રાપ્તિને કેટલું સરળ ભાષાકર્મ અને કવિકર્મને નિભાવ્યું છે!

પદ નં. ૩૫માં કૂતરો, હાથી, સસલું જેવા વિવિધ ઉદાહરણો દ્વારા તેઓશ્રી કહે છે કે જે જે પ્રાણી મિથ્યા ભ્રમમાં પડી દુઃખના ચક્રમાં ફસાઈ જાય છે તે અંતે ભ્રામક સુખની પાછળ દોડે છે.

આ રીતે કવિ શ્રીએ વ્યવહારુ અને સરળ ઉદાહરણો દ્વારા કેટલી ગહન બાબત સ્વાભાવિક્તાથી કરી છે. અહીં જ આ રચયિતાનું કવિકર્મના દર્શન થાય છે.

પાંચ ઈંદ્રિયો પૈકી એકેય ઈંદ્રિય જ્યારે આસક્તિનો ભોગ બને અને એમાં આત્મા જોડાય ત્યારે તેનું પતન નક્કી જ છે. એ આત્મા કેવો દુઃખી થાય છે અને તેના કારણે ભવોભવની આ પરંપરામાં સપડાય છે તેવો મર્મ આ સંગ્રહમાં અનેક જગ્યાએ ફલિત થાય છે.

આ પરંપરામાંથી છૂટવા માટેનો ફક્ત એક જ ઉપાય કવિશ્રીને ખપે છે. અને એ છે આત્માનું પરમતત્વમાં લીન થવું. આ લીનતા જ અંતે પરમસુખની પ્રાપ્તિનું પ્રવેશદ્વાર છે. પરમાત્મામાં લીન થવા માટે વિષયવાસનાનો ત્યાગ અને આત્માની શુદ્ધ સ્થિતિ થાય એ માટે રચયિતા શ્રી ૪૧માં પદમાં વર્ણવે છે. આ પદનો ઉપાડ કેવો સરળ છતાં સ-રસ છે :

'ઊઠોને મોરા આતમરામ,
જિનમુખ જોવા જઈએ રે,
વિષયવાસના ત્યાગો ચેતન,
સાચે મારગ લાગો રે...'

અને આ વાત તદ્દન સાચી છે કારણ કે...

'તન ધન જોવન મુખ જેતા,
સહુ જાણ અથિર સુખ તેતા;
નર જિમ બાદલકી છાયા,
જુઠી જુઠી જગતકી માયા. ૧

(પદ - ૪૯ મું)

અર્થાત,

'તન, ધન તેમજ યૌવન વગેરે જેટલાં સુખનાં સાધન હે જીવ ! તું માને છે તે બધાં અસ્થિર છે, એટલે કે વાદળની છાયા જેવા ક્ષણવિનાશી છે, એમ હે ચેતન ! તું સમજ.'

આ રીતે શ્રી ચિદાનંદજી બતાવે છે કે હે ચેતન ! આ અનુપમ મનુષ્યભવને હજુ પણ હાર્યો નથી. માટે તું પોતાના શુદ્ધ સ્વરૂપને જો ! જેમ તારા આ ભવને સફળ કરીશ તો પરભવ પણ સફળ થશે જ. આવી હિતશિક્ષા બતાવતું આ પદ આત્મસૌંદર્યને છતું કરે છે.

રચયિતા શ્રીએ આ સંગ્રહમાં માત્ર 'આત્મા' વિષયક પદો લખ્યા છે એટલું જ નથી. આ સંગ્રહમાં જુદા જુદા ૧૨ સ્તવનો, શ્રી પર્વાધિરાજ પર્યુષણમાં જૈન શ્રાવકના પરમ કર્તવ્યો અને પર્વનો મહિમા દર્શાવતી ૧ સ્તુતિ તેમજ શ્રી ગુરુમહારાજ સમક્ષ ગવાતી ૧ ગહુંલી પણ ધ્યાનાકર્ષક છે. આ સ્તવનોમાં મુખ્યત્વે શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી ચંદ્રપ્રભુજી, શ્રી નેમિનાથજી અને શ્રી પાર્શ્વનાથ પરમાત્માની સ્તવના કરવામાં આવી છે. ૫૪માં પદમાં શ્રી નેમિનાથ ભગવાનની સ્તવના કરતાં તેઓશ્રીએ શ્રી ગિરનાર પર્વતનું મનમોહક દ્રશ્ય ઉપસાવ્યું છે. આ સાથે શ્રી નેમિનાથ પરમાત્માના રૂપનું વર્ણન પણ ચિત્તાકર્ષક બન્યું છે. આ પદ વાંચતા વાંચતા આપણી નજર સમક્ષ એક અકલ્પ્ય અને અજોડ ભાવજગતનું ચિત્રાંકન થયા વગર રહેતું નથી.

કવિશ્રી પાસે શબ્દોનું સામર્થ્ય કેટલું પ્રભાવક છે એનું ઉદાહરણ આપણને આ પદમાં પ્રયોજેલા શબ્દોથી મળે છે.

એવું કહેવાય છે કે આ પદ તેઓશ્રીએ ભાવનગરથી સંઘ કાઢેલ તેમાં જ્યારે ગિરનારજી પધાર્યા ત્યારે રચ્યું હોય એમ લાગે છે.

એ જ રીતે ૬૮માં પદમાં રચયિતાશ્રીએ શ્રી પાર્શ્વજિન સ્તવનમાં શ્રી જિનવાણીનું ઉત્તમ સ્વરૂપ પ્રગટ કર્યું છે. પરમવિદ્વાન શ્રી આનંદઘનજીકૃત સ્તવનાવલિમાં પણ જે રીતે જિનવાણીની પ્રસાદીને પરમ પાવનકારી બતાવી છે, પ્રખર પ્રવક્તા અને મહાન સાધક ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મ. સાહેબે જેવી રીતે ચોવીસ તીર્થંકરોનાં સ્તવનોમાં શ્રી જિનવાણીની ભવ્યતાને સાબિત કરી છે એ જ રીતે અહીં શ્રી ચિદાનંદજીએ દર્શાવેલ જિનવાણીનું પદ ભવ્ય

જીવોના ક્ષયોપશમ ભાવની વૃદ્ધિ કરનારી છે, અશુભ ગતિનો નાશ કરનારી છે. વાણીનો ઉત્તમ અને અસ્ખલિત પ્રવાહ કવિશ્રીના શબ્દોના પ્રવાહને પણ પૂરી રીતે વિકસાવે છે, છતાયં રચયિતાશ્રીની નમ્રતા અને વિવેક તો જુઓ! તેઓ શ્રી જણાવે છે કે પરમાત્માની વાણીની વ્યાખ્યા કરવી એ એમના માટે અશક્તિભર્યું કાર્ય છે. આમ આવા મહાસાધક અને મહાન કલમના પ્રદાનીને જ્ઞાનનો આડંબર નથી કે નથી તેઓશ્રીનાં મહાનતાનો દેખાવ કરવાની વૃત્તિ. નર્યો ભક્તિભાવ લઈને જ પ્રગટ થતી વાણીની સાદગી સ્પર્શી જાય એવી છે.

એ જ રીતે ૬૭માં પદમાં શ્રી ચિદાનંદજીએ પોતાની કલમને શબ્દોનો પ્રવાહ તો બક્ષ્યો જ છે પરંતુ તે સાથે જાણે ચિત્રકારની પીંછી પણ પહેરાવી છે. એટલે જ શબ્દ અને ચિત્રનું સંમિશ્રણ અનેરું બન્યું છે. જાણે એક પ્રત્યક્ષ સમવસરણનું દ્રશ્ય ખડું થાય છે. વાચક પોતે પરમકૃપાળું પરમાત્માના સાન્નિધ્યમાં આ સમવસરણમાં રહીને દ્રશ્ય નિહાળતો હોય એવું પ્રત્યક્ષીકરણ આમાં પ્રયોજેલા શબ્દો કરાવી જાય છે. આ રહ્યાં તે શબ્દચિત્રો !

'હાં રે જિહાં રજત કનકં ને રત્નનાં,
સુરરચિત ત્રણ પ્રાકાર રે;
તસ મધ્ય મણિ સિંહાસને,
શોભિત શ્રી જગદાધાર રે... (૩)'

આ આ રીતે શ્રી ચિદાનંદજીએ શાસનની પાયારૂપ બાબતોને, પરમાત્માની વાણીને, પ્રગટ થતાં આત્માનાં સૌન્દર્યને - આત્માના કે ચેતનના કર્તવ્યને અને *ખુદ પરમાત્માના પરમ પાવનકારી સ્વરૂપને વિવિધ પદોમાં વણી લેવાનું* ઉપકારી કાર્ય કર્યું છે. આત્માનું સ્વરૂપ, આત્માની ઓળખ, ચેતનની સાચી પરખ અને સાચું સ્થાન વગેરે બાબતોને ક્યારેક સંવાદાત્મક-રૂપક શૈલીમાં રજુ કરી છે. શ્રી પર્યુષણ પર્વની સ્તુતિમાં પર્વનો મહિમા તેમજ આત્માના વિવિધ કર્તવ્યોનું ગાન કરી આ મહાપર્વના મહિમાને સાબિત કર્યો છે. આ બાબત એમના જ શબ્દોમાં આ રીતે મૂકી શકાય!

'હે, જ્ઞાનમય મૂર્તિવાળા ! જ્ઞાન સ્વરૂપી આત્મા ! તારી હૃદયરૂપ દ્રષ્ટિને ખોલીને આંતરચક્ષુ વડે જો. તારી સ્થિતિનો અનુભવ કરી, શું કરવા યોગ્ય

છે એ બાબતનો નિરધાર કરી તે પ્રમાણે વર્તન કરી સાધ્યને મેળવ.'

આ સંદર્ભમાં શ્રી ચિદાનંદજી વિષે વિદ્વાન પ્રવચક શ્રી કુંવરજીભાઈ આ પુસ્તકની પ્રસ્તાવનામાં જણાવતા કહે છે :

'તેઓ એક આદર્શ મહાત્મા હતા... એમની કૃતિ જ એમની વૃત્તિ અને વર્તન સૂચવે છે.'

આ પુસ્તકના અંતે મૂકેલા સવૈયાઓ ઉપરાંત 'સર્વસંગ્રહ' ભાગ-૨માં અધ્યાત્મ લક્ષને વધુ મજબુત રૂપ આપતી તેઓશ્રીની કલમે સમર્થ વિદ્વતાના દર્શન કરાવ્યાં છે.

પુસ્તકની શરૂઆતમાં લખેલા પ૨ સવૈયાઓ સરળ ભાષામાં લખાયેલા છે.

સવૈયા નં. ૧૧ માં કવિશ્રી એવી વ્યક્તિને ધન્ય ગણે છે કે જે :

'जे अरि-मित्त बराबर जानत,
पारस और पाषाण ज्युं दोइ;

....................................

रागअरू, रोष नहि चित्त आके ज्युं,
धन्य अहे जगमें जन सोइ. ११

અર્થાત, 'જે દુશ્મન અને મિત્ર, પારસ અને પથ્થર અને રાગ કે દ્વેષને ગૌણ ગણી બધાં પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખે તે નર જગતમાં ધન્ય છે.'

આમ સુજ્ઞ નરનાં લક્ષણો દર્શાવ્યા છે. આગળ સવૈયા નં ૧૯માં કવિશ્રીએ આ સંસારની ક્ષણભંગુરતાને અને તેની પાછળ માનવીની નિરર્થક પ્રવૃત્તિઓને વિવિધ ઉદાહરણો દ્વારા સમજાવી છે. માખી અને કીડીના ઉદાહરણોમાં તેઓ શ્રી કહે છે કે જે રીતે કીડીનું એકઠું કરેલું ધાન્ય તેતર ખાઈ જાય અને મધમાખીનું એકઠું કરેલું મધ બીજા કોઈ લઈ જાય એ રીતે મૂર્ખ માણસ કરોડો રૂપિયા એકત્ર કરી જિંદગી આખી ખર્ચી નાખે છે, પરંતુ છેલ્લે તો તેને ખાલી હાથે જ જવાનું હોય છે.

આ રીતે જીવનની સાચી રીતને દિશાસૂચન કરી. સરળ ઉદાહરણો દ્વારા સાચી ફિલસૂફી દર્શાવી છે. આવાં તો ઘણાં ઉદાહરણો આ સવૈયાઓમાંથી કહી શકાય, જેમાં જીવનનું સાચું દર્શન છૂપાયેલું છે. નાનાં નાનાં પદોમાં અને

ઓછા શબ્દોમાં જીવનનો મર્મ સમજાવ્યો છે. આમાં જ શ્રી ચિદાનંદજીનું કવિકર્મ પ્રગટ થાય છે. આ કવિ શ્રી આગળ સવૈયા નં. ૨૭માં જણાવે છે કે સજ્જનની સાથે દુર્જન જો થોડી વાર પણ રહે તો સજ્જનમાં સત્કર્મની સુવાસથી દુર્જનની પણ કિંમત વધી જાય આ માટે ઉદાહરણ આપતા તેઓ શ્રી જણાવે છે કે તલનાં તેલને જો સુગંધી તેલમાં મેળવવામાં આવે કે લોખંડને પારસનો સ્પર્શ કરાવવામાં આવે તો તેની કિંમત અનેક ગણી વધી જાય છે. નીચેના શબ્દોનો પ્રભાવ તો જુઓ :

'गंगामें जाय मिलयो सरिता जळ,
तेहु महा ज़ळ ओपम पावे;
संगत को फळ देख चिदानंद,
नीच पदारथ उच्च कहावे.'

આ રીતે પ્રસ્તુત સવૈયામાં ફિલસૂફી દર્શાવંતી ઊંડી બાબતોને સરળ અને સક્ષમ ઉદાહરણોથી માર્મિક બનાવતા આ કવિશ્રી ઉચ્ચ કોટિના કવિઓની હરોળમાં સ્થાન પામે છે.

'पुद्गलगीता'માં પુદ્ગલનું અતિ સુક્ષ્મસ્વરૂપ દર્શાવતાં કહ્યું છે કે પુદ્ગલથી જ કોઈ પણ પદાર્થનાં રંગ, રૂપ, ગંધ, સ્વાદ એ સ્વરૂપ નક્કી થાય છે. પુદ્ગલ વગર જ આત્મા શિવસુખ પામી શકે છે. પુદ્ગલ થકી જ કોઈ પણ જીવને જન્મ, જરા, મૃત્યુ વગેરેનું દુઃખ છે. જ્યારે તે દૂર થાય છે ત્યારે આત્મા અજરઅમર પદને પ્રાપ્ત કરે છે. કવિશ્રીએ આ માટે નીચેના શબ્દો પ્રયોજ્યા છે.

'जन्म जरा मरणादिक चेतन, नानाविध दुःख पावे,
पुद्‌गलसंग निवारत तिणदिन, अजरअमर होय गांवे.
(૧૨)

આમ શ્રી જૈનશાસન અને શ્રી જૈનશાસ્ત્રોમાં જીવના બંધારણમાં પુદ્ગલ વિષેની જે કલ્પના કરવામાં આવી છે, તેને અહીં કવિ શ્રીએ રજૂ કર્યું છે.

ઉપરાંત 'अध्यात्म बावनी' માં ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે. જેમાં આત્માના બાહ્યસ્વરૂપ, આતંરસ્વરૂપ અને શુદ્ધ સ્વરૂપને દર્શાવવાનો સુંદર અને સંતોષપ્રદ પ્રયત્ન જણાય છે.

આત્માના શુદ્ધ સ્વરૂપને રચયિતા શ્રીએ જણાવતા કહ્યું છે કે જ્યારે આત્મા શુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે, ત્યારે નિર્મળ જ્યોતરૂપે પ્રગટે છે અને સર્વ પાપથી મુક્ત બને છે. જે રીતે કોઈ ત્રિભુવનપતિના મુગટ પર મણિની શોભા અપરંપાર હોય છે, એ રીતે શુદ્ધ સ્વરૂપે પ્રગટ થતો આત્મા શિરોમણિ-મુગટમણિ સમાન હોય છે. આવા આત્માની રમણીયતા એવી તો પવિત્ર દીસે છે કે આઠ કર્મની નીર્જરા થતા તે શુદ્ધ-સો ટચના સોના જેવો નિર્મળ બની જાય છે.

'दया छत्रीशी' માં કવિશ્રીએ શાસ્ત્રોના આધાર લઈને જિનપૂજાનું સ્વરૂપ દર્શાવ્યું છે. જેઓ એમ માને છે કે જિન પૂજા કરવાથી હિંસા થાય, તેઓની માન્યતાઓને શાસ્ત્રોક્ત રીતે ખંડિત કરી છે.

પૂજા કરતાં પ્રથમ સ્નાન કરવાથી તેમજ પુષ્પો ચડાવવાથી ઉપરથી જે હિંસા માલુમ પડે છે. તે ખરેખર હિંસા નથી, કારણ કે તે જીવો તરફ દયાની દ્રષ્ટિથી અને પૂર્ણ દયાની જ લાગણીથી આ થાય છે. આ દ્રવ્યહિંસાનો – સ્વરૂપ હિંસાનો કર્મબંધ આત્માના પ્રદેશ પરથી સરળતાથી ખરી જાય છે.

'श्री परमात्म छत्रीशी' રચનામાં રચયિતા શ્રીએ ૩૬ દુહાની રચના કરી છે. જેમાં પરમાત્માના પૂર્ણ સ્વરૂપને શાસ્ત્રીય રીતે દર્શાવવામાં આવ્યું છે. તેઓશ્રી જણાવે છે :

परमातम एह ब्रह्म हे, परम ज्योति जगदीश;
परसु भिन्न निहारीए, जोइ अलख सोइ इश. ८

માટે 'હે આત્મા ! તું રાગ-દ્વેષને તજીને, આ ભવબંધનોમાંથી મુક્ત થવાને અને પરમ અને શાશ્વત સુખની પ્રાપ્તિ માટે પરમાત્માનું ધ્યાન કર.' આવો ભાવ રજૂ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં કવિશ્રીએ 'स्वरोदयज्ञान'માં કુલ ૪૫૩ પદોની વિશાળ પદરચના કરીને સાહિત્ય-સાધનાનો સુંદર પરિચય કરાવ્યો છે. આ રચના ઘણી ગૂઢ અને માર્મિક છે. તેમાં જણાવ્યું છે કે આ જગતમાં કુદરતે મનુષ્ય જાતિને વિશેષજ્ઞાન આપ્યું છે, અને તેથી જ ઉત્તમ પુરુષો ત્રિકાળજ્ઞાની હોય છે. કાળના જ્ઞાનની એક ઉત્તમ રીત એ સ્વરોદય જ્ઞાન છે. તેનાથી પ્રાપ્ત થતી વિદ્યાનો ન્યાય માર્ગે ઉપયોગ કરવાનું પણ સૂચન છે. આ વિદ્યાના

અભ્યાસથી પોતાના આત્માનું કલ્યાણ કરનારના નામમાં શ્રી જિનેન્દ્રદેવ અને ગણધર મહારાજ, શ્રી ભદ્રબાહુસ્વામી, શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી જિનદત્તસૂરિ વગેરે તેમજ શ્રી આનંદઘનજી મહારાજ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી તેમજ શ્રી ચિદાનંદજી પોતે જ સ્વરોદયજ્ઞાનનો અભ્યાસ કરેલો હોય એવું જણાય છે. એટલે કે તેઓની યોગ-સાધના અને ધ્યાનનું પરિણામ આ જ્ઞાનની પ્રાપ્તિ હતા.

'સ્વરોદય' શબ્દનો અર્થ 'શ્વાસનું કાઢવું.' એટલે કે પ્રાણાયમ જેવી સરળ નહીં છતાંય ઉચ્ચ પ્રકારની યોગસાધના દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરવાની પૂર્ણ વિગત આ રચનામાં જણાવાઈ છે.

આ પુસ્તકના અંતે રચયિતાશ્રીએ 'પ્રશ્નોત્તર રત્નમાળા'ની રચના કરી છે. જેમાં દેવ, ધર્મ, ગુરુ, સુખ, દુઃખ, જ્ઞાન, અજ્ઞાન, જીવ, અજીવ, પુણ્ય-પાપ (નવ તત્ત્વ), ચતુર-મુરખ પુરુષની વ્યાખ્યા, કોણ ચપળ અને કોણ ચંચળ, જેવા કુલ ૧૧૪ પ્રશ્નો ૧૬ દોહામાં વણી લીધા છે. માત્ર ત્યાં જ કવિકર્મ પૂરું થતું નથી. તેઓશ્રીએ પોતાના જ્ઞાનનાં ઊંડાણનો પરિચય તેના વિસ્તૃત-સરળ અને સ્પષ્ટ ઉત્તર આપીને કરાવ્યો છે.

આ ઉત્તરોનો પરિચય ચોપાઈ સ્વરૂપના ૩૮ રચનાઓમાં કરાવ્યો છે.

આમ આ રીતે આવાં પ્રશ્નો-ઉત્તરોની વિસ્તૃત ચર્ચામાંથી ઉદાહરણ જોઈએ તો –

પ્રશ્ન – 'चपळा तिम चंचळ वीहा ? वीहा अचळ वीहा सार ?
कुनि असार वस्तु वीहा ? को जग नरकदुवार

(१०)

ઉત્તર – 'चपळा तिम चंचळ धनधाम,
अचळ एक जगमें प्रभुनाम;
धर्म एक त्रिभुवन में सार,
तन धन योवन सफल असार

(२१)

અને કોણ નરકનું દ્વાર પ્રશ્નના ઉત્તરમાં તેઓશ્રી નારી પ્રત્યેના રાગને જગતમાં નરકના દ્વાર સમાન ગણી તેના પ્રત્યે રાગ નહીં કરવાનું

સૂચન કરે છે.

આમ પ્રસ્તુત પુસ્તકોમાં શ્રી ચિદાનંદજીએ રસપ્રદ શૈલીમાં જ્ઞાનનો ભંડાર આપણી સમક્ષ ખોલી નાખ્યો છે. જેમાં 'બહોંતેરી'નાં સાર સહિતનું લખાણ વાચકો માટે સરળ બનાવાયું છે. છતાંય બાકીનું સાહિત્ય પણ અર્થબોધક હોવાથી રોચક બન્યું છે.

શ્રી ચિદાનંદજી મહારાજના જીવનચરિત્રનો પરિચય, તેઓશ્રીના વિવિધ સ્થાન પરના પ્રસંગો અને પ્રસ્તુત ગ્રંથમાળા પ્રકાશિત કરવાના વિચાર અંગેની ભૂમિકા, આ પ્રકાશન કાર્યના પ્રેરણાદાતા, ઉત્પાદક, પોષક અને પરિણામપર્યંત પહોંચાડનાર વિષે શ્રી કુંવરજીભાઈ આણંદજીભાઈએ પોતાની પ્રસ્તાવનામાં વિગતથી ચર્ચા કરી છેં. તેથી એ અંગે પુનરાવર્તન નહીં કરતા વધુ એક મહત્ત્વની બાબત તરફનો નિર્દેશ કરવાની રજા લઉં છું.

હાલમાં એટલે કે ૫૬ વર્ષથી મુંબઈમાં સ્થિર થયેલા શ્રી રાયચંદભાઈ મગનભાઈ શાહનું નામ ભાવનગરમાં જ નહીં - પણ મુંબઈને કર્મભૂમિ બનાવી તેથી મુંબઈમાં તો ખરું, પરંતુ જૈન શાસનના પાયાની જેઓને હંમેશા શુભકામના રહી છે તેઓમાં પ્રસિદ્ધ છે. હાલમાં ૮૮ વર્ષની વયે પણ એક યુવાનને શરમાવે એવા સાહસ અને સામર્થ્ય ધરાવતા શ્રી રાયચંદભાઈ નાનપણથી જ શાસન સેવા, પ્રભુભક્તિ અને સંઘના કાર્યો સાથે, જૈન શ્રાવકનાં કર્તવ્યો જેવા કે જીવદયા, સાધર્મિક ભક્તિ વગેરેમાં પૂર્ણતયા જોડાયેલા છે. શ્રી ગોડીજી જ્ઞાન ભંડાર, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શ્રી વર્ધમાન સાધર્મિક સેવા ટ્રસ્ટ તથા બોરિવલીમાં મંડપેશ્વર રોડ પરના શ્રી આદિનાથજી જિનાલયના માનનીય ટ્રસ્ટી તરીકે સેવા આપે છે. વિવિધ જિનાલયોમાં પ્રભુજી પધરાવવાના તથા પ્રાણપ્રતિષ્ઠા કરાવવાના વિવિધ લાભો પણ તેઓએ લીધા છે.

આધ્યાત્મિક સાહિત્યમાં ઊંડો રસ ધરાવતા હોવાથી, આ પુસ્તક પર પણ તેઓનો ઊંડો રસ અને પ્રેમ અવર્ણનીય ગણાવી શકાય. ઘણાં વર્ષોથી આ પુસ્તકરૂપે છપાવવાની તેઓની ભાવના હતી, તે પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રી ૧૦૦૮ શ્રી હેમચંદ્રસૂરિશ્વરજી મ.સા.ની કૃપાથી પૂર્ણ થઈ છે. પૂજ્ય આચાર્યશ્રી પ.પૂ. તપોનીધિ આ. દેવ શ્રી ૧૦૦૮ શ્રી ભૂવનભાનુસૂરિશ્વરજીના પ્રશિષ્ય છે. મહાજ્ઞાની, ત્યાગી, તપસ્વી અને જ્ઞાનપિપાસુ છે. તેઓશ્રીએ

જિનાગમો વગેરેના હજારો ગ્રંથો પ્રગટ કર્યા છે અને પ્રકાશિત કરાવ્યા છે. અને હાલ કરતાં રહ્યા છે. શ્રી રાયચંદભાઈના રસ અને આગ્રહને માન આપી પૂજ્ય શ્રીએ આ પુસ્તક પ્રકાશન શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત કરાવ્યું. ધન્ય છે, આવા મહાત્માને !

આ રીતે સર્વના પુરુષાર્થના પરિણામ સ્વરૂપે પ્રગટ થનાર "શ્રી ચિદાનંદજી કૃત 'બહોંતેરી' અને તેઓશ્રીનું જ 'સર્વસંગ્રહ' વિભાગ-૨" પુસ્તક શ્રી જૈન શાસનના શ્રુતજ્ઞાનના ભંડારમાં બહુમૂલ્ય ગ્રંથ બની રહેશે. શ્રી પરમકૃપાળુ પરમાત્માની આ અધ્યાત્મ અને આત્મશોધક મહાપુરુષના પ્રબળ પુરુષાર્થ તરફ તો કૃપાદ્રષ્ટિ હતી જ પરંતુ આ પુસ્તકના વાચક અને અભ્યાસુ પ્રત્યે પણ અમીદ્રષ્ટિ ધરાવશે અને પોતે સદ્‌ગુણગ્રાહી બની રહી સાર તત્ત્વને પામી શકશે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં અન્ય માહિતી આપવાને બદલે શ્રી ચિદાનંદજી મહારાજમાં રહેલી વિદ્વતાને, તેઓશ્રીના શ્રુતજ્ઞાનની સાધનાના ફલસ્વરૂપે પ્રગટ થયેલી આ રચનાઓના સાર તત્ત્વને અને મહાસાગરમાંથી એટલે કે શ્રુતસાગરમાંથી અલ્પમતિથી યત્‌કિંચિત્ સમજણને આપ સૌ સમક્ષ મૂકવાનો પ્રયત્ન છે. શ્રી ચિદાનંદજીની સાધનાને ન્યાય તો ન આપી શકું, પરંતુ શ્રુતજ્ઞાનપ્રેમીઓના આગ્રહને નિમિત્ત બનાવી વિનમ્રભાવે આ પ્રસ્તાવનારૂપે મૂકવાનો પ્રયાસ કર્યો છે ત્યારે એટલું ઈચ્છું કે આ પ્રકાશનને ધર્મપ્રેમીઓ વધાવી લેશે અને ઈતિહાસના એક વધુ પ્રકરણમાં શ્રી ચિદાનંદજી મહારાજનું નામ સુવર્ણાક્ષરે અંકિત થશે.

**કુ. પ્રફુલ્લા રસિકલાલ વોરા**
વ્યાખ્યાતા,
શ્રી ગુલાબરાય હ. સંઘવી શિક્ષણ મહાવિદ્યાલય,
ભાવનગર,
તેમજ
ધાર્મિક શિક્ષણના વાહક,
શ્રી રૂપાણી જૈન પાઠશાળા, ભાવનગર.

# પ્રકાશકીય

**શ્રી ચિદાનંદજી મ.** કે જેમનું અપરનામ કર્પૂરચંદ્રજી મ. હતુ, તેમને રચેલા પરમાત્મભક્તિ વિષયક ૭૨ પદો તથા બાવન સવૈયાઓ, તેમજ પુદ્ગલગીતા અધ્યાત્મ છત્રીશી આદિનો સંગ્રહ વર્ષો પૂર્વે બે ભાગમાં શ્રી જૈનધર્મપ્રસારક સભા દ્વારા વિદ્વદ્વર્ય **શ્રી કુંવરજી આણંદજીએ** પ્રકાશિત કરેલ આ પુસ્તકને વર્ષો થઈ ગયા હોઈ અતિજીર્ણાવસ્થામાં પ્રાપ્ત થયેલ તથા અપ્રાપ્ય બનેલ. ગુજરાતી ગામઠી ભાષાના આ પદો અને પદ્યો ખૂબજ ભાવવાહી છે. તે આપણા સંઘને અત્યંત ઉપયોગી હોવાથી તેનું પુનઃ પ્રકાશન **શ્રાદ્ધવર્ય રાયચંદ મગનલાલ શાહના આગ્રહથી તથા પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય હેમચંદ્ર સૂરિ મ.સા.ની પ્રેરણાથી અમો સહર્ષ કરી રહ્યા છીએ,** શ્રી જિન શાસન આરાધના ટ્રસ્ટનું કાર્ય તો સાતે ક્ષેત્રોની ભક્તિનું છે આમ છતાં અમે સાતક્ષેત્રાન્તગતિ સમ્યગ્જ્ઞાન ક્ષેત્રને વધુ પ્રધાનતા આપી છે, અનેક સંઘો અને વ્યક્તિઓનો અમને ખૂબ સહકાર મળ્યો છે તેથી ઉત્સાહીત થઈ નાશ થતા પ્રાચીન ગ્રંથોની રક્ષા કરવા અમે ભગીરથ પુરુષાર્થ આદર્યો છે. પ્રસ્તુત ગ્રંથ પણ અતિજીર્ણ હોઈ અને સંઘમાં અત્યંત ઉપયોગી હોઈ તેનો પણ જીર્ણોદ્ધાર કરવાનું અમારું કર્તવ્ય હતુ જ. **શ્રાદ્ધવર્ય રાયચંદભાઈએ** અમને આ કર્તવ્ય અંગે આંગળી ચિંધી તથા આ ગ્રંથના મુદ્રણનું પણ કાર્ય બધુ જ લગભગ તેઓએ જ સંભાળી લીધુ તેથી આ તકે તેમનો પણ અમે ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. પ્રસ્તુત ગ્રંથ અંગે ગ્રંથકર્તા અંગે વિસ્તૃત લખાણો **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય હેમચન્દ્રસૂરિ મ.સા., કુંવરજી આણંદજી, પ્રોફેસર કુ. પ્રફુલ્લા રસીકલાલ વોરા બેનના, તથા રાયચંદભાઈના આમાં સાથે મુદ્રિત છે** તેથી તે વિષયમાં અમારે વધારે લખવાનું રહેતું નથી, પૂર્વ પ્રકાશક શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર તથા શ્રાદ્ધવર્ય કુંવરજીભાઈ પ્રત્યે અમે આ પ્રસંગે કૃતજ્ઞતાનો ભાવ પ્રદર્શિત કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના સ્વાધ્યાય દ્વારા ચતુર્વિધ સંઘમાં અધ્યાત્મભાવના ખૂબ વૃદ્ધિ થાય એજ શુભાભિલાષા. આવા નવા નવા અનેક ગ્રંથોના લેખન-મુદ્રણ-પ્રકાશન વગેરેનો લાભ મળતો રહે તેવી શ્રુતાધિષ્ટાયિકા સરસ્વતીદેવીને પણ અમારી પુનઃપ્રાર્થના છે.

લિ.

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**

**ટ્રસ્ટીઓ**

**૧. ચંદ્રકુમાર બાબુભાઈ જરીવાળા** **૨. લલિતભાઈ રતનચંદ કોઠારી**
**૩. નવિનચંદ્ર ભગવાનદાસ શાહ** **૪. પુંડરિકભાઈ અંબાલાલ શાહ**

# પુસ્તક અંગે - બે બોલ

**લે. રાયચંદ મગનલાલ શાહ**

આ પુસ્તકમાં મહાન યોગીરાજ શ્રી ચિદાનંદજી ઉર્ફે કર્પુરવિજયજી મહારાજશ્રીએ દોઢસો કરતાં વધુ વરસો અગાઉ રચેલ, અતંરમાંથી કુદરતી રીતે સ્ફુરાયમાન થએલ, આગમ શાસ્ત્રોના પરમ જ્ઞાતા એ વીતરાગની વાણીના દોહન રૂપે રચેલ **'ચિદાનંદ બહોંતેરી'** તેમજ તેઓના અન્ય કાવ્યોનો સંગ્રહ છે. આ પુસ્તકના બે ભાગ જુદા જુદા છપાએલા હતા તે બન્ને પુસ્તકોને આ પુસ્તકમાં એકત્રીત કરી એકજ પુસ્તક રૂપે આવરી લેવામાં આવ્યા છે. બન્ને વિભાગની વચ્ચે ભાગ ૨ જો કરીને જુદા પાડવામાં આવ્યા છે જેથી વાચક વર્ગને બન્ને ભાગોનો લાભ એક સાથે અને જુદો એમ મળી શકે.

પ્રથમ ભાગમાં શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરી એટલે બહોંતેર પદો છે. જે અર્થ અને ભાવાર્થ સાથે શુદ્ધ ગુજરાતી ભાષામાં આપેલ છે અને ભાગ બીજામાં **'શ્રી ચિદાનંદજી કૃત સર્વ સંગ્રહ'** હિન્દી લીપીમાંજ પ્રગટ કરવામાં આવેલ છે. જેના અર્થ કે ભાવાર્થ કરેલા ન હોવાથી મૂળ સ્વરૂપે જ આપ્યા છે. જો કે કેટલાક અઘરા શબ્દોના અર્થોનું ટાંચન નીચેના ભાગમાં આપવામાં આવ્યું છે.

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૧૯૯૩ના વૈશાખ શુદિ ૧ ના રોજ ભાવનગરની શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સદ્‌ગુણાનુરાગી પ્રશાંત મૂર્તિ પરમ પૂજ્ય મુનિરાજશ્રી ૧૦૮ શ્રી કર્પુરવિજયજી મહારાજશ્રીના સદુપદેશથી શ્રેષ્ટિવર્ય પરમશ્રાવક શેઠશ્રી કુંવરજી આણંદજીએ પ્રકાશિક કરેલ હતી.

વળી પ્રથમ ભાગ એટલે **'શ્રી ચિદાનંદ બહોંતેરી'** ના ૭૨ બહોંતેર પદોના અર્થ-ભાવાર્થ શ્રી કુંવરજીભાઈ આણંદજીએ કર્યા છે અને પ. પૂ. મુનિરાજશ્રી કર્પુરવિજયજીએ તેને સંપૂર્ણ અનુમતી આપી છે. શ્રી કુંવરજીભાઈ જૈન ધર્મના પ્રખર અભ્યાસી વિદ્વાન હતા. એવું જ એમનું એક આદર્શ - પવિત્ર શુદ્ધ શ્રાવક જીવન પણ હતું. નેવું વરસની દીર્ઘ જીવનયાત્રામાં સમગ્ર જીવન જ્ઞાન-ધ્યાન અને ધર્મમય જીવન જીવી મહાન આદર્શ દર્શાવી ગયા છે. આવા ઉત્તમ પુરૂષે કરેલા અર્થ-ભાવાર્થ સંપૂર્ણ ખાત્રીદાયક બન્યા છે.

આ પુસ્તક જુના પુસ્તકમાંથી જ ઓફસેટમાં ઉતારેલું છે: જેથી કોઈ ભૂલચૂકનો પ્રશ્ન રહેતો નથી એમ માનવામાં વાંધો નથી. પૂજ્ય ગુરૂવર્ય તથા શ્રી કુંવરજીભાઈ બન્ને જૈન ધર્મનાં ઊંડા અને તલસ્પર્શી જ્ઞાની હતા. એક મહાન મુનિભગવંત હતા. બીજા વૃતધારી, સુશ્રાવક સમકિતધારી આત્મા હતા.

બીજા ભાગમાં *શ્રી ચિદાનંદજી કૃત સવૈયા (૫૨) બાવન હિન્દી લીપીમાં* છે. પ્રથમભાગમાં એજ સવૈયા ગુજરાતી લીપીમાં તે એકજ પુસ્તકમાં બેવડાઈ જતા લાગશે. પરંતુ પ્રથમ આવૃત્તિમાં ગુજરાતી અને હિન્દી બન્ને ભાષામાં છપાએલ એ લાભ પુનઃ બન્ને ભાષામાં પણ મળે એવી ભાવનાથી હિન્દી ગુજરાતી બન્નેમાં ચાલુ રાખેલ છે. ભાગ (૨) બીજામાં નીચે મુજબ કાવ્યોનો સંગ્રહ પ્રગટ કરેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચિદાનંદજી કૃત | સવૈયા | – | ૫૨ |
| ૨. પુદ્‌ગલ ગીતા | પદ્ય | – | ૧૦૮ |
| ૩. અધ્યાત્મ બાવની | દુહા | – | ૫૨ |
| (ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ) | | | |
| ૪. દયા છત્રીશી નાના મોટા | પદ્ય | – | ૩૬ |
| ૫. પરમાત્મ છત્રીશી (પરમાત્મ સ્વરૂપ) | દુહા | – | ૩૬ |
| ૬. સ્વરોદય જ્ઞાન | દુહા | – | ૪૫૩ |
| (અનેક ઉપયોગી જ્ઞાનથી પરિપૂર્ણ) | | | |
| ૭. સ્વરોદય જ્ઞાન સમજવાની આવશ્યકતા | | | |
| ૮. પ્રશ્નોત્તર માળા એકંદર | દુહા | – | ૬૩ |
| જેમાં (૧૧૪ પ્રશ્નોના ઉત્તર પદ્યમાં આપેલા છે.) | | | |

જેના અર્થ કે ભાવાર્થ કરેલા ન હોવાથી મુળ સ્થિતિમાંજ પુનઃ છાપેલા છે. કોઈ મહાપુરૂષ સંત મહાત્મા કે કોઈ વિદ્વાન આ બીજા ભાગના કાવ્યોના અર્થ-ભાવાર્થ વિવેચન સાથે કરી આપશે તો પ્રગટ કરવા યથાશક્તિ પ્રયત્ન કરવાની ભાવના છે.

વળી અંગ્રેજી ભાષા વિશ્વ વ્યાપી બની ગઈ હોવાથી આ ગ્રંથના સાહિત્યને જો કોઈ બરાબર સંપૂર્ણ ન્યાય આપી શકે તેવા પ્રખર વિદ્વાનં અંગ્રેજી ભાષામાં અર્થભાવાર્થ સાથે કરી શકે તો કરવા જેવો છે. આ ગ્રંથ ઘણા આધ્યાત્મિક

રસીઆ આત્માઓ માટે ઉપકારક બનશે. આવા કોઈ મહાનુભાવ કે સાધુ મુનિરાજ કરી આપે તો યોગ્ય કરવાની ભાવના છે. આધ્યાત્મિક સાહિત્યમાં રત્નોની ખાણ સમાન આ ગ્રંથ ગુજરાતી-હિન્દી ભાષામાં હોવાથી લોકભોગ્ય, સરલ, સચોટ, અસરકારક તો છે જ. 'કાવ્યં રસાત્મકં વાક્યં' જે વાક્યો-પદોનો અને અક્ષરોનો આત્મા રસથી ભરેલો હોય તેનું નામ તે કાવ્ય. એવી વ્યાખ્યા અનુસાર આ ગ્રંથના કાવ્યો એવા તો રસથી ભરપૂર છે કે વાંચનાર યા શ્રોતાગણને રસ તરબોળ કરી મૂકે છે. ભલભલા પંડીતો સંત મહાત્માઓ સાહિત્યકારો વિદ્વાનો શ્રી ચિદાનંદજીના આ કાવ્ય સંગ્રહને જોતાં જ આશ્ચર્ય સાથે આનંદ-દીવ્ય આનંદનો અનુભવ કરશે અને આવી અદ્‌ભુત રચના કરનારા મહાત્મા યોગીરાજશ્રીના ચરણમાં મસ્તક ઝુકી પડશે. સંગીતકારો ગાયકોના કંઠમાંથી આ કાવ્ય સરિતાના ખળખળ કરતા અમૃત રસના ઝરણા ગાનાર અને શ્રવણ કરનારા શ્રોતાજનોને મંત્રમુગ્ધ બનાવી આત્માનંદનો અનુભવ કરાવશે. યોગીરાજ શ્રી આનંદઘનજીએ કીધું છે કે 'ચિત્ત પ્રસન્ને પુજન ફળ કહ્યું, પુજા અખંડીત એહ' ખરેખર મહાકવિશ્રી ચિદાનંદજીના કાવ્યોમાં ચિત્તની પ્રસન્નતા કરવાની કોઈ અનેરી શક્તિ ભરી છે.

લગભગ પાંસઠ વરસ અગાઉ જ્યારે આ પુસ્તક પ્રગટ થયું અને મારા વાંચવામાં આવ્યું ત્યારથી જ મારા આનંદનો પાર જ નહોતો. વારંવાર વાંચતો અને કોઈ અનેરા સુખ-શાંતિનો અનુભવ થતો. આ કાવ્યો ઉપર અપાર પ્રેમ જાગૃત થતો, અનેક વખત જિન મંદીરમાં કે એકાંતમાં અને કોઈવાર મિત્રોની વચ્ચે વાંચી ઉલ્હાસ સાથે જ્ઞાનગોષ્ટિનો આનંદ પામતા.

આ પુસ્તકની તે વખતમાં માત્ર ૧૦૦૦ કોપી છપાએલી તે તો ક્યારનીએ ખપી ગએલી અથવા ભેટમાં ગએલી. લાંબા વખતે પુસ્તક મળવું દુર્લભ બની ગયું. અલભ્ય બની ગયું. મેં બે કોપી-નકલ સાચવી રાખેલી અને પુનઃમુદ્રણ કરવાની ઉત્કટ ભાવના હતી. પરંતુ મારા જ્ઞાનાંતરાયના યોગે કોઈ રીતે યોગ આવતો ન હતો. અનેક ઠેકાણે પ્રયત્ન કરેલા પણ તે સફળ થતા જ નહીં. અંતરમાં વેદના થતી કે મારી હયાતી સુધીમાં શું આ કામ પૂરું નહિં થાય એવી શંકા થતી. છેવટે પ્રભુકૃપાથી અંતરાય કર્મનો અંત આવ્યો અને તૂટ્યો. સંવત ૨૦૫૦ના ચાતુર્માસ દરમ્યાન પરમ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૦૮

**શ્રી વિજય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી** ઘાટકોપરમાં ચાર્તુમાસ બીરાજમાન હતા. જેઓ મારા આત્મકલ્યાણ માટે મારા ઉપર અત્યંત વ્હાલ અને લાંગણી ધરાવતા આવ્યા છે. મારા પરમ ઉપકારી છે. શાસનના હિતના કાર્યો માટે અવાર નવાર માર્ગદર્શન આપી પ્રેરણા આપતા જ રહ્યા છે. તેઓશ્રીને વંદન કરવા હું ગએલો અને અત્યંત ભાવપૂર્વક મેં વિનંતી કરી કે 'સાહેબ, આ અપૂર્વ સુંદર ગ્રંથ અત્યારે અલભ્ય થઈ ગયો છે. આ ગ્રંથ પુનઃમુદ્રણ કરાવવાની ખૂબ જ જરૂર છે. આપ આ કાર્ય હાથમાં લ્યો અને જૈન શાસનના અમૂલ્ય ખજાનારૂપ, રત્નની ખાણ જેવા યોગીરાજ શ્રી ચિદાનંદજીના આત્માની ભાવસરિતા જેવા આધ્યાત્મિક સાહિત્યને બચાવી લ્યો ! મારી ઉમ્મર અત્યારે ૮૭ સત્યાસી વરસની થઈ છે. હું જીવતો છું ત્યાં સુધીમાં આ કાર્ય ગમેતેમ કરીને મારે પુરું કરવું છે. ઈત્યાદી કરગરતા આંખમાં આંસુ સાથે વાત કરી અને તુરતજ પૂજ્ય મહારાજશ્રીએ મારી વિનંતીનો સ્વીકાર કર્યો. અને આ પુસ્તક પુનઃમુદ્રણ કરવાની આજ્ઞા આપી. એમના આશિર્વાદથી આ પુસ્તક 'શ્રી જૈન શાસન આરાધક ટ્રસ્ટ'ના ઉપક્રમે છપાવવાનું નક્કી થયું. મારા મનની અને જીવનની સર્વે મનોકામના, અંતરની ભાવના, તેઓશ્રીએ પૂર્ણ કરી તે માટે પૂજ્ય ગુરૂદેવનો જેટલો ઉપકાર માનું એટલો ઓછો જ છે. અને માગુ છું કે ભવોભવ આવા જ ઉપકાર મારા ઉપર કરતા રહી મને આપની સાથે રાખી વહેલામાં વહેલી તકે મુક્તિમાં લઈ જજો.' આ ગ્રંથ હૃદયના તારોને ઝણઝણાવી નાખનારો છે. મનને શાંતિ દેનારો છે. ચિત્તની શુદ્ધિ કરનારો છે, પ્રસન્નતાને પ્રગટ કરનારો મુક્તિનો માર્ગદર્શક છે. આ પુસ્તક પ્રગટ કરતાં મારા આનંદની અવધી નથી. ભવાંતરમાં ભવોભવ આ ગ્રંથનું જ્ઞાન મને મળતું રહે, સાથે જ રહે તેવી ભાવના સાથે પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ મને તેમજ આ પુસ્તકનો લાભ લેનાર સર્વ આત્માઓને તથા જગતના સર્વ જીવોને પ્રાપ્ત થાય એવી પ્રાર્થના પરમ કૃપાળુ પરમાત્માને શુદ્ધ અંતરના ભાવથી કરું છું.

યોગીરાજશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીએ લખ્યું છે કે 'જગતમાં જીવનનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આત્માની જ્ઞાનાદિ ગુણો વડે ઉન્નતિ કરવી. આત્મા, કાયા, મન એ ત્રણ વસ્તુને પરિપૂર્ણ સમજવાથી આત્માની શુદ્ધ દશા સમજાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય આદિ અનંત ગુણમય આત્મા છે. પણ...

કર્મ દોષોનો નાશ કર્યા વિના તે તે ગુણો પ્રગટ ભાવે થતા નથી. આત્માના જ્ઞાનાદિ ગુણો પ્રગટ કરવાને વૈરાગ્ય ભાવના, આત્મભાવના, સમતા આદિ ગુણોની વૃદ્ધિ કરવી જોઈએ, આત્માના વૈરાગ્ય આદિ ગુણો ખીલવવા જોઈએ. માટે તે તે ગુણોનું સ્વરૂપ વારંવાર વાંચવુ, વિચારવું, ગાવું, મનન કરવું અને ધ્યાન ધરવું જોવે. શ્રી ચિદાનંદજીના રચેલા પદો, સ્તવનો, સવૈયા, પુદ્ગલ ગીતા, અધ્યાત્મ બાવની, દયા છત્રીશી, પરમાત્મ છત્રીશી, દુહા, સ્વરોદય જ્ઞાન. ઈત્યાદી વિશાળ સાહિત્યનો આ રીતે ઉપયોગ કરવામાં આવે અને તેને અનુસરવાના પ્રયાસો-પુરૂષાર્થ કરવામાં આવે તો આપણા આત્માને પરમપદ સુધી પહોંચતા વાર ન લાગે.

મારે જરા દુઃખ સાથે કહેવું પડે છે કે આધ્યાત્મિક સાહિત્યમાં રત્નસમા આ સાહિત્યના પ્રચાર અંગે જે કાંઈ કરવું જોવે એટલું થયું નથી. તે તરફ ઉપેક્ષા સેવાણી છેં. જૈન સાક્ષરો હજુ પણ ઉપેક્ષા છોડીને તેના તરફ પૂરતું લક્ષ આપશે તો ગુજરાતી સાહિત્યમાં નવી જ ચેતના લાવી શકશે એટલું જ નહીં પણ સમસ્ત સાહિત્ય જગતમાં વિશિષ્ટ પ્રકાશ પાથરી શકશે. શ્રી ચિદાનંદજીએ સાગરને ગાગરમાં સમાવી દીધો છે. એમની રચનામાં કાવ્યોમાં તો શું પદેપદમાં અને અક્ષરેઅક્ષરમાં જે રહસ્યો સમાવ્યા છે તે એમના આત્મ-મંથનનું નવનીત છે. એમના અંતરમાંથી નીકળેલી વાણીની જ્ઞાનગંગા મુમુક્ષુ આત્માઓને બહુ અલ્પ સમયમાં અને અલ્પ પ્રયાસે પૂર્ણતા પ્રાપ્ત કરવા, પરમાત્મ પદ સુધી પહોંચવા, અપૂર્વ અદ્ભુત સાધન બનવાની ખાત્રીજ કરી આપશે.

મહાન યોગીરાજશ્રી ચિદાનંદજીની કાવ્ય રચના અધ્યાત્મથી ભરપૂર તો છે જ પણ તેની સાથે રસયુક્ત બનાવી પ્રેમથી સભર બનાવેલ છે. ઉપમા-અલંકાર-તર્ક-કલ્પના સાથે સુંદર રાગ-રાગણી સર્વ વાતે પરિપૂર્ણ બનાવેલ છે. મહાન યોગીરાજશ્રી આનંદઘનજીએ શ્રી રૂષભજીનેશ્વરના સ્તવનમાં 'રૂષભ જીનેશ્વર પ્રીતમ માહરો ઔર ન ચાહુ કંત, રીઝ્યો સાહેબ સંગ ન પરિહરે ભાંગે સાદી અનંત'માં સાચી પ્રીત સગાઈ કોને કહેવાય 'પ્રીતસગાઈ નિરૂપાધિક કહીરે સોપાધિક ધન ખોય' ઈત્યાદી તથા પ.પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજી મહારાજના સ્તવનો જેવા કે 'સ્વામી તમે કાંઈ કામણ કીધું,

ચિત્તડું હમારૂં ચોરી લીધું' દેવચંદ્રજી કૃત 'ઋષભ જિણંદશું પ્રીતડી કીમ કીજે હો કહો ચતુર વિચાર' તથા પ.પૂ. મોહનસૂરીજીનું (લટકાળા) પ્રીતલડી બંધાણી રે અજિત જીણંદ શું, પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો.' ઈત્યાદી પ્રભુ સાથે પ્રીત બાંધવાના ઉચ્ચભાવ ભર્યા સ્તવનો પ્રેમના પ્રતિક સમા છે એવી જ રીતે શ્રી ચિદાનંદજીના પદોમાં આત્માને પતિની ઉપમા અને સુમતિ તથા કુમતિને પત્નીઓની ઉપમાથી નવાજી અનેરો રંગ જમાવેલ છે.

પૂજ્ય ચિદાનંદજીના સ્તવનોમાં શ્રીનેમિનાથજીનું સ્તવન 'પરમાતમ પૂરણ કળા'

પરમાતમ પૂરણ કળા, પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દ્રષ્ટિ નિહાળીએ, ચિત્ત ધરીએ હો અમચી અરદાસ.

આ સ્તવનની ઉપર સુંદર વિવેચન કરીને આ પુસ્તકના પદ ૬૨ માં અર્થો સાથે આપેલ છે એમાં રહેલા ભાવનું શું વર્ણન કરૂં ? ટુંકામાં કહું તો 'જે જાણે તે માણે' એ ન્યાયે આ સ્તવન પૂર્ણતા વિષેની અદ્‌ભુત રચના છે. વિદ્વદવર્ય શ્રી મોતીચંદ ગીરધર કાપડીઆએ આ સ્તવન ઉપર ઘણું જ વિસ્તારથી અભૂતપૂર્વ વિવેચન કરી શ્રી જૈન ધર્મ પ્રકાશના ઘણા અંકો સુધી લેખ સ્વરૂપે આપેલ છે. પણ અત્યારે પ્રાપ્ત કરવું મુશ્કેલ છે. કારણ કે શ્રી જૈન ધર્મ પ્રસારક સભા કાર્યકર્તાઓ અને પૈસાના અભાવે બંધ પડી છે. આ સ્તવનની હલક, હૃદયના તાર ને ઝણઝણાવી નાખે છે. હૈયુ નાચી ઊઠે છે. આ સ્તવન અંતરના દ્વાર ઉઘાડી નાખે એવી એની અદ્‌ભુત રચના છે.

એવી જ રીતે પદોની બહોંતેરીના એક એક પદના શબ્દો ચેતનાને જગાડી નાખે છે.

'કાલકાલ તું ક્યા કરે મૂરખ, નાહી ભરૂંસા પલ એક ઘડી.
ગાફિલ છિનભર નાંહી રહો તુમ, શિરપર ઘુમે તેરે કાલ અરી.'

અધ્યાત્મવેદી શ્રી ચિદાનંદજી મહારાજે આપણી અનિગ્રહીત ઈંદ્રિયોનો નિગ્રહ કરવા અને જેમ બને તેમ વિષય વાસનાને હઠાવવા એક લલિત પદ વડે કેવો સુંદર બોધ આપેલો છે ?

વિષય વાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે.
તપ જપ સંજમ દાનાદિ સહુ, ગિણતિ એક ન આવે રે;

ઈંદ્રિય સુખમેં-જૌં લૌં એ મન, વક્ર તુરંગ જેમ ધાવે રે.

આ પદમાં હાથી કામ વાસનામાં, મત્સ્ય રસનામાં લુબ્ધ બનવાથી ભ્રમર સુગંધમાં લપટાવાથી, પતંગિયું રૂપમાં, મૃગ શ્રોતેંદ્રિયને વશ થવાથી પ્રાણ ગુમાવે છે. એમ એક એક જીવ ઈંદ્રિયોમાં આસક્ત થતાં નાનાવિધ દુઃખો પામે છે. તો હે માનવી! તું તો પાંચે પાંચ ઈંદ્રિયોમાં રાગાંધ બન્યો છે, મોહાંધ બન્યો છે તો તારી કેવી દશા થશે તે વિચાર !! તે માટે કહે છે કે

પંચ પ્રબલ વર્તે નિત્ય જાકું, તાકું કહા જ્યું કહીએ રે;
ચિદાનંદ એ વચન સુણીને, નિજ સ્વભાવમાં રહીએ રે.

ધ્યાન અંગેનું પદ ૫૦મું કેવું અદ્‌ભુત છે તે જુઓ :

આ તમ ધ્યાન સમાન જગતમેં, સાધન નહિ કોઉ આન;
જગતમેં આતમ ધ્યાન્ સમાન, ઔર નહિ કોઈ ધ્યાન.

આ પદમાં કહે છે કે ધ્યાન ત્રણ પ્રકારનું છે. ૧) રૂપાતીત ૨) રૂપસ્થ અને ૩) પદસ્થ. પિંડસ્થ ધ્યાન શી રીતે કરવું ? આસન - મુદ્રા, અજપાજાપ 'સોહં' તેને સંભારવો - અને જાપ કરવો. એને માટે પ્રાણવાયુ, અપાનવાયુ, સમાનવાપુ, ઉદાનવાયુ, વ્યાનવાયુ. એ પાંચ પ્રકારના વાયુ. તેને રેચક, પુરક, કુંભક અને શાંતિક ઈત્યાદિકની ક્રિયા કેવી રીતે કરવી ઈત્યાદિ બતાવી છેવટે 'ચિદાનંદ શુભ ધ્યાન જોગજન, પાવત પદ નિરવાણ.' બતાવી ધ્યાનનું સ્વરૂપ સુંદર રીતે બતાવેલ છે.

ઉપાધ્યાયજી મહારાજે શ્રી શાંતિનાથજીના સ્તવનમાં કહ્યું છે કે :–

તાહરૂં ધ્યાન તે સમકિતરૂપ, તેહિજ જ્ઞાનને ચારિત્ર તેહ છે જી;
તેહથી રે જાયે સઘળાં હો પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછે જી.

દેખીરે અદ્‌ભુત તાહરૂં રૂપ અચરિજ ભવિકા અરૂપી પદ વરેજી;
તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક યશ કરેજી.

આવી રીતે ધ્યેય સ્વરૂપમાં ચિત્તની એકાગ્રતા થતાં સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રનો અદ્‌ભુત લાભ પામી આત્મા અંતે અજર અમર પદનો ભોક્તા

થઈ શકે છે.

શ્રી મોતીચંદ ગીરધર કાપડીઆએ 'યોગાષ્ટકમ્' ઉપર લેખમાં' લખ્યું છે કે 'મોક્ષસુખ સાથે જીવને જોડી આપે તેને યોગ કહેવાય. એવી યોગની વ્યાખ્યા બતાવી છે તે બહુ મનન કરવા યોગ્ય છે. પરંપરા સાધ્ય-અંતિમ લક્ષસ્થાન મોક્ષ હોવાથી તેને જોડી આપનારને યોગ કહેવામાં આવે છે, તે યોગની ઈતિ કર્તવ્યતા સૂચવે છે. આ વ્યાખ્યાને મળતી વ્યાખ્યા શ્રી હરિભદ્રસૂરિએ યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં આપી છે તે પણ વિચારવા યોગ્ય છે. તેઓશ્રી કહે છે કે 'અયોગને યોગોમાં ઉત્કૃષ્ટ યોગ કહેવામાં આવે છે અને તે ચૌદમે ગુણઠાણે હોવાથી મોક્ષની સાથે જોડી દેનાર છે. સર્વ સન્યાસ એ તેનું સ્વરૂપ છે.' મોતીચંદભાઈએ યોગ ઉપર ખૂબ જ સુંદર સચોટ પ્રકાશ પાથરેલ છે.

શ્રી ચિદાનંદજીએ તો ધ્યાન અને યોગ ઉપર ઘણું ઘણું લખ્યું છે તેનો આ ગ્રંથ વાંચનારને જરૂર અનુભવ થશે.

શ્રી ચિદાનંદજીકૃત સર્વ સંગ્રહના ૧૩૨ પાનામાં માત્ર આઠ કાવ્યો છે. આ આઠ જ કાવ્યોમાં પૂજ્યશ્રીએ જ્ઞાનરૂપી સાગરનું મંથન કરીને અપૂર્વ અને અદ્ભુત નવનિત ઠાલવી દીધું છે. એમના એકપણ કાવ્ય ઉપર તો શું પણ એક લીંટી ઉપરનું વિવેચન કરવાની મારી તો શક્તિ જ નથી. એટલે કાંઈપણ વિવેચન વગર થોડાક નુમના રજુ કરવાની ઈચ્છાથી તૃપ્તિ અનુભવું છું.

સવૈયા – ધન અરૂ ધામ સહુ પડ્યો હિ રહેગો નર,
ધાર કે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો;
દાન અરૂ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ,
હોય કે જમાઈ કોઈ દુસરો હિ ખાવેગો.
કુડ અરૂ કપટ કરી પાપબંધ કીનો તાતે,
ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો.
પુન્ય વિના દુસરો ન હોયગો સખાઈ તવ,
હાથ મલ મલ માખી જિમ પસતાવેગો.

અહા ! કેવું સુંદર છે પદલાલિત્ય અને કેવું છે શબ્દ લાલિત્ય ?

આપકું આપ કરે ઉપદેશ જ્યું,
આપકું આપ સુમારગ આણે;

આપકું આપ કરે સ્થિર ધ્યાનમેં,
આપકુ, આપ સમાધિમેં તાણે.
આપકું આપ લિખાવે સ્વરૂપ શું
ભોગનકી મમતા નવિ ઠાણેઃ
આપકું આપ સંભારત યા વિધ,
આપકો ભેદ તો આપ હિ જાણે.

પુદ્ગલ ગીતા – સંતો દેખીએ બે
પરગટ પુદ્ગલ જાલ તમાસા.
પુદ્ગલ ખાણો પુદ્ગલ પીણો, પુદ્ગલ હું થી કાયા;
વર્ણ ગંધ રસ સ્પર્શ સહુએ,પુદ્ગલ હું કી માયા.
જન્મ જરા મરણાદિક ચેતન, નાના વિધ દુઃખ પાવે;
પુદ્ગલ સંગ નિવારત તિણદિન, અજર અમર હો જાવે.
પુદ્ગલ રાગ કરી ચેતન કું, હોત કર્મ કો બંધ;
પુદ્ગલ રાગે બાર અનંતી, તાત માત સુત થઈયા;
કીસકા બેટા કીસકા બાબા, ભેદ સાચ જબ લહીયા.

અધ્યાત્મબાવની – ધર્મ થકી ધન સંપજે, ધર્મે સુખિયા હોય;
ધર્મે યશ વાધે ઘણો, ધર્મ કરો સહુ હોય.
ધર્મ કરે જે પ્રાણીયા, તે સુખિયા ભવ માંહ,
જગમાં સહુ જી જી કરે, આવી લાગે પાય.
ધર્મ ધર્મ સહુ કો કરે, ધર્મ ન જાણે કોય;
ધર્મ શબ્દ જગમાં વડો, વીરલા બુજે કોય.
આતમ સાખે ધર્મ જે, ત્યાં જનનું શું કામ;
જનમન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ.

* * *

આપે આપ વિચારતાં, મન પામે વિસરામ;
રસા સ્વાદ સુખ ઉપજે, અનુભવ તાકો નામ.
અનુભવ ચિંતામણી રતન, અનુભવ હે રસ કુપ;
અનુભવ મારગ મોક્ષકો, અનુભવ શુદ્ધ સ્વરૂપ.

લાખ ક્રોડ વરસાં લગે, કીરિયાંએ કરી કર્મ;
જ્ઞાની સાસો સાસમાં, ઈમ જાણે તે મર્મ.

દયા છત્રીશી – દયા ધરમ કો મૂળ હૈ, દયા મૂળ જિણ આણ;
આણા મૂળ વિનય કહ્યો, તે સિદ્ધાંતે જાણ.
પૂજા કરતાં કોય કહે, યું હિંસા હોત હૈ;
પ્રગટ મિથ્યાતી હોય, તત્વભેદ તિણે નવિ લહ્યો.
પૂજામાંહી સ્વરૂપ - હિંસા કી ગિણતી નહીં,
ઈમ લખ તત્ત્વ અનૂપ, શંકા નવિ ચિત્ત આણીએ.

શ્રી પરમાત્મ છત્રીશી –

આતમ સો પરમાતમા, પરમાતમ સોઈ સિદ્ધ;
બિચકી દુવિધા મિટ ગઈ, પ્રગટ ભઈ નિજ રિદ્ધ.
મેં હિ સિદ્ધ પરમાતમા, મેં હિ આતમરામ;
મેં હિ ધ્યાતા ધ્યેય કો, ચેતન મેરો નામ.
મેં હિ અનંત સુખ કો ધની, સુખમેં મોહિ સોહાય;
અવિનાશી આનંદમય, સોહં ત્રિભુવનરાય.
શુદ્ધ હમારો રૂપ હે, શોભિત સિદ્ધ સમાન;
ગુણ અનંત કરી સંયુત, ચિદાનંદ ભગવાન.
**જેસો શિવપેં તહીં વસે, તેસો યા તન માંહિ;**
**નિશ્ચય દ્રષ્ટિ નિહાળતાં, ફેર રંચ કછુ નાંહિ;**
કાહેકું ભટકત ફિરે, સિદ્ધ હોને કે કાજ;
રાગ દ્વેષકું ત્યાગ દે, વો હી સુગમ ઈલાજ.

સ્વરોયદય જ્ઞાનમાં ઘણા ઘણા વિષયોને આવરી લેવામાં આવ્યા છે. ઘણું લંબાણપૂર્વકનું છે. યોગશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, સ્વરોદય જ્ઞાન, ઈત્યાદી ધ્યાન વિગેરે અનેક વસ્તુ આ ૪૫૩ ચારસોને ત્રેપન શ્લોકોમાં પૂજ્ય શ્રી ચિદાનંદજીએ જ્ઞાનનો ધોધ ઠાલવ્યો છે. એના ઉપર કાંઈપણ લખવાની મારી શકિત નથી.

ત્યાર પછી પ્રશ્નોત્તર રત્નમાળાના ૪૦ શ્લોક છે તે ખરેખર રત્નોની માળા જ છે.

અને છેવટે પૂજ્યશ્રીનો જીવન પરિચય ટૂંકમાં આપ્યો છે.

યોગીરાજશ્રી ચિદાનંદજીની એક એક કાવ્યરચના આત્માનંદમાં મગ્ન બનાવી, રસતરબોળ કરી ચિત્તને એકાગ્ર કરી પ્રસન્ન બનાવે છે. આ રીતે સંવર-નિર્જરાના ઉદ્‌ગમનો હેતુ બની, મોક્ષ માર્ગના ભોમીયાની ગરજ સારે છે. ખરેખર યોગીરાજ કવિશ્રીની દિવ્ય ભાવના અને ભવ્ય જીવ ઉપર ઉપકાર કરવાની ઉત્કંઠા અપૂર્વ રહેલી છે. અધ્યાત્મ પ્રેમી આત્માઓ પૂજ્ય સાધુ-સાધ્વિ-શ્રાવક-શ્રાવિકા તથા પાઠશાળાના વિદ્યાર્થી બાળકો-બાળાઓને આ પુસ્તક વાંચવા મોઢે કરવા ગાવા એનો ઊંડો અભ્યાસ કરવા માટે આ એક અપૂર્વ ગ્રંથ છે. આ ગ્રંથના કાવ્યો રસથી પરીપૂર્ણ છે. રાગ-રાગીણી પણ શાસ્ત્રોક્ત અને ભાવ ભરપૂર છે. સાચા સંગીતકારોને આનો લાભ લેવા મારૂં ખાસ સૂચન છે.

અંતમાં આ ગ્રંથ પુનઃમુદ્રણ કરવા માટે પરમ-પૂજ્ય તપોનિધિ, વૈરાગ્ય વાણીની અપૂર્વ વૃષ્ટિ વરસાવનાર, અનેક જીવોને સંયમના માર્ગે લઈ જનારા સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતશ્રી ભુવનભાનુ સૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય રત્ન પ.પૂ.આ.શ્રી હેમચંદ્રસૂરિશ્વરજીએ 'શ્રી જૈન શાસન આરાધક ટ્રસ્ટ'ના ઉપક્રમે ઓફસેટમાં છપાવીં આપવા ઘણો ઘણો ઉપકાર કર્યો છે. તેઓશ્રીને લાખલાખ વંદના કરી જેટલો ઉપકાર માનું એટલો ઓછો છે. ત્યાર પછી મૂળ પ્રથમ આવૃત્તિ પ્રગટ કરતા શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગરના પ્રમુખ પ્રખર વિદ્વાન શ્રી કુંવરજીભાઈ આણંદજી કે જેમણે ઘણો ઘણો શ્રમ ઉઠાવી સંશોધન અર્થ-ભાવાર્થ-શુદ્ધિપૂર્વક તૈયાર કરી છપાવેલ તેમનો જેટલો આભાર માનું એટલો ઓછો જ છે.

પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી હેમચંદ્ર સૂરિશ્વરજી મ. સાહેબનું આ પુસ્તકમાં પ્રગટ કરેલ વિદ્વતા ભરપૂર નિવેદન અને આછી રૂપરેખા 'યત્ કિંચિત' માટે ખૂબ ખૂબ આભારી છું.

અને છેવટે આ ગ્રંથ ઓફસેટમાં પ્રિન્ટ કરવામાં મારા મિત્ર શ્રી અમિતભાઈ 'સ્પેક્ટ્રમ ગ્રાફીક્સ'ના માલિકે નેગેટીવ પ્લેટ પ્રિન્ટીંગ બાઈન્ડિંગ વિગેરે પોતાના તથા અન્યના પ્રેસમાં ખૂબજ સુંદર છતાં વ્યાજબી ભાવે સર્વ કાર્યવાહી કરી સહકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર.

ખાસ વિશિષ્ટતા – આ ગ્રંથ ભારતમાં જૈન પુસ્તકાલયો, જ્ઞાન ભંડારો, પૂજ્ય સાધુ-સાધ્વિજી ભગવંતો તથા ખાસ ખપી જીવોને **પ્રકાશકો તરફથી સાદર ભેટ** મોકલવામાં આવશે. મોકલવાનો કે પેકીંગ વિગેરે કોઈપણ પ્રકારનો ખર્ચ લેવામાં આવશે નહિ. વિના મુલ્યે ભેટ મોકલવામાં આવશે. જેનો આભાર કયા શબ્દોમાં માનું ?

અંતમાં આ પુસ્તક પ્રગટ કરવામાં કોઈપણ પ્રકારની ભૂલચૂક રહી ગઈ હોય તો તે માટે ક્ષમા યાચું છું. અને કોઈપણ પ્રકારનું સુચન હોય તો તે લખી મોકલવા વિનંતી કરું છું.

લી. શાસન સેવક
**રાયચંદ મગનલાલ શાહ**

૧૨, રામવિહાર, રોકડીઆ લેન,
બોરીવલી – વેસ્ટ,
મુંબઈ - ૪૦૦ ૦૯૮.
ટે. નં. : ૮૯૩ ૨૯ ૪૮

# પ્રસ્તાવના.

શ્રી પંચ પરમેષ્ટીને નમસ્કાર કરીને આ લઘુ પુસ્તિકા કે જેની અંદર દાખલ કરેલી વસ્તુ અમૂલ્ય છે અને વાંચનાર ભવ્યાત્માનું આત્મિક હિત કરવા માટે સબળ સાધનરૂપ છે તેના સંબંધમાં વિશેષ કહેવા કે લખવા કરતાં આ બુક-માંનું કોઇપણ એક પદ લક્ષપૂર્વક વાંચી તેનો રસ ગ્રહણ કરી તેમાં સમાવેલો અપૂર્વ ભાવ જો આત્મામાં ઉતારવામાં આવે અને તેને અનુકૂળ વર્તન કરવાની ઈચ્છા ધરાવવામાં આવે તો અવશ્ય તે જીવ માર્ગસન્મુખ થઈ જાય એમ બહુ ખાત્રી સાથે કહી શકાય છે.

આપણી કોમમાં આ બહોંતેરી એટલે કે ૭૨ પદના કર્તા મહાપુરૂષ ચિદાનંદજી ઘણે ભાગે જાણીતા છે. તેમના પદો સ્થાને સ્થાને ગવાતા સંભળાય છે. મૂળ તે પદો તો એક બે જગ્યાએ છપાયેલા પણ છે, પરંતુ તેને અર્થસહ છપાવવાનો વિચારજ પ્રાયે ઉદ્‌ભવ્યો જણાતો નથી. આ બહોંતેરી કરતાં આનંદઘનજી મહારાજની બહોંતેરી શબ્દરચનામાં અને રહસ્યના ઉંડાણમાં સમજવી મુશ્કેલ પડે તેવી છે, છતાં તેને અર્થસહ તૈયાર કરવાનો પ્રયાસ ભાઇ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ તેમજ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીએ કરેલો છે અને તે જુદી જુદી સંસ્થાઓ તરફથી છપાયેલ પણ છે. આ બહોંતેરીને અંગે સદ્‌ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજીને અર્થ લખવાની વિચારણા ઉદ્‌ભવેલી અને તે ઉપરથી ૮-૯ વર્ષ અગાઉ તેમાંના

પ્રથમના પદો ૨૮ પૈકી ૨૦ પદો અર્થસહ તૈયાર કરેલા કે જે શ્રી જૈન ધર્મ પ્રકાશ માસિકના પુ. ૩૮-૩૯ માં છપાયેલા છે. પ્રસ્તુત વર્ષમાં એ શાંતમૂર્તિ મુનિરાજનું ચાતુર્માસ ભાવનગર ખાતે થતાં આ બહોંતેરીના બાકીના પદોના અર્થ લખવાની તેઓ સાહેબને વિનંતિ કરવામાં આવી તેમજ તે છપાવીને પ્રસિદ્ધ કરવાની ધારણા પણ જણાવવામાં આવી, પરંતુ તેઓ સાહેબે પોતાની દૃષ્ટિ નીચે એ કાર્ય કરવાનું મને કે જેને અધ્યાત્મ વિષયનો અલ્પ પણ અનુભવ નહીં તેને ફરમાવ્યું. ગુરૂવચન માથે ચડાવવામાં આવ્યું અને તેઓ સાહેબ વાંચીને સુધારી આપવાના હોવાથી તેમની હુંફને લઇને પ્રથમ તો ૨૮ પદોમાંના બાકી રહેલા ૮ પદોના અર્થ લખવામાં આવ્યા. તેમાં પણ ૨૦ મું પદ વિચાર માટે બાકી રાખવામાં આવ્યું, મહારાજશ્રીએ મારા લખેલા અર્થો વાંચી જોયા અને કાંઇક સંતોષ બતાવી આગળ પણ લખવાનું શરૂ રાખવા તેમજ એ કાર્ય પૂર્ણ કરવા પ્રેરણા કરી. જેના ફળ તરીકે આ બુક જૈનવર્ગ સમક્ષ મૂકી શકાયેલ છે.

આગળ પણ ૪૦ મું ને ૫૦ મું પદ વિચાર પર રાખવું પડયું. હતું, પરંતુ મહારાજજીએ તપાસીને સુધારી આપવામાં લીધેલી તસ્દીને લઇને આ કાર્ય વિશેષ ઉપકારક થશે એમ ધારી તે કામ પૂર્ણ કરી છપાવવાનું પણ શરૂ કરવામાં આવ્યું. તેના છેવટના પ્રુફ તપાસી આપવાની પણ ઉક્ત મહારજશ્રીએ કૃપા કરી. પ્રાંતે આ બહોંતેરીનાજ કર્ત્તા મહાપુરૂષના બનાવેલા સવૈયાઓ કે જે સજ્જન સન્મિત્ર નામની બુકમાં છપાયેલા છે તે આ બુકમાં દાખલ કરવા ઇચ્છા જણાવી. તેમની ઇચ્છાને માન આપીને તે સવૈ-

યાઓ પણ આ બુકના પાછળના ભાગમાં દાખલ કરેલા છે. આ સવૈયા પૈકી કેટલાક સાધારણ મતિથી સમજાય તેવા છે, પરંતુ કેટલાક સમજવા મુશ્કેલ પડે તેવા પણ છે, તો તેનો અર્થ કોઇ સુજ્ઞ મનુષ્ય-ગૃહસ્થ કે મુનિરાજ પાસે જઈ સમજવાનો ખપ કરવો. એ સવૈયા ખાસ કંઠે કરવા લાયક છે, કારણકે બહુજ અસરકારક શબ્દરચનાવાળા છે.

આ બહોંતેરીના લખેલા અર્થના સંબંધમાં ખાસ વિનંતિ કરવાની કે–આ વિષયમાં મારો પ્રથમ પ્રયાસ હોવાથી એની અંદર ઘણી જગ્યાએ સ્ખળનાઓ રહી હશે. વળી તેમાં કોઇ કોઈ પદ હરીઆળી જેવાં છે, કોઈ કોઇ પદ ઉપનય ઉતારવા જેવાં છે, તેમાં જો કે કાંઈક વિશેષ પ્રયત્ન કરવામાં આવ્યો છે, છતાં તે બરાબર લખાયેલા છે એવું આત્મસાક્ષીથી કહી શકાતું નથી. કારણકે કર્ત્તાના અંતરનો ભાવ એ શબ્દરચનામાં શું છે? તે સમજવાનું મારી જેવા અજ્ઞ બાળનું ગજું ગણી શકાય નહીં. તો પણ **शुभे यथाशक्ति यतनियं** એ સૂત્રને અનુસરીને પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમાં પણ અતર્ગત સદ્‌ગુણાનુરાગી મુનિરાજશ્રીની સહાયેજ કામ કર્યું છે. વળી એમ પણ વિચાર રાખવામાં આવ્યો છે કે એક વખત માર્ગદર્શકપણે આ કામ થયું હશે તો હવે પછી બીજા કોઇ સુજ્ઞ બંધુ કે મુનિરાજ તેને વધારે કેળવીને વધારે સુંદર રૂપમાં જૈન સમાજ પાસે રજુ કરશે.

આ ૭૨ પદોમાં જુદા જુદા ૧૨ સ્તવનો છે, ૧ પર્યુષણ પર્વની સ્તુતિ છે ને ૧ ગુરૂપાસે ગાવાની ગહુંળી છે. સ્તવનો

મુખ્ય શ્રી ઋષભદેવ, અજિતનાથ, ચંદ્રપ્રભુ, નેમિનાથ અને પાર્શ્વનાથ પરમાત્માના બનાવેલા છે. તેમાં પણ ત્રણ તો ભાવનગર ખાતે ત્રણ દેરાસરજીમાં બિરાજતા મૂળનાયકજીના કર્ત્તા પુરૂષ જ્યારે ભાવનગરમાં ચાતુર્માસ રહેલા ત્યારે બનાવેલા જણાય છે. બીજા સ્તવનો ગિરનારજી, તારંગાજી, શંખેશ્વરજી વિગેરે તીર્થોએ પધારેલા હશે ત્યારે બનાવેલા જણાય છે. તેમાંના માત્ર એક ગોડીપાર્શ્વનાથજીના સ્તવનમાં સં. ૧૯૦૪ લખેલ છે. બીજા કોઇ સ્તવનમાં કે પદમાં સંવત જણાતો નથી. પદોના અર્થ લખ્યાબાદ તેના **સાર** તરીકે લખવાનું ધોરણ મહારાજશ્રીએ લખેલાં પદોમાં 'સારબોધ' લખેલ છે તેને અનુસરીને રાખેલું છે. તેનું ઉપયોગીપણું વાંચનાર સમજી શકે તેમ છે. ૭૨ મું પદ છપાયેલ નહીં તે બીજેથી મળી આવવાને લીધે આમાં અર્થ સાથે દાખલ કરી બહોંતેરી સંપૂર્ણ કરી છે.

આ બહોંતેરીના કર્તા મહાપુરૂષનું જન્મચરિત્ર મેળવવા માટે જોઇએ તેવો પ્રયાસ કરી શકાણો નથી, છતાં સામાન્ય રીતે જે કાંઈ હકીકત શાન્ત, સુધારસ ભાવનાની બુકમાંથી મળી શકી છે તે આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. આ કર્તા સંબંધી કાંઈપણ નવીન હકીકત કોઇપણ બંધુ લખી મોકલશે અને તે પાયાદાર હશે તો અમે અવશ્ય પ્રગટ કરશું.

આ મહાપુરૂષે આ બહોંતેરી ને સવૈયા ઉપરાંત સ્વરોદય જ્ઞાન, પુદ્‌ગળગીતા, પ્રશ્નોત્તર રત્નમાળા, પરમાનંદ પચીશી, પરમાત્મ-છત્રીશી, અધ્યાત્મબાવની, દયાછત્રીશી, હિતશિક્ષાના દુહા વિગેરે બીજી પણ કેટલીક રચનાઓ કરેલી છે, તે જુદી જુદી

છપાયેલી છે, પરંતુ ખરી રીતે તો આ કર્તાની સમસ્ત કૃતિનો એક સંગ્રહ ભેળો છપાવાની આવસ્યક્તા છે.

પ્રારંભથીજ આનંદઘનજી મહારાજની અને ચિદાનંદજીની બહોંતેરી ભેળી છપાયેલી છે. બહોંતેરી તરીકે એ બેજ કૃતિ પ્રસિદ્ધિમાં જણાય છે. તે સિવાય એવા ભાવવાળા પદો તો જસવિલાસ, વિનયવિલાસ, જ્ઞાનવિલાસ; સંયમતરંગ વિગેરે નામોથી જુદા જુદા મહાપુરૂષોના કરેલા છપાયેલ છે અને તે પણ ગંભીર અર્થવાળા છે, પરંતુ આ સર્વમાં મને તો આ કર્તાની બહોંતેરી શબ્દરચનામાં બહુ સહેલી અને અર્થમાં બહુ ગંભીર જણાણી છે. આનંદઘનજી મહારાજની કૃતિ કાંઇક ભાષાફેરવાળી છે તેમજ શબ્દચમત્કૃતિ અને અર્થચમ-કૃતિવાળી છે. તેના અર્થો વાંચતાં તેની ગંભીરતાનું ભાન થઈ શકે તેમ છે. પરંતુ તેના અર્થ લખવાનો પ્રયાસ તો અમુક અંશે તેમના આશયને સમજનારા તરફથીજ થયેલો હોવાથી તેને માટે અત્ર સંતોષ બતાવવો એટલુંજ બસ છે.

આ બહોંતેરી ઉપર સ્વાભાવિક રીતે કાંઇક પ્રેમ વિશેષ ઉત્પન્ન થવાથીજ આ કાર્ય કરવામાં ઉત્સાહ વૃદ્ધિ પામ્યો છે અને કાંઇક આર્થિક બાબતમાં પણ આપણા તરફથી આવી અમૂલ્ય વસ્તુનું દાન આપી શકાય તો ઠીક તેવો ભાવ સ્ફુરાયમાન થયો છે. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના સર્વે સભાસદો સાથે ખાસ બંધુભાવ હેવાથી આ બુક તેઓને ભેટ તરીકે આપવાનો વિચાર રાખ્યો છે, તેમજ કેટલીક સંસ્થાઓ વિગેરેને પણ ભેટ આપવાની ધારણા રાખીને એમાં થનારા અર્થવ્યયનું યત્કિંચિત્ સાર્થકપણું ઇચ્છયું છે.

પ્રસ્તાવનામાં વિશેષ લખવાની આવશ્યકતા નહીં જણાતાં આ બાબત ટુંકામાંજ લખીને સમાપ્ત કરવામાં આવી છે. પ્રાંતે ગુરૂ મહારાજશ્રી કર્પૂરવિજયજીનો આભાર માનવામાં આવે છે. કારણ કે આ કાર્યના ઉત્પાદક, પ્રેરક, પોષક ને પરિણામ પર્યંત પહોંચાડનાર તેઓજ છે. તેઓની હુંફ પ્રેરણા, પ્રયાસ વિગેરેને લઇનેજ આ કાર્ય બનેલું છે. ચિદ્દાનંદજી ઉર્ફે કર્પૂરચંદજી તો પૂરા અધ્યાત્મી ને આત્મશોધક મહાપુરૂષ હતા પરંતુ આ તેમની નામેરી વ્યક્તિમાં પણ કાંઇક તેની વાનકી દેખાય છે. હાલના મુનિવર્ગ તરફ દષ્ટિ કરતાં અહીં કાંઇક નજર ઠરે છે. એ ખરા સદ્દગુણાનુરાગી છે, આત્મનિંદાના કરનારા છે, શાંતસ્વભાવી છે, ચારિત્રના ખપી છે, શુદ્ધ ચારિત્ર પ્રાપ્ત થયેજ આત્માની કૃતાર્થતા માનનારા છે. એમના અતિશયોક્તિવાળા વખાણ લખવાની ઇચ્છા નથી, પરંતુ એમની વર્તમાન સ્થિતિની ઝાંખી કરાવવા માટેજ આટલું લખવા મન પ્રેરાયું છે.

આ બહોંતેરી મૂળ ને તેના અર્થ વાંચી ધર્મબંધુઓ તેનો સાર ગ્રહણ કરો, તેમજ યથાશક્તિ તેને અમલમાં મૂકવા તત્પર થાઓ એટલું ઇચ્છી, પરમાત્મા પાસે તેવી પ્રાર્થના કરી, આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે. પરમાત્મા એ શુભેચ્છા પૂર્ણ કરશે એવી ખાત્રી છે. તથાસ્તુ.

આશ્વિન શુદિ ૧
સં. ૧૯૮૯.
ભાવનગર.

કુંવરજી આણંદજી,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભાનો
બહુ વર્ષનો લઘુસેવક.

## શ્રી ચિદાનંદજી મહારાજનું

### ટુંક જીવન.

(શ્રી ચિદાનંદજી કૃત પ્રશ્નોત્તર રત્નમાળાની પ્રસ્તાવના ઉપરથી.)

શ્રી કર્પૂરચંદજી અપરનામ શ્રી ચિદાનંદજી મહારાજ આ વીશમી સદીમાંજ વિદ્યમાન હતા, એમ તેમની અનેક કૃતિઓથી જણાય છે. આનંદઘનજી મહારાજની પેઠે તેઓશ્રી પણ અધ્યાત્મ શાસ્ત્રના રસિક અને અધ્યાત્મ તત્ત્વમાં નિપુણ હતા, એ વાતની તેમની કૃતિઓ સારી રીતે સાક્ષી પૂરે છે, તેમણે બનાવેલી કૃતિઓમાં ચિદાનંદ બહોતેરી, સ્વરોદયજ્ઞાન, પુદ્ગળ ગીતા, છૂટક સવૈયા, હિતશિક્ષાના દુહા તેમજ પ્રશ્નોત્તરમાળા મુખ્ય છે. તેમની બધી કાવ્ય રચના સરલ અને અર્થગંભીર જણાય છે. દરેક કૃતિમાં કાવ્યચમત્કૃતિ સાથે અર્થગૌરવ અપૂર્વ હોવાથી તેમની સકળ કૃતિ હૃદયંગમ છે. તેમના પ્રત્યેક પદ્યમાં અધ્યાત્મ માર્ગનો ઉપદેશ સમાયેલો છે. તેઓશ્રી અષ્ટાંગ યોગના સારા અભ્યાસી હતા, તેથી તેમનામાં ઉત્તમ પ્રકારનું યોગબળ હતું, તેમજ કોઈ અજબ પ્રકારની શક્તિ–સિદ્ધિ વિદ્યમાન હતી, એમ સંભળાય છે. તેઓ તીર્થપ્રદેશમાં વિશેષે વાસ કરતા હતા એમ અનુમાન થાય છે. શત્રુંજય અને ગિરનારમાં તો અમુક ગુફા કે સ્થાન તેમના પવિત્ર નામથી અત્યારે ઓળખાય પણ છે. શ્રી સમેતશિખરજી ઉપર તેમનો દેહાંત થયો છે, એવી દંતકથા સંભળાય છે. તેઓ બહુ નિઃસ્પૃહી

હતા, એમ તેમના સંબંધી સાંભળવામાં આવતી કેટલીક દંતકથા ઉપરથી સિદ્ધ થાય છે. લોકપરિચયથી તેઓ અલગ રહેતા અને પોતે જ્ઞાની અને સિદ્ધિસંપન્ન છે એમ લોક ભાગ્યેજ જાણી શકે એવી સાદી રીતે પોતાનું જીવન ગાળતા હતા, તેમ છતાં કાકતાલીય ન્યાયે જ્યારે કોઇને તે વાતની જાણ થતી ત્યારે પ્રાયઃ પોતે તે સ્થાન તજી જતા હતા. તેમને અનેક સતશાસ્ત્રનો પરિચય હતો એમ તેમની કૃતિનું સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનાર સમજી શકે તેવું છે. તેમની વાણી રસાલ અને અલંકારિક છે. અધ્યાત્મ લક્ષ સાથે શાસ્ત્રઅભ્યાસમાં તેમની હોડ કરી શકે એવો કોઇ પ્રબળ પુરૂષ તેમની પાછળ ભાગ્યેજ થયો લાગે છે. આધુનિક છતાં તેમની ગ્રંથશૈલી એવી તો અર્થબોધક સાથે આકર્ષક છે કે આનંદઘનજીની બહોંતેરી સાથે ચિદાનંદ બહોંતેરી અનેક અધ્યાત્મરસિક જનો મુક્તકંઠથી ગાય છે. વિશેષમાં ચિદાનંદજીની કૃતિમાં શબ્દરચના એવી તો સાદી છે કે તે ગાવી બાળ જીવોને પણ બહુ સુલભ પડે છે.

સંવત ૧૯૦૪ માં તેઓ સાહેબ ભાવનગરમાં બિરાજતા હતા એમ તેઓ સાહેબે રચેલા શ્રી ગોડી પાર્શ્વનાથજીના સ્તવનમાં આપેલા સંવત ઉપરથી જણાય છે. ભાવનગરથી એક ગૃહસ્થે શ્રી ગિરનારજીનો સંઘ કાઢ્યો હતો. તેમાં તેઓ સાહેબ પધાર્યા હતા. ગિરનારજી પહોંચ્યા પછી યાત્રા કરીને ક્યાં સધાવ્યા તેનો પત્તો મળી શક્યો નહીં એમ સાથેના યાત્રાળુઓ કહે છે.

આવા નિઃસ્પૃહી મુનિરાજવડેજ આ ભૂમિ રત્નગર્ભા કહેવાય છે.

# अनुक्रमणिका.


| પ્રથમ પદ. | પૃષ્ઠ. |
|---|---|
| ૧ પિયા પરઘર મત જાવો રે. | ૧ |
| ૨ પિયા નિજ મહેલ પધારો રે. | ૩ |
| ૩ સુઆપા આપ વિચારો રે. | ૫ |
| ૪ બંધ નિજ આપ ઉદિરત રે. | ૭ |
| ૫ મતિ મત એમ વિચારો રે. | ૧૦ |
| ૬ અકળ કળા જગજીવન તેરી. | ૧૩ |
| ૭ જોં લોં તત્ત્વ ન સૂજ પડેરી. | ૧૫ |
| ૮ આતમ પરમાતમ પદ પાવે. | ૧૮ |
| ૯ અરજ એક ગવડીચા સ્વામી. (શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તવન) | ૨૧ |
| ૧૦ મંદ વિષયશશિ દીપતો. | ૨૩ |
| ૧૧ જોગ જુક્તિ જાણ્યા વિના. | ૨૫ |
| ૧૨ આજ સખી મેરે વાલમા. | ૨૭ |
| ૧૩ જૂઠી જગમાયા નરકેરી કાયા. | ૨૯ |
| ૧૪ દેખો ભવિ જિનજીકે યુગ ચરનકમલ નીકે (શ્રી પાર્શ્વનાથ સ્તવન) | ૩૨ |
| ૧૫ અંખીયાં સફલ ભઈ અલિ ! (શ્રી નેમિનાથ સ્તવન) | ૩૪ |
| ૧૬ વિરથા જન્મ ગમાયો મૂરખ ! | ૩૬ |
| ૧૭ જગ સુપનેકી માયા રે નર ! | ૩૯ |
| ૧૮ માન કહા અબ મેરા મધુકર ! (શ્રી ઋષભજિન સ્તવન) | ૪૨ |
| ૧૯ ભૂલ્યો ભમત કહા બે અજાન ! | ૪૪ |
| ૨૦ સંતો ! અચરિજ રૂપ તમાસા. | ૪૬ |
| ૨૧ કર લે ગુરૂગમ જ્ઞાન વિચારા. | ૪૯ |
| ૨૨ અબ હમ એસી મનમેં જાણી. | ૫૨ |

૨૩ સોહં સોહં સોહં સોહં સોહં સોહં રટના લગીરી. ૫૫
૨૪ અબલાગી, અબલાગી, અબલાગી અબ પ્રીત સહીરી. ૫૭
૨૫ પ્રીતમ પ્રીતમ પ્રીતમ પ્રીતમ પ્રીતમ પ્રીતમ કરતી મેં હારી. ૫૯
૨૬ અબધુ નિરપક્ષ વિરલા કોઈ. ૬૩
૨૭ લઘુતા મેરે મન માની. ૬૬
૨૮ કુથણી કથે સબ કોઇ. ૬૯
૨૯ જ્ઞાન કળા ઘટ ભાસી જાકું. ૭૨
૩૦ અનુભવ આનંદ પ્યારો. ૭૪
૩૧ ઓ ઘટ વિણુસત વાર ન લાગે. ૭૫
૩૨ અબધુ પીયો અનુભવરસ પ્યાલા. ૭૭
૩૩ મારગ સાચા કોઉ ન બતાવે. ૮૦
૩૪ અબધુ ખોલ નયન અબ જોવો. ૮૨
૩૫ વસ્તુગતે વસ્તુકો લક્ષણ, ગુરૂગમ વિન નવિ પાવે રે. ૮૫
૩૬ લાલ ખ્યાલ દેખ તેરે અચરિજ મન આવે. ૮૮
૩૭ જાગ રે બટાઉ ! અબ ભઈ ભોર વેરા. ૯૦
૩૮ મલના જરૂર જાકું તાકું કેસેં સોવના. ૯૧
૩૯ જાગ અવલોક નિજ શુદ્ધતા સ્વરૂપકી. ૯૩
૪૦ એસા જ્ઞાન વિચારો પ્રીતમ ! ૯૫
૪૧ વિષયવાસના ત્યાગો ચેતન ! સાચે મારગ લાગો રે. ૯૯
૪૨ અજિતજિનંદદેવથિરચિત્ત ધ્યાઇએ.(અજિતજિનસ્તવન.) ૧૦૨
૪૩ જોં લૌં અનુભવજ્ઞાન ઘટમેં પ્રગટ ભયો નહીં. ૧૦૫
૪૪ અકલ કથા કુણુ જાણે તેરી. ૧૦૭
૪૫ અલખ લખ્યા કિમ જાવે હો, ૧૦૯
૪૬ અનુભવ મિત્ત મિલાય દે મોકું, ૧૧૧
૪૭ એરી સુખ હોરી ગાવોરી. ૧૧૨
૪૮ જગમેં ન તેરા કોઇ, નર દેખહુ નિહચે જોઇ. ૧૧૪

૪૯ ઝુઠી ઝુઠી જગતકી માયા. ૧૧૬.

૫૦ આતમધ્યાન સમાન જગતમેં ૧૧૮

૫૧ પ્રભુ મેરો મનડો હઠક્યો ન માને. ૧૨૨

૫૨ તારોજી રાજ તારોજી રાજ દીનાનાથ ! ૧૨૩

૫૩ આવોજી રાજ આવોજી રાજ સાહેબા ! ૧૨૫

૫૪ ગઢ ગિરનાર રૂડો લાગે છે જી. (શ્રી નેમિનાથનું સ્તવન.) ૧૨૮

૫૫ અનુભવજ્યોતિ જગી છે. ૧૨૯

૫૬ સરણુ તિહારે ગહી છે. (શ્રી ચંદ્રપ્રભુનું સ્તવન) ૧૩૧

૫૭ સમજ પરી મોહે સમજ પરી, જગમાયા. ૧૩૨

૫૮ હાંરે ચિત્તમેં ધરો પ્યારે! ચિત્તમેં ધરો. ૧૩૪

૫૯ ધ્યાનઘટા ઘન છાયે સુદેખો માઇ ! ૧૩૫

૬૦ મત જાઓ જોર વિછોર, વાલમ ! અબ. ૧૩૭

૬૧ પીઆ પીઆ પીયા બોલ મત પીયા પીયા પીયા. ૧૩૮

૬૨ પરમાતમ પૂરણ કળા, ( શ્રી નેમિનાથ જિન સ્તવન.) ૧૪૦

૬૩ શ્રી શંખેશ્વર પાસ જિનદકા ( પાર્શ્વજિન સ્તવન ) ૧૪૪

૬૪ અજિત અજિત જિન ધ્યાઇએ.(શ્રી અજિતજિન સ્તવન) ૧૪૫

૬૫ લાગ્યા નેહ જિનચરણુ હમેરા. (સાધારણ જિનસ્તવન) ૧૪૮

૬૬ હો પ્રીતમજી ! પ્રીતકી રીત અનિત તજી ચિત્ત ધારીએ. ૧૫૧

૬૭ ચંદ્રવદની મૃગ લોયણી. ( ગહુંળી ) ૧૫૩

૬૮ અનુભવ અમૃતવાણી હો પાસ જિન ! (પાર્શ્વજિનસ્તવન) ૧૫૬

૬૯ પૂરવ પુન્ય ઉદયકર ચેતન ! નીકા નરભવ પાયા રે. [illegible]

૭૦ મણિરચિત સિંહાસન. ( પર્યુષણ પર્વની સ્તુતિ [illegible] ) [illegible]

૭૧ ક્યા તેરા ક્યા મેરા પ્યારે સહુ પડાહી રહેગા. [illegible]

૭૨ મુસાફીર ! રૈન રહી અબ થોરી. [illegible]

૧ શ્રી ચિદાનંદજી મહારાજ કૃત સવૈયાઓ.( ૫૨ ) ૧૭૦થી[illegible]

श्री चिदानंदाय नमः

# શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદજી)

## કૃત બહોંતેરી.

### પદ પહેલું.

( રાગ—મારૂ. )

પિયા પરઘર મત જાવો રે, કરી કરૂણા મહારાજ. પિયા૦
કુળ મરજાદા લોપકે રે, જે જન પરઘર જાય;
તિણકું ઉભય લોક સુણ પ્યારે, રંચક શોભા નાંય. ૧

કુમતા સંગે તુમ રહે રે, આગે કાળ અનાદ;
તામે મોહ[1] દીખાવહુ પ્યારે, કહા નિકાલ્યો સ્વાદ. ૨

લગત પિયા કહ્યો માહરો રે, અશુભ તુમારે ચિત્ત;
પણ મોથી[2] ન રહાય પિયારે, કહા વિના સુણ મિત્ત. ૩

ઘર અપને વાલમ કહો રે, કોણ વસ્તુકી ખોટ;
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ.[3] ૪

સુની સુમતાકી વિનતિ રે, ચિદાનંદ મહારાજ;
કુમતાનેહ નિવારકે પ્યારે, લીનો શિવપુર રાજ. ૫

---

૧ મને ૨ મારાથી ૩ પોટલો—બોજો

**ભાવાર્થ**—સમતા સ્ત્રી પોતાના સ્વામી ચેતનને વિનવે છે. હે સ્વામી ! કૃપા કરી કુમતા ( કુમતિ ) ને ઘેર આપ ન જાઓ—જવામાં લાભ નથી. કુળની લાજ લોપીને જે પ્રાણી પારકા ઘેર જાય—હલકી વૃત્તિ આદરે તેની ક્યાંઈ પણ આ લોકમાં તેમજ પરલોકમાં લેશમાત્ર શોભા રહેતી નથી. (૧)

હે પ્રીતમ ! આપ અગાઉ અનંત કાળ સુધી મોહવશ કુમતાની સોબતમાં રહ્યા એમાં તમે શો સ્વાદ કાઢ્યો ? તે મને બતાવો. (૨)

હે પ્રિય ! હું અંતરની લાગણીથી જે તમને કહું છું તે આપને ગમતું નથી, પણ મારાથી તો સત્ય વાત કહ્યા વિના રહેવાતું નથી, કારણ કે એમ કરવું એ મારી ફરજ છે. (૩)

હે વાલ્લભ ! આપણા ઘરમાં કઈ વસ્તુની ખોટ છે તે કહો, સંપૂર્ણ વસ્તુસિદ્ધિ છે તો ફોકટ શા માટે માથા ઉપર ભ્રમણારૂપ પોટલો ઉપાડવો જોઇએ. (૪)

એ રીતે સુમતાની કરેલી વિનતિ સાંભળીને તેણીનો પતિ જે ચિદાનંદ (આત્મા) તે કુમતાનો સ્નેહ છોડી દઇને પોતાના જ્ઞાન અને ચારિત્રમાં મગ્ન થઈ મોક્ષનું રાજ જે અક્ષય સુખ સમૃદ્ધિ તેમાં લીન થયા. (૫)

**સાર બોધ**—મોહવિકળ (મૂઢ) આત્મા કુમતાના ફંદમાં અનંત કાળથી ફસ્યો છતો પોતાની ખરાબી કરી રહેલ છે. તેને સુકુલીન સમતા સ્ત્રી સમજાવે છે કે—હે નાથ ! આપ એ કુમતિનો પલ્લો તજીને અનંત જન્મમરણના ભયંકર દુઃખમાંથી ઉગરી હવે તો કાયમ મ્હારોજ આદર કરી અક્ષય—અનંત—

અવ્યાબાધ સુખના ભોક્તા બનો. કુમતિ--કુલટાનો સંગ તજી સર્વથા સતત સમતાને સેવવાથીજ સાચી શાંતિ પ્રાપ્ત થાય તેમ છે.

## પદ બીજું.

### ( રાગ—મારૂ. )

પિયા નિજ મહેલ પધારોરે, કરી કરૂણા મહારાજ. પિયા૦
તુમબિન સુંદર સાહિબા રે, મો મન[1] અતિ દુઃખ થાય;
મનકી વ્યથા મનહી મન જાનત, કેમ મુખથી કહેવાય. ૧
બાળભાવ[2] અબ વિસરી રે, ગ્રહો ઉચિત મરજાદ;
આતમ સુખ અનુભવ કરો પ્યારે, ભાંગે સાદિ અનાદ.× ૨
સેવકકી લજ્જા સૂધી[3] રે, દાખી સાહેબ હાથ;
તો શી કરો વિમાસણ પ્યારે, અમ ઘર આવત નાથ. ૩
મમ ચિત્ત ચાતક ઘન તુમે રે, ઇસ્યો ભાવ વિચાર;
યાચક દાની ઉભય મિલ્યા પ્યારે, શોભે ન ઢીલ લગાર. ૪
ચિદાનંદ પ્રભુ ચિત્ત ગમી રે, સુમતાકી અરદાસ;
નિજ ઘરઘરણી[4] જાણુકે પ્યારે, સફળ કરી મન આસ. ૫

ભાવાર્થ—સુકુલીન સમતા પોતાના સ્વામીને સાદર વિનંતિ કરે છે કે—હે પ્રીતમ ! આપ કૃપા કરીને આપણા મહેલમાં

૧ મારા મનમાં ૨ અજ્ઞાનના ૩ બધી ૪ સ્ત્રી–ગૃહિણી
× સાદિ અનંત.

હવે તો પધારો ! હે નાથ ! આપના વિરહે–વિજોગે મને ભારે ચિન્તા–દુઃખ થાય છે. એ બધું વિરહાનળનું દુઃખ મનમાં ને મનમાંજ સમાવી દઉં છું. એ દુઃખ કહ્યું જાય એમ નથી. તે દુઃખ અસહ્ય–અનંતું થાય છે. (૧)

હે સ્વામિન્ ! હવે આપ બાળભાવ–અજ્ઞાનદશા છોડીને પ્રૌઢાવસ્થા પામેલા હોવાથી ઉચિત મર્યાદા–આપને શોભે તેવી પ્રવૃત્તિ ગ્રહણ કરો અને અનંત કાળ પર્યંત સ્વભાવિક સુખનો અનુભવ કરો. નકામી ઉપાધિમાં પડી હવે ખરી તક ન ગુમાવો. ખોટા કલ્પિત સુખમાં મુંઝાઇ અમૂલ્ય સમય ખોવો નહીં. (૨)

સેવકની લાજ રાખવી–વિનતિ સ્વીકારવી તે આપ સ્વામીનાજ હાથમાં છે, તો પછી મારે ઘરે પધારતાં આપ કેમ વિલંબ કરો છો ? બધી ઘુંચ કાઢી નાખી, આપ મારી વિનંતિ સ્વીકારી હવે મને પાવન કરો. એમાં આપને વિલંબ કરવો ઘટતો નથી. (૩)

ચાતક જેમ મેઘની રાહ જુએ તેમ આતુરતાથી હું આપનો મેળાપ ચાહું છું. યાચકને દાની બંને ભેળા થયા પછી હવે ઇચ્છિત આપવામાં ઢીલ કરવી શોભતી નથી. મારી યાચના પૂરી કરવી આપનાજ હાથમાં છે. (૪)

આ પ્રમાણેની ખરા દીલની સુમતાની વિનતિ ચેતન–દાતાના દીલમાં વસી અને તેને પોતાની ખરી અંગના જાણીને તેના મનોરથ પૂરા કર્યા. (૫)

**સાર બોધ**—ભવ્ય આત્માને ઉચિત છે કે—મોહવશ કુમતિના ફંદમાથી છૂટી જઇ, પરમ સુખશાંતિ ઉપજાવનારી સમતાનો સંગ જેમ બને તેમ ખરી સમજ સાથે સામાયિ-

ક્રાદિક કલ્યાણકારી કરણીનો અભ્યાસ પાડીને જરૂર કરવો, જેથી કુમતિના સંગથી થતી અનેક પ્રકારની મુંઝવણ ને આપત્તિનો અંત જલ્દી આવે અને જન્મમરણના અતિ વિષમ દુઃખનો પાર પામી, પરમ આનંદના ધામરૂપ અક્ષય મોક્ષસુખ મળે. ( અહીં સમતા ને સુમતા બંને શબ્દનો એક અર્થમાં ઉપયોગ કરવો. )

## પદ ત્રીજું.

### ( રાગ મારૂ. )

સુઆપ્પા આપ વિચારો રે, પરપખ નેહ નિવાર—સુ૦ એ આંકણી.

પર પરિણતિ પુદ્ગલ દિસા[×] રે, તામે નિજ અભિમાન;
ધારત જીવ એહી કહ્યો પ્યારે, બંધહેતુ ભગવાન. ૧
કનક ઉપલમેં નિત રહે રે, દુધમાંહે કુની ઘીવ;[૧]
તિલ સંગ તેલ સુવાસ કુસુમ સંગ, દેહસંગ તેમ જીવ. ૨
રહત હુતાસન[૨] કાષ્ટમેં રે, પ્રગટે કારણ પાય;
લહી કારણ કારજતા પ્યારે, સહેજે સિદ્ધિ થાય. ૩
ખીરનીરકી ભિન્નતા રે, જૈસેં કરત મરાળ;[૩]
તૈસેં ભેદ જ્ઞાની લહ્યા પ્યારે, કટે કર્મકી જાળ. ૪
અજ કુલવાસી[૪] કેસરી રે, લેખ્યો જિમ નિજ રૂપ;
ચિદાનંદ તિમ તુમહુ પ્યારે, અનુભવ શુદ્ધ સ્વરૂપ. ૫

---

૧ ઘી. ૨ અગ્નિ. ૩ હંસ. ૪ બકરાના ટોળામાં ઉછરેલો. + દશા.

(તાત્પર્યાર્થ.)

હે રૂડા-ભવ્ય આત્મા! પર પૌદ્ગલિક શરીરાદિક ઉપર-નો રાગ-મોહ તજી તું વિચાર કરી ખરૂં ખોટું પારખી શકશે. દેહ ધનાદિક જડ વસ્તુમાં ભળી એકમેક થઈજવારૂપ જે જે પુદ્ગળ દશા-વિભાવ દશા તેને પોતાની (સ્વાભાવિક) માની લેવા રૂપ મિથ્યાભિમાન ધારવાથી જીવ અનેકવિધ કર્મોથી બંધાતો રહે છે, એમ પરમ જ્ઞાની જનો સ્વાનુભવથી જણાવે છે તે સત્ય માનવા યોગ્ય છે. (૧)

જેમ પથ્થરમાં સોનું, દુધમાં ઘી, તલમાં તેલ, અને ફુલમાં સુગંધ કાયમ રહેલ હોય છે, તેમ શરીરમાં જીવ વ્યાપી રહે છે. (૨)

જેમ લાકડામાં અગ્નિ રહેલ હોય છે તે તેવું નિમિત્ત પામીને પ્રગટ થાય છે તેમ ખરાં સાધન રૂપ કારણ મળતાં આત્માની સહજસિદ્ધિ રૂપ કાર્ય બનવા પામે છે. કારણ વગર કાર્યસિદ્ધિ થઈ શકતી નથી. (૩)

જેમ રાજહંસ સ્વચંચુવડે દુધ પાણીને જુદા કરી શકે છે, તેમ ભેદજ્ઞાન કહો કે ખરૂં તત્ત્વ-આત્મજ્ઞાન પ્રગટતાં સદ્વિવેક જોગે ભેદજ્ઞાની જૂઠી કર્મની જાળ તોડીને સ્વતંત્ર થાય છે. (૪)

જેમ બકરાના ટોળામાં બચપણથી વસનાર સિંહે ક્વચિત્ સિંહની ગર્જના સાંભળીને કે સિંહને સાક્ષાત્ દેખીને પોતાનું ખરૂં સ્વરૂપ ઓળખી લીધું, તેમ અનુભવ જ્ઞાનથી આત્મા

પોતાના શુદ્ધ સ્વરૂપનો નિર્ધાર કરી, પરપૌદ્ગલિક વસ્તુનો સંગ અંતરથી તજીને ન્યારો થઈ રહે છે. (૫)

સાર—અનાદિ મોહવશ જીવ ક્ષણિક ને કલ્પિત તુચ્છ વિષયસુખમાં મુંઝાઇ તેમાં રચ્યોપચ્યો રહે છે, તેમાંથી ખરેખર છુટવાને આત્મજ્ઞાન જેવું સરસ સાધન બીજું નથી. આત્મજ્ઞાન યોગે અનુભવ પ્રકાશ થતાં ખોટી વસ્તુ ઉપરની મોહજનિત આસક્તિ છુટી જાય છે અને અનંત ભવભ્રમણનાં દુઃખોમાંથી જીવ પોતે ઉગરી અક્ષયસુખને સહેજે પામી શકે છે. ઇતિશમ્.

## પદ ચોથું.

( રાગ—મારૂ. )

બંધ નિજ આપ ઉદીરત રે, અજાકૃપાણી ન્યાય. બંધ૦
જકડયા કિણે તોહે સાંકળા રે, પકડ્યા કિણે તુજ હાથ;
કોણ ભૂપકે પહરૂયે[1] ત્યારે, રહત તિહારે સાથ. ૧
વાંદર જિમ મદિરા પીએ રે, વીંછુ ડંકિત ગાત;
ભૂત લગે કૌતુક કરે ત્યારે, તિમ ભ્રમકો ઉતપાત. ૨
કીર બંધ્યા[2] જિમ દેખીએ રે, નલિની ભ્રમર સંયોગ;
ઇણવિધ ભયા જીવકું ત્યારે, બંધનરૂપી રોગ. ૩
ભ્રમ આરોપિત બંધથી રે, પર પરિણતિ સંગ એમ;
પરવશતા દુઃખ પાવતે ત્યારે, મર્કટ મુઠી જેમ. ૪

---

૧ પહેરેગીર. ૨ પોપટનું બંધાયેલ માનવું.

મોહ દશા અળગી કરો રે, ધરો સુસંવર ભેખ;
ચિદાનંદ તવ દેખીએ પ્યારે, શશીસ્વભાવકી રેખ. ૫

વ્યાખ્યા—ચિદાનંદજી મહારાજ કહે છે કે—હે મુગ્ધ જીવ! તું નવો નવો કર્મ-બંધ થાય તેવું સ્વછંદી વર્તન નિષ્પ્રયોજન-અકાર કારણે કર્યા કરે છે, જેમ કોઈ કસાઈ એક મુગ્ધ બકરીને મારવા નાનકડી તલવાર કે છરી લઈ વધસ્થળે જતો હતો, તેવામાં અચાનક પેલું શસ્ત્ર તેના હાથમાંથી સરી પડી રેતાળ જમીનમાં દટાઇ ગયું, તેને તે કમનશીબ બકરીએ પગ વતી ખોદીને બહાર કાઢયું; તેથી તેજ કાતીલ શસ્ત્રવતી કસાઇએ તેના પ્રાણ લીધા. તેમ તું પણ સ્વછંદે ચાલી જાતેજ દુઃખી થાય છે. તું ધારે તો સહજ વિવેકથી ચાલી એવા દુઃખથી ઉગરી શકે તેમ છે. તને પગે-બેડી પરાણે કોણે નાખી છે? તને હાથ-કડી કોણે કરી દીધી છે? કયા રાજાના પહેરેગીરો તારી પછવાડે લાગી રહ્યા છે? કે જેથી વગર ઇચ્છાએ પરાણે નવો કર્મબંધ કરવાની તને ફરજ પડે છે? ૧.

જેમ કોઈ વાંદરે દારૂ પીધો હોય, વળી તેને વીંછી કરડ્યો હોય, ને ભૂત વળગ્યું હોય એટલે તે વિવિધ પ્રકારની ચેષ્ટા કરે છે. તેમ મિથ્યાત્વ—અજ્ઞાનવશ વિપરીત આચરણથી નવો કર્મ બંધ થાય એવો તું ઉત્પાત કરે છે. ૨.

આ ગાથાનો ઉપનય—ચિત્તની ચંચળતા રૂપ વાનર સ્વભાવ, મોહરૂપ મદિરાનું પાન, ભોગતૃષ્ણારૂપ વીંછીનો ડંખ અને લોભતૃષ્ણારૂપ ભૂતનો વળગાડ--એવી સ્થિતિનો જીવ શા શા ચાળા ન કરે?

જેમ પોપટને પકડી લેવા પારધી લોકો એવુ એક પ્રકારનું યંત્ર ગોઠવે છે કે તેના પર પોપટ બેસતાં તે ચક્કર ચક્કર ફરવા માંડે છે, એટલે એ અજ્ઞાન પોપટ તેમાંથી છટકી ઉડી જવાને બદલે ભ્રમવશ પોતાને પકડાઈ ગયેલો–પાશમાં આવી પડેલો માની દુઃખી થાય છે, તેમ મિથ્યાત્વ અજ્ઞાનવશ નવો નવો કર્મ–રોગ વહોરી લઇ તું દુઃખી થાય છે. ૩.

વળી જેમ માંકડો (વાંદર) કોઈ એક સાંકડા મોઢાના ધાન્યના વાસણમાંથી ધાન્ય કાઢીને ખાવા માટે તેમાં અજ્ઞાનવશ હાથ નાખે છે અને ધાન્યની મુઠી ભરી બહાર કાઢવા મથે છે, પણ તે કેમે કરી બહાર નીકળી શકતી નથી, એટલે ચીચીઆરીઓ પાડતો દુઃખી થયા કરે છે, તેમ મુગ્ધ જીવો મિથ્યાત્વયોગે જડ વસ્તુ સાથે ભળી જઇ, તદ્રૂપ થઇ, તેમાં મમત્વ બાંધી, અવનવો કર્મ બંધ કરી, પરતંત્ર બની, હાથે કરીને દુઃખી થયા કરે છે. આવી ગૂઢ અજ્ઞાનદશાવશ મુગ્ધ જીવો કંઇક ન કરવાના કામો કરે છે અને સ્વચ્છંદતારૂપ પ્રમાદમદિરાનું યથેચ્છ પાન કરી દુઃખી થયા કરે છે. ૪.

તેથીજ પરમ ઉપગારી ચિદાનંદજી જેવા સમ્યગ્ જ્ઞાન અને ચારિત્ર–કરણીમાં રસિક ગુરૂમહારાજ આવા મુગ્ધ–મૂઢ જીવને સમજાવે છે કે--વિષય, કષાય, નિદ્રા, વિકથાદિક પ્રમાદાચરણ તજી–મોહદશા દૂર કરી, મન ઇન્દ્રિયાદિકને કાબુમાં રાખી, સંવરનો ભેખ ધારણ કરશો ને સાચે રસ્તે ચાલવા પ્રયત્ન કરશો, તોજ દુઃખ–દુર્ગતિકારક વિભાવ–વિષને વમી અમૃત સમાન સુખને–શીતળતાને આપનારી ચંદ્રસ્વભાવની રેખા આત્માની સહજ–સ્વભાવિક સ્થિતિને પામી શકશો. ૫.

સારબોધ—મોહવિકળ (મુગ્ધ) જીવ અનાદિ અજ્ઞાન અને મિથ્યાત્વ—કષાયવશ, ઇન્દ્રિયોનો ગુલામ બની એવાં એવાં વિપરીત આચરણ કરે છે કે જેથી જન્મમરણના અનંતા દુઃખ સહેવાં પડે એવો અવનવો કર્મબંધ તે કરતોજ રહે છે. મોહમદિરા પીને મહોન્મત્ત બની મુગ્ધ જીવ અનેક પ્રકારની કુચેષ્ટાઓ કર્યા કરે છે જેથી પરિણામે ભારે દુઃખ—સંકલેશ સહીને તે અધોગતિમે જાએ છે, અને અજ્ઞાનને લઇને એવી કુબુદ્ધિ સૂજે છે કે તે દુઃખનાં હેતુરૂપ દુરાચરણને પણ સુખના હેતુરૂપ માને છે—એને આચરે છે. તેવા આત્માના ઉપરોકત ઉગ્ર વિષ સમાન, અનેક ભવ પર્યન્ત સંતાપકારક પરમ શલ્યરૂપ મિથ્યાત્વને ટાળી, પરમ અમૃત સમાન સુખદાયક અને શીતળતાકારક, આત્માની ઉન્નતિકારક, સદ્ગતિદાયક અને અનુક્રમે સકળ કર્મ—ક્લેશને નિવારી પરમ નિવૃત્તિરૂપ અક્ષય—અવિનાશી મોક્ષસુખ સાથે મેળવી આપનાર સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અમૃતને શુદ્ધ ભાવથી આદરવા પરમ ઉપકારી ગુરૂ મહારાજ સમજાવે છે.

## પદ પાંચમું.

### ( રાગ—કાફી )

મતિ મત એમ વિચારો રે, મત મતીયનકા ભાવ. મતિ૦
વસ્તુગતે વસ્તુ લહો રે, વાદવિવાદ ન કોય;
સૂર તિહાં પરકાશ પીયારે, અંધકાર નવિ હોય. ૧
રૂપ રેખ તિહાં નવિ ઘટે રે, મુદ્રા ભેખ ન હોય;
ભેદજ્ઞાન દૃષ્ટિ કરી પ્યારે, દેખો અંતર જોય. ૨

તનતા મનતા વચનતા રે, પર પરિણતિ પરિવાર;
તનમનવચનાતિત પીયારે, નિજ સત્તા સુખકાર, ૩

અંતર શુદ્ધ સ્વભાવમેં રે, નહીં વિભાવ લવલેશ;
ભ્રમઆરોપિત લક્ષથી પ્યારે, હંસા[1] સહત કલેશ. ૪

અંતર્ગત નિહચે[2] ગહી રે, કાયાથી વ્યવહાર;
ચિદાનંદ તવ પામીએ પ્યારે, ભવસાયરકો પાર. ૫

ભાવાર્થ–અહો મતિવંતો ! જૂદા જૂદા દર્શનનો ભાવ-પરમાર્થ (રહસ્ય) આ રીતે સ્થિર બુદ્ધિથી-શાન્તિથી તમે વિચારો. વસ્તુને વસ્તુગતે-યથાર્થ ઓળખી આદરીએ એમાં કશા વાદ-વિવાદને અવકાશ નજ હોય. જ્યાં સૂર્યનો ઉદય થયો હોય, જ્યાં પ્રકાશ ઝળઝળાટ કરતો હોય, ત્યાં અંધકાર-અંધારૂં હોવું નજ સંભવે. ૧

વિવેકદૃષ્ટિથી અંતરમાં ( આત્મામાં ) અવલોકન કરાય તો ચૈતન્યસ્વરૂપી આત્માને રંચમાત્ર ( લગાર ) વર્ણ-રૂપાદિક ઘટે નહીં, તેમજ અરૂપી ( નિરંજન ) આત્માને વેશલિંગાદિક પણ ઘટે નહિ, ફક્ત કર્મવંત આત્મામાં વ્યવહારવશ એવો ઉપચાર કરી શકાય છે. કર્મમુક્ત દશામાં એ વ્યવહાર રહેતોજ નથી. ૨

તન-મન-વચનનો ભાવ-વ્યાપાર એને પરપરિણતિના પરિવારરૂપ અને તન-મન-વચન રહિત આત્માની સહજ સ્વભાવિક શક્તિને ખરી આત્મપરિણતિરૂપ લેખવા-સમજવા યોગ્ય છે. ૩

---

૧ આત્મા. ૨ નિશ્ચય.

આત્માના શુદ્ધ સ્ફટિક સમાન નિષ્કષાય-વીતરાગ સ્વભાવમાં રંચમાત્ર વિભાવ-રાગદ્વેષાદિક પરિણતિ હોવી ઘટતીજ નથી. રાગદ્વેષાદિ વિભાવ પરિણતિને ભ્રમવશ સ્વભાવ પરિણતિ માની લેવાથીજ આત્મા જન્મમરણજનિત અનંત દુઃખ-કલેશને સહેતો રહે છે. ૪

શુદ્ધ સ્ફાટિક રત્ન સમાન ઉજ્વળ અવિકારી આત્માની વીતરાગ દશાને પ્રગટ કરવાનું સાધ્યમાં રાખીને, સાધનરૂપ વીતરાગોક્ત વ્યવહારનું જે યથાવિધિ પાલન કરે છે તે મહાનુભાવ ભવસાગરનો પાર પામી શકે છે. કહ્યું છે કે-" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર; પુન્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર, મનમોહન જિનજી!" સર્વજ્ઞ વીતરાગોક્ત વ્યવહાર-(સાધન ધર્મ) નો જે લવલેશ આદર કરતા નથી તે સંસારમાં ભટકે છે, પરંતુ આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરી લેવામાં તેને ખાસ હેતુ-કારણરૂપ સમજી, તેનો યથાયોગ્ય આદર કરતા રહે છે, તે આજ્ઞાઆરાધક પુન્યશાળી આત્મા જલ્દી વીતરાગ દશાને પામી શકે છે. એથી ઉલટું જેઓ આત્માની ઉચ્ચ દશાની મોટી મોટી વાતો કરીનેજ વિરમે છે-તેવું શુદ્ધ સ્વરૂપ પ્રગટાવવા ખાસ સાધનરૂપ શ્રીવીતરાગોક્ત વ્યવહાર માર્ગનું સંસેવન કરતા નથી, પણ તેનો અનાદર કરે છે તે બાપડા ઉભયભ્રષ્ટ બને છે. જેનાથી રાગ દ્વેષ અને મોહ વિલય થાય એવા શુદ્ધ જ્ઞાન અને કરણીરૂપ ભાવઅધ્યાત્મ કલ્યાણાર્થી જીવને આદરવા યોગ્ય છે. બાકીનો બાહ્યાડંબરરૂપ અધ્યાત્માભાસ તો કેવળ અહિતરૂપ સમજી પરિહરવા યોગ્યજ છે. ૫

સારબોધ–શ્રીમાન્ આનંદઘનજી મહારાજ કહે છે તેમ 'અભિમતે વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.' જો આત્મામાં–હૃદયમાં સાચો જ્ઞાન–વિવેકસૂર્ય ઉગ્યો હોય તો પછી રાગ દ્વેષ અને મોહજનિત અંધકાર ત્યાં સંભવેજ કેમ? નિશ્ચય દૃષ્ટિથી વિચારતાં આત્મા શુદ્ધ જ્ઞાનાદિ ચેતનવાળો છે, મન તથા ઇન્દ્રિયોને પણ અગોચર છે, શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ રહિત છે, શક્તિરૂપે સિદ્ધ સમાન છે, અજર અમર છે, એ શક્તિને વ્યક્ત–પ્રગટ કરવાને સર્વજ્ઞ–સર્વદર્શી ભગવાને એકાન્ત હિતબુદ્ધિથી–ભવ્યજનોના હિત માટે બતાવેલ પવિત્ર રત્નત્રયીનું આરાધન કરવાની જરૂર છે. તેમાંજ તન મન વચનની એકાગ્રતા કરવી ઉચિત છે. એથી ઉલટે માગે તન મન વચનનો ઉપયોગ કરવાથી તો ભવ–ભય વધતો જાય છે, તેથીજ તેમને પરપરિણામ કહેવો ઘટે છે. જેથી રાગ દ્વેષ અને મોહાદિક પરિણતિ ઘટે, યાવત્ નિર્મૂળ થાય તેજ તત્ત્વજ્ઞાન, તત્ત્વદર્શન અને તત્ત્વઆચરણ અથવા આત્મજ્ઞાન, આત્મદર્શન અને આત્મરમણતા છે અને તેજ લેખે છે; બીજાં અલેખે છે. નિષ્ફળ થવા પામે છે. પવિત્ર રત્નત્રયીને યથાવિધ આરાધીને અનંત ભવ્યાત્માઓ કલ્યાણભાગી થઇ શકયા છે.

### પદ છઠું.

(રાગ કાફી અથવા વેલાઉલ.)

અકળ કળા જગજીવન તેરી— (એ આંકણી.)
[1]અંત ઉદધિથી અનંતગણો તુજ,
જ્ઞાન મહા લઘુબુદ્ધિ જ્યું મેરી. ૧

---

૧ સ્વયંભૂરમણ સમુદ્ર.

નય અરૂ ભંગ નિખેપ બિચારત,
પૂરવધર થાકે ગુણુ હેરી;
વિકલ્પ કરત થાગ નવી પાવે,
નિર્વિકલ્પતેં હોત ભયેરી. ૨

અંતર અનુભવ વિન તુજ પદમેં,
યુક્તિ નહિ કોઉ ઘટત અનેરી;
ચિદાનંદ પ્રભુ કરી કીરપાં અબ,
દીજે તે રસરીઝ ભલેરી. ૩

**વિવેચન**—અહો ! સકળ જગજીવપ્રાણઆધાર ! ષટ્-કાય પ્રતિપાલક ! ભવ્યજનોની આશાના વિશ્રામ ! ત્રિભુવન-વર્તી પ્રાણીમાત્રને હર્ષ—સુખ દાતા ! અને ભવ્યજનોના ત્રિવિધ તાપને શમાવી તેમને પરમ નિવૃત્તિપદ પમાડનારા હે પ્રભુ ! તારી જ્ઞાન, દર્શન, ચારિત્ર ને શક્તિરૂપ કળા અનંત—અગમ—અપાર છે. અસંખ્ય યોજન પ્રમાણુ છેલ્લા સ્વયંભૂ-રમણુ સમુદ્રથી અનંતગણું ઉંડું વિશાળ ને નિર્મળ આપનું જ્ઞાન છે અને મારી મતિ—બુદ્ધિ અતિ અલ્પ—તુચ્છ છે. ૧.

આપના અનેક ( અનેકાંત ) અપેક્ષા વચનો, તે વચનોને બરાબર ઠસાવવા(બુદ્ધિગમ્ય કરવા)—સમજવા નય ને ભંગ રૂપ સાત સાત પ્રકાર અને દરેક વસ્તુ ઉપર ફળાવી શકાય એવા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ પ્રમુખ નિક્ષેપાનો વિચાર કરતાં સમુદ્ર જેવી વિશાળ બુદ્ધિવાળા પૂર્વધરો પણુ થાક્યા—તેના ભેદ-પ્રભેદ કરતાં અંત—પાર ન પામ્યા, તેથી અંતે વિકલ્પ રહિત તારી દશાનેજ પસંદ કરી રહ્યા. ૨.

આત્માની યથાર્થ ઓળખ ( ભાન--પ્રતીતિ )થયા વગર આત્મત્વની દ્રઢ શ્રદ્ધા આવ્યાવગર હે પરમાત્મ પ્રભુ ! તારૂં પદ-સ્વરૂપસ્થિતિ પામવા બીજી કોઈ યોગ્ય ઘટના-યુક્તિ સમજાતી નથી, તેથી અહો જ્ઞાનચારિત્રસ્વરૂપી ( ચિદાનંદ ) પ્રભુ ! તેવા આત્મ અનુભવ-રસમાં મને રૂડી રૂચિ-પ્રીતિ થાય અને તે ઠીક બની રહે એવી કૃપા-બક્ષીશ આપ મારાપર કરો. ૩.

સાર બોધ—પરમ વિશુદ્ધ આત્મા એજ પરમાત્મા તેનું સ્વરૂપ અલખ-અગમ-અપાર કહેવાય છે, કેમકે તે શુદ્ધ સ્ફટિક રત્ન સમુ નિર્મળ નિરંજન અને રૂપરહિત-અરૂપી છે. તેમાં વસ્તુના અનંત ધર્મો સ્વતઃ પ્રકાશે છે. તેવી સ્વરૂપસ્થિતિ અંતરમાંથી રાગ દ્વેષ અને મોહાદિક દોષમાત્રને નિર્મૂળ કરવાથીજ પ્રાપ્ત થઇ શકે છે. એવી વીતરાગ દશા પ્રાપ્ત થયેલ પરમાત્માના પદની આસ્થા-પ્રતીતિ અને તેવા શુદ્ધ નિર્મળ થવાની અંતરરૂચિ કોઈક સદ્ભાગી ભવ્યાત્માને ભવસ્થિતિ પાકવાથી સહજે કે સદ્ગુરૂ કૃપાયોગે થવા પામે છે. સ્વરૂપપ્રાપ્તિ માટે અનેક યોગ-સાધન શાસ્ત્રકારે કહ્યા છે. મધ્યસ્થદ્રષ્ટિ જીવોને તે બધા લેખે થાય છે. ક્ષયોપશમ અનુસારે જેને જે યોગ-સાધન રૂચે-પચે તે વડે તે નિજ કાર્ય સિદ્ધ કરી શકે છે.

---

## પદ સાતમું.

(રાગ ઉપરનો.)

જોં લોં તત્ત્વ ન સૂજ પડેરી. એ આંકણી.
તોં લોં મૂઢ ભરમવશ ભૂલ્યો,
મત મમતા ગ્રહી જગથી લડેરી. ૧

અકર રોગ[1] શુભ કંપ[2] અશુભ લખ,
ભવસાયર ઇણુ ભાંત રડેરી;
ધાન કાજ જિમ મૂરખ ખીતહડ,[3]
ઉખર ભૂમિકો ખેત ખડેરી. ૨

ઉચિત રીત ઓળખવિણુ ચેતન,
નિશિદિન ખોટો ઘાટ ઘડેરી;
મસ્તક મુકુટ ઉચિત મણિ અનુપમ,
પગભૂષણુ અજ્ઞાન જડેરી. ૩

કુમતાવશ મન વક્ર તુરંગ જિમ,
ગ્રહી વિકલ્પ મગમાંહિ અડેરી;
ચિદાનંદ નિજ રૂપ મગન ભયા,
તબ કુતર્ક તોહે નાહિ નડેરી. ૪

વિવેચન—જ્યાં સુધી જીવને સર્વજ્ઞ વચન અનુસારે શુદ્ધિ આત્મ--તત્ત્વની યથાર્થ ઓળખાણુ—શ્રદ્ધા—પ્રતીતિ થતી નથી ત્યાં સુધીજ તે અતત્ત્વ કે કુતત્ત્વમાં મુંઝાઇ રહી ખરાને ખોટું અને ખોટાને ખરૂં લેખતો મત કદાગ્રહ પકડી સહુ કોઈની સાથે વિરોધ કરતો ફરે છે, અને એ રીતે સ્વપરની પાયમાલી કરતો રહે છે. ૧

અકર રોગને શુભ ને કંપ રોગને અશુભ માનીને તેમજ હિતાહિત, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય, ગમ્યાગમ્યનો વિવેક

---

૧ આ ભવમાં સુખ મળે ને પરભવમાં દુઃખ મળે તે અકર રોગ.
૨ આ ભવમાં દુઃખ મળે પણ પરભવમાં સુખ મળે તે કંપરોગ. ૩ ખેડુત.

ભૂલવાથી જીવ બાપડો ચાર ગતિમાં જન્મ મરણુ સંબંધી અનંતા દુઃખ પામ્યા કરે છે. ભવસાગર તરવાને બદલે અજ્ઞાનવશ ઉલટો તેમાંજ ડુબે છે. જેમ કોઇ મૂર્ખ ખેડુત મનમાન્યુ ધાન્ય નીપજાવવા માટે એવું ઉખર ખેતર ખેડે કે જેમાં વાવેલું કશું ઉગેજ નહીં, ને કરેલી બધી મહેનત ફોગટ જાય તેમ મિથ્યાત્વ–અજ્ઞાન યોગે જીવ એવી અવળી મહેનત કરે છે કે તેથી પરિણામે લાભને બદલે હાનિજ થાય છે. આવી સ્થિતિ ખરેખર ખેદજનક હોવાથી તેને પલટાવવાની જરૂર છે. ૨

જેમ કોઈ મુગ્ધજન મસ્તક ઉપર ધારવાના મુગટમાં જડવા જોગ મણિરત્ન પગમાં પહેરવાના આભરણમાં જડી દે છે, તેમ ઉચિત રીતિને ઓળખ્યા વગર મુગ્ધ જીવ નિરંતર ખોટા ઘાટ ઘડ્યા કરે છે. શુભધ્યાન–ચિન્તવન તજી અશુભ ચિન્તવન કરે છે. મીઠી અમૃત જેવી વાણી બોલવાને બદલે કડવું વિષ જેવું બોલી નાખે છે અને સહુને સાતા પમાડવાને બદલે વિવેકવિકળતાથી પ્રતિકૂળ વર્તીને અસાતા ઉપજાવે છે. ૩

અજ્ઞાનવશ મન, વાંકા–અવળીચાલના ઘોડાની જેમ માર્ગમાં અડે–અટકે અને ઉન્માર્ગે દોડે તેમ ખોટા સંકલ્પ વિકલ્પ કરીને પોતાનેજ દુઃખ ઉપજાવે છે. સદ્‌ગુરૂની કૃપાથી સ્વસ્વરૂપને સારી રીતે પિછાની લઇ, તેમાંજ મગ્ન થઈ જવાય, મન અને ઇંદ્રિયોને લગામમાં રાખતાં આવડી જાય તો નકામા સંકલ્પ વિકલ્પો આપોઆપ શમી જાય છે. ૪

**સારબોધ**–જીવ માત્ર અજ્ઞાન, મિથ્યાત્વાદિક દોષથીજ દુઃખી થાય છે. તેજ અજ્ઞાનાદિક દોષો સદ્‌ગુરૂસેવાદિક વડે દૂર

છતાં સઘળાં દુઃખ શાન્ત થવા પામે છે અને સદ્ગુણના સતત સેવન વડે સ્વભાવિક સુખ પ્રાપ્ત થાય છે. સદ્ગુણી પોતે સુગંધી ફુલની સુવાસની જેમ ચોતરફ સુખશાંતિ પ્રસારે છે અને દુર્ગુણી અશુચિની કુવાસની જેમ ચોતરફ દુઃખ-અશાંતિ પ્રસારે છે. સદ્ગુણી સજ્જનો દુનિયાને ભારે આશીર્વાદ રૂપ છે અને દુર્ગુણી-દુર્જનો શ્રાપ રૂપ છે, તેથી તત્ત્વ શોધી લઈ જ્ઞાનયોગે આપણા દોષમાત્રને ઓળખી દૂર કરવા અવશ્ય પ્રયત્ન કરવો ઘટે છે.

## પદ આઠમું.

(રાગ કાફી તથા વેલાઉલ)

આતમ પરમાતમ પદ પાવે,
જો પરમાતમશું લય લાવે. આતમ૦
સુણકે શબ્દ કીટ[1] ભ્રંગીકો,[2]
નિજ તનમનકી સુધ બિસરાવે;
દેખહુ પ્રગટ ધ્યાનકી મહિમા,
સોઇ કીટ ભ્રંગી હો જાવે. ૧
કુસુમસંગ તિલતેલ[3] દેખ પુનિ,
હોય સુગંધ ફુલેલ કહાવે;
શુક્તિગર્ભગત[4] સ્વાતિ ઉદક હોય,
મુકતાફળ અતિ દામ ધરાવે. ૨
પુન પિચુમંદ[5] પલાશાદિકમેં,
ચંદનતા જ્યું સુગંધથી આવે;

૧ એળ ૨ ભમરી ૩ તલનું તેલ ૪ છીપમાં પડેલું ૫ લીંબડો

ગંગામેં જળ આણુ આણુકે,
ગંગોદકકી મહિમા ભાવે. ૩
પારસકો પરસંગ પાય કુનિ,
લોહા કનક સ્વરૂપ લિખાવે;
ધ્યાતા ધ્યાન ધરત ચિત્તમેં ઇમ,
ધ્યેયરૂપમેં જાય સમાવે. ૪
ભજ સમતા મમતાકું તજ જન,
શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે;
ચિદાનંદ ચિત્ત પ્રેમ મગન ભયા,
દુવિધા ભાવ સકળ મિટ જાવે. ૫

**ભાવર્થ**—જે પ્રાણીવિ ભાવ કે પરભાવમાં ભટકવાનું તજી, અંતરલક્ષ સાધી પરમાત્મા સાથે લે લગાડે છે-લીન બને છે તે પોતેજ પરમાત્મા થાય છે-થઈ શકે છે. ઇયળ ભમરીનો શબ્દ સાંભળી પોતાના તન મનનું ભાન ભૂલી ભમરીનુંજ ચિન્તવન કરતાં પોતે ભમરીરૂપ થઈ જાય છે. એવો ધ્યાનનો પ્રગટ મહિમા જાણ્યો છે. (૧)

સુગંધી ફુલનો પ્રસંગ પામી તલનું તેલ સુગંધી બની ફુલેલ કહેવાય છે. તેમજ છીપલીની અંદર દાખલ થયેલું સ્વાતિ નક્ષત્રનું જળ અતિ મોંઘા મૂલ્યવાળું મોતી થવા પામે છે. ઉત્તમની સોબતથી ઉત્તમતા સહેજે આવે છે. (૨)

વળી લીંબડા અને ખાખરા જેવા ઝાડો શુદ્ધ ચંદન વૃક્ષની સુગંધી ભરી લહેરીઓથી સુગંધદાર ચંદન સમા બની

જાય છે. તેમજ ચોતરફથી ગંગાનદીમાં આવી મળેલું જળ પવિત્ર ગંગાજળ સમું પ્રભાવવાળું બની જાય તે દેખીતું છે. (૩)

વળી પારસમણિનો સ્પર્શ પામીને જેમ લોઢું સુવર્ણ રૂપ થવા પામે છે, તેમ આત્મા અંતરાત્મા પરમ વિશુદ્ધ (વીતરાગ પરમાત્મા) નું ચિંતવનમાં તન્મયપણે ધ્યાન-ચિન્તવન કરતો સતો પોતેજ પરમાત્મસ્વરૂપી થવા પામે છે. (૪)

જે ભવ્ય જનો પરવસ્તુમાં લાગેલી માયા મમતા તજી, રાગદ્વેષ રહિત થઈ, સમભાવ આદરી, આત્માના શુદ્ધ સ્વરૂપ (સ્વભાવ) સાથે સાચી પ્રીતિ લગાવે છે તેમનું ચિત્ત સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રથી સુવાસિત-સુસંસ્કારિત બનવાથી તેમની સઘળી દુગ્ધાઓ (દુઃખ-પીડા-અશાન્તિ માત્ર) આપોઆપ શમી જાય છે. એમ અધ્યાત્મવેદી (આત્માઅનુભવી) શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે.

સારબોધ—જન્મ મરણના અનંતા દુઃખથી કોણ ત્રાસતું નથી? સર્વે ત્રાસે છે. પરંતુ જ્યાં સુધી શુદ્ધ આત્મજ્ઞાન અને શ્રદ્ધા સહિત તથાવિધ શુદ્ધ આચરણ-સ્વભાવરમણતામાંજ પ્રેમ ન લાગે ત્યાં સુધી જીવનો ખરો મોક્ષ સંભવતોજ નથી; કેમકે સમ્યગ્દર્શન જ્ઞાન ને ચારિત્ર એજ સાચો મોક્ષમાર્ગ છે, અને તેનો સંયોગ ઉત્તમ માનવભવમાંજ થવા પામે છે. છતાં પ્રમાદવશ તેનો અનાદર કરી જે મુગ્ધ જનો સ્વચ્છંદપણે મહાલે છે, કુશીલ બને છે અને વિષયાસક્ત બનીને પ્રાપ્તસામગ્રી એળે ગુમાવે છે, તેઓ પરિણામે ભવભ્રમણવડે ભારે દુઃખી થાય છે અને પ્રમાદ માત્ર તજી સાવધાનપણે રત્નત્રયને સાધી લે છે, તેઓ પરમ સુખી થાય છે

## પદ નવમું.

### શ્રી ગોડી પાર્શ્વનાથનું સ્તવન.

( રાગ કાફી તથા વેલાઉલ )

અરજ એક ગવડીચા સ્વામી,
સુણહુ કૃપાનિધિ અંતરજામી. આંકણી.
અતિ આનંદ ભયો મન મેરો,
ચંદવદન તુમ દર્શન પામી;
હું સંસાર અસાર ઉદધિ પડચો,
તુમ પ્રભુ ભયે પંચમ ગતિ ગામી. ૧
હું રાગી તું નિપટ નિરાગી,
તુમ હો નિરીહ નિર્મળ નિષ્કામી;
પણ તોહે કારણ રૂપ નિરખ મમ,
આતમ ભયો આતમગુણરામી. ૨
પોપબિરૂદ નિરજામક માહણ,
પ્રગટ ધર્યો તુમ ત્રિભુવન નામી;
તાંતે અવશ્ય તારશો મોંકુ,
ઇમ વિલોકી ધીરજ ચિત્ત ઠામી. ૩
સુગ પૂરણ નિધાન શશી (૧૯૦૪) સંવત,
ભાવનગર ભેટે ગુણધામી;
ચિદાનંદ પ્રભુ તુમ કિરપાથી,
અનુભવ સાયર સુખ વિસરામી. ૪

વ્યાખ્યાન—અહો કૃપાનિધાન ! અંતરજામી ! ગોડીચા પ્રભુ ! એક મારી દીન અરજ સાંભળો અને મને હસ્તાવ-

લંબન આપી મારો ઉદ્ધાર કરો. સંપૂર્ણ ચંદ્રમા સમાન પરમ શાન્ત મુખવાળા આપનું પવિત્ર દર્શન પામીને, મારૂં મન અતિ આનંદિત-ઉલ્લસિત પ્રમુદિત થયું એ મારૂં અહો-ભાગ્ય માનું છુ. ચોતરફ દુઃખજળથી ભરેલા અસાર સંસાર-સાગરમાં હું પડ્યો છું અને આપ પવિત્ર રત્નત્રયીનું આરા-ધન કરી પરમ પુરૂષાર્થ યોગે સકળ કર્મમળનો ક્ષય કરી, જન્મમરણથી મુક્ત થઈ ચાર ગતિરૂપ સંસારસાગર તરી જઈ, પંચમી ગતિ મોક્ષને પ્રાપ્ત થયા છો. એવા પરમ સામર્થ્ય-વાળા આપ સાહેબને મારી ક્ષુદ્ર સેવકની ખામી જોઈ જાણીને તેની ઉપેક્ષા કરવી ઉચિત નથી. (૧)

હું રાગદ્વેષાદિક દોષથી ભર્યો છું અને આપે તેજ રાગદ્વેષાદિકને સર્વથા ટાળ્યા છે, તેથીજ આપ સર્વથા નિઃસ્પૃહ ( સ્પૃહા-પરવા રહિત ) ને મમતા રહિત અને ઈચ્છા-કામના રહિતજ છો તો પણ પરમ આદર્શભૂત આલંબન રૂપ આ-પનું નિર્મળ દર્શન પામી મારો આત્માં સદ્વિવેકયોગે, અજ્ઞાન-મિથ્યાત્વાદિક દોષ નિવારી (બહિરાત્મભાવ તજી) સહજ સ્વા-ભાવિક દર્શન જ્ઞાન ચારિત્રાદિક ઉજ્વળ ગુણનો ખપી થયો, ખોટી દોડાદોડ-ચપળતા તજી રત્નત્રયી સાધવા ઉજમાળ બન્યો, એ બધો મહિમા પરમ આદર્શભૂત-આલંબનરૂપ આપનોજ છે. (૨)

ત્રણે ભુવનમાં પ્રસિદ્ધ એવા આપ મહાગોપ,[૧] માહન[૨]

---

૧ ગોવાળ જેમ પશુનું રક્ષણ કરી નિર્વિઘ્ને સ્વસ્થાને પહોંચાડે તેમ પ્રભુ ભવ્ય જીવોને સ્વસ્થાને (મોક્ષે) પહોંચાડે છે. ૨ માહન કોઇપણ જીવને નહીં હણનારા-સર્વનું હિત કરનારા છે.

ને નિર્યામકના[1] ઉત્તમ બિરૂદને પામ્યા છો આપ સર્વ જીવના રક્ષક ને ભવ્ય જનોના તારક છો, તેથી આ દીન સેવકને પણ આપ અવશ્ય તારશોજ એમ વિચારીને મનમાં ધીરજ ધરી રહ્યો છું તે સફળ કરશો. (૩)

સંવત ૧૯૦૪ માં ભાવનગર મધ્યે ગુણના ભંડાર એવા આપની ભેટ થઇ—આપનાં દર્શન થયાં અને અનંત જ્ઞાન દર્શન ચારિત્ર ને શક્તિસંપન્ન એવા આપની કૃપાથી હું ( ચિદાનંદ ) અનુભવસુખસાગરમાં ઝીલતો રહું છું. (૪)

સાર—એ રીતે જે ભવ્યાત્મા મોહ—મમતા તજી નિજ ગુણને ગવેષે છે તે તેને મેળવી શકે છે. પરંતુ તદર્થે પરમાત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખી તેની સાથે પોતાની શુદ્ધ દશાનો મુકાબલો કરી તેને પ્રગટ કરવાનો પ્રયાસ કરવો જોઇએ. તે પ્રયાસ પરમાત્માની કૃપાથી ફળિભૂત થવા સંભવ છે.

## પદ દશમું.

( રાગ—વેલાઉલ. )

મંદ વિષયશશિ દીપતો, રવિતેજ ઘનેરો;
આતમ સહજસ્વભાવથી, વિભાવ અંધેરો. ૧
જાગ જીયા અબ પરિહરો, ભવવાસ વસેરો;
ભવવાસી આશા ગ્રહી, ભયો જગતકો ચેરો. ૨

---

૧ નિર્યામક—વહાણનો કપ્તાન ( ટંડેલ ) વહાણને નિર્વિઘ્નપણે ધારેલ બંદરે પહોંચાડે તેમ પ્રભુ ભવ્ય જીવોને સંસારના વિઘ્નથી બચાવી મોક્ષપુરીએ પહોંચાડે છે.

આશ તજી નિરાશતા, પદ શાશ્વતા[1] હેરો;
ચિદાનંદ નિજરૂપકો, સુખ જાણુ ભલેરો. ૩

વ્યાખ્યા—આત્માનુભવરૂપ સૂર્યનો પ્રકાશ થતાં વિષય-કષાયાદિક પ્રમાદરૂપી ચંદ્ર ઝાંખો પડતો જાય છે. આત્માના સહજ સ્વાભાવિક ગુણ પ્રકાશ પામે છે. વિભાવ-માયા-મમતાદિક અંધકારનું જોર ચાલી શકતું નથી. ૧.

અહો પ્રમાદી આત્મા ! ચાર ગતિરૂપ કારાગૃહમાં વસવાનું હવે ઓછું થાય-બંધ થાય તેમ પ્રયત્ન કર. સંસારવાસમાં વસતો સતો પર આશાના પાસમાં સપડાઈને તું સહુની તાબેદારી ઉઠાવે છે. ખરી સ્વતંત્રતા ખોઈને નકામી પારકી ગુલામી તારે કરવી પડે છે. ૨.

પર આશા-પરતંત્રતા-પરવશતા તજતાં પ્રથમ પોતાના મન અને ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવવો પડે છે, પછી પર-આશાના પાસમાંથી છૂટાય છે અને નિરાશી ભાવ અથવા નિઃસ્પૃહ દશા આવે છે. એજ તારૂં મૂળ શુદ્ધ-શાશ્વત સ્વરૂપ છે. મન અને ઇન્દ્રિયોની પરવશતાથી એ તારા અસલ પદ-સ્થાનથી તું ચ્યુત-પતીત થયો છે તેને સંભાળ. અહો જ્ઞાનચારિત્ર-સ્વરૂપી આત્મા ! તું પોતાનું શુદ્ધ સ્વરૂપ પુરૂષાર્થયોગે પ્રાપ્ત કરવામાંજ ખરૂં સુખ સમાયેલું છે એમ ખાત્રીથી માની લે. ૩.

સારબોધ—આત્માનો સહજ સ્વભાવ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિક રૂપ છે. તે જ્યારે પૂર્ણ રૂપમાં પ્રકાશમાન થાય છે, ત્યારે તેનો પ્રભાવ અનંત અપાર હોય છે. તે દર્શન જ્ઞાન

[1] શાશ્વતપદ-મોક્ષ.

ચારિત્રમાં જેમ જેમ પ્રેમ વધતો જાય છે તેમ તેમ મમતા (વિષયકષાયાદિ) નું જોર ઘટતું જાય છે. એવું સાવધાનતાથી સ્વભાવમાંજ રમણતા કરનાર મહાનુભાવો અંતમાં જોતજોતામાં સકળ બંધનોને કાપી પોતે સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વસુખમય અને અનંત શક્તિમય પણ બની શકે છે. અનેકવિધ પ્રમાદ આચરણવડેજ જીવની અધોગતિ થઈ છે ને થાય છે. પરંતુ તેવાં પ્રમાદાચરણ કે સ્વચ્છંદતા તજી, સર્વજ્ઞ ને સર્વદર્શી મહાત્માઓએ બતાવેલા શુદ્ધ સનાતન માર્ગે સદ્ભાવથી ઉલ્લાસ સહિત ચાલવાથી આત્માની ઉચ્ચ રીતે ઉન્નતિ થઈ શકે છે. અક્ષય સુખરૂપ મોક્ષપ્રાપ્તિનો પંથ એજ પવિત્ર માર્ગ સમજી આદરવા યોગ્ય છે.

---

### પદ અગ્યારમું.

(રાગ [illegible])

જોગ જુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે; ૧
રમાપતિ કહે રંકકું, ધન હાથ ન આવે.
ભેખ ધરી માયા કરી, જગકું ભરમાવે;
પૂરણ પરમાનંદકી, સુધી રુચ ન પાવે. ૨
મન મુંડ્યા વિણ મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
જટાજૂટ શિર ધારકે, કોઉ કાન ફરાવે. ૩
ઉર્ધ્વબાહુ અધોમુખે, તન તાપ તપાવે;
ચિદાનંદ સમજ્યા વિના, ગિણતી નવિ આવે. ૪

યમનિયમાદિ **અષ્ટાંગયોગ** અથવા જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ **સંયમયોગ** અથવા જે વડે સકળ દુઃખ-કલેશનો અંત આવે અને અક્ષય અવિનાશી સુખનો ભેટો થવા પામે એવો તપયોગ કે વીર્ય (પુરૂષાર્થ) યોગ કોઇપણ કલ્યાણ અર્થી (આત્માર્થી) સજ્જનોએ આદરવા યોગ્ય છે. તેનું રહસ્ય સમજી શુદ્ધ શ્રદ્ધા-આસ્થા સહિત તેનું પાલન કરતાં અવશ્ય કલ્યાણ થવા પામે છે; પરંતુ તેમાંનું કશું રહસ્ય જાણ્યા વગર કેવળ જોગી જતિ સંન્યાસી કે ફકીર એવું નામમાત્ર કહેવડાવવાથી શું વળે ? તથાપ્રકારના ગુણ ને આચરણ વગર જોગી જતિનો વેષ ધારણ કરીને ફરવાથી તો સ્વપરને ધોળે દહાડે ઠગવા-લૂંટવા જેવુંજ તે લેખાય છે. કોઈ એક રંક-નિર્ધનને લક્ષ્મીપતિ કહેવામાત્રથી કંઇ લક્ષ્મી મળી શકતી નથી. ૧.

જોગી જતિ સંન્યાસી વિગેરેનો વેષ ધારીને જો માયાકપટ કેળવી, લોકને ખોટા ભ્રમમાં નાખવા માટેજ તે વેષનો ઉપયોગ કરતા રહેવાય તો જે સાચા-સદ્‌ગુણી જોગી જતિ કે સંન્યાસી અખંડ પરમાનંદ મેળવવા ભાગ્યશાળી નીવડે છે તેવો લેશ માત્ર લાભ મળી શકતો નથી. એટલુંજ નહીં પણ દાંભિક વૃત્તિથી પરિણામે દુઃખમાં વધારો કરી અનેક અંધ શ્રદ્ધાળુઓને અવનતિના ખાડામાં નાખે છે. ૨.

મન અને ઇન્દ્રિયોને દમ્યા વગર-કાબુમાં રાખ્યા વગર કેવળ કેશલોચ કરવાથી વિશેષ લાભ નથી. એમ તો ઘેટા વિગેરે પણ મુંડાવે છે-કષ્ટ સહન કરતા રહે છે. કોઈ વડની વડવાઇની જેમ માથા ઉપર જટાજૂટને ધારણ કરે છે, કોઇ કાન ફડાવીને કાનફટા બને છે, કોઈ ઉંચા હાથ રાખીને અને ઉંધે મસ્તકે

લટકતા રહીને શરીરને કષ્ટ ઉપજાવે છે, કોઈ સૂર્ય કે અગ્નિનો તાપ સહે છે, પરંતુ **ચિદાનંદજી** જેવા જ્ઞાની મહાત્માઓ કહે છે કે-અલખ આત્માને ઓળખ્યા પિછાન્યા વગર એ બધું લેખે આવતું નથી-ફોગટ જાય છે. ૩-૪.

**સાર બોધ**—એક અંતરજામી આત્માને ઓળખી તેમાં ખરી શ્રદ્ધા-આસ્થા ચોંટાડવાથી યથાશક્તિ કરાતી સઘળી ધર્મ-કરણી લેખે થાય છે. તેને યથાર્થ ઓળખવા માટે એવા જ્ઞાની ગુરૂને શરણે જઈ અતિ નમ્રભાવે તેમની ઉપાસના કરવી ઘટે છે. જેઓ એવા જ્ઞાનીગુરૂનો સંગ કરી અંતરાત્મપણું મેળવતા નથી તેઓ સંસારમાં પરિભ્રમણજ કરતા રહે છે. અજ્ઞાન-કષ્ટથી કલ્યાણ સિદ્ધિ થતી નથી.

## પદ બારમું.

( રાગ ઉપરનો )

**આજ સખી મેરે વાલમા, નિજ મંદિર આયે;**
**અતિ આનંદ હિયે ધરી, હસી કંઠ લગાયે. ૧**
**સહજ સ્વભાવજળે કરી, રૂચિધર નવરાયે;**
**થાળ ભરી ગુણસુખડી, નિજ હાથ જિમાયે. ૨**
**સુરભી અનુભવ રસ ભરી, બીડાં ખવરાયે;**
**ચિદાનંદ મિલ દંપતી, મનોવંછિત પાયે. ૩**

**વ્યાખ્યા**-સોહાગણ (પણ ઘણા કાળથી પતિના વિરહથી પીડાતી ) સમતા પોતાની વહાલી સખી સુમતિને હર્ષદાયક સમાચાર સંભળાવતાં કહે છે કે-હે સખી! આજે મારા પ્રીતમ

ચેતનરાય મારા (સમતાના) મહેલમાં આવ્યા-(હૃદય મંદિરમાં) પેઠા. તેથી મારા અંતરમાં અતિ આનંદ ઉભરાયો અને પ્રસન્ન મુદ્રાથી મેં પ્રીતમને ગાઢ આલિંગન આપ્યું. ૧. પછી સહજ સ્વભાવિક શુદ્ધભાવરૂપ જળવડે પ્રેમ સહિત નવરાવ્યા અને અપાર ગુણરૂપી સુખડી થાળ ભરી પીરસીને મેં મ્હારા સ્વામીનાથને મારે હાથે જમાડ્યા. ત્યારબાદ સુવાસિત અનુભવ રસભર્યાં પાન-બીડાં સ્વામીજીને ખવરાવ્યાં. એમ સમ્યગ્ બોધ અને આચરણરૂપી દંપતી ( પતિ-પત્ની ) ભેગા મળી ( સુયોગ પામી ) યથેચ્છ સુખશાન્તિરૂપ મનવંછિતને પામ્યા. ૨-૩.

**સાર બોધ**—ચેતનરાયને ધર્મરાજાની વ્હાલી પુત્રી સમતા સાથે અનાદિસિદ્ધ સંબંધ છે, એટલે સમતા એજ ચેતનની ખરી પતિવ્રતા હિતસ્વિની અસલ સ્ત્રી છે, છતાં ધર્મના વિરોધી અને બહુરૂપી એવા મોહની પુત્રી કુમતા સાથે પણ ચેતનની મુગ્ધતાનો લાભ લઈ અનાદિ કાળથી સંબંધ જોડાણો હતો. વેશ્યાની જેવા વિવિધ રંગ-રાગને કરનારી ને વધારનારી કુમતાના ફંદમાં તે એવો તો ફસી ગયો હતો કે એક પળ માત્ર પણ તેમાંથી છુટી સમતાની સામું પણ જોઈ શકતો નહોતો, તો પછી તે પરમ પવિત્ર દેવીનો ઉચિત સત્કાર તો કરેજ ક્યાંથી ? કુમતાના સંગથી તેને અનેક વિપદા વેઠવી પડે છે અને તે બંધનથી અનેક પ્રકારના કડવા અનુભવો મળે છે, તેથી છેવટે ચેતનરાયની આંખ (જ્ઞાનચક્ષુ) ઉઘડે છે; એટલે પરમ પવિત્ર પતિવ્રતા સમતા સ્ત્રીનો આજ સુધી મોહ-મુગ્ધ બની અનાદર કરવા બદલ તેને ભારે પસ્તાવો થાય છે અને હવે પછી આખી જીંદગી પર્યંત કુમતાનો સંગ નહિ

આત્મા તેમજ સમતાનો સંગ નહિ છાંડવા દૃઢ નિશ્ચય કરે છે. તેથી દિનરાત પતિનું હિત ઇચ્છતી અને તેને મળવાની રાહ જોઈ રહેતી સમતાના ઘરમાં પોતે પ્રવેશ કરી તેની સાથે હળી મળી બહુ સુખી થાય છે. એ પ્રમાણે હરકોઇ ભવ્યાત્મા સુખી થઈ શકે છે. ઇતિશમ્.

## પદ ૧૩ મું.

( રાગ વિભાસ )

જુઠી જગ માયા, નરકેરી કાયા,
જ્યું બાદરકી છાયા માઇરી;
જ્ઞાનાંજન કર ખોલ નયન મમ,
સદગુરૂ ઈણવિધ પ્રગટ લખાઇરી. ૧
મૂલ વિગત[1] વિષવેલ પ્રગટી ઇક,
પત્રરહિત ત્રિભુવનમેં છાઇરી;
તાસપત્ર ચૂણ ખાત મિરંગલા,[2]
સુખ વિન અચરિજ દેખું હું આઇરી. ૨
પુરૂષ એક નારી નિપજાઈ,
તે તો નપુંસક ઘરમેં સમાઇરી;
પુત્ર જુગલ જાયે તિણ બાલા,
તે જગમાંહે અધિક દુઃખદાઇરી. ૩

---

૧ મૂળવિગત–મૂળવિનાની. ૨ મિરગલા--મૃગલા.

કારણુ બિન કારજકી સિદ્ધિ,
કેમ ભઈ મુખ કહી નવ જાઈરી;
ચિદાનંદ એમ અકુળ કળાકી,
ગતિ મતિ કોઉ વિરલે જન પાઈરી. ૪

અર્થ:—આ જગતની માયા અને મનુષ્યની કાયા તે વાદળની છાયાની જેવી જૂઠી-અનિત્ય-ક્ષણિક છે. મારા સદ્ગુરૂએ જ્ઞાનાંજનવડે મારા નેત્રો ( અંદરના ) ખોલીને એ પ્રકારે પ્રગટપણે મને સમજાવેલ છે. ( તે સમજાવટથી જ હું તેને ક્ષણિક સમજી શકયો છું. ) ૧

હવે કહે છે કે—મૂળ વિના એક વિષવેલી પ્રગટી-ઉગી, તે પત્ર ( પાંદડા ) રહિત છતાં ત્રણ ભુવનમાં વિસ્તાર પામી ગઇ, તેના પત્રો મૃગલા ચુણે છે, ચરે છે, ખાય છે, પણ તે મૃગલા મુખ વિનાના છે. આવું આશ્ચર્ય મેં આ જગતમાં આવીને જોયું છે. ૨

આ ગાથામાં કહેલી હકીકતનું રહસ્ય અધ્યાત્મદ્રષ્ટિએ વિચારતાં એમ સમજાય છે કે--વિષયતૃષ્ણારૂપ વિષવેલડી મૂળ વિના આ જગતમાં ઉગી છે અને તેને પત્ર નહી છતાં તેણે ત્રણ ભુવનમાં રહેલા સર્વ જીવોને પોતાને આધિન કરી લીધા છે, એટલે એ રીતે ત્રણ ભુવનમાં તે વિસ્તરી ગઇ છે. તેના પત્રો એટલે તેના વિકારોને મુગ્ધ જીવો રૂપ મૃગલા અનુભવ કરે છે, આસ્વાદ લે છે. તેને માટે કાંઈ મુખની જરૂર પડતી નથી એટલે તે મૃગલા મુખ વિનાના હોવાનો વાંધો આવે તેમ નથી. આવું આશ્ચર્ય જ્ઞાનદ્રષ્ટિવડે જોતાં આ ચેતનને સમજાય છે.

હવે બીજી વાત કરે છે કે-એક પુરૂષે એક સ્રીને નીપજાવી-પ્રસવ કર્યો અને તે નારી નપુંસકના ઘરમાં જઇને વસી-તેને પરણી તે સ્રી-ને નપુંસક ભર્ત્તારના સમાગમથી બે પુત્રો થયા. તે પુત્રો આ જગતમાં અત્યંત દુઃખના દેનારા નીવડ્યા. ૩

આ ગાથાનો સાર એમ સમજાય છે કે-લોભરૂપી પુરૂષે તૃષ્ણારૂપી સ્રીને પ્રગટાવી-જન્મ આપ્યો. તે મનરૂપ નપુંસકને સ્વેચ્છાએ વરી-પરણી. તેને રાગદ્વેષરૂપ બે પુત્રો થયા કે જે આ જગતમાં સર્વ જીવોને અત્યંત દુઃખ આપનાર છે. ચારે ગતિમાં પરિભ્રમણ કરાવનાર છે.

ઉપરની બે ગાથામાં કહ્યા પ્રમાણે કારણ વિના કાર્યની સિદ્ધિ કેમ થઇ ? તે મુખદ્વારા કહી શકાતું નથી. તેજ રીતે ચિદાનંદ જે આત્મા તેની અકળ-ન કળી શકાય એવી જે કળા-તેનું સ્વરૂપ-તેની ગતિ ને મતિ તે કોઇક વિરલ મનુષ્ય જ પામી શકે છે. ૪ (એમાં કર્ત્તાનું નામ પણ સૂચવ્યું છે.)

મૂળ વિના વેલનું થવું, પત્ર વિના જગતમાં વિસ્તરવું અને પત્ર વિના તેમજ મુખ વિના મૃગલાનું ખાવું-આ બધું કારણ વિના કાર્ય થવા બરાબર છે. તેમજ પુરૂષથી પુત્રીનો પ્રસવ થવો, તેનું નપુંસક પતિને વરવું અને નપુંસક પતિથી બે પુત્રની નિષ્પત્તિ થવી-આ પણ કારણ વિના કાર્યની સિદ્ધિ થવા સરખું છે.

આ હકીકત એટલે કે એનું રહસ્ય સમજવું જેમ મુશ્કેલ છે તેમજ આ જ્ઞાનરૂપી આત્માનું સ્વરૂપ સમજવું તે પણ તેટલુંજ મુશ્કેલ છે. તે આત્માની ગતિ, તેની વૃત્તિ વિગેરે કોઈ વિરલ મનુષ્યોજ જાણી શકે છે.

**રહસ્ય**–આ પદ ગુપ્ત રહસ્યથી ભરપૂર છે. તેનો અર્થ માત્ર કલ્પનાવડેજ કરવામાં આવ્યો છે. જુદાજુદા અર્થ કરનારા જુદીજુદી કલ્પનાઓ કરી શકે છે. ખાસ અનુભવી ને વિદ્વાન સદ્‌ગુરૂ મળ્યા વિના આ પદનો વાસ્તવિક અર્થ–કર્તાએ કહેવા ધારેલો અર્થ થઈ શકવો મુશ્કેલ જણાય છે, તો પણ બધી હકીકત મેળ ખાય તેવો અર્થ આ કરતાં જુદી રીતે કોઈ લખી જણાવશે તો તેનો આભાર માનવામાં આવશે.

## પદ ચૌદમું.

### શ્રી પાર્શ્વજિનસ્તવન.

( રાગ—વિભાસ )

**દેખો ભવિ જિનજીકે યુગ,**

**ચરનકમળ નીકે-દેખો० આંકણી**

**જિમ ઉદયાચળ ઉદય ભયો રવિ,**

**તિમ નખ માનકકે-દેખો० ૧**

**નીલોત્પલસમ શોભ ચરણ છબિ,[1]**

**રિષ્ટ રતનહુકે-દેખો० ૨**

**સુરભિ સુમનવર[2] યક્ષકર્દમ[3] કર,**

**અર્ચિત દેવનકે-દેખો० ૩**

---

૧ ચરણછબિ–ચરણની કાંતિ ૨ સુરભિસુમનવર–સુગંધી શ્રેષ્ટ પુષ્પ. ૩ ચંદન, કેશર, બરાસ, અમર, કસ્તુરી, ગોરૂચંદન, રતાંજળી, કાચો હિંગલોક, મરચકંકોળ ને સોનાનો વરગ–એ દશ પદાર્થોનો યક્ષકર્દમ થાય છે.

માણેક લાલ હોય છે. રિષ્ટરત્ન શ્યામ હોય છે

નિરખ ચરન મન હરખ ભયો અતિ,
વામાનંદનકે. દેખો૦ ૪
ચિદાનંદ અબ સકલ મનોરથ,
સફળ ભયે મનકે. દેખો૦ ૫

**અર્થ**—હે ભવ્ય જીવો! જિનેશ્વરના સુંદર એવા બે ચરણકમળ તમે જુઓ! તે કેવા સુંદર છે? જેમ ઉદયાચળપર ઉદય પામેલો સૂર્ય લાલ દેખાય છે તેવા જેના ચરણના નખ માણેકના હોય તેમ લાલ દેખાય છે. વળી શિષ્ટ રત્નમય શરીરમાં તેમના ચરણની કાંતિ નીલોત્પલ (કમળ) જેવી શોભે છે. તે દેવના ચરણ સુગંધી પુષ્પો યુક્ત યક્ષકર્દમવડે અર્ચિત થયેલા હોય છે. એવા ચરણકમળ વામાનંદન શ્રી પાર્શ્વનાથજીના જોઇને મનમાં અત્યંત હર્ષ ઉત્પન્ન થયો છે. એટલે ચિદાનંદજી અથવા જ્ઞાનસ્વરૂપી આત્મા કહે છે કે—હવે તો મારા મનના સર્વ મનોરથ સફળ થયા એમ હું માનું છું. ૧થી ૫.

**સાર**—આ પદમાં શ્રીપાર્શ્વનાથજીની ખાસ કરીને તેમના ચરણકમળની સ્તુતિ છે. એ ચરણની પ્રથમ શોભા વર્ણવી છે. એવા પ્રભુના ચરણકમળ જોવાથી ભવ્ય જીવના હૃદયમાં અપૂર્વ હર્ષનો ઉદય થાય છે અને તેથી તેના સર્વ મનોરથ અવશ્ય સિદ્ધ થાય છે. પ્રભુના ચરણ કમળ પ્રમાણે આખા અંગની શોભા સમજી લેવી. આ તો બાહ્ય અંગની શોભાનું વર્ણન છે, ખરી રીતે તો તેમની આત્મિક શોભાનું સ્વરૂપ સમજવાની જરૂર છે. ત્યાં માત્ર જ્ઞાન દર્શન ચારિત્ર શિવાય બીજું કાંઈ નથી. એના વડેજ એઓ અનુપમેય છે. આ પ્રમાણે આ પદનું રહસ્ય છે.

ઇતિશમ્.

## પદ ૧૫ મું.

### શ્રી નેમિનાથનું સ્તવન.

(રાગ–કેરબો.)

આંખીયાં સફલ ભઇ,
અલિ ! નિરખત નેમિજિનંદ અં૦ આંકણી

પદ્માસન આસન પ્રભુ સોહંત,
મોહત સુર નર ઈંદ;
ઘુઘરબાલા[1] અલખ અનોપમ,
મુખ માનુ પૂનમચંદ. અ૦ ૧

નયન કમળદલ, શુકમુખ નાસા,
અધર બિંબ સુખકંદ;
કુંદકલી[2] જ્યું દંતિપંતિ,
રસનાદલ શોભા અમંદ. અ૦ ૨

કંબુ[3] ગ્રીવ[4] ભુજ કમલનાલકર,
રક્તોત્પલ અનુચંદ;
હૃદય વિશાળ થાળ કટિ કેસરી,
નાભિ સરોવર બંદ. અ૦ ૩

કદલીખંભ[5] યુગ ચરનસરોજ જસ,
નિશદિન ત્રિભુવન વંદ;

---

૧ ઘુઘરબાળા–ઘુઘરા જેવા ગોળ મરોડવાળા કેશ. ૨ કુંદકળી–મચકુંદના ફુલની ખીલ્યા વિનાની કળી. ૩ કંબુ–શંખ. ૪ ગ્રીવા–ડોક ૫ કદળીખંભ–કેળના સ્થંભ.

ચિદાનંદ આનંદ મૂરતિ,

એ શિવાદેવીનંદ. અ૦ ૪

**અર્થ**—આ પદમાં શ્રી નેમિનાથજી શિવાદેવીમાતાના પુત્રના શરીરનું વર્ણન છે. આત્મા સુમતિને કહે છે કે–હે અલિ ! હે સખિ ! નેમિજિનેંદ્રને જોઇને મારી આંખો સફલ થઈ છે. હવે તે પ્રભુનું શરીર કેવું છે ? તે કહે છેઃ—

પ્રભુ પદ્માસને બિરાજેલા શોભે છે અને જેને જોઈને દેવના અને મનુષ્યના ઈંદ્રો–સ્વામીઓ (ઇંદ્ર ને ચક્રવર્તી વિગેરે રાજાઓ) મોહ પામે છે. તેમના મસ્તકપર રહેલા ઘુઘર જેવા વાંકડા વાળોની શોભા અલખ–લક્ષમાં ન આવે તેવી અને અનોપમ–ઉપમા ન આપી શકાય તેવી છે અને મુખ પૂર્ણિમાના ચંદ્ર જેવું સુશોભિત–સર્વકળા સંપૂર્ણ છે. ૧.

નેત્ર કમળના પત્ર સરખા છે, નાસિકા પોપટની ચાંચ જેવી છે. હોઠ બિંબના ફળ જેવા રક્ત અને સુખના મૂળભૂત છે, મચકુંદના ફુલની કળી જેવી દાંતોની પંક્તિ–શ્રેણિ ઉજ્વળ છે, તેના મધ્યમાં રહેલી રક્તપત્ર જેવી જીવ્હા અત્યંત શોભે છે. ૨.

શંખસમાન ગ્રીવા(કંઠ)શોભે છે. બે ભુજા કમળની નાળ જેવી છે અને બે હાથની હથેળી ચંદ્રની પાછળ રહેલા રક્ત કમળ જેવી શોભે છે. હૃદય વિશાળ થાળ જેવું વિસ્તીર્ણ છે. કટિતટ કેડ–કેશરીસિંહની કટિ જેવી પાતળી ને શોભિતી છે. નાભિ સરોવરના મધ્ય ભાગ જેવી ગંભીર છે. ૩.

જેમના બે ચરણકમળ કેળના સ્થંભ જેવા સુંદર અને રાત્રિદિવસ–અહોનિશ ત્રણ ભુવનના લોકોથી વંદ્ય–વંદનીક છે.

ચિદાનંદજી કહે છે કે એવી આનંદદાયક મૂર્તિ શ્રી શિવાદેવી માતાના પુત્ર નેમિનાથજીની છે. તેનું હે ભવ્ય જીવો! અહોનિશ સ્મરણ, વંદન, પૂજન ને સ્તવન કરો. ૪.

સાર—પ્રભુના અંગ તથા ઉપાંગને આપેલી આ ઉપમાઓ અતિશયોક્તિવાળી તો સમજવાનીજ નથી, પરંતુ બીજા ઉપમા દેવા લાયક પદાર્થ જગતમાં ન હોવાથી આ વસ્તુઓની ઉપમા આપેલી છે, તે ખરી રીતે હીનોપમા છે.

પ્રભુના અંગોપાંગની શોભા તો અનુપમેય છે. શ્રી ભક્તામર સ્તોત્રમાં यैः शांतरागरुचिभिः परमाणुभिस्त्वं. એ કાવ્યમાં પ્રભુના શરીરમાં રહેલા શાંતરૂચિવાળા પરમાણુના સ્કંધો જેવા બીજા પરમાણુઓજ જગતમાં નથી એમ કહીને પ્રભુ સમાન અન્ય કોઇનું રૂપ આ જગતમાં નથી એમ સિદ્ધ કર્યું છે.

## પદ ૧૬ મું.

(રાગ—ભૈરવ.)

વિરથા જન્મ ગમાયો મૂરખ! વિરથા૦ એ આંકણી.

રંચક[1] સુખરસ વશ હોય ચેતન,
અપનો મૂલ નસાયો;
પાંચ મિથ્યાત ધાર તું અજહું,[2]
સાચ ભેદ નવિ પાયો. મૂરખ૦ ૧

---

૧ અલ્પ. ૨ હજી.

કનક કામિની અરુ એહથી,
નેહ નિરંતર લાયો;
તાહુથી તું ફિરત સુરાનો[1],
કનક બીજ[2] માનુ ખાયો. મૂરખ૦ ૨
જનમ જરા મરણાદિક દુઃખમેં,
કાળ અનંત ગમાયો;
અરહટ ઘટિકા[3] જિમ કહો યાકો,
અંત અજહુ નવિ આયો. મૂરખ૦ ૩
લખ ચોરાશી પહેર્યાં ચોલના[4],
નવ નવ રૂપ બનાયો;
વિન સમકિત સુધારસ ચાખ્યા,
ગિણતી કોઉ ન ગિણાયો. મૂરખ૦ ૪
એતી પર નવિ માનત મૂરખ,
એ અચરિજ ચિત આયો;
ચિદાનંદ તે ધન્ય જગતમેં,
જિણે પ્રભુશું મન લાયો. મૂરખ૦ ૫

અર્થ—જ્ઞાની ઉપગારી ગુરુ, અજ્ઞાન વશ અવળી ચાલે ચાલતા એવા સાધુ શ્રાવકને સમજાવે છે અથવા તેવા ગુરૂના હિતવચન સાંભળી કોઈ ખપી જીવ શોચ કરતો—આત્મનિંદા

૧ મદિરાપાનીની જેમ. ૨ ધંતુરાના બી ૩ ફરતા રેંટના ઘડા. ૪ વેશ. નવા નવા શરીર. રૂપ.

કરતો કરતો બીજા મુગ્ધ જીવોને સહેજે જણાવે છે. હે મુગ્ધ પ્રાણી ! તું વૃથા આ અમૂલ્ય માનવ ભવ હારી ગયો. તારૂં હવે શું થશે ? મધુબિંદુ સમાન લવલેશ વિષયસુખમાં લુબ્ધ થઇ જઈ તે આત્માનું ખરૂં સુખ ખોયું-ગુમાવ્યું, ને ફરી મેળવવું અશકય કે દુઃશકય કરી મૂકયું, કેમકે આત્માનો ખરો ભેદ-વિવેક નહીં પામવાથી, અદ્યાપિ તું અજ્ઞાનાદિક વડે પાંચ પ્રકારના[1] મિથ્યાત્વ ( અશ્રદ્ધા કુશ્રદ્ધા યા વિપરીત શ્રદ્ધા ) ને પોષે છે. ૧.

તું કનક ( સુવર્ણાદિક ધન ) અને કામિની ( સ્રી ) માંજ દિન રાત રચ્યો પચ્યો રહે છે. જાણે ધતુરાના બીજ ખાઇને ગાંડો-દીવાનો થયો હોય એમ તેમજ મદિરાપાનીની જેમ તેની પાછળ ફર્યા કરે છે. ૨.

જન્મ જરા અને મરણ સંબંધી અથવા આધિ વ્યાધિ કે ઉપાધિ સંબંધી અપાર દુઃખો સહન કરતાં કરતાં જેનો તાગ ન આવે એટલો બધો-અનંતો કાળ વીતાવ્યો તો પણ જેમ અરહટ-રેંટની ઘડીઓ ભરાતી ને ઠલવાતી જાય તેમ અદ્યાપિ એની એજ દુઃખની ઘડીઓનો અંત નજ આવ્યો. ( મિથ્યાત્વાદિકયોગે જીવને જન્મમરણનો અંત આવતોજ નથી) ૩.

ચોરાશી લાખ ગહન જીવાયોનિરૂપી નવા નવા વેશ પહેરીને નાટકીયાની પેરે નવી નવી કોટિમાં પ્રવેશ કરી અનેક પ્રકારે તું નાચ નાચ્યો અને વિડંબનાઓ પામ્યો; પરંતુ શુદ્ધ શ્રદ્ધાન-રૂપ સમકિત-અમૃતનું આસ્વાદન કર્યા વગર એ અનેકવિધ નાચ કરતાં સહેવા પડેલા અનંતા કષ્ટ કંઇ લેખે ન આવ્યા. ૪.

---

૧ અભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશીક, અનાભોગિક ને સાંશયિક.

આટલાં આટલાં વીતકડાં વીત્યા છતાં—માથે દુઃખનાં ઝાડ ઉગ્યાં છતાં તારી શ્રદ્ધા—માન્યતા સુધરતી નથી—સુધરવા પ્રયત્ન કરતો નથી અને હજુ સુધી પૂર્વોક્ત મિથ્યાત્વનેજ વળગી રહે છે, એથી મને મનમાં અચંભો થાય છે. આ વિશ્વમાં ધન્ય, કૃતપુન્ય, જ્ઞાની, સુશ્રદ્ધાળુ અને સદાચરણી સજ્જનો તેજ છે કે જેમણે શુદ્ધ આત્મતત્ત્વને યથાર્થ ઓળખી, તેના પુષ્ટ આલંબનવડે રાગ દ્વેષ ને મોહાદિક અનાદિ દોષોને ટાળવા પ્રબળ પુરૂષાર્થ ફોરવી, સમતાદિક આત્મગુણોને વિકસાવવામાંજ પૂરી પ્રીતિ ધારણ કરી છે. ૫.

સારબોધ—અનાદિ મિથ્યાત્વાદિક દોષમાત્રને તજી સમકિતાદિક સદ્ગુણોનું પ્રેમોલ્લાસથી સેવન કરનારનોજ માનવ-ભવ લેખે થાય છે, તેથી વિમુખ રહેલાનો મનુષ્ય જન્મ નિષ્ફળ જાય છે અને ફરીને મળવો દુર્લભ થાય છે.

## પદ ૧૭ મું.

( રાગ—ભૈરવ )

જગ સુપનેકી માયા રે નર! જગ સુપનેકી માયા૦ એ આંકણી.

સુપને રાજ પાય કોઉ રંક જ્યું,
　　　　કરત કાજ મન ભાયા;
ઉઘરત નયન હાથ લખ ખપ્પર[૧],
　　　　મન હું મન પછતાયા. રે નર !૦ ૧
ચપળા[૨] ચમત્કાર જિમ ચંચળ,
　　　　નરભવ સૂત્ર બતાયા;

---

૧ હાથમાં ખપ્પર—ભિક્ષાપાત્ર જોઇને. ૨ વીજળી.

અંજલી જળ સમ જગપતિ જિનવર,
આયુ અથિર દરસાયા. રે નર !૦ ૨
યોવન સંધ્યારાગ રૂપ ફુનિ,
મળ મલિન અતિ કાયા;
વિણસત જાસ વિલંબ ન રંચક,
જિમ તરૂવરકી છાયા. રે નર !૦ ૩
સરિતાવેગ[1] સમાન જ્યું સંપતિ,
સ્વારથ સુત મિત જાયા;
આમિષલુબ્ધ[2] મીન જિમ તિન સંગ,
મોહજાળ બંધાયા. રે નર !૦ ૪
એ સંસાર અસાર સાર પિણ,
યામેં ઇતના પાયા;
ચિદાનંદ પ્રભુ સુમરનસેંતિ,
ધરિયે નેહ સવાયા. રે નર !૦ ૫

વ્યાખ્યા—ચતુરનર ! આ જગતની માયા સ્વપ્ન સમી ખોટી–અસાર સમજી તેમાં મુંઝાઇશ નહિ, ચેતીને ચાલજે, રખે તેમાં લેવાઇ જતો. જેમ કોઇક રંકને સ્વપ્નમાં રાજ્ય મળ્યું અને જાણે પોતે બધું મનગમતું રાજકાજ કરવા લાગ્યો, પણ આંખ ઉઘડી કે તેમાંનું કશુંએ નથી ને હાથમાં ખપ્પર હતું તે કાયમ છે, તે જોઇને મનમાને મનમાં પસ્તાવો કરવા લાગ્યો, એવી આ જગતની માયા જુઠી છે. (ક્ષણવિનાશી છે.) ૧.

૧ નદીનો વેગ. ૨ માંસની પેશીમાં લુબ્ધ થયેલ.

સિદ્ધાન્તમાં દશ દ્રષ્ટાન્તે મનુષ્ય ભવની દુર્લભતા બતાવી છે. તેમાં પણ વીજળીના ચમકારની જેવું જીવન ક્ષણવિનાશી છે અને આઉખું અંજળિમાં રહેલું જળ જેમ ક્ષણેક્ષણે ઘટતું જાય અને જોતજોતામાં ખુટી જાય એવું અસ્થિર છે, એમ સર્વજ્ઞ ભગવાને ભાખેલું છે. ( ૨ )

જોબન સંધ્યાના રંગ જેવું ચંચળ છે. કાયા અનેકવિધ અશુચિથી ભરેલી હોવાથી મલીન છે. વળી વૃક્ષની છાયાની જેમ એ કાયાને ક્ષીણ થતાં વાર લાગતી નથી. મૂઢતાથીજ જીવ તેમાં મુંઝાઇ રહે છે. (૩)

લક્ષ્મી નદીના પાણીના વેગની જેમ જોતજોતામાં ચાલી જાય છે. પુત્ર, મિત્ર અને સ્ત્રી પ્રમુખ સંબંધીઓ સ્વાર્થના સગા છે. તેમની સંગાતે માંસની પેશીમાં લુબ્ધ થયેલા માછલાંની પેઠે મુગ્ધ જીવ મોહજાળથી બંધાઈ રહે છે. (૪)

એ રીતે ચાર ગતિરૂપ સંસાર બધો અસારજ છે, તેમ છતાં સાર માત્ર એટલોજ લેખાય કે તથાવિધ શ્રેષ્ટ સામગ્રી પામીને નિરંજન–વીતરાગ પ્રભુનું સ્મરણ–ચિંતવન સાચા દિલથી પ્રેમોલ્લાસપૂર્વક નિત્ય ચઢતે રંગે કરી શકીએ. એમ વિચારી તેમાં દિનપરદિન સવાયો પ્રેમ કરતાં જવું તે ઘટિત છે. (૫)

**સાર બોધ**–દુનિયાની હરેક ચીજ સ્વપ્નવત્ સરી જનારી છે, તેથી સુજ્ઞ–ચકોર ભાઇબ્હેનોએ તેમાં ફસાઈ ન જવાય એવી ખબરદારી રાખવી ઘટે છે. ગમે તેવા લાલચના પ્રસંગે તેની સામે અડગ રહેવામાંજ જ્ઞાનની ખરી કસોટી થાય છે. અજ્ઞાની જીવ તેમાં સહેજે લેવાઇ–લપટાઇ જાય છે, ત્યારે જ્ઞાની

ખુબ ચેતતા રહે છે અને લાગ પામીને આ બધો ક્ષણિક સંબંધ છોડી દઈ સાચો ધર્મસ્નેહ જોડી લે છે. તેઓ ચક્રવર્તી જેવી ઋદ્ધિ પણ તૃણની જેમ તજી દઈ જ્ઞાન વૈરાગ્યથી દીક્ષા લઇ આત્મકલ્યાણ સાધી મનુષ્ય જન્મને સાર્થક કરી શકે છે.

## પદ ૧૮ મું.

### શ્રી ઋષભજિન સ્તવન

( રાગ–પ્રભાતી )

માન કહા અબ મેરા મધુકર ! માન૦ એ આંકણી.

નાભિનંદકે ચરણ સરોજમેં,
કીજે અચલ વસેરા રે;
પરિમલ તાસ લહત તન સહેજે,
ત્રિવિધ તાપ ઉતેરા રે. માન૦ ૧

ઉદિત નિરંતર જ્ઞાનભાન[1] જિહાં,
તિહાં ન મિથ્યાત્વ અંધેરા રે;
સંપુટ હોત નહીં તાતેં કહા,
સાંજ કહા સવેરા રે. માન૦ ૨

નહીંતર પછતાવોગે આખર,
બીત ગયા યો વેરા[2] રે;
ચિદાનંદ પ્રભુ પદકજ સેવત,
બહુરી ન હોય ભવ ફેરા રે. માન૦ ૩

---

૧ જ્ઞાનભાનુ–જ્ઞાનરૂપ સૂર્ય. ૨ વેળા.

વ્યાખ્યા–હે મન ભમરા ! મારૂં માનીને હવે તું ઋષભદેવ પ્રભુના ચરણકમળમાં કાયમ સ્થિતિ કર. તેની મીઠી સુવાસ જે સદ્ભાગી નિત્ય મેળવે છે તેનો ત્રિવિધ તાપ શાન્ત થાય છે. (૧)

જ્યાં કેવળજ્ઞાન-સૂર્ય સદોદિત રહે છે ( કદાપિ અસ્ત પામતોજ નથી ) ત્યાં મિથ્યાત્વ–અંધકાર સંભવેજ શી રીતે ? વળી સંપૂર્ણ લક્ષણવાળાં પ્રભુનાં ચરણકમળ દિનરાત સદાય ખુલ્લા–વિકસિતજ રહે છે. ( સંકોચાતા નથી )ત્યારે તે–વખતે આત્મા તેની સુવાસ લુંટી શકે છે. (૨)

એવા ઉત્તમ પવિત્ર ચરણકમળમાં કાયમી સ્થિતિ કરવાનું તથાવિધ ભાગ્યવગર સાંપડતું નથી. એવી ઉત્તમ તક ખોઇ દીધી તો પછી પરિણામે પસ્તાવુંજ પડશે, છતાં કંઈ વળશે નહીં. એ સર્વજ્ઞ પ્રભુ (ચિદાનંદ)ના ચરણકમળને સદ્ભાવથી સેવતાં પ્રાયે સદ્ભાગી જનોને ભવભ્રમણ કરવુંજ ન પડે. થોડા વખતમાંજ જન્મ મરણથી મુક્ત થઇ શાશ્વત મોક્ષસુખને પામે. (૩)

સાર બોધ–સોરઠ દેશમાં સુપ્રસિદ્ધ શત્રુંજય, સિદ્ધાચળ પ્રમુખ અનેક ઉત્તમ નામોથી વખણાતા પવિત્ર ગિરિરાજ ઉપર જેને અદ્યારે આદ્યસ્ત માને છે એવા શ્રી આદિદેવ પ્રભુ બિરાજે છે. તીર્થપતિ શ્રી આદીશ્વર પ્રભુ એ પવિત્ર પર્વત ઉપર અનેકવાર આવી સમવસર્યા છે અને તેમના ઉપદેશામૃતનું પાન કરી સ્વહિત સાધવા ઉજમાળ થયેલ અનેક કોટિ ભવ્યાત્માઓ એ સ્થળે પરમપદ (મોક્ષ) પામ્યા છે, તેથી એ તીર્થ સિદ્ધક્ષેત્રાદિક અનેક ઉત્તમ નામથી વખણાય છે. તેમના પવિત્ર વંશમાં ઉત્પન્ન થયેલા અસંખ્ય રાજાઓ પ્રમુખ ત્યાંજ સિદ્ધિપદને

પામ્યા છે. ત્યારબાદ પણ અસંખ્ય ભવ્યાત્માઓએ એ ઉત્તમ તીર્થ અને તીર્થપતિના આલંબને સ્વકલ્યાણ સાધ્યું છે. એવો એ તીર્થરાજ અને તીર્થપતિનો અતુલ મહિમા જાણી અદ્યાપિ અનેક ઉત્તમ જનો એ તીર્થપતિની તન-મન-ધનથી સેવા-ભક્તિ કરતા રહે છે. એનો અદ્ભુત મહિમા કંઇક વિસ્તારથી શ્રી શત્રુંજયમાહાત્મ્યમાં વર્ણવેલ છે, બાકી તો અનુભવથી તેની ખાત્રી કરી શકાય છે. જેમણે છતે યોગે એમના દર્શન સ્પર્શન કર્યાજ નથી તેઓ બાપડા દયાપાત્ર છે. સાવધાનપણે એમની યથાવિધિ સેવા કરનારા સહેજે સકળ દુઃખનો અંત કરી અક્ષય અવિનાશી પદ પામે છે. સહુને એવો અપૂર્વ લાભ લેવાનું બનો ! એવી શુભેચ્છા રહ્યા કરે છે.

---

## પદ ૧૯ મું.

### ( રાગ-આશાવરી )

ભૂલ્યો ભમત કહા બે અજાન, ભૂલ્યો૦ એ આંકણી

આલપંપાલ સકળ તજ મૂરખ,
કર અનુભવરસ પાન. ભૂલ્યો૦ ૧

આય કૃતાંત[1] ગહેગો ઇક દિન,
હરિ[2] મૃગ જેમ અચાન;

હોયગો તનધનથી તું ન્યારો,
જેમ પાકો તરૂપાન. ભૂલ્યો૦ ૨

---

૧. કાળ, ૨ સિંહ.

માત તાત તરૂણી સુખસેંતી,
ગરજ ન સરત નિદાન;
ચિદાનંદ એ વચન હમેરા,
ધર રાખો પ્યારે કાન. ભૂલ્યો૦ ૩

વ્યાખ્યા—આત્માને (આત્માના સ્વરૂપને) જાણ્યા સમજ્યા વગર તું ભૂલ્યો ભમે છે અને બીજું ગમે એટલું ભણ્યો હો છતાં તું ખરી વાત (આત્માના રહસ્ય) થી અજાણ હોવાથી અજાણજ કહેવાય છે. નકામી આળપંપાળમાં તારો સમય બરબાદ કરી નાખે છે, તેથી તું મૂર્ખ ઠરે છે. હે બંધુ! આત્માનો અનુભવ થાય એવા શાંત જ્ઞાનામૃતનું પાન કરી તારી રહેણી કરણીને સુધારી હવે તું સુખી થા. (૧)

તારે બરાબર સમજી રાખવાનું છે કે એક દિવસ જેમ સિંહ મૃગલાને પકડી લે છે તેમ કાળ ઓચિંતો આવી તને ઝડપી લેશે તે વખતે તારૂં કશું ચાલવાનું નથી. ત્યારે તો પાકેલા પાન જેમ ઝાડથી જૂદા પડી ખરી જાય છે તેમ તું પણ તન મન ધનથી અવશ્ય જૂદો થઈ જઈશ. (૨)

માતા પિતા અને સ્ત્રી પુત્રાદિકથી નિશ્ચે તારો સ્વાર્થ સરવાનો નથી; કેમકે એ સૌ સ્વાર્થનાજ સગા હોઈ સ્વાર્થનિષ્ઠ હોય છે. એ અમારી વાત બરાબર લક્ષગત રાખી ગફલત કરીશ નહીં. એમ પરોપકારરસિક શ્રી ચિદાનંદજી મહારાજ કહે છે. (૩)

સાર બોધ—જીવ મુગ્ધતાથી જે શરીર, કુટુંબ કબીલાદિક માટે મોહવશ મરી પડે છે તે સંબંધ બધાય કારમા, ક્ષણિક

ને સ્વાર્થી છે. નિત્યમિત્ર સમો દેહ અને પર્વમિત્ર સમા સ્વજન કુટુંબી જનો પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધીજ સંબંધ ધરાવે છે. ખરો નિઃસ્વાર્થ સંબંધ (નાતો) તો કેવળ જુહાર-મિત્ર સમા ધર્મનોજ છે. તે પરદુઃખભંજક હોઇ સુજ્ઞ જનોએ સદા આશ્રય કરવા યોગ્ય છે. ત્રણ મિત્રોની કથા ઉપદેશમાળાની ટીકાના ભાષાન્તરમાંથી વાંચી સાર ગ્રહી, માદક મોહને તજી, ધર્મપ્રેમ જગાડવો જોઇએ અને તેનેજ સાચવી પોષ્યા કરવો જોઈએ અનંત કાળ સુધી ભવચક્રમાં ફરતાં ફરતાં આવો દુર્લભ મનુષ્યભવ ભાગ્યયોગે મળ્યો છે તે જ્ઞાનચક્ષુ ખોલી સાર્થક કરી લેવા ચૂકવું ન જોઇએ. ઘણાએક મુગ્ધજનો 'આ ભવ મીઠા, પરભવ કોણે દીઠા.' એવા નાસ્તિક પ્રાય વચનો વદી અનાચાર કે દુરાચારને સેવી બધો ભવ હારી જાય છે. સુજ્ઞ જનો તો સદાચારથી તેને સાર્થકજ કરે છે.

---

## પદ ૨૦ મું.

### ( રાગ—ધનાશ્રી. )

સંતો અચરિજ રૂપ તમાસા, સંતો૦ એ આંકણી.
કીડીકે પગ કુંજર બાંધ્યો,
જળમેં મકર પીયાસા. સંતો૦ ૧
કરત હલાહલ પાન રૂચિધર,
તજ અમૃતરસ ખાસા;
ચિંતામણિ તજ ધરત ચિત્તમેં,
કાચ શકલકી આશા. સંતો૦ ૨

બિન બાદર વરસા અતિ બરસત,
બિનદિગ બહત બતાસા;
વજ્ર ગલત હમ દેખા જલમેં,
કોરા રહત પતાસા. સંતો૦ ૩
વેર અનાદિ પણ ઉપરથી,
દેખત લગત બગાસા;
ચિદાનંદ સોહી જન ઉત્તમ,
કાપત યાકા પાસા. સંતો૦ ૪

અર્થ—હે સંતો ! તમે આ આશ્ચર્યકારી તમાસો જુઓ. કીડીને પગે હાથીને બાંધ્યો છે અને પાણીમાં રહેનાર મગર-મચ્છ તરસ્યો રહે છે, મુગ્ધ જીવ રૂચિપૂર્વક હળાહળ ઝેરનું પાન ખાસા સુંદર અમૃત રસને તજીને કરે છે. વળી ચિંતા-મણિ રત્નને તજી દઇને કાચના કકડાની આશા રાખે છે. ૧-૨

વગર વાદળે અત્યંત વરસાદ વરસે છે અને તેનું પાણી દિશાના ધોરણ શિવાય જેમ તેમ વહી જાય છે. મેં પાણીમાં વજ્રને ગળી જતું જોયું છે ને પતાસું જેમનું તેમ રહ્યું—ગળી ગયું નહી એમ જોયું છે. ૩

અનાદિ કાળનું વૈર છતાં(આશા)બગલાની જેમ ઉપરથી સ્નેહી તરીકેનો દેખાવ ખોટો આપે છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે તે જીવનેજ ઉત્તમ કહીએ કે જે એનો પાસ—એનું બંધન કાપી નાખે છે. એટલે તેનાથી નીરાળો થઇ મોક્ષપુરીમાં બિરાજે છે, ૪

આ પદમાં પ્રથમની ત્રણે ગાથામાં અસંભાવ્ય વસ્તુનું

સંભવિતપણું ઘટાવ્યું છે. તેમાં વિચાર કરતાં એમ સમજાય છે. કે કીડીરૂપ કર્મવર્ગણાને પગે અથવા આશારૂપ કીડીને પગે અનંત શક્તિવાળો આત્મારૂપ હાથી બંધાણો છે. તેનાથી છુટી શકતો નથી એ આશ્ચર્ય છે.

આત્મિક જ્ઞાનરૂપ જળથી ભરેલા સમુદ્રમાં આત્મારૂપ મગર તેનો આસ્વાદ ન લેતાં તરસ્યો રહે છે. ૧

વળી મુગ્ધજીવ પ્રગટપણે અમરપણું પ્રાપ્ત કરાવનાર જે જ્ઞાનામૃત તેને તજી દઇને હળાહળ વિષરૂપ જે વિષયરસ તેનું રૂચિપૂર્વક આનંદથી પાન કરે છે. તેમજ ચિંતામણિ રત્નરૂપ ધર્મને તજીદઇને કાચના કકડારૂપ પુદ્‌ગલિક વસ્તુની આશા કરે છે–તેને મેળવવા રાત દિન પ્રયાસ કરે છે, ૨

ત્રીજી ગાથાના પેલા બે પદનો ભાવ સમજાતો નથી. બીજા બે પદમાં કહ્યું કે અહંકાર વજ્રતૂલ્ય કઠિન છે તે મૃદુતા–કોમળતા રૂપ જળમાં ગળી જાય છે. અહંકારને નમ્રતા ગાળી દે છે. અને કેટલાક માયાવી જીવ તરત ગળી જાય તેવા પતાસા જેવા જણાય છે છતાં તે ગળતા નથી–અક્કડ ને અક્કડ રહે છે. ૩

આશારૂપ પિશાચી સાથે આ જીવને અનાદિ કાળથી વૈર ચાલ્યું આવે છે–અનાદિ કાળથી તેજ આ સંસારમાં પરિભ્રમણ કરાવે છે, છતાં બગલાની જેમ ઉપરથી પ્રેમ–સ્નેહ બતાવે છે. ચિદાનંદજી કહે છે કે–તેજ મનુષ્ય ઉત્તમ છે કે જે એ પાપી આશાનો પાસ તોડી નાખે છે અને તેનાથી દૂર થઇ–પુદ્‌ગળિક પદાર્થોની પ્રીતિ સર્વથા તજી દઈ મોક્ષમહેલમાં બિરાજે છે. ૪

ઉપર પ્રમાણે મતિકલ્પનાથી 'ઉપનય' જણાવ્યો છે પરંતુ કર્ત્તાના દિલનો આશય આ પ્રમાણે કહેવામાં શું છે ? તે સમજવું ઘણું મુશ્કેલ છે. તેમજ વિશિષ્ટ બુદ્ધિમાન આ કરતાં પણ સારી રીતે ઉપનય ઉતારી શકે તેવું છે.

ત્રીજી ગાથાના બે પદનો ભાવાર્થ ઉપર જણાવ્યો નથી. પરંતુ વધારે વિચાર કરતાં એમ લાગે છે કે અધ્યાત્મપોષક મનુષ્યોના અંતરમાં જ્યારે અનુભવ પ્રગટ થાય છે ત્યારે તે અનુભવ રસનો વરસાદ વાદળા વિના આત્માની અંદર વરસે છે અને તેનો પ્રવાહ દિશાવિદિશાની ગણના વિના સર્વ આત્મપ્રદેશોમાં વિસ્તરી જાય છે, જેથી તેનો આત્મા નવપલ્લવ થયેલા વૃક્ષની જેવો વિકસ્વર બને છે.

એક વિદ્વાન બંધુએ આ પદનો ભાવાર્થ ઘટાવવા ઘણો પ્રયાસ કરી જુદી જુદી દિશાએ સૂચન કર્યું છે, પરંતુ હજુ આ પદનો તલસ્પર્શી ભાવાર્થ સમજવાનું બાકી જણાવાથી તે પ્રગટ કરવામાં આવેલ નથી. વિદ્વાન બંધુઓએ આ પદ સારી રીતે વિચારવું અને નવો પ્રકાશ પાડવા લાયક કોઈ બાબત સમજાય તો અમને લખવું, અમે તેનો ઘટિત ઉપયોગ કરશું.

ઇત્યલમ્.

## પદ ૨૧ મું.

(રાગ—ધનાશ્રી.)

**કર લે ગુરૂ ગમ જ્ઞાન વિચારા—કર લે૦ આંકણી.**

**નામ અધ્યાતમ ઠવણ દ્રવ્યથી,**
**ભાવ અધ્યાતમ ન્યારા—કર લે૦ ૧**

એક બુંદજળથી એ પ્રગટયા,
શ્રુતસાગર વિસ્તારા;
ધન્ય જીનોને ઉલટ ઉદધિકું,
એક બુંદમેં ડારા—કર લે૦ ૨
બીજરૂચિ ધર મમતા પરિહર,
લહી આગમ અનુસારા;
પરપખથી લખ ઇણુવિધ અપ્પા,
અહિ કંચુક જિમ ન્યારા—કર લે૦ ૩
ભાસ પરત ભ્રમ નાસહુ તાસહુ,
મિથ્યા જગત પસારા;
ચિદાનંદ ચિત્ત હોત અચળ ઇમ,
જિમ નભ ધ્રુકા તારા—કર લે૦ ૪

અર્થ—હે આત્મા ! તું ગુરૂગમથી જ્ઞાનનો વિચાર કરી લે. ખરૂં જ્ઞાન કોને કહીએ તે સમજી લે. ગુરૂમહારાજ સિવાય તે વાત સમજાશે નહીં.

અધ્યાત્મના ચાર પ્રકાર છે. નામ અધ્યાત્મ, સ્થાપના અધ્યાત્મ, દ્રવ્ય અધ્યાત્મ ને ભાવ અધ્યાત્મ. આ ચાર પૈકી પ્રથમના ત્રણ અધ્યાત્મથી ભાવ અધ્યાત્મ જુદું જ છે, તેની ખુબી ન્યારી છે. આ ચાર પ્રકારના અધ્યાત્મનું સ્વરૂપ શ્રી આનંદઘનજીકૃત ચોવીશીના શ્રી શ્રેયાંસનાથજીના સ્તવનમાં વિસ્તારથી આપેલું છે. તેમાંથી વાંચીને સમજી લેવાની જરૂર છે. તેનો સાર એ છે કે—

પ્રથમના ત્રણ અધ્યાત્મ ભાવઅધ્યાત્મનાં કારણરૂપ છે. તે જ્યારે ભાવઅધ્યાત્મ પ્રગટે છે ત્યારે પછી ઉપયોગી રહેતા નથી. પછી તો ઉપયોગી ભાવઅધ્યાત્મ જ છે. ભાવઅધ્યાત્મથી આત્મગુણ સધાય છે, માટે તેનોજ સ્વીકાર કરવો યોગ્ય છે. એ તેનું રહસ્ય છે. ( ૧ )

એક બુંદ જળમાંથી અર્થાત ભગવંતે કહેલી ત્રિપદીમાંથી આ શ્રુતસાગરનો વિસ્તાર થયેલો છે. ગણધરોએ દ્વાદશાંગીરૂપે તેનો વિસ્તાર કરેલો છે. કર્તા કહે છે કે તેને ધન્ય છે કે જેણે પાછા તે વિસ્તાર પામેલા ઉદધિને ઉલટાવીને એક બુંદમાં અર્થાત આત્મસ્વરૂપમાં સમાવી દીધેલ છે, આ ક્રિયા સહેલી નથી. મહા મુશ્કેલ છે, નીકટભવી જીવજ એ પ્રમાણે કરી શકે છે. ( ૨ )

હે આત્મા ! તું આગમને અનુસરીને બીજરૂચિ[1]પણું ધારણ કરી સંસારની મમતાને મમત્વ ભાવને તજી દે, અને એ રીતે આત્માને પરભાવથી પુદ્ગળ ભાવથી સર્પને તેની કાંચળીની જેવો ન્યારો સમજ તેમજ તેવો ભેદભાવ સમજીને ન્યારો થઈ જા. ન્યારો થવા પ્રયત્ન કર. જડ પુદ્ગલિકભાવ તે તું નહીં એવો નિરધાર કર, ( ૩ )

જ્યારે આત્માને આવો ખરેખરો ભાસ પડે છે ત્યારે તેનો અજ્ઞાનજન્ય ભ્રમ નાશ પામે છે અને આ જગતનો પ્રસાર

---

૧ થોડા શબ્દોમાં ઘણું સમજવાપણું તે બીજરૂચિ કહેવાય છે. એવા બીજરૂચિવાળા જીવને વધારે સમજાવવું પડતું નથી, થોડા શબ્દોમાંજ તે સઘળી સાચી વાતને ગ્રહણ કરી લે છે. આ સમક્તિની દશ રૂચિ પૈકીનો એક ભેદ છે.

બધો મિથ્યા-જૂઠો અહિતકર ભાસે છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે પછી તેવો ભાવ ધ્રુના તારાની જેમ ચિત્તમાં અચળ થાય છે. તે ભાવ કોઇનો ફેરવ્યો ફેરવાતો નથી. નિશ્ચળ થઇને રહે છે. (૪)

સાર—આ પદમાં ભાવ અધ્યાત્મને સાધ્ય કરવાની ખાસ ભલામણ કરેલી છે. બીજું એક બુંદથી સર્વ પ્રગટ થવું અને એક બુંદમાં પાછું તેને સમાવી દેવું, એ ચમત્કારી વાતને સિદ્ધ કરી છે. પરપક્ષથી અલગ થવાનું સૂચવેલ છે અને જેને સમ્યક્‌શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય તેનો અજ્ઞાનાંધકાર નાશ પામે છે અને પ્રાંતે તે ધ્રુના તારાની જેવી નિશ્ચળ-શુદ્ધ આત્મદશાને પામે છે, એમ બતાવ્યું છે. એટલો ટુંકો સાર ગ્રહણ કરવા યોગ્ય છે.

## પદ ૨૨ મું.

(રાગ—ખમાચી)

અબ હમ ઐસી મનમેં જાણી. અબ૦ આંકણી
પરમારથ પંથ સમજ વિના નર,
વેદ પુરાણ કહાણી. અબ૦ ૧
અંતર લક્ષ વિગત[1] ઉપરથી,
કષ્ટ કરત બહુ પ્રાણી;
કોટિ યતન કર તુષ[2] લહત નાહીં,
મથતાં નિસદિન પાણી. અબ૦ ૨

---

૧ વિના. ૨ ધા.

લવણુ પુતળી થાહ[1] લેણકું,
સાયરમાંહી સમાણી;
તામેં મિલ તદ્રૂપ ભઈ તે,
પલટ કહે કોણ વાણી. અબ૦ ૩
ખટમત મિલ માતંગ[2] અંગ લખ,
યુક્તિ બહુત વખાણી;
ચિદાનંદ સરવંગ વિલોકી,
તત્વારથ લ્યો તાણી. અબ૦ ૪

અર્થ—અત્યારે હવે હું એ વાત બરાબર સમજ્યો, આજ સુધી સમજ્યો નહોતો, જેથી પરમાર્થનો પંથ સમજ્યા વિના મેં વેદપુરાણાદિકની કહાણી-કથની ઘણી કરી, પણ હવે એ બધી પરમાર્થના પંથને બતાવનાર નથી એમ મારી ખાત્રી થઈ. ૧

અંતરલક્ષ વિના અર્થાત્ આત્મસ્વરૂપને ઓળખ્યા વિના ઘણા મનુષ્યો અનેક પ્રકારના કષ્ટો કરે છે, પરંતુ જેમ રાત્રિ દિવસ પાણી વિલોવે ને કોટિ પ્રયત્ન કરે પણ તેમાંથી અંશ-માત્ર પણ ઘીની પ્રાપ્તિ થઈ શકે નહીં, તેમ અંતરલક્ષ વિના આત્મકલ્યાણ સાધી શકાય નહીં. (૨)

લુણ જે મીઠું તેની બનાવેલી પુતળીને સમુદ્રનો તાગ લેવા મોકલી, તેનું પરિણામ એ આવ્યું કે તે તો તેમાં સમાઈ જ ગઈ-તદ્રૂપ જ બની ગઈ. એટલે પછી પલટીને-પાછી આવીને

---

૧ તાગ. ૨ હાથી.

સમુદ્રના તાગની વાત કોઇને કરી નહીં. (૩)

આ ગાથાનું રહસ્ય એ છે કે આત્મા અનુભવ જ્ઞાન મેળવવા માટે આત્મસ્વરૂપના ચિંતવનમાં લીન થઈ ગયો તે તો તદ્રૂપજ બની ગયો, એટલે પછી અનુભવ જ્ઞાનની વાત કોણ કોને કરે? જેને આવી ખરી જીજ્ઞાસા જાગે તે પોતે જાતેજ તેનો અનુભવ કરી જુએ.

ખટ્ દર્શનના વેત્તા છ પુરૂષ પૈકી પાંચને શાસ્ત્રકારે અંધ કહ્યા છે. તે પાંચ આંધળાઓ હાથીને જોવા ગયા, તેઓએ હાથીના જુદા જુદા પાંચ અંગો પકડ્યા (તેનો સ્પર્શ કર્યો) ને તેનેજ હાથી માની લીધો. એકે પગ પકડ્યો, તેણે કહ્યું કે હાથી થાંભલા જેવો છે. એકે કાન પકડ્યો, કાનને સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી સુપડા જેવો છે. એકે દાંત પકડ્યા તેણે કહ્યું કે હાથી સાંબેલા જેવો છે. એકે સુંઢને સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી કેળના સ્થંભ જેવો છે. એકે પુંછડાને સ્પર્શ કર્યો તેણે કહ્યું કે હાથી લાંબા વાંસ જેવો છે. આ પ્રમાણે પાંચે આંધળા વિવાદ કરતા હતા, તેવામાં એક ચક્ષુવાળા છઠ્ઠા મનુષ્યે આખા હાથીને દૃષ્ટિવડે જોઈ, તેના સર્વે અંગ વિલોકી કહ્યું કે–હાથી તો થાંભલા જેવોએ નથી, સુપડા જેવોએ નથી, સાંબેલા જેવોએ નથી, કેળના સ્થંભ જેવોએ નથી અને લાંબા વાંસ જેવોએ નથી, માટે તમે ફોગટ પરસ્પર તકરાર ન કરો. હાથીને તો મેં નજરે જોયો છે તેથી કહું છું કે તે તો એક મોટું પ્રાણી છે અને ઘણું સુશોભિત છે. તમે માત્ર તેના એક એક અંગનેજ જોયા છે, તેથી હાથીના ખરા સ્વરૂપને ઓળખી શક્યા નથી. ચિદાનંદજી મહારાજ કહે છે કે તમે પણ એ પ્રમાણે આત્માનું

એકાંગી સ્વરૂપ ન જોતાં તેનું સર્વાંગી સ્વરૂપ જુઓ. અથવા એકાંત દૃષ્ટિથી ન જોતાં અનેકાંત દૃષ્ટિથી જોઈ તેમાંથી તત્ત્વાર્થ (પરમાર્થ) ને મેળવી લ્યો. (૪)

**સાર**—આ પદમાં ભારે રહસ્ય ભરેલું છે. તેની મતલબ ખાસ કરીને ખરો પરમાર્થ પંથ જાણવાની-સમજવાની છે. જેણે ખરો પરમાર્થ પંથ જાણ્યો તે પ્રાણી પછી આ સંસારમાં પરિભ્રમણ કરતો નથી. જેને ખરો માર્ગ સમજાણો તે ધીમો કે ઉતાવળો તે માર્ગે ચાલી ઇચ્છિત (ઇષ્ટ) સ્થાને વહેલો કે મોડો પહોંચે છે, ભુલાવો ખાતો નથી.

## પદ ૨૩ મું.

### (રાગ—ટોડી)

સોહં સોહં સોહં સોહં.
સોહં સોહં રટના લગીરી.—સો૦ આંકણી.
ઇંગલા[૧] પિંગલા[૨] સુખમના[૩] સાધકે,
અરૂણ પ્રતિથી પ્રેમ પગીરી;
વંકનાલ ખટચક્ર[૪] ભેદકે,
દશમદ્વાર[૫] શુભ જ્યોતિ જગીરી. સોહં૦ ૧

૧ ઇંગલા નાડી જમણી બાજુની, સૂર્યસ્વર. ૨ પિંગલા નાડી ડાબી બાજુની, ચંદ્રસ્વર. ૩ સુષુમ્ણા નાડી મધ્યની, બંને બાજુથી શ્વાસ નીકળે તે. ૪ છ ચક્ર આ પ્રમાણે-અધો, નાભિ, હૃદય, કંઠ, ભાલ ને શીર. ૫ બ્રહ્મરંધ્ર.

ખુલ્લત કપાટ ઘાટ નિજ પાયો,
જનમ જરા ભયભીતિ ભગીરી;
કાચ શકલ[1] દે ચિંતામણિ લે,
કુમતા કુટિલકું સાહજ ઠગીરી. સોહં૦ ૨
વ્યાપક સકળ સ્વરૂપ લખ્યો ઇમ,
જિમ નભમેં મગ લહત ખગીરી[2];
ચિદાનંદ આનંદ મૂરતિ,
નિરખ પ્રેમભર બુદ્ધિ થગીરી.[3] સોહં૦ ૩

અર્થ—સોહં સોહં સોહં એવી અધ્યાત્મી મનુષ્યના મગજમાં રટના થઈ રહી હોય છે, મુખથી ઉચ્ચાર કર્યા વિના તેવો અંતરનાદ થયા કરે છે, જે નાદ તેનો આત્માજ સાંભળે છે.

આવી રટના કરનાર મનુષ્ય ઇંગલા, પિંગલા ને સુષુમ્ણા એ ત્રણે નાડીને સાધીને આત્મઅનુભવસાથે પ્રીતિ દૃઢ કરે છે. પછી વંકનાળ જે વાંસાની કરોડનો ભાગ અને ષટ્ચક્ર જે શરીરના જુદા જુદા ભાગમાં રહેલા છે તેને ભેદીને દશમદ્વારમાં-બ્રહ્મરંધ્રમાં શુભ જ્યોતિ જાગૃત થાય છે-પ્રકાશનો સ્પષ્ટ ભાસ થાય છે. પછી હૃદયના કપાટ (દ્વાર) ખુલ્લી જાય છે. અને પોતાના સ્વરૂપનો આ જીવ સાક્ષાત્કાર કરે છે. એટલે જન્મ જરા ને મરણનો ભય નાશ પામે છે. આ પ્રમાણે થવાથી કુટિલ અને ઠગારી એવી કુમતા પાસે કાચનો કકડો રહે છે અને શુદ્ધ થયેલ આત્મા, ચિંતામણિરૂપ શુદ્ધ સ્વરૂપને મેળવે

---

૧ કકડો. ૨ પક્ષી. ૩ સ્થિર થઈ

છે. અર્થાત્ પુદ્‌ગળિક ભાવ—તદાસક્તિરૂપ કાચના કકડાને તજી દઈને આત્મસ્વરૂપ જે ચિંતામણિ રત્નતુલ્ય છે તેને મેળવે છે.૧-૨

આ પ્રમાણે થવાથી આ શરીરમાં અથવા આખા જગતમાં સર્વત્ર વ્યાપક એવા આત્મસ્વરૂપને બરાબર લખે છે-ઓળખે છે. પક્ષીઓ જેમ આકાશમાં માર્ગ જાણી શકે છે, તેમ તે પણ સ્વસ્વરૂપને પામી શકે છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે આનંદની મૂર્ત્તિતૂલ્ય સ્વસ્વરૂપને નિરખીને અત્યંત પ્રેમ ઉપજવાથી બુદ્ધિ પણ ત્યાં સ્થિર થઇ જાય છે—ચળિત ભાવ તજી દે છે. (૩)

સાર—આ પદમાં ખાસ યોગનો વિષય ટુંકામાં બતાવ્યો છે, તેથી આ પદનો ખરો અર્થ તેના અનુભવીજ લખી કે સમજાવી શકે તેમ છે. અમે તો માત્ર શબ્દાર્થ લખી તેમજ તેમાં તેના તે શબ્દો મૂકીને ચલાવી લીધું છે. કોઈ યોગાભ્યાસી આ પદનો વિસ્તૃત અર્થ લખી મોકલશે તો તે આભાર સાથે સ્વીકારી તેનો ઘટિત ઉપયોગ કરશું. ——:૦:——

## પદ ૨૪ મું.

( રાગ—ટોડી )

અબ લાગી, અબ લાગી, અબ લાગી, અબ લાગી,
અબ લાગી, અબ લાગી અબ પ્રીત સહીરી. અબ૦ આંકણી.
અંતર્ગતકી વાત અલી[1] સુન,
મુખથી મોંપે[2] ન જાત કહીરી;
ચંદ્ર ચકોરકી ઉપમા ઇણુ સમે,
સાચ કહું તોહે જાત વહીરી. અબ૦ ૧

૧ સખી. ૨ મારાથી.

જળધર બુંદ સમુદ્ર સમાણી,
ભિન્ન કરત કોઉ તાસ મહીરી;
દ્વૈત ભાવકી ટેવ અનાદિ,
છિનમેં તાકું આજ દહીરી[1]. અબ૦ ૨
વિરહ વ્યથા વ્યાપત નહીં આલી[2]
પ્રેમ ધરી પિયુ અંક ગહીરી;
ચિદાનંદ ચુકે કેમ ચાતુર,
એસો અવસર સાર લહીરી. અબ૦ ૩

અર્થ—સુમતા કહે છે કે હવે તો બરાબર આંતર પ્રીતિ લગી છે—સજ્જડ થઇ છે. ચળિત થાય તેમ નથી. વળી તે મારા મુખથી કહી જાય તેમ પણ નથી. આ અમારી પ્રીતિને ચંદ્ર ને ચકોરની પ્રીતિ સાથે સરખાવું તો તે તો સાચું કહું છું કે નજીવીજ જણાય છે, મારા આત્મા સાથેની પ્રીતિને તે ઉપમા કોઇ રીતે ઘટીજ શકતી નથી. (૧)

જળધર જે મેઘ તેનું બુંદ જે સમુદ્રમાં સમાઈ ગયું, ભળી ગયું, તેને કોણ જુદું પાડી શકે તેમ છે? કોઈ જુદું પાડી શકે તેમ નથી. આ પ્રમાણેની પ્રીતિ થવાથી આ આત્માને અનાદિકાળથી દ્વૈત ભાવની ખોટી ટેવ જે પડી હતી તેને એક ક્ષણમાત્રમાં બાળી દીધી—તે ટેવનો નાશ કર્યો. (૨)

શુદ્ધ ચેતના સુમતાને કહે છે કે હે સખી! હવે મને વિરહની વ્યથા થાય તેવું તો રહ્યુંજ નથી. કારણ કે મારા ભર્તારે

---

૧ બાળી દીધી. ૨ સખી.

મને પ્રેમપૂર્વક ખોળામાં લીધી છે-સ્વીકારી છે. ચિદાનંદજી કહે છે કે, આવો શ્રેષ્ટ અવસર પામીને ચતુર મનુષ્ય કેમ ચુકે ? નજ ચુકે. આવા પુન્યમેળાપમાંથી વિખુટા કેમ થવાય ? (૩)

સાર—જ્યારે આત્મા પોતાનું સ્વરૂપ સમજીને શુદ્ધ ચેતના સાથે મળી જાય છે-તેની સાથે એકમેક થાય છે, ત્યારે શુદ્ધ ચેતનાને જે હર્ષ થાય છે તે સુમતાને કહી બતાવે છે. આ પ્રીતિને ચંદ્ર ચકોરની કે બીજી કોઇ ઉપમા ઘટી શકતી નથી. આ પ્રીતિ અનુપમેય છે. વળી તે એકવાર સાચેસાચી બંધાણી એટલે પછી તે છૂટતીજ નથી. તેથીજ તે અપૂર્વ કહેવાય છે.

## પદ ૨૫ મું.

( રાગ—ટોડી )

પ્રીતમ પ્રીતમ પ્રીતમ પ્રીતમ,
પ્રીતમ પ્રીતમ કરતી મેં હારી. એ આંકણી.
ઐસેં નિઠુર ભયે તુમ કૈસેં,
અજહું[1] ન લીની ખબર હમારી;
કુવણ ભાત તુમ રીઝત મોંપે[2],
લખ ન પરત ગતિ રંચ તિહારી. પ્રીતમ૦ ૧
મગન ભયે નિત્ય મોહસુતા સંગ,
બિચરત હો સ્વછંદવિહારી;

---

૧ હજી સુધી. ૨ મારી ઉપર.

[illegible],
શોભા નાહીં જગમાંહી તિહારી. પ્રી૦ ૨

એ એ વાત તાત મમ સુણીએ,
મોહરાયકી કરીહે ખુવારી;
મમ પીયર પરિવારકે આગળ,
કુમતા કહા તે રંક બિચારી. પ્રી૦ ૩

કોટિ જતન કરી ધોવત નિશદિન,
ઉજરી ન હોવત કામર[1] કારી;
તિમ એ સાચી શીખામણ મનમાં,
ધારત નાંહી નેક અનારી[2]. પ્રી૦ ૪

કહત વિવેક સુમતિ સુણ જિમતિમ,
આતુર હોય ન બોલત પ્યારી;
ચિદાનંદ નિજ ઘર આવેંગે,
હોયદિનોમેં ઉમ્મર સારી. પ્રી૦ ૫

ભાવાર્થ—કુમતિને વશ થઇ પડેલ પોતાના પ્રાણપ્રિય પતિ ચેતનને સુમતિ વિરહાનળથી દગ્ધ થઇ સતી ઠપકો દેતી કહે છે કે-પ્રાણનાથ-પ્રિયતમનું નામ રટણ કરતી અને વિરહાનળથી દાઝી સતી વારંવાર વ્હાલેશ્વરનું નામ ઉચ્ચારતી ઉચ્ચારતી હું થાકી ગઇ, તેમ છતાં અદ્યાપિ પર્યંત આપે મારી ખબરઅંતર

---

૧ કાળી કામળી. ૨ અનાડી.

લીધી નથી, એવા આપ [illegible] કેમ થઇ ગયા છો ! આપ મારી ઉપર શી રીતે રીઝો ( પ્રસન્ન થાઓ ) એની મને લગારે ગમ પડતી નથી, તેથી મનમાં ઘણી મુંઝવણ થાય છે. તેનો શો ઉપાય કરવો ! (૧)

આપ સદાય કુમતિના સંગમાં મગ્ન બની રહી સ્વેચ્છા મુજબ મ્હાલો છો, અમન ચમન ઉડાવો છો, રંગરાગમાં રાતા રહો છો, પરંતુ હે પ્રિયતમ ! હું આપને સાચું કહું છું કે તેમાં આપની શોભા નથી-ઉલટી હલકાઈ થવા પામે છે. પછી આપ તે માનો કે ન માનો પણ પતિવ્રતા તરીકે આપને હું એ વાત નિવેદન કરી છુટું છું. ( ૨ )

આપ કુમતિનો પરિચય કરી આપની પાયમાલી કરી રહ્યા છો એ વાતની મારા જનક ( પિતા ) ધર્મરાજાને ખબર પડશે તો તે મોહરાજાનીજ ખુવારી કરશે એટલે તેનો નાશ કરશે. મારા પીયરીયા-ધર્મ મહારાજના પરિવાર આગળ તે રાંકડી કુમતિનું શું જોર ચાલવાનું હતું ? તે આપહીને લાગતાં વાં બારે થઈ પડશે, પણ આપ સમજીને તેનો સંગ તજશો તો બહુ સારૂં. ( ૩ )

કાળી કામળને ગમે તેટલા મરી મથીને-સેંકડો ઉપાયથી ધોવે-ધોયા કરે તો પણ તે કદાપિ ઉજળી થાય નહીં. તેમ હું ગમે એટલી અંતરની લાગણીથી આપનું હિત ઇચ્છીને સાચી સલાહ આપવા મન કરૂં છું પણ અત્યંત આગ્રહી એવા આપ તે વાતને તલમાત્ર પણ દીલમાં ધરતા નથી; આટલી બધી હઠીલાઈ કરવી આપને ઘટે નહીં-શોભે નહીં. ( ૪ )

ચેતન-ચેતનાનો હિતમિત્રરૂપ વિવેક સુમતિને સમજાવે છે કે 'હે વ્હાલી બ્હેન! તું ધીરજ રાખ-અતિ ઉતાવળી થઇને તારા પતિને જેમ તેમ ઠપકાભર્યા વેણુ ન બોલ. તારે વધારે બોલવાની જરૂરજ નહીં રહે. થોડા વખતમાં તારા પ્રિય પતિ ચેતનરાય તારા મંદિરમાં જરૂર આવશે અને પછી કાયમ રહેશે. મારાં હિત વચનમાં વિશ્વાસ લાવીને વ્હાલી બ્હેન! તું ધીરી થા; અને મારૂં વચન સફળ થાય એવી ભાવના દીલમાં ધારી રાખ. પતિવિરહ તારા જેવી પતિવ્રતા સ્ત્રીને વધારે સાલે એ સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે તારા પ્રાણનાથ હવે તને વેલાસર મળશે અને તારૂં કાયમનું દુઃખ ટળશે. (૫)

સારબોધ—અનાદિ કાળથી ચેતન મોહની લાડકવાયી પુત્રી કુમતિના ફંદમાં ફસાઇ પોતાની ખરાબી કરી રહ્યો છે. મન અને ઇન્દ્રિઓને મોકળા મૂકી. સ્વચ્છંદ વર્તનથી વિવેકભ્રષ્ટ બની રહ્યો છે. વિવિધ વિષયોમાં મ્હાલતોસતો સાંઢપેરે સૌને તુચ્છ ગણે છે, પરંતુ અંતે અનેક પ્રકારની વિડંબના પામી બહુ દુઃખી થાય છે. ક્રોધાદિક કષાયથી અંધ બની ન કરવાના કામ કરે છે, ને ન બોલવાના બોલ બોલે છે, પાપનો કે પરભવનો ડર રાખતો નથી, એથીજ તેની અધોગતિ થયા કરે છે. તેમાં કુટાતાં પીટાતાં કડવા અનુભવ કરતાં કોઈ વખતે જ્ઞાની ગુરૂનો ભેટો થતાં, તેમનો સદુપદેશ લાગવાથી તેને ધર્મ ઉપર રૂચિ-પ્રીતિ ઉત્પન્ન થાય છે, એટલે તે વિષયાંધતા તજી કલ્યાણમિત્ર રૂપ વિવેકની સોબત કરે છે. તેથી તેનામાં કંઇક પાત્રતા આવે છે, એટલે ધર્મરાજાની વ્હાલી પુત્રી સુમતિ તેને વરે છે. અહીંથી તેનો ભાગ્યોદય ઠીક થવા માંડે છે. તેનુ એકાન્ત હિત-શ્રેય

ઈચ્છનારી સુમતિ અહોનિશ તેને સારી સલાહ આપે છે, તેથી અનુક્રમે ચેતન ધર્મના પાયા જેવી મૈત્રી, મુદિતા, કરૂણા ને માધ્યસ્થતારૂપ ચાર ભાવનાને મનમાં દ્રઢ સ્થાપી, યથાશક્તિ તપ જપ વ્રત નિયમનું સેવન-પાલન કરવા તત્પર થાય છે. પૂર્વે સ્વછંદાચરણથી મન વચન કાયામાં જે મલીનતા કરી હતી તે ટાળીને હવે પવિત્રતા દાખલ કરી સહજાનંદમાં મગ્ન રહી શકે છે, સુસંયમના પાલન યોગે એ બધું શકય થાય છે.

## પદ ૨૬ મું.

( રાગ—આશાવરી તથા ગોડી )

અબધુ નિરપક્ષ વિરલા કોઇ, દેખ્યા જગ સહુ જોઇ. અ૦
સમરસ ભાવ ભલા ચિત્ત જાકે, થાપ ઉથાપ ન હોઈ;
અવિનાશીકે ઘરકી બાતાં, જાનેગે નર સોઇ. અ૦ ૧
રાયરંકમેં ભેદ ન જાને, કનક ઉપલ સમ લેખે;
નારી નાગણીકો નહીં પરિચય, તો શિવમંદિર દેખે. અ૦ ૨
નિંદા સ્તુતિ શ્રવણ સુણીને. હર્ષ શોક નવિ આણે;
તે જગમેં જોગીસર પૂરા, નિત્ય ચઢતે ગુણઠાણે. અ૦ ૩
ચંદ્ર સમાન સૌમ્યતા જાકી, સાયર જેમ ગંભીરા;
અપ્રમત્ત ભારંડપરે નિત્ય, સુરગિરિસમ શુચિધીરા. અ૦ ૪
પંકજ નામ ધરાય પંકશ્યું, રહત કમળ જિમ ન્યારા;
ચિદાનંદ ઇશ્યા જન ઉત્તમ, સો સાહિબકા પ્યારા. અ૦ ૫

વ્યાખ્યા—જગમાં સર્વત્ર ઢુંઢી જોયું તો જગતથી નિરાળા-નિઃસ્પૃહી સંત સાધુજનો કોઈ વિરલાજ દીસે છે. જેમનું અંતર સમતારસથી ભીનું રહે છે, તેથીજ જે ખંડન મંડનની ધાંધલમાં પડતાજ નથી. દૃઢ વૈરાગ્યયોગે એવી નિરૂપયોગી અથવા અલ્પ ઉપયોગી વાતથી પોતે ઉદાસીન યા મધ્યસ્થ રહે છે. તેવા સંત સાધુજનો જ અવિનાશી પરમાત્માના ઘરની વાતો જાણી શકે છે. તેવા સમભાવી મહાત્માઓજ પરમાત્માના સ્વરૂપને તથા તેમની પવિત્ર આજ્ઞાંઓને યથાર્થ સમજવા, સદ્દહવા ને આચરવા ખરા અધિકારી ( પાત્ર ) હોઇ શકે છે. (૧)

જે સંત જનો રાજા તથા રંકને પક્ષપાત રહિત સમાન ભાવથી જોવે છે, તેમના વચ્ચે ભેદભાવ (અંતર) રાખ્યા વગર તેમને યથોચિત હિતોપદેશ આપે છે, સોનાને અને પથ્થરને સમાન લેખવે છે, એટલે ગમે તેવી કિંમતી ચીજ ઉપર લલચાતા નથી પણ તેની ઉપેક્ષા કરે છે, તેમજ જે કાળી નાગણુ સમી વિષયવિકારથી ભરેલી નારીનો સંગ-પ્રસંગ કે વિશ્વાસ કરતા નથી, તેવા ખડ્ગસમા કઠણ વ્રતને પાળનારાજ મોક્ષના અધિકારી બને છે, તેમનેજ અક્ષય સુખ મળી શકે છે. (૨)

સ્વનિંદા કે સ્વસ્તુતિ થતી શ્રવણે સુણીને જે હર્ષ-શોકને ધારતા નથી, પણ કેવળ નિજસ્વરૂપમાં રમણતા કર્યા કરે છે. એવા સાચા યોગીશ્વરો સદા ચઢતા પરિણામે ગુણશ્રેણિમાં આગળ વધે છે. એવા સંતજનોજ સ્વપરને તારી શકે છે. (૩)

જેઓ ચંદ્ર સમી શીતળતાને પ્રસારે છે, સાગર સમી ગંભીરતાને ધારે છે, સંયમનું પાલન કરવામાં ભારંડ સરખી

સાવધાનતા રાખે છે, તેમજ મેરૂપર્વત સમી પવિત્રતાને-નિશ્ચળતાને સદાય આદરે છે. (૪) વળી—

જેમ પંકજનામધારી કમળ જળ ને કાદવથી ન્યારૂં રહે છે, તેનાથી લેપાતું નથી, તેમ જે સંત-સુસાધુ જનો વિષય-ભોગથી નિર્લેપ રહે છે, વિષયલાલસાથી ખરડાતા નથી, વિષય-વાસનાને હઠાવી-દૂર કરી, રત્નત્રયીનું અખંડ આરાધન કરે છે, તેવા સ્વરૂપ-રમણી મહાત્માઓ પરમાત્મપદને પામી શકે છે. (૫)

સારબોધ—ખરૂં સાધુપણું કેવું હોવું જોઈએ ? અને તેનું યથાર્થ પાલન કરવામાં કેવી પાત્રતા ને સાવધાનતા હોવી જોઇએ ? તેનું ચિત્ર ઉપલા પદમાં આપીને આજકાલ સાધુમાર્ગમાં વ્યાપી રહેલી શિથિલતા અથવા પ્રમાદાચરણને દૂર કરવા આત્માર્થી સજ્જનોનું લક્ષ્ય ખેંચવામાં આવ્યું છે. જો કે પૂર્વપુરૂષોની હોડ કરે એવું વિશુદ્ધ ચારિત્ર અપ્રમત્તભાવે પાળનાર અત્યારે કોઈ ભાગ્યેજ મળે તેમ છે, પરંતુ એવી શુદ્ધ ભાવના દીલમાં ધારી રાખીને તદનુસાર યથાશક્તિ સંયમનો ખપ કરવામાં આવે તો તેથી સ્વપરને સારો લાભ થવા સંભવ રહે છે. કેમકે ઉપદેશ-માળાદિકમાં શુદ્ધ સંવિજ્ઞપણું (સાધુપણું) જો પળી ન શકે તો સાધુપણાનો દંભ ( ખોટો ડોળ-ડિમાક ) તજી નિર્દંભ-નિષ્કપટપણે સરલતાથી સાધુલિંગ( વેષ )ને મૂકી, યથાયોગ્ય સ્થળે, ગૃહસ્થયોગ્ય વ્રતનિયમોનું સારી રીતે પાલન કરવાના ખપી થવાનું અથવા એ લિંગ-વેષ તજી નજ શકાય તો રાખીને પણ પોતાના છતા દોષને ગોપવવા નબળો પ્રયત્ન નહી કરતાં, શુદ્ધ માર્ગની પ્રરૂપણા કરવા સાથે શુદ્ધ સંવિજ્ઞ

( સાધુ ) જનોની સેવા-ભક્તિ કિંકરની પેરે કરવાનું, લઘુ દીક્ષિત સાધુને-પોતે ગમે તેટલા મોટા દીક્ષાપર્યાયનો હોય તેમ છતાં પ્રેમોલ્લાસથી વાંદવાનું, પણ પોતાને નહીં વંદાવવાનું ફરમાવ્યું છે. મિથ્યાભિમાન મૂકીને એ રીતે સંવિજ્ઞપક્ષીપણું આદરીને સમયોચિત જયણા પાળનારા એવા ધર્મી જીવો પણ સ્વહિત સાધી શકે છે.

## પદ ૨૭ મું.

( રાગ—બિહાગ અથવા ટોડી )

લઘુતા મેરે મન માની, લઇ ગુરૂગમ જ્ઞાન નિશાની. લ૦
મદ અષ્ટ જિનોને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. ૧
શશી સુરજ બડે કહાવે, તે રાહુકે બશ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વર્ભાનુ[1] ભીતિ[2] નિવારી. લ૦ ૨
છોટી અતિ જોયણગંધી[3], લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી[4] મોટાઇ ધારે, તે છાર[5] શિરપર ડારે. લ૦ ૩
જબ બાળચંદ[6] હોઈ આવે, તબ સહુ જગ દેખણ ધાવે;
પુનમ દિન બડા કહાવે, તબ ક્ષીણ કળા હોઇ જાવે. લ૦ ૪
ગુરૂવાઇ[7] મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે. લ૦ ૫

---

૧ રાહુ. ૨ બીક. ૩ કીડી. ૪ હાથી. ૫ કચરો. ૬ બીજનો ચંદ્ર ૭ મોટાઇ.

**શિશુ રાજધામમેં જાવે, સખી હીલમીલ ગોદ ખીલાવે;**
**હોય બડા જાણુ નવિ પાવે, જાવે તો સીસ કટાવે. ૯૦૬**
**અંતર મદભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે;**
**ઈમ ચિદાનંદ એ ગાવે, રહણી વિરલા કોઉ પાવે. ૯૦૭**

**ભાવાર્થ**—ગુરૂ મહારાજની કૃપા-પ્રસાદીરૂપે મળેલી હિતશિક્ષાથી લઘુતા-નમ્રતા-મૃદુતા-સભ્યતા આદરવામાં નીચેની વાત લક્ષમાં લેતાં મને અત્યંત લાભ સમજાયો છે.

૧ મિથ્યા અભિમાની (ઘમંડ રાખનાર) દુનિયામાં છક્કડ ખાઇ જાય છે અને ભારે દુઃખી-હેરાન થાય છે. જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય, બુદ્ધિ પ્રમુખની અધિકતા (બીજા કરતાં અધિક) પામી જે તેને જીરવી નથી શકતા અને મદાંધ બની તેનો દુરૂપયોગ કરે છે, તે બીચારા ભુંડા હાલે મરીને નીચી-હલકી ગતિમાં જઇ પટકાય છે. ત્યાં તેને કોઇ ત્રાણ-શરણ કે આધાર રૂપ થવા પામતું નથી.

૨ ચંદ્ર અને સૂર્ય જ્યોતિષમંડળમાં મોટા કહેવાય છે તો તે રાહુવડે ગ્રસાય છે અને તારાઓ નાના-છોટા કહેવાય છે તો તેમને રાહુની કશી બીક (ગ્રહણ કરવાની) રહેતી નથી-તેમને રાહુ નડતોજ નથી.

૩ અતિ છોટી કાયાવાળી કીડી ગંધબળથી સુગંધી ખટરસનો સ્વાદ લહી શકે છે અને હાથી મોટાઇ(મોટી કાયાને) ધારી સુંઢવતી પોતાનાજ માથે ધૂળ નાંખે છે.

૪ જ્યારે બીજની રાત્રિએ ચંદ્રની કળા પ્રગટે છે. ત્યારે સહુ કોઇ તેને દેખવા-જોવા દોડે છે, પરંતુ એજ ચંદ્ર પુનમે પૂરી સોળ કળા પામી રહે છે ત્યારે કોઈ તેને જોવા જતું નથી અને તેની કળા ક્ષીણ (ઓછી) થવા માંડે છે; એટલે તે પ્રથમની જેમ પ્રીતિપાત્ર થતો નથી.

૫ કોઇ એવા દુષ્ટ અપરાધ પ્રસંગે અપરાધીને શિક્ષા દેવા અંગમાં ઠીકઠીક શોભનિક ને ઉપયોગી લેખાતા કાન ને નાકને રાજાઓ છેદાવી નાખે છે અને અંગમાં પગ ( ચરણ ) સાવ નિકૃષ્ટ-હલકા-લઘુ લેખાય છે તેથી શિષ્ટ ને પૂજ્ય જનોનાં ચરણો પૂજાય છે.

૬ નાનું બાળક રમતગમતમાં રાજમહેલમાં ચાલ્યું ગયું હોય તો તેમાં વસનારી અંતેઉરીઓ અને તેની દાસીઓ ભેગી મળીને પ્રીતિથી તેને ખોળામાં બેસાડી રમાડે છે, પણ જો કોઈ મોટી ઉમ્મરનો અજાણ્યો માણસ હોય તો તે ત્યાં જવા પામેજ નહીં અને ભૂલે ચુકયે કદાચ કોઈ ત્યાં જઇ ચડ્યો હોય તો તેના જીવનું જોખમ થાય છે, નાના બાળકમાં નિર્દોષતા-સરલતા-પ્રસન્નતા જોઈ-જાણી સહુ તેની ચાહના કરે છે અને મોટામાં ખોટી આશંકા લાવી તેનો પ્રાણ લેવા તત્પર થઈ જાય છે.

૭ પૂર્વોક્ત પ્રકારે મદ અભિમાનમાત્રને ગાળી નાખવાથી જીવ ત્રણ ભુવનમાં શ્રેષ્ટ તીર્થંકર જેવી પદવી પામે છે. એ રીતે ચિદાનંદજી મહારાજ હિતશિક્ષા આપી છેવટે જણાવે છે કે આ પ્રમાણે જાણતાં છતાં કોઇ વિરલ સદ્ભાગી જનોજ ખરી હિતકરણી આદરી સુખી થાય છે.

**સારબોધ**—કુલ, જાતિ, બલ, વિદ્યા, ઐશ્વર્યાદિ આઠ પ્રકારનો મદ કરનારાને લાભ કશો થતો નથી અને હાનિ તો અપરંપાર થવા પામે છે. જે જે વસ્તુનો આ ભવમાં મદ કરાય છે તેજ વસ્તુથી ભવાન્તરમાં બે નશીબ રહેવાય છે. અને જો સર્વ મદમાત્રનો જય કરવામાં આવે છે તો તીર્થંકર જેવી સર્વોત્કૃષ્ટ પદવી પણ પામી શકાય છે.

## પદ ૨૮ મું.

### (રાગ—ટોડી.)

કુથણી કુથે સહુ કોઇ, રહણી અતિ દુર્લભ હોઈ. આં૦
શુક રામકો નામ બખાણે, નવિ પરમારથ તસ જાણે;
યા વિધ ભણી વેદ સુણાવે, પણ અકળ કળા નવિ પાવે.કુ૦૧
ષટ્ત્રિંશ પ્રકાર રસોઇ, મુખ ગણતાં તૃપ્તિ ન હોઇ;
શિશુ નામ નહીં તસ લેવે, રસ સ્વાદત સુખ અતિલેવે.કુ૦૨
બંદીજન[1] કડખા ગાવે, સુણી શૂરા સીસ કટાવે;
જબ રૂંઢમુંડતા[2] ભાસે, સહુ આગળ ચારણ નાસે.કુ૦૩
કુહણી તો જગત મજુરી, રહણી હે બંદી હજુરી;
કુહણી સાકર સમ મીઠી, રહણી અતિ લાગે અનીઠી.[3]કુ૦૪
જબ રહણીકા ઘર પાવે, કુથણી તબ ગિણતી આવે;
અબ ચિદાનંદ ઇમ જોઇ, રહણીકી સેજ રહે સોઈ.કુ૦૫

---

૧ ભાટચારણ વિગેરે, ૨ માથાં કપાવા માંડે ત્યારે, ૩ અનિષ્ટ—કડવી.

**અર્થ**—કથની-સારી વાતો તો સહુ કોઈ કરી શકે છે, પરંતુ કથનીય વિભાગમાંથી વિવેકપૂર્વક આદરવા યોગ્ય આદરવા અને તજવા યોગ્ય તજવા તરફ લક્ષ રાખનારા કોઇ વિરલ સદ્ભાગી જનોજ હોય છે, એ વાત નીચેની હકીકત ઉપરથી સ્પષ્ટ થવા પામશે.

૧. જેમ ભણાવી રાખેલો પોપટ રામનું નામ લે છે ખરો પરંતુ તેનો પરમાર્થ કશો જાણતો નથી, તેમ વેદ-શાસ્ત્ર પ્રમુખ ભણી જઇ બીજાને તે સંભળાવે છે ખરા, પરંતુ પરમાર્થશૂન્યતાથી ખરી આત્મ-કળા (અધ્યાત્મ દશા) પામી શકતા નથી.

૨. છત્રીશે પ્રકારની રસોઇનાં નામમાત્ર ગણી જવાથી કંઈ ભૂખ ભાંગતી નથી અને નાના બાળકને તેનું નામ ઠામ કશું આવડતું ન હોય તો પણ જ્યારે ભૂખ લાગે ત્યારે તેને ખાવા માટે મળતાં તે સુખ, સંતોષ પામી જાય છે. એ રીતે કહેણી માત્રથી નહી પણ ખરી રહેણી-કરણીથીજ કાર્ય સરે છે.

૩. સંગ્રામ સમયે ભાટ ચારણો શૂરાઓને અધિક શૂર ચડાવવા 'કડખા' ગાય છે, તેથી શૂરા રણસંગ્રામમાં બહાદુરીથી લડે છે; પરંતુ જ્યારે શસ્ત્રઅસ્ત્રથી લડતાં રંગ જામે છે-માથાં કપાવા માંડે છે અને તે દેખવામાં આવે છે કે તરતજ તેઓ મુઠીઓ વાળીને સહુ પહેલાં નાસવા માંડે છે.

૪. મોટી મોટી વાતો કરવી અને લોકોને રીઝવવા એ તો જગતની મજુરી કરવા બરાબર છે. ખરી રહેણી કરણીજ હિતરૂપ છે અને સ્વપરને સહાય રૂપ થઇ શકે છે. તેમ છતાં નરી વાતો કરવી લોકોને સાકર જેવી મીઠી લાગે છે અને

ખરી રહેણી-કરણી કરવી એ અતિ અનિષ્ટ-કડવી ઝેર-જેવી લાગે છે.

૫. જ્યારે જીવ ભાગ્યવશાત્ ખરી રહેણી કરણી કરતાં શિખશે ત્યારેજ તેની સઘળી કથની લેખે આવશે-સફળ થશે. એમ સમજી જ્ઞાન અને ક્રિયારસિક જનો નકામી વાતોમાં અમૂલ્ય વખતને નહીં ગુમાવતાં સદ્વિવેકયોગે જે કંઇ હિત-આચરણ થઇ શકે તે કરવામાંજ સંતોષ માને છે. ચિદાનંદજી મહારાજ આપણને એવીજ હિતશિક્ષા આપે છે.

**સારબોધ**—ક્રિયા (કરણી) વગરનું એકલું જ્ઞાન પાંગળું હોવાથી કાર્ય સાધવાને અશક્ત થઇ પડે છે અને જ્ઞાન-સમજ વગરની એકલી ક્રિયા જડ જેવી આંધળી લેખાય છે. પાંગળો હોય તે સ્વતંત્રપણે ગતિ કરી ન શકે, તેમ આંધળો પણ કરી ન શકે; પરંતુ જો એકબીજાની સહાય મેળવી શકાય તો જેમ આંધળો અને પાંગળો બંને ક્ષેમ કુશળ ઇચ્છિત સ્થાને પહોંચી શકે છે તેમ જ્ઞાન અને ક્રિયાનો રૂડો સહયોગ થવાથી આત્માની ઉન્નતિ સરલતાથી સાધી શકાય છે. તે શિવાય એકલી સમજ વગરની જડ કરણી કે એકલું કરણી વગરનું લુખ્ખું જ્ઞાન સેવવામાત્રથી આત્માની ઉન્નતિ થઇ શકતી નથી. તેથી ઉચિત છે કે આત્માર્થી ભાઇબ્હેનોએ જેમ બને તેમ મદ, વિષય, કષાય, નિદ્રા ને વિકથાદિ પ્રમાદને તજી સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ તરફ અધિક અભિરૂચિ રાખવી. સમજ સાથે કરેલી શુભ-શુદ્ધ કરણીથી જલદી બેડો પાર થાય છે, તે જોઈ જાણી અન્ય મુમુક્ષુ જનો પણ તેમ કરવા સહેજે આકર્ષાય છે.

### પદ ૨૯ મું.

( રાગ-આશાવરી )

જ્ઞાનકળા ઘટ ભાસી,
જાકું જ્ઞાનકળા ઘટ ભાસી. એ આંકણી.
તન ધન નેહ નહીં રહ્યો તાકું,
છિનમેં ભયો ઉદાસી. જાકું૦ ૧
હું અવિનાશી ભાવ જગતકે,
નિશ્ચેં સકલ વિનાશી;
એહવી ધાર ધારણા ગુરૂગમ,
અનુભવ મારગ પાસી. જાકું૦ ૨
મેં મેરા એ મોહજનિત જસ,
એસી બુદ્ધિ પ્રકાશી;
તે નિઃસંગ પગ મોહ સીસ દે,
નિશ્ચેં શિવપુર જાસી. જાકું૦ ૩
સુમતા ભઇ સુખી ઇમ સુનકે,
કુમતા ભઇ ઉદાસી;
ચિદાનંદ આનંદ લહ્યો ઈમ,
તોર કરમકી પાસી. જાકું૦ ૪

અર્થ-જેના ઘટમાં-આત્મામાં જ્ઞાનકળાનો પ્રકાશ થાય તેના ઘટમાં તન કે ધન ઉપર સ્નેહ રહે નહીં અને ક્ષણમાં ઉદાસી ભાવ પ્રગટે. ૧.

એવો મનુષ્ય વિચારે કે-હું-મારો આત્મા અવિનાશી છે અને આ જગતના સર્વભાવ અવશ્ય વિનાશી-વિનાશ પામનારા છે. આવી ધારણા ગુરૂગમથી ધારીને-સમજીને તે અનુભવના માર્ગને પામે છે-અનુભવજ્ઞાની થાય છે. ૨.

વળી ' હું ને મારૂં ' આ મોહજનિત ( મોહરાજાનો ) જગતને વશ કરવાનો મહામંત્ર છે, એવી બુદ્ધિ જેની પ્રકાશિત થાય છે તે મનુષ્ય પરિણામે નિઃસંગ થઈ, મોહરાજાના મસ્તક પર પગ દઇને અવશ્ય મોક્ષનગરમાં જાય છે. ૩.

આવી વાત સાંભળીને સુમતા બહુજ સુખી-આનંદિત થઈ અને કુમતા ઉદાસ થઈ. ચિદાનંદજી કહે છે કે-આવી રીતે કર્મના પાસને તોડીને જીવ પરમાનંદને (મોક્ષને) પામે છે. ૪

**સાર-જે** મનુષ્યના હૃદયમાં ખરેખરી જ્ઞાનકળા-પ્રગટે છે તે જરૂર સંસારના પદાર્થો તેમજ સંબંધોને અંગે ઉદાસી બની જાય છે—તેના પર તેને રાગ આવતો નથી. એ પોતાના સહજ સ્વરૂપને જોઇ શકે છે, પોતાને અવિનાશી જાણે છે અને ગુરૂગમથી અનુભવજ્ઞાન પણ મેળવે છે, એટલે સ્વપરની સાચી ઓળખાણ થાય છે. તેથી સ્વને અવલંબી, પરને તજી મોહરાજાના માથાપર પગ દઇ અર્થાત્ સર્વથા મોહનિય કર્મનો વિનાશ કરી મોક્ષમંદિરમાં સિધાવે છે. આત્માની આવી સ્થિતિ જાણી સુમતા હર્ષિત થાય અને કુમતા દુઃખી થાય એ સ્વાભાવિક છે. આત્મા પણ કુમતાની દરકાર ન કરતાં કર્મનો પાસ ત્રોડવામાં પોતાના વીર્યનો ઉપયોગ કરે છે અને પરિણામે વાંચ્છિત અવિનાશી સુખને મેળવે છે.

## પદ ૭૦ મું.

( રાગ-આશાવરી )

અનુભવ આનંદ પ્યારો,
અબ મોહે અનુભવ આનંદ પ્યારો;
એહ વિચાર ધાર તું જડથી,
કનક ઉપલ જિમ ન્યારો. અબ૦ ૧
બંધહેતુ રાગાદિક પરિણુતિ,
લખ પરપખ સહુ ન્યારો;
ચિદાનંદ પ્રભુ કર કિરપા અબ,
ભવસાયરથી તારો. અબ૦ ૨

અર્થ-આત્મા કહે છે કે-હવે મને અનુભવ આનંદજ પ્યારો લાગે છે. જ્ઞાની કહે છે કે-હે આત્મા! તું આ પ્રમાણેનો વિચાર કરીને હવે જડ-પુદ્ગળોથી જેમ બને તેમ શિઘ્ર કનક ને ઉપલ-પથ્થર ને સોનું જેમ જુદું થઇ જાય ને શુદ્ધ સુવર્ણ પ્રગટે તેમ ન્યારો થઇ જઇ તારા આત્મિકગુણરૂપ સુવર્ણને પ્રગટ કર (પ્રાપ્ત કર). ૧.

હે આત્મા! રાગાદિક પરિણુતિ કર્મબંધના હેતુભૂત છે એમ સમજીને તું પરપક્ષ જે પુદ્ગળિક ભાવ તેથી તને ન્યારો માન. ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે પ્રભુ! હવે તો કૃપા કરીને આ ભવસમુદ્રથી મને તારો-પાર ઉતારો-આટલી મારી પ્રાર્થના સ્વીકારો. ૨.

સાર—આ નાના સરખા પદમાં ભાવ બહુ ભર્યો છે. ચેતન સાંસારિક આનંદને તજી દઇને અનુભવજ્ઞાનથી પ્રગટતા આત્મિક આનંદને પ્યારો માને એજ એની મોક્ષમાર્ગ સન્મુખતા સૂચવે છે. પછી કહે છે કે—જ્યારે તું અનુભવ આનંદને પ્યારો ગણે ત્યારે પછી તારે પુદ્‌ગલભાવથી ન્યારા થવુંજ જોઇએ. સ્વપરનો ભેદ સમજીને રાગદ્વેષાદિ વિભાવ પરિણુતિને પરરૂપે માની તેનો ત્યાગ કરવોજ જોઇએ. તો જ અનુભવ જ્ઞાન—તેથી થતો આનંદ ટકી શકે છે. હવે કાંઇક હક ધરાવતા થયા હોય એમ ચિદાનંદજી કહે છે કે—હવે તો હે પરમાત્મા ! મને તારો—હવે હું તરવા યોગ્ય થયો છું.

---

## પદ ૩૧ મું.

### ( રાગ—આશાવરી )

ઓ ઘટ વિણુસત વાર ન લાગે, ઓ ઘટ૦—આંકણી.
યાકે સંગ કહા અબ મુરખ,
છિંનછિન અધિકો પાગે. ઓ૦ ૧
કાચા ઘડા કાચકી શીશી,
લાગત ઠણુકા ભાંગે;
સડણુ પડણુ વિધ્વંસ ધરમ જસ,
તસથી નિપુણુ નીરાગે. ઓ૦ ૨
આધિ વ્યાધિ વ્યથા દુઃખ ઇણુ ભવ,
નરકાદિક પુનિ આગે;

ડગહુ ન ચલત સંગ વિણુપોખ્યા,
મારગહુંમેં ત્યાગે. આ૦ ૩
મદછક છાક ગહેલ તજ વિરલા,
ગુરૂ કિરપા કોઇ જાગે;
તન ધન નેહ નિવારી ચિદાનંદ,
ચલિયે તાકે સાગે. આ૦ ૪

અર્થ—આ ઘટ જે શરીર તેને વિણસતાં ( વિનાશ પામતાં ) વાર લાગે તેમ નથી. એ શરીરના સંગમાં રહીને હજુ પણ હે મૂર્ખ ! તું કેમ ક્ષણે ક્ષણે પાગલ[1] બને છે? તેમાં આસક્ત થાય છે? ૧.

જેમ કાચો ઘડો કે કાચની શીશી ઠણકો વાગતાંજ ભાંગી જાય છે તેમ સડણ, પડણ ને વિધ્વંસન ધર્મ છે જેનો એવા આ શરીરથી નિપુણ જનો તો નિરાગીજ બને છે. ૨.

આ શરીરપરની આસક્તિથી આ ભવમાં તો આધિ[2] વ્યાધિની વ્યથાનું દુઃખ પ્રાપ્ત થાય છે અને પરભવમાં નરકાદિકના દુઃખ પ્રાપ્ત થાય છે. વળી તેનું જો બરાબર પોષણ કરવામાં ન આવે તો તે એક ડગલું પણ ચાલતું નથી, માર્ગમાંજ તજી દે છે. અર્થાત્ મરણાવસ્થાને પામે છે. ૩.

માટે હે ઘેલા ! જો કાંઈક ગુરૂમહારાજની કૃપા થાય તો તું મદ જે અહંકાર તેનો છાક તજી દે અને તનધનનો–શરીરનો અને દ્રવ્યાદિકનો સ્નેહ તજીને હે ચિદાનંદ આત્મા!

---

૧ ગાંડો–ઘેલો. ૨ મનની ચિંતા.

તુ તેની સાથે-એવા સદ્‌ગુરૂની સાથે ચાલ. તેના જેવી પ્રવૃત્તિ સ્વીકાર. ૪.

**સાર**—આ પદમાં ખાસ કરીને આ દેહની વિનાશકારક સ્થિતિ બતાવીને તેના પરનો મમત્વ છોડવા માટે ઉપદેશ આપેલ છે. આ દેહ કાચા ઘડા જેવો છે. એક ઠણુકો લાગતાં એટલે કોઇપણુ પ્રકારનો ઉપક્રમ લાગતાં તેનો વિનાશ થઇ જાય છે. વળી જો તેની સ્થિતિ–આયુકર્મની સ્થિતિ કોઈ જગ્યાએ જતાં અધવચ પૂરી થઇ જાય તો દેહ તરતજ આત્માને તજી દે છે. એક પળની પણુ શરમ રાખતું નથી. આવા ક્ષણુવિનાશી ને નશરમા દેહ ઉપર મમતા ધરાવી–તેના પોષણુમાં રાતદિવસ ઉદ્યુકત રહેવું તે આ જીવની મૂર્ખતા છે. એટલે ચિદાનંદજી મહારાજ શિખામણ આપે છે કે-તેવા વિનાશી દેહનો સ્નેહ તજી દઇને સદ્‌ગુરૂનો સાથ ગ્રહણુ કરી તેની સાથે આત્મહિતના માર્ગે ગમન કર. પ્રમાદીપણું તજી દે.

## પદ ૩૨ મું.

(રાગ—આશાવરી.)

અબધુ પિયો અનુભવરસ પ્યાલા,
કહત પ્રેમ મતિવાલા[૧] આંકણી.
અંતર સપ્તધાત[૨] રસભેદી, પરમ પ્રેમ ઉપજાવે;

---

૧ પ્રેમ મતવાલા એવો પાઠાંતર છે. તેનો અર્થ–આત્મા પ્રત્યેના પ્રેમમાં મતવાલા–મદોન્મત્ત બનેલા, એવો થાય છે

૨ રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા ને શુક્ર આ સાત શારિરીક ધાતુ ગણાય છે.

પૂરવ ભાવ અવસ્થા પલટી,
અજબ રૂપ દરસાવે. અબધુ૦ ૧
નખશિખ રહત ખુમારી જાકી,
સજળ સઘન ઘન જૈસી;
જિને એ પ્યાલા પિયા તિનકું,
ઔર કેકું રતિ કૈસી. અબધુ૦ ૨
અમૃત હોય હલાહલ જાકે,
રોગ શોક નવિ વ્યાપે;
રહત સદા ગરકાવ નસામેં,
બંધન મમતા કાપે. અબધુ૦ ૩
સત્ય સંતોષ હીયામેં ધારે,
આતમ કાજ સુધારે;
દીનભાવ હિરદે નહી આણે,
અપનો બિરૂદ સંભારે. અબધુ૦ ૪
ભાવ દયા રણથંભ રોપકે,
અનહદ તુર બજાવે;
ચિદાનંદ અતુલિબળ રાજા,
જીત અરિ ઘર આવે. અબધુ૦ ૫

અર્થ—અધ્યાત્મના પ્રેમની બુદ્ધિવાળા કહે છે કે-તમે અનુભવરસનો પ્યાલો પીવો. એ રસ એવો છે કે અંતરની

સાતે ધાતુને ભેદીને પરમ પ્રેમ-ઉત્કૃષ્ટ પ્રેમ ઉપજાવે છે અને પૂર્વની ભાવઅવસ્થાને પલટાવીને અજબ રૂપ દર્શાવે છે. (૧)

વળી નખથી માંડીને શિખા પર્યંત તેની ખુમારી જળવાળા ગાઢ વાદળા જેવી રહે છે. જેણે એ પ્યાલો પીધો તેને પછી બીજા કેફી પદાર્થપરની રતિ રહેજ કેમ ? નજ રહે. (૨)

વળી જેણે એ પ્યાલો પીધો તેને પછી હળાહળ ઝેર પણ અમૃત જેવું થઈ જાય છે, રોગ ને શોક તો વ્યાપતાજ નથી (તેના મનપર અસર જ કરતા નથી)એ તો નિરંતર અનુભવરસની ખુમારીમાં ગરકાવ રહે છે અને મમતાના બંધનો કાપી નાખે છે. (૩)

વળી તે રસ પીનાર સત્ય ને સંતોષ હૃદયમાં ધારણ કરે છે. આત્માનું કાર્ય સુધારે છે. દીનભાવ તો હૃદયમાં લાવતા જ નથી અને પોતાનું બિરૂદ જે સ્વાત્મદર્શી છે તેને સંભારે છે. (૪)

વળી ભાવદયારૂપ રણસ્થંભ રોપીને અનાહત નાદ બજાવે છે (સોહંના નાદને અંતરમાં પ્રગટ કરે છે.) ચિદાનંદજી મહારાજ કહે છે કે-એવી રીતે અતુલ બળવાળા આત્મરાજા કર્મરૂપ તમામ શત્રુઓને જીતીને પોતાના ઘરમાં આવે છે, આત્મસ્વરૂપમાં રમણ કરે છે, યાવત્ મોક્ષસંપત્તિ મેળવે છે. (૫)

**સાર**—આ પદમાં રહસ્ય ઘણું છે. જેને અનુભવજ્ઞાન પ્રાપ્ત થાય તેની સ્થિતિ કેવી હોય તે એમાં સમજાવેલ છે. અનુભવ રસના પ્યાલાની ખુમારી ઓરજ છે. તે ખરી રીતે તો વાણીદ્વારા કહી શકાય તેમજ નથી. પ્રાંતે એ રસ પીનારનું પરિણામ શું આવે છે તે બતાવીને કર્તાએ પદ પૂર્ણ કરેલ છે.

## પદ ૩૩ મું.

( રાગ–આશાવરી. )

મારગ સાચા કોઉ ન બતાવે, જાકું જાય પૂછીયે તે તો
અપની અપની ગાવે. મારગ૦ આંકણી.
મતવારા મતવાદ વાદધર,
થાપત નિજ મત નીકા;
સ્યાદ્‌વાદ અનુભવવિન તાકા,
કથન લગત મોહે ફીકા. મારગ૦ ૧
મત વેદાંત બ્રહ્મપદ ધ્યાવત,
નિશ્ચય પખ ઉર ધારી;
મીમાંસક તો કર્મ પઢે તે,
ઉદય ભાવ અનુસારી. મારગ૦ ૨
કહત બૌધ તે બુદ્ધદેવ મમ,
ક્ષણિક રૂપ દરસાવે;
નૈયાયિક નયવાદ ગ્રહી તે,
કરતા કોઉ ઠેરાવે. મારગ૦ ૩
ચારવાક નિજ મનઃકલ્પના,
શૂન્યવાદ કોઉ ઠાણે;
તિનમેં ભયે અનેક ભેદ તે,
અપણી અપણી તાણે. મારગ૦ ૪

**નય સરવંગ સાધના જામેં,**
**તે સરવંગ કહાવે;**
**ચિદાનંદ એસા જિન મારગ,**
**ખોજી હોય સો પાવે. મારગ૦ ૫**

અર્થ–હે પરમાત્મા ! આ જગતમાં (તારા શિવાય) સાચો મારગ કોઈ બતાવતું નથી. જેની પાસે જઈને પૂછીએ છીએ તે બધા પોતાની વાત–પોતાની માન્યતા ગાય છે–બતાવે છે–સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

જુદા જુદા મતવાળા પોતપોતાના મતવાદમાં પક્ષને ધારણ કરી પોતાનો મત સાચો છે એમ સ્થાપે છે. પરંતુ સ્યાદ્વાદના અનુભવ વિનાનું તેનું કથન મને તો તદન ફીકું લાગે છે–રસવાળું લાગતું નથી. (૧)

વેદાંત મતવાળા પોતાના નિશ્ચય પક્ષને હૃદયમાં ધારણ કરીને બ્રહ્મપદને ધ્યાય છે (તેને ધ્યાવાનું કહે છે.) મીમાંસક ઉદયભાવને અનુસરીને કર્મના પદને આગળ કરે છે. બૌધો કહે છે કે અમારા બુદ્ધદેવે ક્ષણિકવાદ બતાવ્યો છે (તે સત્ય છે). નૈયાયિક નયવાદને ગ્રહણ કરીને આ જગતનો કર્તા કોઇ છે એમ ઠરાવે છે. (૨–૩)

ચારવાક (નાસ્તિક) પોતાની મનકલ્પનાથી શૂન્યવાદનું સ્થાપન કરે છે. આ બધામાં વળી અનેક ભેદો થયા છે તે બધા પોતપોતાની તાણે છે. અર્થાત્ પોતાની વાત સત્ય છે એમ કહે છે. (૪)

નયના સર્વે અંગની સાધના જેમાં હોય તેજ સર્વજ્ઞ-કથિત મત કહી શકાય. ચિદાનંદજી મહારાજ કહે છે કે-એવો તો એક જિનમાર્ગજ છે, પણ તેને ખોજી-તપાસ કરનાર વિવેકી હોય તેજ પામી શકે, બીજા અલ્પમતિઓ કે એકાંતવાદીઓ પામી શકે નહીં. (૫)

સાર—આ પદમાં જુદા જુદા દર્શનકારો શું કહે છે? પોતાના મતનું રહસ્ય શું બતાવે છે? તે સ્પષ્ટ કરેલ છે. શુદ્ધ ચેતના કહે છે કે–હે વીતરાગ પ્રભુ! સાચો માર્ગ કોઈ બતાવતા નથી. એ બધા એક નયને અપેક્ષીને બનેલા દર્શનો છે. તેથી તેમાં સ્યાદ્વાદપણું નથી. સર્વ નયનો સાર લઈને બનેલ તો એક હે પ્રભુ! તમારૂંજ દર્શન છે, પણ તે મળવું સહેલું નથી. જે ખરેખરા વિવેકપૂર્વક માર્ગ શોધનારા હોય તે તેજ પામી શકે છે. આપની કૃપાથી મને તેનો કાંઈક ભાસ થયો છે.

## પદ ૩૪ મું.

(રાગ—આશાવરી)

અબધુ ખોલિ નયન અબ જોવો,
દ્રિગ મુદ્રિત કયા સોવો. અબધુ૦ આંકણી.
મોહ નિંદ સોવત તું ખોયા,
સરવસ માલ અપાણા;
પાંચ ચોર અજહુ તોય લુટત,
તાસ મરમ નહિ જાણા. અબધુ૦ ૧

આશા ચાર ચંડાલ ચોકડી,
મંત્રી નામ ધરાયા;
પાઇ કેફ પીયાલા તોહે,
સકલ મુલક ઠગ ખાયા. અબધુ૦ ૨
શત્રુ રાય મહાબલ જોદ્ધા,
નિજ નિજ સેન સજાવે;
ગુણઠાણેમેં બાંધ મોરચે,
ઘેર્યા તુમ પુર આવે. અબધુ૦ ૩
પરમાદી તું હોય પિયારે,
પરવશતા દુઃખ પાવે;
ગયા રાજ પુરસારથસેંતી,
ફિર પાછા ઘર આવે. અબધુ૦ ૪
સાંભલી વચન વિવેક મિત્તકા,
છિનમેં નિજ બાળ જોડયા;
ચિદાનંદ ઐસી રમત રમંતા,
બ્રહ્મ બંકા ગઢ તોડયા. અબધુ૦ ૫

અર્થ—વિવેક કહે છે કે–હે આત્મા ! આંખ ઉઘાડીને કાંઇક જો, આંખ મીંચીને શું સુતો છે ?

હે આત્મા ! મોહનિદ્રામાં સુઇ રહીને તેં પોતાનો સર્વ માલ ખોયો–ગુમાવ્યો–આત્માના ગુણોનો નાશ કર્યો. હજુસુધી પાંચ ઇંદ્રિયોરૂપી પાંચ ચોર તને લુંટ્યા કરે છે, તો પણ તું

તેના મર્મને જાણતો નથી-સમજતો નથી પણ તેને મિત્ર માની રહ્યો છે. (૧)

ચાર કષાયરૂપ ચંડાળ ચોકડીએ મળીને તારા મંત્રી-પણાનું નામ ધરાવ્યું-તારા મંત્રી બની બેઠા. પછી તને મોહ-રૂપ કેફનો (મદિરાનો) પ્યાલો પાઈ બેશુદ્ધ કરીને તારો મુલક બધો ઠગી ખાધો-લુંટી લીધો-તારી સત્તાનો નાશ કરી દીધો. (૨)

તારા શત્રુ સમાન મોહરાજાના બળવાન યોદ્ધાઓએ પોતપોતાનું સૈન્ય તૈયાર કર્યું અને ગુણઠાણામાં મોરચા બાંધીને-લડાઇના મથક સ્થાપીને તારી પાસે આવી તારૂં નગર બધું ઘેરી લીધું (૩)

તું અત્યંત પ્રમાદી થઇ જવાથી પરવશપણાના દુઃખને પામવા લાગ્યો. તેણે તને કેદ કર્યો અને તારૂં રાજ્ય બધું તેઓ લુંટી ગયા. હવે પ્રમાદ તજીને પાછો તું તારા ઘરમાં આવ-આત્મસ્વરૂપને મેળવવા પ્રયત્ન કર તો પુરૂષાર્થ કરવાથી ગયેલ રાજ્ય તને પાછું પ્રાપ્ત થઇ શકે. (૪)

આ પ્રમાણેની વિવેકમિત્રની યથાર્થ વાત સાંભળીને આત્મા જાગૃત થઈ ગયો. પ્રમાદરૂપ નિદ્રાને સર્વથા તજી દીધી અને એક ક્ષણમાં પોતાનું સર્વ લશ્કર તૈયાર કર્યું. ક્ષપક-શ્રેણિ માંડી. ચિદાનંદજી કહે છે કે-આવી રમત રમતાં-આત્મ-સ્વરૂપમાં રમણ કરતાં આત્માએ મોહરાજાનો મહાન ગઢ તોડ્યો તેના બાંધેલા મોરચા વીંખી નાખ્યા ને એકાએક મોક્ષસુખ મેળવ્યું.

**સાર**—આ પદમાં પ્રથમ આત્માના પ્રમાદીપણાથી મોહરાજા પ્રબળ બની જવાને લીધે શું શું હાનિ થઇ તે

બતાવેલ છે અને પછી વિવેકના કથનથી આત્મા જાગૃત થતાં તેણે પોતાનું બળ એકત્ર કરી ગુણુઠાણે ગુણુઠાણે મોહરાજાએ બાંધેલા મોરચા તોડી નાખ્યા-તેની પ્રવૃત્તિઓનું બળ નિર્મૂળ કર્યું. અને એ રીતે આગળ વધતાં-ક્ષપકશ્રેણિએ ચડી પોતાનું શાશ્વત રાજ્ય મેળવ્યું. એ વાત સમજાવી છે. એટલે આત્માએ પ્રમાદ છોડવાની જરૂર છે એ વાત સિદ્ધ કરી બતાવી છે.

## પદ ૩૫ મું.

( રાગ-પ્રભાતી. )

વસ્તુગતે વસ્તુકો લક્ષણ,
ગુરૂગમ વિણુ નવિ પાવે રે;
ગુરૂગમ વિન નવિ પાવે કોઉ,
ભટક ભટક ભરમાવે રે. વસ્તુ૦ ૧

ભવન આરીસે શ્વાન કુકડા,
નિજ પ્રતિબિંબ નિહારે રે;
ઇતર રૂપ મનમાંહે વિચારી,
મહા જુદ્ધ વિસ્તારે રે. વસ્તુ૦ ૨

નિર્મળ ફટિક શિલા અંતર્ગત,
કરિવર લખ પરછાંહી રે;
દસન[1] તુરાય[2] અધિક દુઃખ પાવે,
દ્વેષ અરત દિલમાંહિ રે. વસ્તુ૦ ૩

---

૧ દાંત. ૨ તુટવાથી.

સસલે જાય સિંહકું પકડ્યો,
દુજો દીયો દીખાઇ રે;
નિરખ હરિ તે જાણુ દુસરો,
પડ્યો ઝંપ તિહાં ખાઇ રે. વસ્તુ૦ ૪
નિજ છાયા વેતાળ ભરમ કર,
ડરત બાલ દિલમાંહિ રે;
રજ્જુ સર્પ કરી કોઉ માનત,
જોલોં સમજત નાંહિ રે. વસ્તુ૦ ૫
નલિની ભ્રમ[1] મર્કટ મુઠી જિમ,
ભ્રમવશ અતિ દુઃખ પાવે રે;
ચિદાનંદ ચેતન ગુરૂગમવિન,
મૃગતૃષ્ણા ધરી ધાવે રે. વસ્તુ૦ ૬

અર્થ-ગુરૂગમ વિના-ગુરૂ મહારાજ પાસે ખરૂં સ્વરૂપ સમજ્યા વિના વસ્તુગતે વસ્તુનું લક્ષણ-વસ્તુનું યથાર્થ સ્વરૂપ આ જીવ પામી શકે નહીં અને જ્યાં ત્યાં ભટકી ને ભ્રમમાં પડે. ૧.

કોઈક મકાનમાં રહેલા કાચમાં કુકડા તેમજ કુતરા પોતાના પ્રતિબિંબને જોતાં તે બીજા કુકડા અથવા કુતરા છે એમ મનમાં ધારીને તેની સામે મહાયુદ્ધ કરે છે. તેમજ નિર્મળ એવા સ્ફટિકની શિલામાં હાથી પોતાનો પડછાયો પડેલો જોઇ તેને પોતાનો શત્રુહાથી માની દાંતોવડે શિલાપર પ્રહાર કરે છે અને

---

૧ ભમર.

દાંત ત્રુટી જવાથી અધિક દુઃખ પામે છે. મનમાં દ્વેષ ધારણ કરે છે. ૨.

એક સસલાએ જઈને સિંહને કહ્યું કે-'આ વનમાં એક બીજો સિંહ આવ્યો છે.' સિંહે તે વાત માની નહીં એટલે સસલો કહે-'ચાલો, બતાવું.' એમ કહી એક કુવા પાસે લઇ જઇ તેમાં સિંહને જોવાનું કહેતાં તેનો પડછાયો પડ્યો તે બતાવ્યો. સિંહે તાડુકો કર્યો એટલે સામો તેવોજ પડછંદો પડ્યો તેથી સિંહે તેને બીજો સિંહ ધારી તેની સાથે લડવા માટે ઝંપાપાત ખાઇને કુવામાં પડ્યો. ૪

વળી બાળકો પોતાની છાયાનેજ વેતાળ (ભૂત) માનીને ડરે છે-ભય પામે છે. તેમજ કેટલાક મનુષ્યો રાત્રે રસ્તામાં પડેલા દોરડાને સર્પ માની લે છે. આ બધી વાત જ્યાં સુધી ખરી વાત સમજાણી નથી ત્યાં સુધી બને છે. ૫

તેમજ કમળમાં પકડાયેલ ભ્રમર અને ઘડામાં નાખેલી મુઠીવાળો વાનર પણ ભ્રમના વશથી-ખોટી માન્યતાથી અત્યંત દુઃખ પામે છે. તેજ રીતે ચિદાનંદજી મહારાજ કહે છે કે-આ ચેતન ગુરૂગમવિના ખરીવાત-સંસારનું ખરૂં સ્વરૂપ સમજતો નથી અને મૃગતૃષ્ણાની જેમ જ્યાં ત્યાં દોડે છે. ૬

સાર-આ પદમાં અજ્ઞાનવશ જે જે પ્રાણી મિથ્યા ભ્રમમાં પડી દુઃખી થાય છે તેના દૃષ્ટાંત આપ્યા છે. તેની જેમ આ જીવ પણ ગુરૂગમથી આત્માનું ખરૂં સ્વરૂપ સમજ્યા વિના- વસ્તુગતે વસ્તુનું સ્વરૂપ સમજ્યાવિના મૃગતૃષ્ણાની જેમ સાંસારિક-ઐહિક સુખ મેળવવા માટે દોડાદોડ કરે છે, પરંતુ પરમાર્થ બુદ્ધિએ

તે નશ્વર છે, હાનિકારક છે, અગ્રાહ્ય છે, એમ સમજતો નથી. ખરી વાત તો ગુરૂગમથીજ સમજાય છે, માટે સુજ્ઞ જનોએ ગુરૂગમવડે આ સંસારનું ખરૂં સ્વરૂપ સમજવા પ્રયત્ન કરવો.

## પદ ૩૬ મું.

(રાગ—ભૈરવ)

લાલ ખ્યાલ દેખ તેરે, અચરિજ મન આવે. આં૦
ધારે બહુરૂપ છિન્ન-માંહે હોય રંક ભૂપ;
આપ તો અરૂપ સહુ જગમેં કહાવે. લાલ૦ ૧
કરતા અકરતા હું, હરતા કે ભરતા જ્યું;
ઐસા હે જો કોણ તોહે, નામ લે બતાવે. લાલ૦ ૨
એકહુમેં એક હૈ, અનેક હૈ અનેકહુમેં;
એક ન અનેક કછુ, કહ્યો નહીં જાવે. લાલ૦ ૩
ઉપજે ન ઉપજત, મુઓ ન મરત કછુ;
ખટરસ ભોગ કરે, રંચહુ ન ખાવે. લાલ૦ ૪
પર પરણિત સંગ, કરત અનોખે[૧] રંગ;
ચિદાનંદ પ્યારે, નટબાજીસી દિખાવે. લાલ૦ ૫

અર્થ—હે લાલ ! હે આત્મા ! તારા ખ્યાલ જોઈને તો મને મનમાં આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. જુદા જુદા તું બહુ રૂપ ધારણ કરે છે. ક્ષણમાં રાજા થાય છે ને ક્ષણમાં રંક થાય છે વળી

૧ જુદાજુદા.

બીજી રીતે તો તારૂં અરૂપીપણું જગમાં કહેવરાવે છે. ૧.

કર્ત્તા છે ને અકર્ત્તા પણ છે. હરતા છે ને ભરતા પણ છે. તું એવો છું કે તને નામ લઈને કેવો છું ? એમ કોણ બતાવી શકે ? કોઇ બતાવી શકે તેમ નથી. તું એકમાં એક છે અને અનેકમાં અનેક છે; વળી એક પણ નથી અને અનેક પણ નથી. તારી વાત કહી જાય તેમ નથી. ૨-૩.

તું ઉપજે છે ને વળી નથી ઉપજતો, એ વાત પણ ખરી છે. તેમજ મરે છે ને મરતો નથી, એ પણ ખરૂં છે. ખટરસ ભોજન ખાય છે અને વળી જરા પણ ખાતો નથી, એ વાત ખરી છે. ૪.

તું પરપરિણુતિના-પુદ્દગળના સંગથી અનેક પ્રકારના જુદાજુદા રંગ કરે છે. ચિદાનંદજી કહે છે કે-હે પ્યારા આત્મા ! તું તો નટની બાજી જેવી બાજી બતાવી રહ્યો છે. ૫.

સાર-આ પદમાં આત્માના વ્યવહાર ને નિશ્ચય સ્વરૂપની જુદીજુદી વાત કહી બતાવી છે. વ્યવહારથી આ જીવ રૂપી છે. તે રાજા થાય છે, રંક થાય છે; પણ નિશ્ચયથી જીવ અરૂપી છે. વળી વ્યવહારથી કર્ત્તા છે, હર્ત્તા છે, ભરતા છે ને નિશ્ચયથી અકર્ત્તા છે. વ્યવહારથી એક છે, અનેક છે; અને નિશ્ચયથી એક પણ નથી ને અનેક પણ નથી. વ્યવહારથી ઉપજે છે, જન્મે છે, મરે છે; નિશ્ચયથી જન્મતો નથી ને મરતો પણ નથી-આત્મા અમર છે. વ્યવહારથી ખાય છે, પીએ છે; નિશ્ચયથી આત્મા ખાતો કે પીતો નથી-અણાહારી છે. આ પ્રમાણે પરપરિણુતિના પ્રસંગથી જુદા જુદા રૂપરંગ

નટની જેમ બતાવે છે. ચિદાનંદજી કહે છે કે તારૂં ખરૂં સ્વરૂપ જે સમજે છે તેજ સમજે છે, બધા સમજી શકતા નથી. તેમ તારૂં સ્વરૂપ કહ્યું જાય તેમ પણ નથી; અનુભવજ્ઞાનથી સમજાય તેમ છે.

---

## પદ ૩૭ મું.

( રાગ-ભૈરવ. )

જાગ રે બટાઉ ! અબ ભઇ ભોર વેરા.
જાગ રે૦ આંકણી.

ભયા રવિકા પ્રકારા, કુમુદહુ થયે વિકાસ;
ગયા નાશ પ્યારે મિથ્યા-રેનકા અંધેરા. જાગ રે૦ ૧
સુતાં કેમ આવે ઘાટ, ચાલવી જરૂર વાટ;
કોઇ નાંહી મિત્ત પરદેશમેં જ્યું તેરા. જાગ રે૦ ૨
અવસર વીત જાય, પીછે પછતાવો થાય;
ચિદાનંદ નિહચે એ માન કહા મેરા. જાગ રે૦ ૩

અર્થ-હે બટાઉ ! હે મોક્ષમાર્ગના મુસાફર ! તું જાગ ! કેમકે હવે પ્રભાત કાળ થયો છે.

સૂર્યનો પ્રકાશ થયો, કુમુદો વિકસ્વર થયા અને મિથ્યા-જ્ઞાનરૂપ રાત્રિનો અંધકાર નાશ પામ્યો, માટે હવે જાગ. ૧.

હવે તારે સુવું કેમ પોસાય ? કારણ કે પંથે ચાલવાનું જરૂરી છે. વળી અહીં પરદેશમાં કોઇ તારૂં મિત્ર નથી, તેથી જો

અવસર વીતી જશે તો પછી પસ્તાવો થશે. માટે ચિદાનંદ-વિશુદ્ધાત્મા કહે છે કે-હે પંથી! તું નિશ્ચે એટલું મારૂં કહ્યું માન.

સાર-આ પદ ઘણા રહસ્યવાળું છે, પરંતુ તે તો વિદ્વાનો બતાવી શકે, ટુંકામાં આટલું સમજી શકાય છે કે જ્યારે સમકિત રૂપ સૂર્યનો પ્રકાશ થાય છે, ત્યારે અનેક ભવ્યજનો રૂપ કુમુદો વિકસ્વર થાય છે અને મિથ્યાત્વરૂપ અંધકાર નાશ પામે છે. આવે અવસરે શુદ્ધ ચેતના આત્માને કહે છે કે-હવે પ્રમાદમાં પડી રહેવાનો અવસર નથી, હવે તો શુદ્ધ માર્ગ ઓળખાણો છે, તેથી તે માર્ગે-વિરતિ પંથે ચાલવાની આવશ્યકતા છે. અહીં પરદેશમાં-પુદ્ગળિક વસ્તુઓના મોહથી ભરેલ સ્થાનમાં તારૂં કોઈ મિત્ર નથી; મોહરાજાના પરિવારભૂત બધા તારા શત્રુ છે. માટે જો આવો સારો અવસર વીતી જશે-આ સર્વ સામગ્રીસાથે મળેલો મનુષ્ય ભવ વ્યર્થ જશે, તો પછી પસ્તાવો થશે કે-ખરે વખતે આત્મસાધન કર્યું નહી. માટે અત્યારે તો મારૂં કહ્યું માની લે અને વિરતિપંથે પરવરી મોક્ષપદને પ્રાપ્ત કર. તારા પોતીકા સ્વરૂપને પ્રગટ કર.

---

## પદ ૩૮ મું.

(રાગ—ભૈરવ.)

ચલના જરૂર જાકું તાકું કેસેં સોવના—આંકણી.

ભયે જબ પ્રાતઃકાલ, માતા ધવરાવે બાલ;
જગજન કરત સકલ મુખ ધોવના. ચલના૦ ૧

**સુરભિ[1]કે બંધ છુટે, ઘુવડ ભયે અપૂઠે[2];**
**ગ્વાલબાલ[3] મિલકે વિલોવતે વિલોવના. ચલના૦ ૨**
**તજ પરમાદ જાગ, તું ભી તેરે કાજ લાગ;**
**ચિદાનંદ સાથ પાય, બિરથા ન ખોવના. ચલના૦ ૩**

**અર્થ**—જે મુસાફરને ચાલવાની જરૂર છે તેને (પ્રભાત થયા પછી) સુવું કેમ પરવડે.? આ જીવ આ જગતમાં એક મુસાફર જ છે.

કર્તા કહે છે કે-જ્યારે પ્રાતઃકાળ થાય ત્યારે માતા બાલકને ધવરાવે છે, અને જગતના લોકો બધા મુખશુદ્ધિ-દંતધાવન કરે છે. વળી ગાયના બંધન છુટે છે એટલે તે ચારો ચરવા જાય છે, ઘુવડો જ્યાં ત્યાં સંતાઈ જાય છે, કેમકે તે પ્રકાશ જોઇ શકતા નથી અને ગોવાળીઆના બાળકો એકઠા થઇને પોતપોતાનું દહીં વલોવે છે-વલોણું કરે છે. (૧-૨)

એ પ્રમાણે હે આત્મા! તું પણ પ્રમાદ તજીને જાગૃત થઇ જા અને તું પણ તારે કામે લાગી જા. તને શુદ્ધચેતનાનો અથવા ચિદાનંદનો સાથ-સથવારો મળી ગયો છે, તો તેને વ્યર્થ પ્રમાદમાં રહીને ખોઈશ નહીં, શુદ્ધ માર્ગે ગમન કરી તારૂં સ્થાન મેળવજે. (૩)

**સાર**—આ પદમાં પણ ખુબ રહસ્ય ભરેલું છે. જ્યારે મિથ્યાત્વ નાશ પામીને સમકિતરૂપ પ્રભાત થાય છે ત્યારે આત્મા પણ પોતાનું કાર્ય કરવામાં તત્પર થઇ જાય છે, પરંતુ

---

૧ ગાય. ૨ સંતાઈ ગયા. ૩ ગોવાળીયાના બાળકો.

કદાપિ અવિરતિના સંયોગથી પ્રમાદમાં પડ્યો રહે, તો તેને શુદ્ધ ચેતના જાગૃત કરીને કહે છે કે-હવે તું પાંચે પ્રમાદ તજી દે ને તારૂં કામ રત્નત્રયીની સાધનારૂપ કર. ફરીફરીને આવો સંયોગ-આવો સાથ મળવો મુશ્કેલ છે. માટે મળેલ સામગ્રીને વૃથા ન ગુમાવતાં તેનો લાભ લઇ લે અને વિરતિ ધારણ કરી આગળ પ્રયાણ કર.

બાળકને ધવરાવવું, દંતધાવન કરવું, ગાયના બંધન છુટવા, ઘુવડનું સંતાઈ જવું અને દહીંનું વલોવવું-આ બધાં વાનાં આત્માને અંગે પણ ઘટી શકે છે. અષ્ટ પ્રવચન માતા તે રૂપ માતા સંયમરૂપ બાળકને ધવરાવે-તેનું પોષણ કરે. પ્રતિક્રમણાદિવડે આત્મશુદ્ધિ કરે તે મુખશુદ્ધિ અથવા દંતધાવન. સુરભિરૂપ શુદ્ધ ચેતના તે મોહના બંધનથી છુટી પોતાનો ચારો જે રત્નત્રયી તેને ચરે. પાપરૂપ-અજ્ઞાન કે મિથ્યાત્વરૂપ ઘુવડ સંતાઈ જાય-નાશ પામે અને આત્મા શુદ્ધ આત્મમંથનરૂપ વલોણું કરી આત્મગુણ પ્રગટ કરવા રૂપ માખણ કાઢે.

## પદ ૩૯ મું.

(રાગ—ભૈરવ)

જાગ અવલોક નિજ શુદ્ધતા સ્વરૂપકી-જાગ૦ આં૦
જામેં રૂપ રેખ નાંહીં, રંચ પરપંચ નાંહી;
ધારે નહીં મમતા-સુગુણ ભવકૂપકી. જાગ૦ ૧
જાકો હૈ અનંત જ્યોત, કબહુ ન મંદ હોત;
ચાર જ્ઞાન તાકે સોત, ઉપમા અનુપકી. જાગ૦ ૨

ઉલટ પલટ ધ્રુવ જાન, સત્તામે બિરાજમાન;
શોભા નાંહી કહી જાત, ચિદાનંદ ભૂપકી. જાગ૦ ૩

અર્થ—શુદ્ધ ચેતના કહે છે કે–હે આત્મા ! તું જાગૃત થઇને તારા સ્વરૂપની શુદ્ધતા અર્થાત્ તારૂં શુદ્ધ સ્વરૂપ જો.

જેમાં વર્ણાદિક બીલકુલ નથી, રંચમાત્ર પણ પ્રપંચ નથી, વળી તે સુગુણ આ ભવકૂપની–સંસારમાં રહેલા પુદ્ગલિક પદાર્થોપરની મમતા બીલકુલ ધારણ કરતો નથી. (૧)

જેની (જેના કેવળજ્ઞાનની) અનંત જ્યોત છે, જે કોઇ કાળે પણ મંદ થનારી જ નથી, વળી પ્રથમના ચાર જ્ઞાન જેના સુપ્તાવસ્થાને પામી ગયા છે–નષ્ટપ્રાય છે–નિરૂપયોગી છે. એ જ્ઞાનને અનુપમીજ ઉપમા અપાય તેમ છે. અર્થાત્ તેને આપીએ તેવી ઉપમા કોઇ આ જગતમાં નથી. (૨)

જે ઉલટપલટ થાય અર્થાત્ જેનામાં ઉત્પત્તિ–વિનાશ રહેલ છે, પરંતુ જે સત્તાપણે ધ્રુવ છે. એવા ચિદાનંદ રાજાની શોભા કહી જાય તેમ નથી. આ આત્મા સત્તાગત આ પ્રમાણેના સ્વરૂપવાળોજ છે એમ ચિદાનંદજી મહારાજ કહે છે. (૩)

સાર—આ પદમાં પણ રહસ્ય ઘણું છે. એમાં ચિદાનંદરૂપ આત્માનું શુદ્ધ સ્વરૂપ ઓળખાવ્યું છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ ને શબ્દ એ પુદ્ગળના ગુણ હોવાથી કર્તા કહે છે કે આત્મામાં વર્ણાદિ બીલકુલ નથી. વળી અલ્પ પણ પ્રપંચભાવ (પ્રચ્છન્ન ભાવ) નથી. શુદ્ધ આત્મા આ સંસારના વિનાશી પદાર્થોમાં મમત્વ કરતો નથી. એને પ્રાપ્ત થયેલ કેવળજ્ઞાન અનંત જ્યોતવાળું છે; બીજા ચાર જ્ઞાનની પ્રભા તેમાં સમાઈ

જાય છે. આત્મા જો કે કર્મવશ ઉલટપુલટ થાય છે પણ તેનો સ્વભાવ તો બન્યોઅન્યોજ રહે છે. એવા વિશુદ્ધ આત્માની શોભા કહી શકાય તેમ નથી. એ તો એક અનુપમજ છે.

—◦◦::#::◦◦—

## પદ ૪૦ મું.

(રાગ—પ્રભાતી)

ઐસા જ્ઞાન વિચારો પ્રીતમ! ગુરૂગમ શૈલી ધારી રે.આં૦

સ્વામીકી શોભા કરે સારી,
તે તો બાળકુમારી રે;
જે સ્વામી તે તાત તેહનો,
કહ્યો જગત હિતકારી રે. ઐસા૦ ૧

અષ્ટ દીકરી જાઇ બાળા,
બ્રહ્મચારિણી ભોવે રે;
પરણાવી પૂરણ ચંદાથી,
એક સેજ નવિ સોવે રે. ઐસા૦ ૨

અષ્ટ કન્યાકા સુત વળી જાયે,
દ્વાદશ તે વળી સોઇ રે;
તે જગ માંહે અજન્મા કહીએ,
કરતા તાસ નહીં કોઇ રે. ઐસા૦ ૩

માત તાત સુત એક દિન જનમે,
છોટે બડે કહાવે રે;

મૂળ તિનોકા સહુ જગ જાણે,
શાખા ભેદ ન પાવે રે. ઐસા૦ ૪
જો ઇણુકે કુળકેરી શાખા,
જાણે ખોજ ગમાવે રે;
ખોજ જાય જગમેં તો પણ તે,
સઉથીં બડે કહાવે રે. ઐસા૦ ૫
અથવા નર નારી નપુંસક,
સહુકી એ છે માતા રે;
પટ્મત બાળકુમારી બોલત,
એ અચરિજકી બાતાં રે. ઐસા૦ ૬
લોક લોકોત્તર સહુ કારજમેં,
યાવિન કામ ન ચાલે રે;
ચિદાનંદ એ નારીશું રમણ,
મુનિ મનથી નવિ ટાળે રે. ઐસા૦ ૭

અર્થ—હે પ્રીતમ! હે શુદ્ધ ચિદાનંદસ્વરૂપી આત્મા! ગુરૂગમથી શૈલી સમજીને હું હવે પછી કહુ છું તેના જ્ઞાનનો વિચાર કરો.

એક સ્ત્રી છે તે બાળકુમારી છે, છતાં સ્વામીની શોભા કરે છે-સ્વામીને શોભાવે છે. અને તેનો જે સ્વામી છે તેજ તેનો પિતા છે અને તેને જગતનો હિતકારી કહ્યો છે. (૧)

આ સ્ત્રી તે સમતા અથવા વિરતિ સંભવે છે કે જે તેના સ્વામી વિરતિ ધારણ કરનારની શોભા વધારે છે. વળી તે બાળકુમારી છે, તેણે એક નાથ સ્વીકારેલો નથી. તેના તો અનેક નાથ છે. તેમજ જે તેના સ્વામી કહેવાય છે તે વિરતિ-ધારીજ તેના પિતા પણ છે—તેને જન્મ આપનાર છે. વિરતિ ધારણ કરનાર પોતામાંથીજ તેને પ્રગટાવે છે. વળી તે વિરતિ-ધારી આખા જગતના સર્વ પ્રાણીના હિતેચ્છુ હોય છે.

હવે તે બાળા (વિરતિ)ને આઠ દીકરી—પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિરૂપ થઇ, છતાં તે સ્વભાવે બ્રહ્મચારિણીજ કહેવાય છે. તે આઠ પુત્રીને પૂર્ણચંદ્ર જે શુદ્ધ સ્વરૂપી આત્મા તેની સાથે પરણાવી છે. તેણે તેને પોતાની કરીને સ્વીકારી છે. પણ તેઓ એક શય્યા ઉપર સુતા નથી. સહજ માત્ર પણ પ્રમાદ સેવતા નથી અથવા એક શય્યાએ શયન કરવાનું તે આઠ પ્રવચન માતા કહેવાતી હોવાથી તેનું કામ પણ નથી. (૨)

હવે તે આઠ કન્યાઓને બાર પુત્ર (બાર પ્રકારની અવિરતિના ત્યાગ રૂપ) થયા. પરંતુ તે પુત્રો અજન્મા કહેવાય છે, કારણ કે તેનો કર્તા કોઈ નથી. તેઓ પોતેજ આત્માના ગુણરૂપ છે. (૩)

આ માતા, પિતા ને પુત્ર એક દિવસના જન્મેલા છતાં નાના મોટા કહેવાય છે. એટલે તેઓ આત્માના ગુણરૂપ હોવાથી તેનો જન્મ સાથેજ કહી શકાય, છતાં પ્રથમ વિરતિ-ધારક ને પછી તેની આઠ પુત્રી ને પછી બાર પુત્ર એમ નાના મોટા કહી શકાય છે. તે બધાનું મૂળ પરમાત્મા અથવા તેમની

વાણી છે એમ સૌ જાણે છે, છતાં તેની બધી શાખા ને બધા ભેદ કોઇ છદ્મસ્થ મનુષ્ય જાણી શકતો નથી. (૪)

હવે જે એના કુળની બધી શાખા જાણે છે એટલે કેવળજ્ઞાની થાય છે તે તો પછી ખોજરૂપ જે મતિશ્રુતજ્ઞાન તેને ગુમાવે છે, પરંતુ ખોજ (મતિશ્રુત) ગુમાવ્યા છતાં કેવળજ્ઞાની થવાથી તે સૌથી મોટા (શ્રેષ્ઠ) કહેવાય છે. (૫)

આ 'વિરતિ' નર નારી ને નપુંસક સૌની માતા છે. ત્રણે પ્રકારના વેદવાળા (અમુક ભેદ શિવાય[૧]) તેને ધારણ કરી શકે છે. આને–આ સમતા અથવા વિરતિને છએ મતવાળા બાળકુમારી એટલે એક સ્વામી ધારણ કર્યા વિનાની કહે છે તે આશ્ચર્યની વાત છે, કેમકે વ્યક્તિગત તેના સ્વામી ઘણા છે. (૬)

લૌકિકમાં કે લોકોત્તરમાં–સર્વે કાર્યમાં તે (સમતા) વિના ચાલતું નથી. ચિદાનંદ મહારાજ કહે છે કે–આ વિરતિ અથવા સમતારૂપ સ્ત્રી સાથેનું રમણ–તેની સાથે રહી આનંદ મેળવવો તે મુનિમહારાજ મનમાંથી કોઇ પણ વખત ક્ષણવાર પણ વિસરતા નથી. (૭)

આ પદનો અર્થ ને તેનો ઉપનય બહુ વિચાર કરીને મતિકલ્પનાથી લખેલ છે, તેને વાસ્તવિક સમજવાનું અમે કહી શકતા નથી. કારણ કે પ્રારંભમાંજ કર્તા–મહાપુરૂષ કહે છે કે–' ગુરૂગમથી આની શૈલી ધારીને પછી તેનો વિચાર

---

૧ ત્રણે જાતિના અમુક અમુકને દીક્ષાને અયોગ્ય કહ્યા છે.

કરો.' તે ગુરૂગમજ પ્રાપ્ત થઇ શકવી અત્યારે મુશ્કેલ જણાય છે. એટલે સામાન્ય અભ્યાસથી જે રહસ્ય લખાય તેમાં વાસ્તવિકપણું આવવાની ભજના છે, છતાં તેનો ઉપનય બતાવવા બનતો પ્રયત્ન કર્યો છે. કોઇ વિદ્વાન આ પાઠના ઉપનયને વધારે સ્પષ્ટ રીતે લખી મોકલશે તો તેનો આભાર માનશું.

## પદ ૪૧ મું.

### ( રાગ—પ્રભાતી. )

ઉઠોને મોરા આતમરામ,
જિનમુખ જોવા જઇએ રે—એ દેશી.

વિષય વાસના ત્યાગો ચેતન,
સાચે મારગ લાગો રે; આંકણી
તપ જપ સંજમ દાનાદિક સહુ,
ગિણતિ એક ન આવે રે;
ઇંદ્રિય સુખમેં જૌલૌં એ મન,
વક્ર તુરંગ જિમ ધાવે રે. વિષય૦ ૧
એક એક કે કારણ ચેતન,
બહુત બહુત દુઃખ પાવે રે;
દેખો પ્રગટપણે જગદીશ્વર,
ઇણવિધ ભાવ લિખાવે રે. વિષય૦ ૨

મનમથવશ માતંગ[1] જગતમેં,
પરવશતા દુઃખ પાવે રે;
રસના લુબ્ધ હોય ઝખ[2] મૂરખ.
જાળ પડ્યો પિછતાવે રે. વિષય૦ ૩
ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા,
સંપુટ માંહે બંધાવે રે;
તે સરોજસંપુટ[3] સંયુત ફુન,
કરટીકે[4] મુખ જાવે રે. વિષય૦ ૪
રૂપ મનોહર દેખ પતંગા,
પડત દીપમાં જાઇ રે;
દેખો યાકું દુઃખ કારનમેં,
નયન ભયે હૈ સહાઈ રે. વિષય૦ ૫
શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા[5],
છિનમેં શીશ કટાવે રે;
એક એક આસક્ત જીવ એમ,
નાનાવિધ દુઃખ પાવે રે. વિષય૦ ૬
પંચ પ્રબળ વર્તે નિત્ય જાકું,
તાકું કેહા જયું કહીએ રે;
ચિદાનંદ એ વચન સૂણીને,
નિજ સ્વભાવમેં રહીએ રે. વિષય૦ ૭

૧ હાથી, ૨ મત્સ્ય, ૩ કમળ વીંચાંયેલ, ૪ હાથીના ૫ હરણ

અર્થ—હે ચેતન ! તમે વિષયવાસનાનો ત્યાગ કરો અને સાચે માર્ગે લાગી જાઓ.

જ્યાં સુધી આ મન વક્રતુરંગમ[1]ની જેમ ઇંદ્રિયજન્ય સુખ મેળવવા માટે દોડે છે ત્યાં સુધી તેના કરેલા તપ જપ સંજમ દાન વિગેરે સર્વ લેખામાં આવતા નથી. અર્થાત્ તથા-પ્રકારનું ફળ આપતા નથી. (૧)

પાંચ ઇંદ્રિયો માંહેની એકેક ઇંદ્રિયને કારણે આ જીવ બહુ બહુ પ્રકારના દુઃખો પામે છે. જુઓ તે સંબંધમાં પરમાત્મા પ્રગટપણે નીચે જણાવેલા દૃષ્ટાંતો આપી તેનો ભાવ સમજાવે છે. (૨)

કામદેવના વશપણાથી[2] હાથી આ જગતમાં પરવશપણાના દુઃખને પામે છે અને રસેંદ્રિયમાં લુબ્ધ થયેલા મત્સ્યો જાળમાં સપડાઇ જઇને પછી પસ્તાય છે–પ્રાંતે મરણ પામે છે. (૩)

ઘ્રાણેંદ્રિયના વશવર્તીપણાથી કમળપર બેઠેલ ભ્રમર સૂર્યાસ્ત થવાનું દેખે છે છતાં ઉડતો નથી અને કમળ મીંચાઈ જવાથી તેના સંપુટમાં બંધાઈ જાય છે. તે સવારે કમળ ઉઘ-ડતાં નીકળવાનું ધારે છે, પરંતુ સવાર પડ્યા અગાઉ તો તે કમળનો સંપુટ હાથીના મોઢામાં ભ્રમર સહિત જાય છે. અર્થાત્ હાથી આવીને તે કમળ ખાઈ જાય છે. (૪)

વળી દીપકનું મનોહર રૂપ જોઇને પતંગીઆ તેમાં જઇને પડે છે અને બળી મરે છે. જુઓ ! તેને દુઃખના કારણમાં તેના નેત્રો સહાયભૂત થાય છે (૫)

---

૧ અવળી ચાલનો ઘોડો. ૨ સ્પર્શેંદ્રિયના વશવર્તિપણાથી.

શ્રોત્રેંદ્રિયમાં આસક્ત થયેલા હરણો ક્ષણમાત્રમાં શીકારીને હાથે માથું કપાવે છે. આ પ્રમાણે એક એક ઇંદ્રિયના કારણે જીવો અનેક પ્રકારના દુઃખો પામે છે (૬)

હવે આ મનુષ્યને શિખામણ આપે છે કે-જેની પાંચે ઇંદ્રિયો પ્રબળ વર્તે છે તેને માટે તેની કથા તો શું કહીએ? અર્થાત્ તે કેવા દુઃખનું ભાજન થાય તે વિચારો. ચિદાનંદ મહારાજ કહે છે કે—આ પ્રમાણેના પરમાત્માના વચનો સાંભળીને ઇંદ્રિયોને વશ ન થતાં નિજ સ્વભાવમાં રહીએ—વર્તીએ કે જેથી કોઇપણ પ્રકારનું દુઃખ પ્રાપ્ત ન થાય.

સાર—આ પદમાં પાંચ ઇંદ્રિયો પૈકી એકેક ઇંદ્રિયના વશવર્તિપણાથી દુઃખ પામતા-મરણ પામતા જીવોના પ્રત્યક્ષ દ્રષ્ટાંતો આપીને આપણને શિખામણ આપે છે કે—હે ભવ્ય! તારી પાંચે ઇંદ્રિયો જો વશ નહીં રહે તો તું બહુ દુઃખનું ભાજન થઇશ. આ હકીકત અનુભવસિદ્ધ હોવાથી તે સંબંધમાં વધારે લખવાની કે સાર સમજાવવાની આવશ્યકતા જણાતી નથી.

---

## પદ ૪૨ મું.

### શ્રી અજિતનાથ જિન સ્તવન.

( રાગ ભૈરવ. )

અજિત જિનંદ દેવ થિર ચિત્ત ધ્યાઇએ.
થિર ચિત્ત ધ્યાઇએ,
પરમ સુખ પાઇએ. અજિત૦ આંકણી.
અતિ નીકો ભાવજળ, વિગત મમત મલ;
ઐસા જ્ઞાનસરથી, સુજલ ભર લાઇએ. અજિત૦ ૧

કેશર સુમતિ ઘોરી, ભરી ભાવના કચોરી;
કેર મન ભોરી અંગ, અંગીયા રચાઇએ. અજિત૦ ૨
અભય અખંડ ક્યારી, સીંચકે વિવેક વારી,
સહજ સુભાવમેં, સુમન નિપજાઇએ. અજિત૦ ૩
ધ્યાન ધૂપ જ્ઞાન દીપ, કરી અષ્ટ કર્મ જીપ;
દુવિધ સરૂપ તપ, નૈવેદ્ય ચઢાઇએ. અજિત૦ ૪
લીજીએ અમલ દલ, હોઇએ સરસ ફલ;
અક્ષત અખંડ બોધ, સ્વસ્તિક લખાઇએ. અજિત૦ ૫
અનુભવ ભોર ભયો, મિથ્યા તમ દૂર ગયો;
કરી જિન સેવ ઇમ, ગુણ કુનિ ગાઇએ. અજિત૦ ૬
ઇણવિધ ભાવ સેવ, કીજીએ સુનિતમેવ,
ચિદાનંદ પ્યારે ઇમ, શિવપુર પાઇએ. અજિત૦ ૭

અર્થ—અજિતનાથ પરમાત્માને સ્થિર ચિત્ત કરીને ધ્યાઇએ-તેનું ધ્યાન કરીએ. જો એ રીતે ધ્યાઇએ તો પરમ સુખ પામીએ.

હવે પ્રભુની દ્રવ્યપૂજાના આઠ પ્રકારને ભાવસંયુક્ત બતાવે છે. અત્યંત સુંદર એવા ભાવરૂપ જળ, જેમાં મમતારૂપ મળ નથી એવા સુંદર જ્ઞાનરૂપ સરોવરમાંથી ભરી લાવીએ. તે જળવડે સ્નાત્ર કરીને પછી સુમતિરૂપ કેશર ઘોળી ભાવનારૂપ કચોળી (વાટકી) ભરીએ અને મનને સરલ કરીને તે કેશરવડે પ્રભુની આંગી બનાવીએ-રચીએ. ૧-૨.

અભયરૂપ અખંડ કયારામાં વિવેકરૂપ જળ સીંચીને સહજ-

સ્વભાવરૂપ પુષ્પો ઉપજાવીએ-ઉગાડીએ(અને તે પ્રભુને ચડાવીએ). ધ્યાનરૂપ ધૂપ કરીએ, જ્ઞાનરૂપ દીપક ધરીએ, એ રીતે અષ્ટકર્મને જીતવા સારૂ બે પ્રકારના તપરૂપ નૈવેદ્ય પ્રભુ પાસે ચડાવીએ-ધરીએ. નિર્મળ દળવાળા અને સરસ-રસવાળા ફળો ઢોઇએ તેમજ અખંડ બોધરૂપ અક્ષતનો સ્વસ્તિક કરીએ. આવી રીતે અષ્ટપ્રકારી દ્રવ્યપૂજા કરીએ. ૩-૪-૫.

હવે અનુભવજ્ઞાનરૂપ પ્રભાત થયું અને મિથ્યાત્વરૂપ અંધકાર નાશ પામ્યો, એટલે ઉપર પ્રમાણે જિનેશ્વરની દ્રવ્યપૂજા કરીને પછી તેમના ગુણ ગાઈએ-ભાવપૂજા કરીએ. એવા પ્રકારની ભાવપૂજા નિરંતર-હરરોજ કરીએ. ચિદાનંદજી કહે છે કે એમ કરવાથી સહેજે શિવપુરને પ્રાપ્ત કરીએ-મોક્ષસુખને પામીએ. ૬-૭.

**નોંધ**—આ પદ નથી પરંતુ સ્તવન છે. કોઇપણ સ્થળે ચિદાનંદજીએ અજિતનાથજીના બિંબ સમક્ષ આ સ્તવનની રચના કરેલી સંભવે છે. જો તારંગાજી તીર્થે પધાર્યા હશે તો તો ત્યાંજ કરી હશે. આ સ્તવનમાં અષ્ટપ્રકારી પૂજાને બહુ સારૂં રૂપક આપેલ છે. દ્રવ્યની સાથેજ ભાવનું સંમેલન કર્યું છે અને તેની ખાસ જરૂર છે. દ્રવ્યપૂજા કરતાં ભાવની નિર્મળતા તો હોવીજ જોઇએ. તે સાથે દ્રવ્યપૂજા કરવાના હેતુ પણ સમજવા જોઇએ, તે બરાબર સમજાવેલ છે. પ્રાંતે ભાવપૂજાની આવશ્યકતા-ખાસ કર્તવ્યતા સૂચવીને સ્તવન સંપૂર્ણ કરેલ છે. આ સ્તવન કંઠે કરીને વારંવાર ભગવંતની સમક્ષ ભાવપૂર્વક કહેવા લાયક છે અને હૃદયમાં સમજવા લાયક છે.

## પદ ૪૩ મું.

(રાગ—કાફી.)

જૌલૌં અનુભવ જ્ઞાન,
ઘટમેં પ્રગટ ભયો નહીં. જૌલોં૦ આં૦
તૌલૌં મન થિર હોત નહીં છીન,
જિમ પીપરકો પાન;
વેદ ભણ્યો પણ ભેદ વિના શઠ,
પોથા પોથા જાણ રે. ઘટમેં૦ ૧
રસ ભાજનમેં રહત દ્રવ્ય નિત,
નહિં તસ રસ પહિચાન;
તિમ શ્રુતપાઠી પંડિતકું પણ,
પ્રવચન કહત અજ્ઞાન રે. ઘટમેં૦ ૨
સાર લહ્યા વિન ભાર કહ્યો શ્રુત,
ખર દૃષ્ટાંત પ્રમાણ;
ચિદાનંદ અધ્યાતમ શૈલી,
સમજ પરત એક તાન રે. ઘટમેં૦ ૩

અર્થ—જ્યાં સુધી અનુભવજ્ઞાન ઘટમાં-આત્મામાં પ્રગટ ન થાય ત્યાં સુધી આ મન ક્ષણમાત્ર પણ પીપળાના પાંદડાની જેમ સ્થિર થતું નથી. શાસ્ત્રકાર કહે છે કે–વેદ ભણ્યો પણ જો ભેદ (રહસ્ય) તેનો ન જાણ્યો તો તે શઠ (મૂર્ખ) જ રહે છે અને તેની પોથી બધી થોથા જેવી ગણાય છે. (૧)

રસના ભાજનમાં–ઠામમાં અમુક દ્રવ્ય (ખાવાનો રસવાળો પદાર્થ) નિરંતર રહે છે, પણ તે ભાજનને રસની પીછાન–સમજણ પડતી નથી; તેમ માત્ર શ્રુતપાઠી–પોપટીઆ જ્ઞાનવાળ રહસ્ય સમજ્યા વિનાના પંડિતને પણ પ્રવચન-શાસ્ત્ર અજ્ઞાની કહે છે. (૨)

શ્રુતનો સાર જાણ્યા વિનાનું જ્ઞાન ચંદનનો ભાર વહન કરનાર ખરની જેમ ભારભૂત કહ્યું છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે–અનુભવની શૈલી તો તેમાં એક તાન થઇ જવાથીજ સમજી શકાય છે, તે વિના સમજી કે પામી શકાતી નથી.(૩)

સાર—આ પદમાં માત્ર શાસ્ત્ર ભણી ગયેલા પણ વર્તનમાં નહીં ઉતારેલ એવા મનુષ્યોને માટે કહે છે કે–ગધેડો જેમ ચંદનનો ભાર વહેતો સતો તેની સુગંધનો ઉપભોગી બનતો નથી–માત્ર ભાર ઉપાડનારોજ રહે છે, તેમ અનેક શાસ્ત્રો ભણ્યા છતાં જો ઓછેવત્તે અંશે પણ વર્તન શુદ્ધ કરવામાં ન આવે તો તેનું ભણેલું નિષ્ફળ છે. તેવા મનુષ્યો શા માટે ભણ્યું ? તેજ સમજી શકયા નથી. ભણવાની મતલબજ કૃત્યાકૃત્ય સમજીને અકૃત્ય તજી સત્ કૃત્ય આદરવાની હોય છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે–અનુભવજ્ઞાન તો અધ્યાત્મમાં એક તાન થનારજ મેળવી શકે છે.

## પદ ૪૪ મું.

(રાગ—કાફી.)

અકથ કથા કુણ જાણે હો તેરી ચતુર સનેહી ! અકથ૦
નયવાદી નયવાદ ગ્રહીને, જૂઠા ઝગડા ઠાણે;
નિરપખ લખ ચખ સ્વાદ સુધાકો,
તે તો તનક ન તાણે હો. તેરી૦ ૧
છિનમેં રૂપ રચત નાના વિધ,
આપ અરૂપ વખાને;
છિન મૂરખ જ્ઞાની હોય છિનમેં,
ન્યાય સકળ છિન જાણે હો. તેરી૦ ૨
ચોર સાધ કછુ કહ્યો ન પરતુ હૈ,
લખ નાના ગુણઠાણે;
જૈસો હેતુ તૈસો ચિદાનંદ,
ચિત્ત શ્રદ્ધા ઇમ આણે હો. તેરી અકથ કથા કુણ જાણે. ૩

અર્થ—હે ચતુર સ્નેહી એવા આત્મા ! તારી અકથ–ન કહી શકાય એવી કથાને કોણ જાણી શકે ? કોણ કહી શકે ?

નયવાદી તો એકેક નયના વાદને ગ્રહણ કરીને ખોટા ઝગડાઓ માંડી બેઠા છે, પરંતુ નિરપક્ષ લક્ષરૂપ અમૃતનો સ્વાદ ચાખ્યા પછી તો તેવા સુજ્ઞો એક જરામાત્ર પણ તાણાતાણ કરતાજ નથી. (૧)

હે આત્મા ! તું ક્ષણમાં અનેક પ્રકારના જૂદા જૂદા રૂપ ધારણ કરે છે અને વળી પોતાને અરૂપી કહેવરાવે છે. ક્ષણમાં મૂર્ખ થાય છે અને ક્ષણમાં જ્ઞાની થઇને સર્વ પ્રકારના ન્યાયને સમજી શકે છે. (૨)

તને પુદ્‌ગળિક વસ્તુનો ચોર કહીએ કે તેનો ત્યાગી એવો સાધુ કહીએ ? કાંઇ, કહી શકાય તેમ નથી. જુદા જુદા ગુણઠાણે તું જુદા જુદા રૂપ ધારણ કરતો હોવાથી કાંઈ કહી શકાતું નથી. ચિદાનંદજી મહારાજ કહે છે કે-મને તો એવી શ્રદ્ધા ચિત્તમાં સ્થિત થઈ છે કે તું જેવા હેતુ (કારણ) મળે છે તેવો થઈ જાય છે. (૩)

**સાર**—આ આત્માની કથા કાંઈ કહી શકાય તેમ નથી એટલે કે તેની વિચિત્રતા છે. તે ક્ષણક્ષણમાં પલટણભાવ પામે છે, તેને અજ્ઞાની જાણીને મૂર્ખ કહીએ તો તે પાછો તેજ ભવમાં કે ભવાંતરમાં જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાની બની જાય છે. પુદ્‌ગળસંગે રૂપી બને છે અને સત્તાગત અરૂપી છે. ગુણઠાણામાં ઉતરતો ને ચડતો હોવાથી તેને એક-રૂપે ઓળખાવી શકાય તેમ નથી. તેથી ચિદાનંદજી મહારાજે તો નિર્ણય કર્યો છે કે—આ આત્મા જેવા કારણો કે સંયોગો મળે છે તેવો થઇ જાય છે, માટે ઉત્તમ જનોએ જેમ બને તેમ સારા કારણો ને સંયોગો મેળવવા, જેથી આત્મા ઉચ્ચ સ્થિતિને પામે.

## પદ ૪૫ મું.

(રાગ—કાફી.)

અલખ લખ્યા કિમ જાવે હો, ઐસી કોઉ જુગતિ
બતાવે; અલખ લખ્યા કિમ જાવે. આંકણી૦
તનમનવચનાતીત ધ્યાન ધર, અજપા જાપ જપાવે;
હોય અડોલ લોલતા ત્યાગી,
જ્ઞાનસરોવરે ન્હાવે હો. ઐસી૦ ૧
શુદ્ધ સ્વરૂપમેં શક્તિ સંભારત,
મમતા દૂર વહાવે;
કનક ઉપલ મલ ભિન્નતા કાજે,
જોગાનળ સળગાવે હો. ઐસી૦ ૨
એક સમય સમ શ્રેણિ રોપી,
ચિદાનંદ ઇમ ગાવે;
અલખ રૂપ હોઇ અલખ સમાવે,
અલખ ભેદ ઇમ પાવે હો. ઐસી૦ ૩

અર્થ—ચિદાનંદજી પૂછે છે કે—અલક્ષ એવા આત્માનું સ્વરૂપ શી રીતે લખ્યું—કહ્યું જાય એવી કોઈ યુક્તિ બતાવે છે ?

આ આત્મા તો તન મન ને વચન એ ત્રણે યોગ વિના યોગાતીત ધ્યાનને ધારણ કરીને અજપા જાપ—આત્માની અંદર ઉઠતા સોહં પદનો જાપ કરે છે. વળી અડોલ-સ્થિર થઇ,

લોલતા–પુદ્ગળપરની આસક્તિ તેને તજી દઇને જ્ઞાનરૂપ સરોવરમાં સ્નાન કરે છે–ન્હાય છે. (૧)

પછી શુદ્ધ સ્વરૂપમાં આવ્યો સતો પોતાની અનંત શક્તિને સંભારે છે–સંભાળે છે અને મમતાને દૂર તજી દે છે. વળી આત્મારૂપ કનક (સુવર્ણ) ને લાગેલા પથ્થરના મેલરૂપ કર્મસમૂહને ભિન્ન કરી નાખવા માટે યોગાનળને પ્રજ્વળિત કરે છે કે જેથી આત્માની ઉપરનો કર્મમળ નાશ પામી જાય છે–બળી જાય છે. (૨)

પછી એક સમયની સમશ્રેણિ માંડીને સિદ્ધસ્થાનમાં પહોંચી જાય છે. આ પ્રમાણે શુદ્ધ સ્વરૂપી આત્માના સ્વરૂપનું ગાન કરતા સતા ચિદાનંદમહારાજ કહે છે કે–જે પોતે અલક્ષ રૂપવાળા થઈ અલક્ષને પોતામાં સમાવી દે છે તે એ રીતે અલક્ષના મર્મને પામે છે. અલક્ષને જાણવાનો એજ ઉપાય જણાય છે. (૩)

**સાર**—આત્માનું સ્વરૂપ વિચારતાં તે ખરેખરી રીતે અલક્ષ જણાય છે. તેનું વાસ્તવિક પૂર્ણ સ્વરૂપ જે અલક્ષ અવસ્થાને પામે છે તેજ સમજી શકે છે; બીજા પામી શકતા નથી. જીવ અલક્ષપણાને શી રીતે પામે ? તેને માટે સંક્ષિપ્ત વર્ણન આ પદમાં આપેલું છે, તેનો વિસ્તાર જેટલો કરવા ધારે તેટલો થઇ શકે તેમ છે. છતાં ટુંકું સ્વરૂપ એવું સરસ રીતે બતાવ્યું છે કે જેથી આપણે કર્તાના વિશિષ્ટ જ્ઞાનને પીછાણી શકીએ છીએ.

## પદ ૪૬ મું.

(રાગ—કાફીની હોરી)

અનુભવ મિત્ત મિલાય દે મોકું,
શ્યામસુંદર વર મેરા રે. આંકણી અનુ૦
શિયલ ફાગ પિયા સંગ રમુંગી,
ગુણ માનુંગી મેં તેરા રે;
જ્ઞાન ગુલાલ પ્રેમ પીચકારી,
શુચિ શ્રદ્ધા રંગ ભેરા રે. અનુ૦ ૧
પંચ મિથ્યાત નિવાર ધરૂંગી મેં,
સંવર વેશ ભલેરા રે;
ચિદાનંદ ઐસી હોરી ખેલત,
બહુરિ ન હોય ભવફેરા રે. અનુ૦ ૨

અર્થ—'હે અનુભવમિત્ર ! જે શ્યામસુંદર વિશુદ્ધ આત્મા મારા સ્વામી છે તેને તું મેળવી દે.' આ પ્રમાણે શુદ્ધ ચેતના કહે છે.

હું તે સ્વામીની સાથે શિયલરૂપ ફાગ રમીશ અને તારો ગુણ માનીશ. જ્ઞાનરૂપી ગુલાબજળથી ભરેલી શુદ્ધ પ્રેમરૂપ પીચકારી સ્વામીને મારીશ. જે પીચકારીમાં શુદ્ધ શ્રદ્ધારૂપ રંગ પણ ભેળવેલો હોય છે. તે ફાગ રમતી વખતે હું પાંચે પ્રકારના મિથ્યાત્વને (અશુભ વેશને) તજી દઈને શુદ્ધ સંવર (નિર્મળ ચારિત્ર) રૂપ સુંદર વેશ ધારણ કરીશ.

ચિદાનંદજી કહે છે કે-જે જીવ આવી હોરી ખેલે તેને બહોળતાએ તો ભવના ફેરા રહે નહીં. તે સ્વલ્પ ભવમાંજ સિદ્ધિસ્થાનને પામે. ( ૧-૨ )

**સાર**—આ નાના સરખા પદમાં જ્ઞાની આત્મા કેવી હોરી ખેલે તેનું ટુંકું સ્વરૂપ બતાવ્યું છે. શીળરૂપ ફાગ, જ્ઞાનરૂપ ગુલાલ, પ્રેમરૂપ પીચકારી, તેમાં શુચિ શ્રદ્ધારૂપ રંગ-તેવો ફાગ રમતાં પહેરેલ સંવરરૂપ સુંદર વેશ અને તજેલ મિથ્યાત્વરૂપ માઠો વેશ. આ પ્રકારની હોરી રમનાર આત્મા અલ્પકાળમાંજ સિદ્ધિસુખને પામે એમાં આશ્ચર્ય નથી કર્તાએ ટુંકામાં ઘટના બહુ સુંદર કરી છે.

---

## પદ ૪૭ મું.

### (રાગ—કાફીની હોરી.)

એરી સુખ હોરી ગાવોરી,
સહજ શ્યામ ઘર આય સખી! આંકણી૦
ભેદજ્ઞાનકી કુંજગલનમેં. રંગ રચાવોરી. સખી૦ ૧
શુદ્ધ શ્રદ્ધાન સુરંગ ફુલકે, મંડપ છાવોરી;
એરી ઘરમંડપ છાવોરી. સખી૦ ૨
વાસ ચંદન શુભભાવ અરગજા, અંગ લગાવોરી;
એરી પિયા અંગ લગાવોરી. સખી૦ ૩
અનુભવ પ્રેમ પીયાલે પ્યારી, ભરભર પાવોરી;
કંતકું ભરભર પાવોરી. સખી૦ ૪

**ચિદાનંદ સમતા રસમેવા, મિલમિલ ખાવોરી;**
**સહજ શ્યામ ઘર આયે સખી મુખ હોરી ગાવોરી. ૫**

અર્થ—શુદ્ધચેતના સુમતિ સખીને કહે છે કે-આજ તો સહજશ્યામ જે વિશુદ્ધ આત્મા-મારા સ્વામી તે પોતાના-મારા ઘરમાં આવ્યા છે, માટે તમે તેના આનંદમાં તમારા મુખે હોરી ગાઓ. અને શુદ્ધ જ્ઞાનરૂપી કુંજની ગલીમાં અનેક પ્રકારના રંગ મચાવો. (૧)

વળી શુદ્ધ શ્રદ્ધાનરૂપ સારા વર્ણવાળા પુષ્પોવડે એક ઉત્તમ મંડપ બાંધો કે જેમાં રહીને સ્વામી સાથે આનંદ કરી શકાય. (૨)

પછી સુવાસનારૂપ ચંદન અને શુભભાવરૂપ અરગજા અત્તરાદિ દ્રવ્યો મારા પ્રીતમને અંગે લગાવો-તેનુ વિલેપન કરો.(૩)

અને હે પ્યારી ! અનુભવજ્ઞાનરૂપ રસ, પ્રેમરૂપ પ્યાલામાં ભરી ભરીને મારા કંથને-ભર્ત્તારને પાઓ. (૪)

ચિદાનંદજી કહે છે કે-પછી સમતારસના મેવા પતિની સાથે હળીમળીને ખાઓ-તેનો આસ્વાદ લ્યો. (૫)

આ રીતે મારા શ્યામસુંદર ઘરે આવ્યા છે માટે હે સખી ! તમે હોરી ગાવા વિગેરે તમામ ક્રિયાઓ કરો કે જેથી તેઓ પ્રસન્ન થઇને અહીંઆંજ સ્થિતિ કરે. પરઘરે (પરભાવમાં) જવાની ઇચ્છાજ ન કરે.

સાર—આ પદ પાછળના પદની પૂર્ત્તિમાં બનાવેલું જણાય છે. પાછલા પદમાં ટુંકામાં હોરી ખેલવાનું બતાવ્યું

છે. આ પદમાં તેનોજ વિસ્તાર કર્યો છે. આમાં તો પોતાના ઘરમાં (સ્વરૂપમાં) આવેલ આત્માને પાછા પરભાવમાં (પરઘરમાં) ન જાય તેમ કરવા માટે જે શુભ પ્રયત્ન કરવો ઘટે તે ટુંકામાં બતાવ્યો છે અને દરેક વસ્તુને જુદું જુદું રૂપ આપેલું છે. ભેદજ્ઞાનરૂપ કુંજ, શુદ્ધ શ્રદ્ધાનરૂપ પુષ્પમંડપ, શુભભાવરૂપ ચંદનાદિકનું વિલેપન, અનુભવજ્ઞાનરૂપ પ્રેમરસ, સમતારૂપ મીઠાઈ ને મેવા—આ બધાં ઉત્તમ સાધનો સહિત હોરી ગાવાનું સૂચવ્યું છે.

---

## પદ ૪૮ મું.

(રાગ—જંગલો કાફી.)

જગમેં ન તેરા કોઇ, નર દેખહુ નિહચેં જોઈ. આં૦
સુત માત તાત અરૂ નારી, સહુ સ્વારથકે હિતકારી;
બિનસ્વારથ શત્રુ સોઇ, જગમેં ન તેરા કોઇ. ૧
તું ફિરત મહા મદમાતા, વિષયન સંગ મૂરખ રાતા;
નિજ અંગકી સુધબુધ ખોઇ, જગમેં ન તેરા કોઇ. ૨
ઘટ જ્ઞાનકલા નવ જાકું, પર નિજ માનત સુન તાકું;
આખર પછતાવા હોઈ, જગમેં ન તેરા કોઇ. ૩
નવિ અનુપમ નરભવ હારો, નિજ શુદ્ધ સ્વરૂપ નિહારો;
અંતર મમતામલ ધોઇ, જગમેં ન તેરા કોઇ. ૪
પ્રભુ ચિદાનંદકી વાણી, ધાર તું નિશ્ચે જગ પ્રાણી;
જિમ સફલ હોત ભવ દોઈ, જગમેં ન તેરા કોઈ. ૫

અર્થ—હે મનુષ્ય! તું નિશ્ચયપૂર્વક નિરખીને જો, જેથી જણાશે કે 'આ જગમાં તારૂં કોઈ નથી.'

તું જેને તારા ગણે છે તે પુત્ર, માતા, પિતા અને સ્ત્રી તે સર્વ પોતાનો સ્વાર્થ સરે ત્યાં સુધી તારા હિતકારી છે; જ્યારે તારાથી તેનો સ્વાર્થ સરશે નહીં એટલે તેજ તારા શત્રુ બની જશે એમ સમજજે. (૧)

હે મૂર્ખ! તું વિષયના પ્રસંગમાં રક્ત થઈ મદોન્મત્ત પણે ભમે છે અને તેં તારી-પોતાની શુદ્ધબુદ્ધ ખોઈ નાખી છે. (૨)

જેના આત્મામાં જ્ઞાનકળા પ્રગટ થયેલી હોતી નથી તે મુગ્ધ પ્રાણી પારકાને પોતાના માને છે, પરંતુ તેથી પરિણામે તેને પસ્તાવોજ થાય છે. એમ ચોક્કસ સમજજે. (૩)

માટે હે ચેતન! આ અનુપમ મનુષ્ય ભવ મળ્યો છે તેને તું હારી ન જા અને પોતાના શુદ્ધ સ્વરૂપને જો! તે સાથે અંતરમાં રહેલો મમતારૂપ મળ ધોઈ નાખી નિર્મળ થા. (૪)

આ પ્રમાણેની ચિદાનંદ પ્રભુની વાણી હે જગતના પ્રાણી! તું તારા હૃદયમાં ધારણ કર કે જેથી તારા બંને ભવ-આ ભવ ને આગામી ભવ સફળ થાય. (૫)

સાર—આ પદમાં એકત્વ ભાવનાનું સ્વરૂપ કર્તાએ બહુ સુંદર રીતે સમજાવ્યું છે. આ ભવસ્થ પ્રાણી મોહમદિરાના છાકથી ખરી વાતને સમજી શકતો નથી તેને કર્તાએ સચોટ રીતે સમજણ આપી છે, ચેતાવ્યો છે અને છેવટે સાચો માર્ગ પણ બતાવ્યો છે. આ પદમાં બતાવેલી હિતશિક્ષા

હૃદયમાં ધારણ કરનાર આત્મા અવશ્ય કર્મનો ભાર હલકો કરે છે કે જેથી તેના આ ભવ ને આગામી ભવ-બંને ભવ સફળ થઈ શકે છે.

## પદ ૪૯ મું.

( રાગ-જંગલો કાફી )

જુઠી જુઠી જગતકી માયા,
 જિને જાણી ભેદ તિને પાયા. જુઠી૦ આંકણી.
તન ધન જોવન સુખ જેતા,
 સહુ જાણ અથિર સુખ તેતા;
નર જિમ બાદલકી છાયા,
 જુઠી જુઠી જગતકી માયા. ૧
જિમ અનિત્ય ભાવ ચિત્ત આયા,
 લખ ગલિત વૃષભકી કાયા;
બુઝે કરકંડુ રાયા, જુઠી જુઠી જગતકી માયા. ૨
ઇમ ચિદાનંદ મનમાંહી, કછુ કરીએ મમતા નાંહી;
સદ્ગુરૂએ ભેદ લખાયા, જુઠી જુઠી જગતકી માયા. ૩

અર્થ—આ જગતની માયા તદ્દન જુઠી છે એ પ્રમાણે જેણે જાણ્યુ છે તે પ્રાણી તેનો ભેદ પામ્યો છે. એમ સમજવું.

તન ધન યૌવન વિગેરે જેટલાં સુખનાં સાધન હે જીવ! તું માને છે તે બધાં અસ્થિર છે, એટલે કે વાદળની છાયા

જેવા ક્ષણુવિનાશી છે, એમ હે ચેતન ! તું સમજ. ૧.

આ પ્રમાણેનો અનિત્ય ભાવ વૃષભની વૃદ્ધાવસ્થાને લઈને-તેની ગળી ગયેલી કાયા જોઇને જેના ચિત્તમાં આવ્યો એવા કરકંડુ રાજા પ્રતિબોધ પામ્યા અને સંસાર તજી દીધો. ૨.

આમ મનમાં સમજીને ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે આત્મા ! કોઈપણ પદાર્થ ઉપર મમતા ન કરવી. આવો સદ્ગુરૂએ ભેદ બતાવ્યો છે અર્થાત્ મર્મ સમજાવ્યો છે. ૩

સાર-આ મર્મ નિરંતર લક્ષમાં રાખવા યોગ્ય છે. ભૂલી જવા જેવો નથી; જે ભૂલી જાય છે તે ભૂલથાપ ખાય છે ને હેરાન થાય છે. આ પદમાં કર્ત્તાએ અનિત્ય ભાવનાનું સ્વરૂપ ખીલવ્યું છે અને તે ઉપર **કરકંડુ રાજા** કે જે પ્રત્યેકબુધ્ધ થયેલા છે તેનું દષ્ટાંત સૂચવ્યું છે. તેમણે એક વૃષભને તેની યુવાવસ્થામાં મદોન્મત્ત સ્થિતિમાં જોયેલો, તેનેજ વૃધ્ધાવસ્થા પામવાથી સારી રીતે હાલી ચાલી પણ ન શકે તેવો અને જર્જરિત શરીરવાળો જોયો, તે ઉપરથી આ દેહની તેમજ સંસારના સર્વ પદાર્થોની અનિત્યતા ભાસવાથી તેમણે સંસાર તજી દીધો, મુનિપણું સ્વીકાર્યું અને પ્રાંતે ચારિત્રનું આરાધન કરીને સિદ્ધિસુખને પામ્યા. ધન્ય છે એવા મહાનુભાવને ! કે જે એક પ્રસંગમાં અનિત્યતા જોતાંજ બોધ પામી ગયા. આ જીવ બહુલકર્મી હોવાથી એવા અનેક પ્રસંગો જુએ છે, અનુભવે છે, વેદે છે, છતાં તેને સાન આવતી નથી. ખરૂં ભાન કે જ્ઞાન થતું નથી અને સંસારમાં એક સરખો રક્ત રહીને પરિભ્રમણ કરે છે. કર્ત્તાની કહેલી હિતશિક્ષા ખાસ ધ્યાનમાં લેવા લાયક છે.

## પદ ૫૦ મું.

( રાગ—સોરઠ. )

આતમ ધ્યાન સમાન, જગતમેં,

સાધન નવિ કોઉ આન. જગતમેં૦ એ આંકણી;

રૂપાતીત ધ્યાનકે કારણ, રૂપસ્થાદિક જાન;

તાહુમેં પિંડસ્થ ધ્યાન કુન, ધ્યાતાકું પરધાન, જ૦ ૧

તે પિંડસ્થ ધ્યાન કિમ કરિયે, તાકો એમ વિધાન;

રેચક પૂરક કુંભક શાંતિક,

કર સુખમન ઘર આન. જગતમેં૦ ૨

પ્રાન સમાન ઉદાન વ્યાનકું, સમ્યક્ ગ્રહહું અપાન;

સહજ સુભાવ સુરંગ સભામેં,

અનુભવ અનહદ તાન. જગતમેં૦ ૩

કર આસન ધર શુચિસમ મુદ્રા,

ગ્રહી ગુરૂગમ એ જ્ઞાન;

અજપા જાપ સોહં સુસમરન,

કર અનુભવ રસપાન. જગતમેં૦ ૪

આતમ ધ્યાન ભરત ચક્રી લહ્યો,

ભવન આરિસા જ્ઞાન;

ચિદાનંદ શુભ ધ્યાન જોગ જન,

પાવત પદ નિરવાણ. જગતમેં૦ ૫

અર્થ આ જગતમાં આત્મધ્યાન સમાન બીજું કોઈ મોક્ષનું સાધન નથી. એમ હે ભવ્ય જીવ! તું જાણ.

ધ્યાન ત્રણ પ્રકારનું છે. ૧ રૂપાતીત ૨ રૂપસ્થ અને ૩ પિંડસ્થ, તેમાં રૂપાતીત ધ્યાનને માટે રૂપસ્થાદિક ધ્યાન કરવાના છે. તેમાં પણ નવીન ધ્યાતાને પ્રથમ પિંડસ્થ ધ્યાનની પ્રધાનતા છે. અર્થાત્ પ્રથમ તે ધ્યાન કરવા યોગ્ય છે. (૧) (પદસ્થનો રૂપસ્થમાં સમાવેશ છે.)

હવે તે પિંડસ્થ ધ્યાન શી રીતે કરવું? તેનું વિધાન આ પ્રમાણે છેઃ-પ્રથમ રેચક, પૂરક, કુંભક અને શાંતિક કરીને સુખમના જે મધ્ય નાડી, તેને તેના ઘરમાં લાવવી. પછી પ્રાણ, સમાન, ઉદાન, અપાન અને વ્યાન એ પાંચે પ્રકારના વાયુને કબજે કરવા-પોતાને સ્વાધિન બનાવવા, એટલે સહજ સ્વભાવ રૂપ સુરંગ સભામાં અનહદ તાન અથવા અનાહત નાદનો અનુભવ થશે. (૨-૩)

ઉપર પ્રમાણે કરવામાં ધ્યાનને યોગ્ય આસન કરી, પવિત્ર એવી સમમુદ્રા ધારણ કરવી. આ પ્રમાણે ગુરૂગમથી જ્ઞાન મેળવીને તદ્યોગ્ય પ્રયત્ન કરી અજપા જાપ જે સોહં તેને સંભારવો-તે જાપ કરવો અને આત્મિક અનુભવના રસનું પાન કરવું. (૪)

ઉપર જણાવેલું આત્મધ્યાન ભરત ચક્રીએ આરિસા-ભુવનમાં પ્રાપ્ત કર્યું અને તેથી કેવળજ્ઞાન મેળવ્યું. શ્રી ચિદા-નંદ મહારાજ કહે છે કે-શુભ ધ્યાનના યોગે ભવ્ય જીવ નિર્વાણ પદને મેળવે છે-પ્રાપ્ત કરી શકે છે. (૫)

( રેચકાદિ ૪ પ્રકારનું, પ્રાણાદિ પાંચ પ્રકારના વાયુનું અને પિંડસ્થાદિ ધ્યાનનું સ્વરૂપ આ નીચે આપેલું છે, તે યોગ-શાસ્ત્ર ભાષાંતર, ધ્યાનદીપિકા વિગેરેમાંથી લીધેલ છે. )

## પાંચ પ્રકારના વાયુ.

ઉશ્વાસ–નિઃશ્વાસાદિક પ્રાણવાયુ.
મૂત્રાદિકને બહાર લાવનાર અપાનવાયુ.
અનાજને પચાવી યોગ્ય સ્થાને પહોંડનાર સમાનવાયુ.
રસાદિકને ઉંચે લઇ જનાર ઉદાનવાયુ.
આખા શરીરમાં વ્યાપીને રહે તે વ્યાનવાયુ

## રેચકાદિકનું સ્વરૂપ.

નાસિકા, બ્રહ્મરંધ્ર ને મુખે કરીને વાયુને બહાર કાઢવો તે–રેચક.
બહારથી પવનને ખેંચીને અપાન પર્યંત કોઠામાં પૂરવો તે–પૂરક.
વાયુને નાભિકમળમાં સ્થિર કરીને તેને રોકવો તે–કુંભક.
તાળવું, નાસિકા તથા મુખરૂપ દ્વારોથી વાયુનો નિરોધ કરવો તે–શાંતિક.

## પિંડસ્થાદિ ધ્યાનનું સ્વરૂપ.

પિંડ જે શરીર તેમાં રહેલા આત્માનું ધ્યાન કરવું તે; **પિંડસ્થધ્યાન.** શરીરના જુદા જુદા ભાગમાં જુદી જુદી માનસિક કલ્પના કરી મનને તે તે આકારે સ્વઇચ્છાથી જાગૃતિપૂર્વક પરિણમાવવું અથવા આત્મ ઉપયોગને તે તે પ્રકારે પરિણમાવવો તે **પિંડસ્થ**ધ્યાન.

પરમાત્માના નામ સાથે સંબંધ ધરાવનારા પવિત્ર પદોનું (મંત્રોનું) ધ્યાન કરવું તે **પદસ્થ** ધ્યાન.

સ્થૂળરૂપવાળા અને સાક્ષાત્ સમવસરણમાં બીરાજેલા સજીવનમૂર્ત્તિ એવા તીર્થંકરોના શરીરોને અથવા પાષાણાદિની મૂર્તિઓને ધ્યેય તરીકે રાખી મનની તેમાં એકાગ્રતા કરવી તે **રૂપસ્થ** ધ્યાન.

જેમાં કોઇ પ્રકારના સ્થૂળ રૂપાદિ લક્ષણો નથી એવા આત્માના શુદ્ધ સ્વરૂપનું લક્ષ લઇ તેમાં મનોવૃત્તિના અખંડ પ્રવાહને વાળી દઇ આત્મસ્વરૂપ અનુભવવું તે **રૂપાતીત** ધ્યાન.

સ્થૂળ ધ્યાન સિદ્ધ કર્યા વગર સૂક્ષ્મ-નિરાકાર-રૂપાતીત આત્મસ્વરૂપનું ધ્યાન થઈ શકે નહીં, તેથી પ્રથમ રૂપવાળા સ્થૂળ ધ્યાન કરવા તે ઉપયોગી છે. તેનાવડે રૂપાતીત ધ્યાને પહોંચી શકાય છે.

ધ્યાતા-ધ્યાન કરનાર, ધ્યેય-ધ્યાન કરવા લાયક આલંબન અને ધ્યાન એટલે ધ્યાતા અને ધ્યેયને સાથે જોડનાર ધ્યાતા તરફથી થતી, સજાતીય પ્રવાહવાળી અખંડ ક્રિયા અથવા જે આલંબનરૂપ ધ્યેય છે તે તરફ અંતરદૃષ્ટિ કરી તે લક્ષ શિવાય મન બીજું કાંઈપણ ચિંતવન ન કરતાં એકરસ સતત તે વિચારની એક જાતિની એક વૃત્તિનો અખંડ પ્રવાહ ચલાવ્યા કરે તેનું નામ ધ્યાન સમજવું.

આ ચારે ધ્યાનનું વિશેષ અને સ્પષ્ટ સ્વરૂપ જાણવાના ઇચ્છકે યોગશાસ્ત્ર ભાષાંતરના ૭-૮-૯-૧૦ એ ચાર પ્રકાશ વાંચવા. અહીં તો અતિ સંક્ષિપ્ત સ્વરૂપ આપેલું છે.

## પદ ૫૨ મું.

( રાગ—સોરઠ-ગિરનારી )

પ્રભુ મેરો મનડો હટકયો ન માને. પ્રભુ૦ આં૦
બહુત ભાંત સમજાયો યાકું, ચોડે હુ અરૂ છાને;
પણ ઇય શિખામણ કછુ રંચક,
ધારત નવિ નિજ કાને. પ્રભુ૦ ૧
છિનમેં રૂષ્ટ તુષ્ટ હોય છિનમેં, રાય રંક છિનમાંહી;
ચંચળ જેમ પતાકા અંચળ,
નેહ વિગત ઇણુમાંહી. પ્રભુ૦ ૨
વક્ર તુરંગ જિમ સુલટી શિક્ષા, તજ ઉલટી હુ ઠાને;
વિષય ગતિ અતિ યાકી સાહેબ,
અતિશયધર કોઉ જાને. પ્રભુ૦ ૩
અતિ ઉગતિએ કહું હું તુમથી,
તુમવિન કોઉ ન સિયાને;
ચિદાનંદ પ્રભુ એ વિનતિકી,
અબ તો લાજ છે થાંને. પ્રભુ૦ ૪

અર્થ—હે પ્રભુ ! મારૂં મન અટકયું છે, સંસારના વિષય-માર્ગમાં અટકીને ઉભું છે, તે કહ્યું માનતું નથી અને પોતાને સ્થાને આવતું નથી.

મેં તેને બહુ રીતે પ્રગટ તેમજ છાનું સમજાવ્યું, પણ તે તો એક રંચમાત્ર પણ શિખામણ કાનેજ ધરતું નથી—સાંભળતુંજ નથી. (૧)

ક્ષણમાં તે રૂષ્ટમાન થાય છે, ક્ષણમાં તુષ્ટમાન થાય છે, ક્ષણમાં રંક થાય છે અને ક્ષણમાં રાજા થાય છે. ધ્વજાના છેડાની જેમ ચંચળ રહ્યાજ કરે છે. એને હું કહું છું તેમાં સ્નેહ આવતો નથી. ૨.

વક્રશિક્ષિત ઘોડાની જેમ તે સવળી શિક્ષા તજીને અવળી–ઉલટી શિક્ષાએજ વર્તે છે. એની એટલી બધી વિષમ ગતિ છે કે તેને હે સાહેબ! કોઈ અતિશયજ્ઞાનીજ સમજી શકે તેમ છે.૩.

હે પ્રભુ! હું આપને અત્યંત ઉક્તિવડે-પ્રાર્થનાવડે કહું છું, કારણ કે તમારા વિના બીજું કોઈ વધારે શાણું-વિચક્ષણ આ જગતમાં નથી. ચિદાનંદજી કહે છે કે-હવે તો આ વિનતિ હૃદયમાં ધારણ કરવીજ પડશે અને મારા મનને ઠેકાણે લાવી દેવુંજ પડશે. હવે તો આ સેવકની લાજ તમારે હાથ છે. ૪.

સાર–આ પદમાં મનની અસ્થિરતાનો ટુંકામાં ચિતાર આપ્યો છે અને તેવી અસ્થિરતા દૂર થવા માટે પરમાત્માની પ્રાર્થના કરી છે. કારણ કે પરમાત્માની કૃપા થયા શિવાય મન વશ આવવું અતિ મુશ્કેલ છે અને એ વશ આવ્યું એટલે જગત વશ થયું સમજવું.

---

## પદ ૫૨ મું.

( રાગ–સોરઠ–મલ્હાર. )

તારોજી રાજ તારોજી રાજ,<br>
દીનાનાથ! અબ મોહે તારોજી રાજ. એ આંકણી.<br>
પૂરવ પુણ્ય ઉદય તુમ ભેટે,<br>
તારણ તરણ જિહાજ. દીના૦ ૧

પતિત ઉદ્ધારણ તુમ પણ ધાર્યો,

હું પતિતન સિરતાજ. દીના૦ ૨

આગે અનેક ઉગારે તદપિ ન,

કઠિન તો મળ્યો આજ. દીના૦ ૩

ઇણે અવસર જિમતિમ કરી રખીએ,

બિરૂદ ગ્રહેકી લાજ. દીના૦ ૪

ચિદાનંદ સેવક જિન સાહેબ, નીકો બન્યોહે સમાજ;

દીનાનાથ ! અબ મોહે તારોજી રાજ. ૫

અર્થ—હે પ્રભુ ! હે દીનાનાથ ! હવે તો મને તારો, તારો, તારો. પૂર્વ પુણ્યના ઉદયથી આ સંસારસમુદ્રથી તરવાને અને તારવાને પ્રવહણ સમાન આપ મને મળ્યા છો. ૧

તમે પતિત જનોને ઉદ્ધારવાનું બિરૂદ ધારણ કર્યું છે, તમે પતિતોદ્ધારક કહેવાઓ છો અને હું પતિત જનોમાં-પાપી જનોમાં શિરતાજ-મુખ્ય એવો આપને શરણે આવ્યો છું. ૨.

આજ સુધીમાં આપે અનેક જીવોને ઉદ્ધાર્યા છે-તાર્યા છે, પરંતુ તેમાં કઠિનતા લાગી નથી, આજે ખરેખરો તારવો કઠિન પડે એવો હું આવી મળ્યો છું. ૩.

હવે આ અવસરે તો જેમ તેમ કરીને આપે ધરાવેલા પતિતોદ્ધારક બિરૂદની લાજ રાખવાની છે. એટલે કે મને તારવાથી તે લાજ રહે તેમ છે. બિરૂદ સત્ય ત્યારેજ ઠરે તેમ છે. ૪.

ચિદાનંદજી કહે છે કે-આ સેવક ને પ્રભુ સ્વામી-એ બંનેનો સમાજ-મેળો બહુ સારો મળ્યો છે. હવે તો જરૂર

કાર્યસિદ્ધિ થવાનો સંભવ છે. ૫.

સાર-આ પદમાં જીવ પોતે પરમાત્માની પ્રાર્થના કરે છે અને પરમાત્માએ ધારણ કરેલ તારકપણાનું બિરૂદ સંભારી આપી તે બિરૂદને સાર્થક કરવા વિનવે છે. આજસુધી પરમાત્માએ ઉદ્ધરેલા જીવોમાં પોતાનું નિકૃષ્ટપણું બતાવે છે અને લાડ કરીને કહે તેમ પોતાને તારવાનું વારંવાર આગ્રહપૂર્વક કહે છે. જીવની ધર્મના સન્મુખભાવની આ નીશાની છે, તે વિના આવી પ્રાર્થના કરી શકાતી નથી.

---

## પદ ૫૩ મું.

( રાગ-સોરઠ. )

આવોજી રાજ આવોજી રાજ, સાહેબા થેં મહારે મ્હોલે
આવોજી રાજ. એ આંકણી.
સીસ નમાય કરજોડ કહતહું, જરતેકોં ન જરાવો;
હસ હસ નાથ જરે પર અબ તુમ.
કાહેકું લૌન લગાવો. સા૦ ૧
હમકું ત્યાગ પિયા શોકય સદન તુમ,
વિના બોલાયે જાવો;
જા કારનહી મ્હેર ન આવત,
તે કોઉં ચૂક દિખાવો. સા૦ ૨
કુમતા કુટિલકે બસ ઇમ સાહેબ,
કાહેકું લોક હસાવો;

તુમકું કવન શીખાવે તુમ તો,

ઔરનકું સમજાવો. સા૦ ૩

વાકે વસવરતિ તુમ નાયક,

જે જે વિધ દુઃખ પાવો;

તે સહુ છાનો નહીં કોઉ મોંથી,

કાંહેકું પ્રગટ કહાવો. સા૦ ૪

ચિદાનંદ સુમતાકે વચન સુન,

ભેજ્યો હે હરખ વધાવો;

તુમ મંદિર આવત પ્રભુ પ્યારી,

કરીએ ન મન પ્રછતાવો. સા૦ ૫

અર્થ–સુમતા આત્માને કહે છે કે–' હે સાહેબ ! હે સ્વામી ! તમે મારે મહેલે પધારો. મારી વિનતિ સ્વીકારો.

હું મસ્તક નમાવી હાથ જોડીને કહું છું કે–તમે મને વિરહાગ્નિથી બળતીને ન બાળો. તમે મારી સામું જોઇ જોઇને હસો છો, પણ હે નાથ ! એમ કરીને તમે બળતા ઉપર લૂણ શા માટે લગાડો છો ? ૧.

હે પ્રિય ! મને તજી દઇને તમે મારી શોકય કુમતાને ઘરે વગર બોલાવ્યા જાઓ છો, પણ જે કારણથી મારી ઉપર આપને મ્હેર (કૃપા) આવતી નથી એવો મારો શું અપરાધ છે ? શી ચૂક છે ? તે બતાવો કે જેથી હું તે ભૂલ સુધારૂં. ૨

હે સાહેબ ! અતિ કુટિલ (પ્રપંચી) એવી કુમતાને વશ

થઈને તમે શા માટે લોકોને હસાવો છો ? લોકો આપને હસે છે તે જુઓ. વળી તમને તમારી ફરજ કોણુ શીખવે (સમજાવે) કેમકે તમે તો બીજાઓને સમજાવો એવા વિચક્ષણુ છો. ૩.

હે નાયક ! એ કુમતાને વશવર્ત્તિ થઇને તમે જે જે (અનેક પ્રકારના) દુઃખો પામ્યા છો તે મારાથી કાંઈપણુ છાના નથી; શા માટે તે વાત મારી પાસે પ્રગટ કરાવો છો ! કહેવરાવો છો ? ૪

આ પ્રમાણેના સુમતાના ખરી લાગણીના વચનો સાંભળીને આત્માના ધ્યાનમાં તેની અરજ સાચી લાગી, તેથી તેમના મનનો ભાવ જાણીને ચિદાનંદ મહારાજે સુમતાને વધામણી મોકલી કે—હે પ્રભુની (સ્વામીની) પ્યારી ! તારે ઘરે તારા સ્વામી પધારે છે, માટે હવે મનમાં પસ્તાવો (શોક) કરીશ નહીં. ૫.

સાર—આ પદમાં સુમતાએ પોતાના સ્વામી આત્માને કુમતાને ત્યાં જતા બંધ કરવા અને પોતાને ત્યાં પધારવા વિનવ્યા છે પ્રસંગે કુમતાના આજસુધીના સંગથી થયેલી હાનિઓ ગર્ભિત રીતે સૂચવી છે. તેનાં એવા અસરકારક કથને આત્માના હૃદયમાં અસર કરી તેથી તેનો એવો ભાવ સમજી જઈને ચિદાનંદે સુમતાને વધામણી મોકલી કે તારા સ્વામીએ તારે ત્યાં આવવાનો નિરાધાર કર્યો છે તેથી હવે શોક સંતાપ કરીશ નહીં. ( અહીં પસ્તાવો શબ્દ શોકવાચક છે. )

નોટ—( બારમું પદ—આજ સખી મેરે વાલમા, નિજ મંદિર આયે. એ આની પછી બનાવ્યું લાગે છે. )

## પદ ૫૪ મું.

## શ્રી નેમિનાથ સ્તવન.

( રાગ–સોરઠ. )

ગઢ ગિરનાર રૂડો લાગે છે જી,
થાંકો ગઢ ગિરનાર રૂડો લાગે છે જી. આંકણી૦
ભાર અઢાર અપાર કિયો તિહાં,
વનરાજી વિસ્તાર;
નિર્મળ નીર સમીર વહત નિત્ય,
પથિક જન મનોહાર. રૂડો૦ ૧
શુદ્ધ સમાધિ વિગત ઉપાધિ,
જોગીસંર ચિત્ત ધાર;
કરત ગંભીર ગુહામે નિશદિન,
ગુરૂગમ જ્ઞાન બિચાર. રૂડો૦ ૨
કલ્યાણક હુઆ ત્રણ તિહારે,
શોભત જગદાધાર;
ચિદાનંદ પ્રભુ અબ મોહે તારો,
જિમ તારી નિજ નાર. રૂડો૦ ૩

અર્થ—હે શ્રી નેમિનાથ સ્વામી! તમારો ગિરનાર ગઢ મને બહુ સુંદર લાગે છે. મને બહુ ગમે છે.

એ ગિરનાર પર્વત ઉપર અઢાર ભાર વનસ્પતિ સંબંધી પારાવાર વનરાજીનો વિસ્તાર થયેલો છે. અનેક પ્રકારની વન-

સ્પતિ એ પર્વતપર ઉગેલી છે અને પંથી જનને-મુસાફરને પ્યારા લાગે તેવા નિર્મળ નીર અને શીતળ વાયુ નિરંતર વહ્યાજ કરે છે. ૧

એ ગિરિવરની ગુફામાં રહીને, શુદ્ધ સમાધિવાળા અને સર્વ પ્રકારની ઉપાધિથી રહિત એવા યોગીશ્વર જે નેમિનાથ પરમાત્મા તેમને ચિત્તમાં ધારણ કરીને, મુમુક્ષુ એવા યોગીઓ ગુરૂગમથી પ્રાપ્ત થયેલા જ્ઞાનની વિચારણા કરે છે. ૨

હે જગદાધાર ! આ તીર્થ ઉપર જેના ત્રણ કલ્યાણુક (દીક્ષા, જ્ઞાન અને નિર્વાણુ) થયા છે એવા આપ શોભી રહ્યા છો. ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે પ્રભુ ! હવે તો જેમ તમે તમારી સ્રી રાજિમતીને તારી તેમ મને તારો-મારી વિનતિ સ્વીકારો. ૩

(આ પદ ચિદાનંદજી ઉર્ફે કર્પૂરચંદ્રજી ભાવનગરથી સંઘ કાઢેલ તેમાં ગિરનાર પધાર્યા ત્યારે કર્યું હોય એમ લાગે છે.)

સાર—આ પદમાં ગિરનારપર્વતની સુંદરતા વર્ણવવા સાથે નેમિનાથ પરમાત્માની સ્તુતિ કરી છે અને પ્રાંતે પોતાને તારવાની પ્રાર્થના કરી છે. આ નાના સરખા સ્તવનમાં પણ કર્ત્તાની રચના તેના પર પ્રેમ ઉત્પન્ન કરે તેવી છે.

---

## પદ ૫૫ મું.

(રાગ—સોયણી)

અનુભવ જ્યોતિ જગી છે, હૈયે અમારે બે,
અનુભવ જ્યોતિ જગી છે. એ આંકણી.
કુમતા કુટિલ કહા કરિહા,
સુમતા અમારી સગી છે. અ૦ ૧

મોહ મિથ્યાત્વ નિકટ નવિ આવે,
ભવપરિણત જ્યું પગી છે. અ૦ ૨
ચિદાનંદ ચિત્ત પ્રભુકે ભજનમેં,
અનુપમ અચળ લગી છે. અ૦ ૩

અર્થ—શુદ્ધ ચેતના કહે છે કે-અત્યારે મારા અંતઃકરણમાં અનુભવજ્ઞાનની જ્યોતિ જાગૃત થઈ છે.

હવે કુટિલ-પ્રપંચી એવી કુમતા મને શું કરી શકે તેમ છે? કારણ કે હવે તો સુમતા મારી સગી થયેલ છે. (૧)

હવે મિથ્યાત્વમોહની તો મારી પાસેજ આવે તેમ નથી, કારણ કે હવે મારી ભવપરિણતિ પાકી છે—પરિપકવ થઇ છે. (૨)

ચિદાનંદજી મહારાજ કહે છે કે હવે તો મારા ચિત્તમાં પ્રભુના ભજનની રટણા અનુપમ અને અચળ એવી લાગી છે.(૩)

સાર—આ પદમાં શુદ્ધચેતને પાછલા પદમાં કહ્યા પ્રમાણે સુમતાને ત્યાં પધરામણી કરી એટલે શુદ્ધચેતના કહે છે કે- હવે અમને કુમતાનો ભય રહ્યો નથી. વળી ભવપરિણુતિ પરિપકવ થવાથી મિથ્યાત્વ મોહની ઉદયમાંથી નાશ પામવાને લઈને સમકિતની પ્રાપ્તિ થયાનો ભાવ તે પ્રગટ કરે છે અને ચિદાનંદજી મહારાજ પણ આત્માની એવી સ્થિતિ થવાથી પરમાત્માના ભજનમાં તેનું ચિત્ત સ્થિર થયાનું જણાવે છે. આ સ્થિતિ સર્વ જીવોને ઉપાદેય છે તેથી તે મેળવવા બનતો પ્રયત્ન કરવો.

## પદ ૫૬ મું.

### શ્રી ચંદ્રપ્રભુનું સ્તવન.

(રાગ—સોચણી)

સરણ તિહારે ગહી છે, ચંદા પ્રભુજી એ;
સરણ તિહારે ગહી છે. એ આંકણી.
જનમ જરા મરણાદિક કેરી,
પીડા બહુત સહી છે. ચંદા પ્રભુ૦ ૧
પરદુઃખભંજન નાથ બિરૂદ તુમ,
તાતેં તુમકું કહી છે. ચંદા પ્રભુ૦ ૨
ચિદાનંદ પ્રભુ તુમારે દરસથી,
વેદના અશુભ દહી છે. ચંદા પ્રભુ૦ ૩

અર્થ—હે ચંદ્રપ્રભ-પ્રભુજી ! મેં તમારૂં શરણ ગ્રહણ કર્યું છે. હે પ્રભુ ! મેં આજસુધીમા જન્મ જરા ને મરણની પીડા અનંતા ભવમાં બહુ સહન કરી છે: (૧)

હે પ્રભુ ! તમે પરદુઃખભંજન-બિરૂદ ધરાવો છો તેથી મારી પીડાની વાત મેં તમને કહી છે. (૨)

હે જ્ઞાનાનંદી પ્રભુ ! તમારા દર્શનથી મારી અશુભ વેદના માત્ર નાશ પામી ગઇ છે. આ પ્રમાણે ચિદાનંદજી મહારાજ કહે છે. (૩) ( આ ટુંકું સ્તવન ભાવનગરમાં બીરાજતા ચંદ્રપ્રભુ સમક્ષ બનાવ્યું હશે એવો સંભવ રહે છે.)

સાર—આ નાના સરખા સ્તવનમાં ભાવ સારો ભર્યો છે. ચંદ્રપ્રભુજીને આ આત્મા વિનંતિ કરે છે કે-હે પ્રભુ !

મેં તમારૂં શરણુ ગ્રહણુ કર્યું છે, મેં પૂર્વે અનંત કાળમાં અનંતા દુઃખો સહન કર્યાં છે, પણ હવે પરદુઃખભંજન એવા તમે મળવાથી મારી એ ચિંતા દૂર થઇ છે અને અશુભ કર્મનો ઉદય તો બાળી દીધો હોય-નષ્ટ કરી નાખ્યો હોય એમ લાગે છે. પરમાત્માની ભક્તિમાં એકાગ્રતા થવાથી એમ બનવા સંભવ છે. પરમાત્માનો સાચો ભક્ત બે અશુભ ગતિ તો બાંધતોજ નથી અને બીજી અશુભ પ્રકૃતિઓનો બંધ ન કરતાં શુભ પ્રકૃતિઓજ બાંધે છે. માત્ર પરમાત્માની ભક્તિમાં તલ્લીન થવાનીજ આવશ્યકતા છે.

## પદ ૫૭ મું.

( રાગ-કેરબો. )

**સમજ પરી મોહે સમજ પરી,**
**જગમાયા સબ જુઠી, મોહે સમજ પરી. એ આંકણી.**
**કાલ કાલ તું કયા કરે મૂરખ,**
**નાંહી ભરૂંસા પલ એક ઘડી. જગ૦ ૧**
**ગાફિલ છિન ભર નાંહી રહો તુમ,**
**શિરપર ઘુમે તેરે કાલ અરી. જગ૦ ૨**
**ચિદાનંદ એ વાત હમારી પ્યારે,**
**જાણો મિત્ત મનમાંહે ખરી. જગ૦ ૩**

અર્થ-હે પ્રભુ ! હે જગદીશ્વર ! આ જગતની બધી માયા જુઠી છે, ખોટી છે, વિનાશી છે, ફસાવનારી છે એમ

હવે મને આપના પ્રતાપથી ખબર પડી ગઈ છે.

હવે શુદ્ધ ચેતના પોતાના આત્માને સમજાવે છે કે–તું કાલ કાલ–અથવા કાલે કરીશ એમ શુભ કાર્યને અંગે શું કહ્યા કરે છે ? અહીં તો તારી સ્થિરતાનો ભરૂંસો એક ઘડી કે એક પળનો પણ નથી. એક ઘડી કે પળ પણ તું જીવીશ એવો નિરધાર નથી. ૧.

માટે હે આત્મા ! તું એક ક્ષણવાર પણ ગાફિલ(ગફલતમાં) રહીશ નહીં, કેમ કે તારા મસ્તક ઉપર તારો કાળશત્રુ ભમ્યા જ કરે છે અને તને પોતાના સપાટામાં લેવાની તજવીજ કર્યા જ કરે છે. ૨.

ચિદાનંદજી મહારાજ કહે છે કે–હે મિત્ર ! આ મારી કહેલી વાત તું તારા ચિત્તમાં ખરેખરી નિઃસંદેહ માની લે. ૩

સાર–આજ સુધી આ જગતની માયાને આ પ્રાણી સાચી માનતો હતો, એકાએક નાશ નહીં પામી જાય એમ સમજતો હતો, પરંતુ જ્યારે ગુરૂમહારાજના ઉપદેશથી તેમજ જાતિઅનુભવથી એ બધી માયા જૂઠી છે, અહિતકર છે, ક્ષણવિનાશી છે, એમ ખાત્રી થઈ, ત્યારે હવે એ ચેતી જઇને કહે છે કે–' હવે તો મારી ખાત્રી થઈ છે કે આ જગતની માયા સર્વ જૂઠી છે અને તેનો એક પળનો પણ ભરૂંસો રાખવા જેવું નથી. ' ઘણી વખત સારાં કાર્યો કરવામાં આ જીવ વાયદા કર્યા કરે છે, તેને તેવાં વાયદા ન કરવા માટે આ પદમાં સ્પષ્ટ ઉપદેશ છે. વળી આ પ્રાણી કાળનો ભરૂંસો અમુક અંશે કરે છે, પરંતુ શાસ્ત્રકાર તો કહે છે કે–' તારા પડછાયાને મિષેજ કાળ તારી સાથે ભમ્યા

કરે છે અને તારો છળ જોયા કરે છે, જ્યારે તેને લાગ મળશે કે તરત તે તને કાંઇપણ ચેતાવ્યા વગર દેહથી વિખુટો કરી દેશે.' માટે જે કાંઈ શુભ કાર્ય થઈ શકે તે કરી લેવા માટે ચિદાનંદજી મહારાજ પણ શિખામણ આપે છે અને મિત્ર તરીકે સંબોધી તેને સાવધાન રહેવા સૂચવે છે.

## પદ ૫૮ મું.

( રાગ–કેરબો )

હાંરે ચિત્તમેં ધરો પ્યારે ! ચિત્તમેં ધરો,<br>
એતી શીખ હમારી પ્યારે ! ચિત્તમેં ધરો. એ આંકણી.<br>
થોડાસા જીવનકે કાજ અરે નર !<br>
કાહેકું છલ પરપંચ કરો. એતી૦ ૧<br>
હાંરે કુડ કપટ પરદ્રોહ કરત તુમ,<br>
અરે નર ! પરભવથી ન ડરો. એતી૦ ૨<br>
ચિદાનંદ જો એ નહીં માનો તો,<br>
જનમ મરણ ભવદુઃખમેં પરો. એતી૦ ૩

અર્થ–શુદ્ધ ચેતના કહે છે કે–હે આત્મા ! હે પ્યારા ! આટલી મારી શિખામણ તમે તમારા ચિત્તમાં ધારણ કરો.

અરે નર ! આ મનુષ્ય ભવમાં થોડા માત્ર જીવવાને માટે શા સારૂ છળ પ્રપંચ વિગેરે કરો છો ? અને આત્માને પાપી બનાવો છો ? ૧.

અરે નર ! ફૂડ, કપટ અને પરદ્રોહ વિગેરે કરતાં તું પરભવથી પણ કેમ ડરતો નથી ? આવતા ભવમાં તેનાં માઠાં ફળ ભોગવવા પડશે એ વાત કેમ ભૂલી જાય છે ? ૨.

ચિદાનંદજી મહારાજ કહે છે કે-જો આ શિખામણ નહીં માનો તો જન્મ મરણ રૂપ ભવદુઃખમાં પડશો-સંસારમાં પરિભ્રમણ કરશો. ૩

સાર-આ નાના સરખા પદમાં ખાસ જરૂરનો ઉપદેશ આ ચેતનને ચેતવા માટે આપ્યો છે. તેમાં આ જીવથી કરાતા કુડકપટ-છળ પ્રપંચ વિગેરેને માટે ખાસ શિખામણ આપી છે ને પરભવમાં ભોગવવા પડતા તેના માઠા વિપાક યાદ આપી તેનો વાસ્તવિક ભય બતાવ્યો છે. અને પ્રાંતે કહ્યું છે કે-જો અમારી આ શિખામણ નહી માનો તો તમારે બહુ ભવભ્રમણ કરવું પડશે, તે વખતે તેને માટે પસ્તાવો કરશો તે કામ લાગશે નહીં, માટે અત્યારેજ ચેતી જઇને આત્માનું અહિત થાય તેવા સર્વ વ્યાપાર તજી દઈ સાવધાન થઈ જાઓ. એટલુંજ કહેવું બસ છે.

## પદ ૫૯ મું.

( રાગ-મલ્હાર. )

ધ્યાનઘટા ઘન છાયે,

સુદેખો માઇ ! ધ્યાનઘટા ઘન છાયે. એ આંકણી.

દમ દામિની દમકતિ દહુદિસ અતિ,

અનહદ ગરજ સુનાયે. સુ૦ ૧

**મોટી મોટી બુંદ ગિરત વસુધા શુચિ,**
**પ્રેમ પરમ જર લાયે. સુ૦ ૨**
**ચિદાનંદ ચાતક અતિ તલસત,**
**શુદ્ધ સુધાજલ પાયે. સુ૦ ૩**

**અર્થ**—હે માઈ ! હે માતા ! તમે જુઓ ! ધ્યાનઘટારૂપ ઘન (વરસાદ) ચોતરફ વિસ્તરી રહ્યો છે.

હવે તે વરસાદમાં ઇંદ્રિયદમન રૂપ વિજળી દશે દિશામાં ચમકે છે અને અનાહત નાદરૂપ ગર્જારવ થઇ રહે છે. ૧.

પરમ પ્રેમરૂપ જળના મોટા મોટા બુંદ (છાંટા) પવિત્ર થયેલી વસુધા (પૃથ્વી) ઉપર પડે છે. ૨

અને એ વખતે તૃષાવડે અત્યંત તલસતા આત્મારૂપ ચાતકને શુદ્ધ સુધા (અમૃત) જળ પાઇને તેને શાંત કરવામાં આવે છે એમ ચિદાનંદજી મહારાજ કહે છે. ૩

**સાર**—આ પદમાં આત્મા જ્યારે ધ્યાન દશામાં લીન થાય છે ત્યારે તેની કેવી સ્થિતિ વર્તે છે તે વરસાદની સાથે ઘટાવેલ છે.

એ અવસરે પાંચે ઇંદ્રિયોનું દમન થાય છે–તેને પોતાને વશવર્તી કરવામાં આવે છે. તેના વિષયો પ્રત્યે દોડતી તેને અટકાવી દેવામાં આવે છે અને અનાહત નાદ કે જે સ્વયમેવ ઉત્પન્ન થાય છે તે સોહં સ્વર વારંવાર થયાજ કરે છે. વળી પરમ પ્રેમ–જગતના જીવમાત્ર પ્રત્યે સમભાવ અથવા પરમાત્મા પ્રત્યેનો અપૂર્વ પ્રેમ તદ્રૂપ જળનો પવિત્ર આત્મભૂમિ ઉપર વર-

સાદ થાય છે અને તૃષાતુર ચાતકતુલ્ય જે અનાદિ કાળનો આત્મગુણ (સ્વસ્વરૂપ) મેળવવાને તૃષાતુર આ આત્મા તેને અમૃત સમાન શાંતભાવરૂપ જળ પાઇને તૃપ્ત કરવામાં આવે છે.

## પદ ૬૦ મું.

(રાગ—મલ્હાર)

મત જાવો જોર વિજોર, વાલમ અબ
મત જાઓ. એ આંકણી.
પીઉ પીઉ પીઉ રટત બપૈયા,
ગરજત ઘન અતિ ઘોર. વાલમ૦ ૨
ચમ ચમ ચમ ચમકત ચપલા,
મોર કરત મિલ સોર. વાલમ૦ ૨
ઉઠી અટારી રયણ અંધારી,
વિરહી કરત ઝકઝોર. વાલમ૦ ૩
ચિદાનંદ પ્રભુ એક વાર કહ્યો,
જાણો વાર કરોર. વાલમ૦ ૪

અર્થ—શુદ્ધચેતના આત્માને કહે છે કે-હે સ્વામી! આવા વર્ષાકાળમાં તમે આપણી જોડી વીછોડીને-છુટી કરી નાખીને બહાર—પરભાવમાં રમવા ન જાઓ!

અત્યારે બપૈયા પીઉ પીઉ પીઉ બોલી રહ્યા છે, વરસાદ અત્યંત ઘોર ગર્જારવ કરી રહ્યો છે, ચમ ચમ ચમ વિજળી

ચમકી રહી છે ને મોર એકઠા થઇને આનંદનો સોર(અવાજ) કરી રહ્યા છે. ૧-૨.

આવે વખતે વિરહી સ્ત્રી ઉઠીને અટારીમાં (બારીમાં) નજર કરે છે તો ચોતરફ અંધકાર જણાય છે ને વિરહીજનો દુઃખી થઇ રહ્યા દેખાય છે. ૩.

ચિદ્દાનંદજી મહારાજ કહે છે કે-આ મારૂં એક વાર કહેલું ક્રોડ વાર કહ્યા બરાબર સમજી લેજો. (સુજ્ઞને એક વારજ કહેવું પડે છે.) ૪.

સાર—આ પદમાં પણ વરસાદનું સ્વરૂપ દર્શાવ્યું છે તે જુદી રીતે ઘટી શકવા સંભવ છે. આ આત્મા વિભાવ દશામાંથી કાંઇક સ્વભાવ દશામાં આવેલ છે, તે પાછો વિભાવ દશામાં જવા મન કરે છે તે જાણીને, વિશુદ્ધ ચેતના આ પ્રમાણેની તેને હિતશિક્ષા આપે છે અને પોતાને વિરહી સ્ત્રીની સ્થિતિમાં ન મૂકવા માટે પ્રાર્થના કરે છે.

વરસાદના વખતમાં પતિવિરહવાળી સ્ત્રી વધારે વિરહાતુર બને છે અને માનસિક દુઃખને વિશેષ અનુભવે છે, માટે તેમ ન કરવાની વિશુદ્ધ ચેતનાની પ્રાર્થનાને માટે-પ્રાંતે કહેવામાં આવે છે કે આ એક વાર કહેલું ક્રોડ વાર કહ્યા બરાબર માની લેજો.

## પદ ૬૧ મું.

(રાગ—બિહાગ.)

પીયા પીયા પીયા, બોલ મત પીયા પીયા પીયા. આં૦
રે ચાતક તુમ શબ્દ સુણત મેરા,
વ્યાકુળ હોત હે જીયા;

કુટત નાંહી કઠિન અતિ ઘન[1]સમ,
નિઠુર ભયા હે હીયા. બોલ૦ ૧
એક શોકય દુઃખદાયી કંત જિને,
કર કામણ બસ કીયા;
દૂજે બોલ બોલ ખગ[2] પાપી,
તું અધિકા દુઃખ દીયા. બોલ૦ ૨
કર્ણ પ્રવેશ ઉઠી હોઇ વ્યાકુળ
વિરહાનળ જલતિયા;
ચિદાનંદ પ્રભુ ઇન અવસર મિલ,
અધિક જગત જસ લીયા. બોલ૦ ૩

અર્થ—હે ચાતક ! હે બપૈયા ! તું પીયા, પીયા, પીયા બોલે છે તે બોલવું બંધ કર. કારણ કે તારા એવા શબ્દ સાંભળીને મારો જીવ આકુળવ્યાકુળ થઇ જાય છે; પણ મારૂં હૃદય પથ્થરની જેવું કઠણ હોવાથીજ તે ફુટતું નથી. (૧)

મારે એક શોકય-કુમતિ તો અત્યંત દુઃખની આપનાર છે કે જેણે કામણ કરીને મારા પતિને વશ કરી લીધા છે કે જેથી મારા પતિ તેના સંગમાંજ પડ્યા રહે છે, મારી પાસે આવતા પણ નથી. બીજું તું પાપી પીયા પીયા બોલીને વધારે દુઃખ આપે છે, કેમ કે તેથી મને મારા પ્રીતમ વારંવાર યાદ આવ્યા કરે છે. (૨)

---

૧ પથ્થર જેવું. ૨ પક્ષી.

ચાતકના પીયા પીયા શબ્દ સાંભળીને-તે શબ્દોનો કાનમાં પ્રવેશ થવાથી વિરહાનળથી બળતી સુમતા અત્યંત આકુળ-વ્યાકુળ થઈ ગઇ, પરંતુ ચિદાનંદજી મહારાજ કહે છે કે-તેજ વખતે તેના સ્વામી (શુદ્ધસ્વરૂપી આત્મા)એ આવી તેને મળી અધિક સુખ મેળવ્યું-જગતમાં જસ લીધો. સુખ આપ્યું ને સુખ લીધું. (૩)

*સાર—આ પદમાં ચાતક સાથે અન્યોક્તિ કરેલી છે.* પતિવિરહીણી સ્ત્રીઓને તે બોલીને દુઃખ આપે છે એ હકીકતને અવલંબીને સુમતાએ પોતાની સ્વામીપ્રત્યેની લાગણી બતાવી છે. સુમતા તો નિરંતર પતિવ્રતા સ્ત્રી જેમ સ્વામીનું હિત ઈચ્છે તેમ પતિનું હિત ઇચ્છયાજ કરે છે અને તેને વિભાવ-દશામાં પડી રહેલા જોઈ દુઃખી થયા કરે છે. તેની અંતરની વિનતિ કોઇ વખત આત્મા સાંભળે છે, ત્યારે વળી પોતાની સ્વભાવ-દશામાં આવે છે, એટલે સુમતા આનંદિત થાય છે. આવું આ પદમાં રહસ્ય સમાવેલું છે.

## પદ ૬૨ મું.

### શ્રી નેમિનાથજીનું સ્તવન.

( અજિતજિણંદશું પ્રીતડી-એ રાગ )

પરમાતમ પૂરણ કળા,
પૂરણ ગુણ હો પૂરણ જન આશ;
પૂરણ દષ્ટિ નિહાળીએ,
ચિત્ત ધરીએ હો અમચી અરદાસ. પ૦ ૧

સર્વદેશઘાતિ સહુ,
અઘાતિ હો કરી ઘાત દયાળ;
વાસ કીયો શિવમંદિરે,
મોહે વિસરી હો ભમતો જગજાળ. પ૦ ૨
જગતારક પદવી લહી,
તાર્યા સહી હો અપરાધી અપાર;
તાતે કહો મોહે તારતાં,
કિમ કીની હો ઇણ અવસર વાર. પ૦ ૩
મોહ મહામદ છાકથી,
હું છકીયો હો નાંહી સૂધ લગાર;
ઉચિત સહી ઇણે અવસરે,
સેવકની હો કરવી સંભાળ. પ૦ ૪
મોહ ગયાં જો તારશો,
તિણવેળા હો કહા તુમ ઉપકાર;
સુખવેળા સજ્જન ઘણા,
દુઃખવેળા હો વિરલા સંસાર. પ૦ ૫
પણ તુમ દરિસન જોગથી,
થયો હૃદયે હો અનુભવ પરકાશ;
અનુભવ અભ્યાસી કરે,
દુઃખદાયી હો સહુ કર્મ વિનાશ. પ૦ ૬

કર્મ કલંક નિવારીને,

નિજરૂપે હો રમે રમતા રામ;

લહત અપૂરવ ભાવથી,

ઇણ રીતે હો તુમ પદ વિશ્રામ. પ૦ ૭

ત્રિકરણ જોગે વિનવું,

સુખદાયી હો શિવાદેવીનંદ;

ચિદાનંદ મનમેં સદા,

તુમ આવો હો પ્રભુ નાણદિણંદ. પ૦ ૮

અર્થ–હે પરમાત્મા ! તમે પૂર્ણ કળાવાન છો, જ્ઞાનાદિ ગુણોવડે પૂર્ણ છો અને ભવ્ય જીવોની આશાના પૂર્ણ કરનારા છો, તો હવે મને પૂર્ણ દૃષ્ટિથી નિહાળો–જુઓ અને મારી વિનતિ અવધારો. ૧.

હે દયાળુ ! તમે સર્વઘાતિ, દેશઘાતિ ને અઘાતિ આઠે પ્રકારના કર્મોનો ઘાત કરીને શિવમંદિરમાં અક્ષય નિવાસ કર્યો, પણ મને જગતની જંજાળમાં ભમતાને વિસરી ગયા. ૨

હે પ્રભુ ! તમે અનેક અપરાધી–પાપી જીવોને તારીને જગતારકની પદવી મેળવી છે, તો હે પ્રભુ ! આ અવસરે મને તારતાં કેમ વિલંબ કર્યો તે કહો. ૩.

હે સ્વામી ! હું મહામોહના મદથી–મદિરાપાનથી ઉત્પન્ન થયેલા છાકથી છકી ગયેલો છું–મને લગાર માત્ર પણ શુદ્ધિ રહી નથી. એવે અવસરે આ સેવકની સંભાળ લેવી એજ આપને ઉચિત છે. આપ સરખા દીનોદ્ધારને તેજ ઘટે છે. ૪.

હે પ્રભુ ! જ્યારે મારો મોહ નાશ પામશે ( મોહનીકર્મ જશે ) ત્યારે પછી તારશો તો તેમાં તમારો ઉપકાર શો ગણાશે ? કારણ કે આ જગમાં સુખને વખતે તો ઘણા સજ્જન થવા-વહાલા થવા આવે છે; દુઃખને વખતેજ કોઈ વિરલા ખબર લે છે. ૫

પણ હે પ્રભુ ! તમારા દર્શનનો ( સમ્યકત્વનો ) યોગ થવાથી મારા હૃદયમાં શુદ્ધ જ્ઞાનનો પ્રકાશ થઇ ગયો છે. હવે તો જે અનુભવ જ્ઞાનના અભ્યાસી હોય છે તે આવે વખતે દુઃખદાયક એવા સર્વ કર્મનો વિનાશ કરે છે. તેનું સ્થાન ફેડી નાખે છે. ૬

પછી તે રમતારામ-આત્મસ્વરૂપમાં રમણ કરનાર આત્મા કર્મસંબંધી કલંક-દોષ સર્વથા નિવારીને અપૂર્વ ભાવથી આપ બિરાજ્યા છો તે પદને-મોક્ષસ્થાનને મેળવે છે. ત્યાં સાદિ અનંત ભાંગે સ્થિત થાય છે. ૭.

હે શિવાદેવી માતાના પુત્ર નેમિનાથ પ્રભુ ! હું તમને-સુખદાયકને ત્રિકરણ યોગથી-ત્રણે યોગની એકાગ્રતાથી વિનવું છું કે-હે ચિદાનંદ ! હે સ્વામી ! હે જ્ઞાનદિનેંદ્ર ! કેવળજ્ઞાન-રૂપી સૂર્યપ્રકાશવાળા પ્રભુ ! તમે મારા ચિત્તમાં સદાને માટે આવો-પધારો. એટલી કૃપા તો આપે કરવીજ પડશે. ૮

**નોંધ**-આ સ્તવનનો સાર લખવા જેવું નથી. એની અંદરજ બહુ વિસ્તારથી બધી હકીકત સમાવેલી છે. તે ધ્યાનપૂર્વક વાંચીને લક્ષમાં રાખવા લાયક છે. બીજી ભલામણ કરવા જેવું નથી.

## પદ ૬૩ મું.

### શ્રી શંખેશ્વર પાર્શ્વ જિન સ્તવન.

(ઉડ ભમરા કંકણીપર બેઠા, નથણીમેં લલકારૂંગી—એ દેશી)

શ્રી શંખેશ્વર પાસ જિનંદકા–ચરણકમલ ચિત્ત લાઉંગી;
સુણજો રે સજ્જન નિત્ય ધ્યાઉંગી. આં૦
એહવા પણ દૃઢ ધારી હિયામેં,
અન્ય દ્વાર નહીં જાઉંગી. સુ૦ ૧
સુંદર સુરત સલૂની મૂરત,
નિરખ નયન સુખ પાઉંગી સુ૦ ૨
ચંપા ચંબેલી આન મોગરા,
અંગીયાં અંગ રચાઉંગી. સુ૦ ૩
શીલાદિક શણગાર સજી નિત્ય,
નાટક પ્રભુકું દેખાઉંગી. સુ૦ ૪
ચિદાનંદ પ્રભુ પ્રાણજીવનકું,
મોતીયન થાલ વધાઉંગી. સુ૦ ૫

અર્થ-હે સજ્જનો! સાંભળો. હું શ્રી શંખેશ્વરપાર્શ્વનાથના ચરણકમળ હૃદયમાં ધારણ કરીને તેનું નિત્ય ધ્યાન કરીશ.

એવા પ્રભુને દૃઢપણે હૃદયમાં ધારણ કરી રાખીશ અને પછી અન્ય કોઈ પણ (હરિહરાદિ) દેવોને બારણે જઇશ નહીં. ૧.

એ પાર્શ્વ પ્રભુની સુંદર શોભીતી અને દેદિપ્યમાન મૂર્તિને નેત્રવડે નિરખીને–જોઇને હું અપૂર્વ સુખ પામીશ. ૨

વળી ચંપો, ચંબેલી, મોગરો વિગેરે સુંદર ને સુગંધી પુષ્પો લાવીને પ્રભુની આંગી તેમના અંગ ઉપર રચાવીશ–રચીશ.૩

પછી શીલાદિક ગુણરૂપ શૃંગાર–આભૂષણો ધારણ કરીને નિરંતર પ્રભુની પાસે નાચીશ–નાટક કરીશ–પ્રભુને દેખાડીશ. ૪.

ચિદાનંદજી મહારાજ કહે છે કે–એવા પ્રાણજીવન પ્રભુને હું મોતીઓના થાળ ભરીને તે મોતીઓવડે વધાવીશ. ૫.

સાર—આ પદમાં શ્રી શંખેશ્વર પાર્શ્વપ્રભુની દ્રવ્યભાવ બંને પ્રકારની ભક્તિનું વર્ણન કર્યું છે. મુનિ તો ભાવભક્તિ જ કરે છે, ગૃહસ્થ બંને પ્રકારની ભક્તિ કરે છે, કારણ કે તેને દ્રવ્યભક્તિ ભાવભક્તિના કારણભૂત થાય છે. ગૃહસ્થને દ્રવ્ય વિના ભાવની નિષ્પત્તિ થવી દુર્લભ છે. આ પદમાં બતાવેલા પુષ્પોને અને મોતીઓને પણ બીજી ઉપમા ઘટાવવી કે જેથી તે પણ ભાવભક્તિમાં ઉપયોગી થઇ શકે.

## પદ ૬૪.મું.

### શ્રી અજિતનાથ જિન સ્તવન.

(અજિત જિણંદશું પ્રીતડી—એ દેશી.)

અજિત અજિત જિન ધ્યાઇએ,
ધરી હિરદે હો ભવિ નિર્મળ ધ્યાન;
હૃદય સરિતા[૧]મેં રહ્યો,
સુરભિ સમ હો લહી તાસ વિજ્ઞાન. અ૦ ૧

૧ નદી.

કીટ ધ્યાન ભૃંગી તણો,
નિત ધરતા હો તે ભૃંગી નિદાન;
લે કલધૌત[1] સ્વરૂપતા,
લોહ ફરસત હો પારસ પાખાન[2]. અ૦ ૨
પીચુમંદાદિક[3] સડી,
હોય ચંદન હો મલયાચળ સંગ;
સૈંધવ ક્યારીમેં પડયા,
જિમ પલટે હો વસ્તુનો રંગ. અ૦ ૧
ધ્યેયરૂપની એકતા,
કરે ધ્યાતા હો ધરે ધ્યાન સુજાન;
કરે કતક મળભિન્નતા,
જિમ નાસે હો તમ ઉગતે ભાન. અ૦ ૪
પુષ્ટાલંબન યોગથી,
નિરાલંબતા હો સુખ સાધન જેહ;
ચિદાનંદ અવિચળ કળા,
ક્ષણમાંહે હો ભવિ પાવે તેહ. અ૦ ૫

અર્થ—હે ચેતન ! રાગદ્વેષાદિવડે અજિત-નહીં જીતાયેલા એવા અજિતનાથ પ્રભુને હૃદયમાં સ્થાપન કરીને તેનું નિર્મળ ધ્યાન ધ્યાઇએ.

---

૧ સોનું. ૨ પારસ પાખાણ (પારસમણિ) ૩ લીંબડો વિગેરે

હૃદયરૂપ નદીમાં એમના રહેવાથી તેમની સુગંધસમાન તેમનું વિજ્ઞાન મને પ્રાપ્ત થશે અને તે વિજ્ઞાનને પામીને હું તદ્રૂપ થઈ શકીશ. ૧

હવે એકાગ્ર ધ્યાનાદિવડે તદ્રૂપ થવાના સંબંધમાં દૃષ્ટાંતો બતાવે છે. જુઓ ! કીટ નિરંતર ભ્રમરીનું ધ્યાન કરે છે તો તે ચોકસપણે ભમરી થઈ જાય છે અને પાર્શ્વમણિનો સંસર્ગ થવાથી લોહ–લોઢું સુવર્ણપણાને પામી જાય છે. ૨.

લીંબડા વિગેરેના વૃક્ષો મલયાચળના અથવા મલયાગરના સંસર્ગથી ચંદનપણાને પામી જાય છે અને મીઠાના કયારામાં પડેલી વસ્તુઓનો રંગ પલટાઇ જાય છે, તે લુણપણાને પામી જાય છે. ૩.

એજ પ્રમાણે સુજાણ એવો ચાતા ધ્યાનવડે ધ્યેયની એકતાને પામે છે–ધ્યેયરૂપ બની જાય છે. જુઓ ! કતકફળનું ચૂર્ણ મેલને ને જળને જૂદા કરી નાખે છે અને સૂર્ય ઉગે છે ત્યારે અંધકાર પ્રકાશરૂપ થઈ જાય છે. ૪

આ પ્રમાણે પુષ્ટાલંબનના યોગથી બને છે, પણ અહીં તો નિરાલંબનપણે ધ્યાન કરવાથી આત્મિક સુખના સાધનોની પ્રાપ્તિ થાય છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે—આ અવિચળ એવી કળા એક ક્ષણમાં તે ભવ્ય જીવ પામી શકે છે કે જે પ્રભુના ધ્યાનમાં તલ્લીન બની જાય છે. ૫

સાર—આ સ્તવનમાં પણ રહસ્ય ઘણું છે. અન્યના સંગથી અન્ય સમાન બની જવાના દૃષ્ટાંતો આપી પરમાત્મા રૂપ ધ્યેયના સંગથી પરમાત્મરૂપ થઈ જવાની તીવ્રેચ્છા

જણાવી સાલંબન અને નિરાલંબન ધ્યાનને સ્ફુટ કરે છે. આ જીવને પ્રથમાવસ્થામાં સાલંબન ધ્યાનની આવશ્યકતા છે અને તેમાં આગળ વધ્યા પછી તે નિરાલંબન ધ્યાન કરી શકે છે. એ નિરાલંબન ધ્યાનથી આત્મા અંતર્મુહૂર્ત્તમાં પણ શાશ્વત-સ્થાન મેળવી શકે છે.

---

## પદ ૬૫ મું.

(નિર્મળ હોઈ ભજ લે પ્રભુ પ્યારા-એ દેશી)

લાગ્યા નેહ જિનચરણ હમારા,
જિમ ચકોર ચિત્ત ચંદ પિયારા; લાગ્યા નેહ૦ આકણી
સુનત કુરંગ[1] નાદ મન લાઈ,
પ્રાણ તજે પણ પ્રેમ નિભાઇ;
ઘન તજ પાન ન જાવતજાઇ,[2]
એ ખગ[3] ચાતક કેરી વડાઇ. લા૦ ૧
જલત નિઃશંક દીપકે માંહી,
પીર પતંગકું હોત કે નાંહી?;
પીડા હોત તદ પણ તિહાં જાહી,
શંક પ્રીતિવશ આવત નાંહી. લા૦ ૨
મીન[4] મગન નવી જળથી ન્યારા,
માન સરોવર હંસ આધારા;

---

૧ હરણ. ૨ જાવજીવ. ૩ પક્ષી. ૪ મત્સ્ય.

ચોર નિરખ નિશિ અતિ અંધિયારા,

કેકી[1] મગન સુન કુન ગરજારા. લા૦ ૩

પ્રણવ[2] ધ્યાન જિમ જોગી આરાધે,

રસ રીતિ રસસાધક[3] સાધે;

અધિક સુગંધ કેતકીમેં લાધે,

મધુકર તસ સંકટ નવિ વાધે. લા૦ ૪

જાકા ચિત્ત જિહાં થિરતા માને,

તાકા મરમ તો તેહિજ જાને;

જિનભક્તિ હિરદેમેં ઠાને,

ચિદાનંદ મન આનંદ આને. લા૦ ૫

અર્થ—જેમ ચકોર પક્ષીના ચિત્તમાં ચંદ્ર પ્યારો છે, તેમ અમારો સ્નેહ જિનેશ્વરના ચરણમાં લાગ્યો છે.

જુઓ! હરણ સારંગી વિગેરે વાજિત્રોનો મધુર સ્વર સાંભળીને તેમાં મન લગાડે છે, તેને વશ થઇ પ્રાણ તજે છે, પણ પ્રેમ નિભાવે છે. વળી ચાતક પક્ષી વરસાદને તજીને અન્ય જળ જાવજીવપર્યંત પીવાને ઇચ્છતું નથી. એ ચાતકની વડાઇ છે—મોટાઇ છે. ૧

વળી પતંગીયું દીવામાં પડીને નિઃશંકપણે મરણ પામે છે તો તેમાં તેને પીડા થતી હશે કે નહીં? પીડા થાયજ છે, તો પણ પાછો ત્યાંજ જાય છે. પ્રીતિના પરવશપણાથી મનમાં

૧ મોર. ૨ ॐ કાર ૩ સુવર્ણરસના સાધનારા.

મરવાની શંકા આવતીજ નથી. ૨

મત્સ્ય પાણીમાં મગ્ન થઇને રહે છે. ગમે તેટલું ત્યાં કષ્ટ પડે તો પણ તેનાથી ન્યારૂં થતું નથી. હંસને માનસરોવરજ આધારભૂત છે, તેથી દૂર છતાં પણ તે ત્યાંજ જાય છે. ચોર અત્યંત અંધકારવાળી રાત્રી જોઇને ખુશી થાય છે અને મયુર વરસાદનો ગર્જારવ સાંભળીને ખુશી થાય છે. ૩

તેજ પ્રમાણે યોગી પુરૂષો પ્રણવના ધ્યાનમાં લીન થાય છે અને સુવર્ણરસને સાધનારા રસ સાધવામાં તત્પર બને છે. વળી કેતકીના પુષ્પમાં અતિશય સુગંધ હોય છે પણ ભ્રમર તેની પાસે જઇને શું મરણ સંકટ પામતો નથી ? અર્થાત્ જેનું ચિત્ત જ્યાં સ્થિરતા પામે છે તેનો મર્મ–તેનું કારણ તો તેજ–તેનું મનજ જાણે છે. એ રીતે ચિદાનંદજી મહારાજ જિનભક્તિ હૃદયમાં સ્થાપન કરીને મનમાં આનંદ માને છે; કારણ કે તેનું મન પ્રભુની ભક્તિવડેજ પ્રસન્ન થાય છે. ૪–૫

**સાર**–આ પદમાં અનેક દૃષ્ટાંતો વડે પરમાત્માનું ધ્યાન કેવું તન્મય થઇને કરવું જોઇએ એ બતાવી આપ્યું છે. કુરંગ, ચાતક, પતંગ અને મીનના દૃષ્ટાંત આપી તે જીવો પ્રાણાંત પર્યંત પણ પ્રીત નીભાવે છે એમ સિદ્ધ કર્યું છે. પરંતુ તેમાં અંતરંગ પ્રેમની આવશ્યકતા છે. ત્યારપછી કોને કોને શું શું પ્રિય હોય છે ? તે બતાવી ચિદાનંદજીને પરમાત્માની ભક્તિમાં અપૂર્વ પ્રેમ પ્રગટે છે એમ જણાવી પદ પૂર્ણ કરેલ છે. આખું પદ ભક્તિભાવ પૂર્ણ છે.

## પદ ૬૬ મું.

(હો વાંસલડી ! વેરણ થઈ લાગી રે વ્રજની નારને—એ દેશી)

હો પ્રીતમજી ! પ્રીતકી રીત અનિત તજી ચિત ધારીએ;
હો વાલમજી ! વચનતણો અતિ ઉંડો મરમ
 વિચારીએ. એ આંકણી.
તુમે કુમતિકે ઘર જાવો છો,
 નિજ કુળમેં ખોટ લગાવો છો;
ધિક એહ જગતની ખાવો છો. હો પ્રીતમજી !૦ ૧
તમે ત્યાગ અમી વિષ પીયો છો,
 કુગતિનો મારગ લીયો છો;
એ તો કાજ અજુગતો કીયો છો. હો પ્રીતમજી !૦ ૨
એ તો મોહરાયકી ચેટી[1] છે,
 શિવસંપત્તિ એહથી છેટી છે;
એ તો સાકર તેગ[2] લપેટી છે. હો પ્રીતમજી !૦ ૩
એક શંકા મેરે મન આવી છે,
 કિણવિધ એ તુમ ચિત્ત ભાવી છે?;
એ તો ડાકણ જગમેં ચાવી[3] છે. હો પ્રીતમજી !૦ ૪
સહુ શુદ્ધિ તુમારી ખાઇ છે,
 કરી કામણ મતિ ભરમાઇ છે;
તુમે પુણ્યયોગે એ પાઇ છે. હો પ્રીતમજી !૦ ૫

---

૧ દાસી. ૨ તલવાર. ૩ પ્રસિદ્ધ.

**મત આંબકાજ બાવલ બોવો,**

**અનુપમ ભવ વિરથા નવી ખોવો;**

**અબ ખોલ નયન પરગટ જોવો. હો પ્રીતમજી !૦ ૬**

**ઇણુવિધ સુમતા બહુ સમજાવે,**

**ગુણુ અવગુણુ કરી બહુ દરસાવે;**

**સુણી ચિદાનંદ નિજ ઘર આવે. હો પ્રીતમજી !૦ ૭**

અર્થ—હે પ્રીતમ ! હે વહાલા ! તમે અનિત્ય એવી પ્રીતિની રીત તજીને તેને નિત્યપણે હૃદયમાં ધારણુ કરો અને હે વાલમ ! મારા વચનનો અત્યંત ઉંડો મર્મ સમજીને વિચારો.

જુઓ ! તમે કુમતિને ઘરે જાઓ છો, પોતાના કુળમાં એબ લગાડો છો અને ધિક્કાર છે તમને કે તમે તેની સંગતથી જગતની એઠરૂપ આ પુદ્‌ગળો કે જે ઘણા જીવોએ ખાઈ ખાઇને તજી દીધેલા છે તે ખાઓ છો ને આનંદ માનો છો. ૧

તમે અમૃત તજીને વિષનું પાન કરો છો અને કુગતિનો માર્ગ લ્યો છો એ અયુક્ત કરો છો. ૨

એ કુમતિ તો મોહરાજાની દાસી છે, મોક્ષસંપત્તિ એનાથી બહુ દૂર છે અને એ સાકર લપેટેલી તલવાર જેવી છે. તે ચાટતાં તો મીઠાશ આવે પણુ પછી જીભ કપાય એવી છે. ૩

હે સ્વામી ! મારા મનમાં એક શંકા આવી છે કે એ આખા જગતમાં ડાકણુ તરીકે પ્રગટ થયેલી છે છતાં એ તમારા મનમાં શા કારણુથી ગમી ગઇ છે ? ૪.

એ તમને વળગીને તમારી શુદ્ધબુદ્ધ ખાઇ ગઇ છે.

તમારાપર કામણ કરીને તમને ભરમાવી દીધા છે. ખરેખર ! તમારા પુણ્યયોગેજ એ તમને મળી જણાય છે ! (આમાં મીઠી-મશ્કરી છે. ખરી રીતે તો પાપના યોગેજ મળેલ છે.) ૫

હે સ્વામી ! તમે આંબાના ફળ મેળવવાની ઈચ્છાથી બાવળ ન વાવો. આ અનુપમ એવો મનુષ્ય ભવ વૃથા ખોઈ ન નાખો અને તમારા હૃદયની આંખ ઉઘાડીને કાંઈક જોવો કે તમે આ શું કરી રહ્યા છો ? ૬

આવી રીતે સુમતાએ બહુ યુક્તિપ્રયુક્તિથી સમજાવ્યા અને તેના ને પોતાના ગુણ અવગુણ બહુ રીતે દેખાડ્યા. તે સાંભળીને ચિદાનંદ જે જ્ઞાનરૂપ આત્મા તે પોતાના ઘરમાં આવ્યા, જેથી સુમતિને સંતોષ થયો. ૭

સાર—આ પદમાં સુમતાએ શુદ્ધચેતનને અથવા આત્માને કુમતાના સંગમાં પડવાથી કેટલી હાનિ થઇ છે તે જણાવી કુમતા કેવી છે ? તેનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું છે અને અંતરની લાગણીથી ઘણી હિતશિક્ષા આપી છે—કહેવરાવી છે. તે સાંભળીને સદ્ભાગ્યે ચિદાનંદ જે શુદ્ધસ્વરૂપી આત્મા તેને તે વાત સાચી લાગી જેથી તે કુમતાનો સંગ તજીને પોતાના ઘરમાં—સુમતાના નિવાસમાં આવ્યા. આવો ભાવ ભરેલો છે.

## પદ ૬૭ મું.

( ગહુંળી. )

ચંદ્રવદની મૃગલોચણી,
એ તો સજી સોળ શણગાર રે;
એ તો આવી જગગુરૂ વાંદવા,
ધરી હિયડે હરખ અપાર રે. ચં૦ ૧

હાંરે એ તો મુક્તાફળ મુઠી ભરી,
રચે ગહુંળી પરમ ઉદાર રે;
જિહાં વાણી યોજનગામીનો,
ઘન વરસે અખંડિત ધાર રે. ચં૦ ૨
હાંરે જિહાં રજત કનક ને રત્નના,
સુરરચિત ત્રણ પ્રાકાર રે;
તસ મધ્ય મણિ સિંહાસને,
શોભિત શ્રી જગદાધાર રે. ચં૦ ૩
હાંરે જિહાં નરપતિ ખગપતિ લખપતિ,
સુરપતિયુત પરખદા બાર રે;
લબ્ધિ નિધાન ગુણ આગરૂ,
જિહાં ગૌતમ છે ગણધાર રે. ચં૦ ૪
હાંરે જિહાં જીવાદિક નવતત્ત્વનો,
ષડ્દ્રવ્ય ભેદ વિસ્તાર રે;
એ તો શ્રવણ સુણી નિર્મળ કરે,
નિજ બોધિબીજ સુખકાર રે. ચં૦ ૫
હાંરે જિહાં તીન છત્ર ત્રિભુવન ઉદિત,
સુર ઢાળત ચામર ચાર રે;
એખી ચિદાનંદકી વંદના,
તસ હોજો વારવાર રે. ચં૦ ૬

અર્થ-ચંદ્રસમાન મુખવાળી અને મૃગસમાન નેત્રવાળી સુંદર સ્ત્રી સોળે શણુગાર સજીને હૃદયમાં અત્યંત હર્ષવાળી થઈ સતી જગગુરૂ શ્રી વીર પરમાત્માને વાંદવા આવે છે. (૧)

તેણે મુક્તાફળની (મોતીઓની) મુઠી ભરીને તેના વડે પરમ ઉદાર ભાવથી પ્રભુપાસે ગહુંળી રચી કે જ્યાં (જે સમવસરણમાં) યોજનગામિની વાણીરૂપ વરસાદ અખંડ ધારાએ વરસી રહ્યો છે. ૨

જ્યાં રૂપાનો, સોનાનો ને રત્નનો એમ ત્રણ જાતિના[1] દેવોએ રચેલા ત્રણ ગઢ શોભી રહ્યા છે અને તેના મધ્યમાં રહેલા મણિમય સિંહાસન ઉપર જગદાધાર પ્રભુ શોભી રહ્યા છે. ૩

જ્યાં અનેક રાજાઓ, વિદ્યાધરો, લક્ષાધિપતિ ગૃહસ્થો અને ઇંદ્રો સહિત બાર પર્ષદાઓ પોતપોતાના સ્થાનપર બેઠેલી છે. વળી જ્યાં ગુણુંના નિધાન અને લબ્ધિઓની ખાણરૂપ ગૌતમ ગણધર બિરાજેલા છે. ૪

જ્યાં જીવાદિક નવતત્ત્વના અને ષડ્દ્રવ્યના ભેદનો વિસ્તાર કહેવાઈ રહ્યો છે. જેને શ્રવણ કરીને–સાંભળીને ભવ્યજનો પોતાના સુખકારી સમકિતને નિર્મળ કરે છે. ૫

જ્યાં ત્રણ ભુવનના સ્વામીપણાને સૂચવનારા ત્રણ છત્ર ધરાયેલા છે અને દેવતાઓ ચારે બાજુ ચામર વીંજી રહ્યા છે. ચિદાનંદજી મહારાજ કહે છે કે હે સખી સુમતિ ! એવા પ્રભુને મારી વારંવાર વંદના હોજો. ૬.

---

૧ વૈમાનિક, જ્યોતિષી ને ભવનપતિના કરેલા.

**સાર**–આ ગહુંળીમાં તીર્થંકરના સમવસરણનું સ્વરૂપ સંક્ષેપથી બતાવવામાં આવ્યું છે. તેનું વિશેષ સ્વરૂપ અન્ય પ્રકરણાદિકથી જાણવા યોગ્ય છે. એવા સમવસરણમાં આવીને સૌભાગ્યવતી સ્ત્રી મુક્તાફળવડે ગહુંળી કરે છે એ એનું ખાસ વકતવ્ય છે.

## પદ ૬૮ મું.

## શ્રી પાર્શ્વજિન સ્તવન.

( હો કુંથુજિન ! મનડું કીમહી ન બાજે. એ દેશી. )

**અનુભવ અમૃતવાણી હો પાસ જિન! અનુભવ અમૃતવાણી;**

સુરપતિ ભયા જે નાગ શ્રીમુખથી[1],
તે વાણી ચિત્ત આણી હો. પા૦ ૧

સ્યાદ્‌વાદ મુદ્રા મુદ્રિત શુચિ,
જિમ સુરસરિતા[2] પાણી;
અંતર મિથ્યાભાવ લતા જે,
છેદણ તાસ કૃપાણી[3] હો. પા૦ ૨

અહો નિશીનાથ[4] અસંખ્ય મળ્યા તિમ,
તિરછે અચરિજ એહી;
લોકાલોક પ્રકાશ અંશ જસ,
તસ ઉપમા કહો કેહી હો. પા૦ ૩

---

૧ સ્વામુખથી. ૨ ગંગાનદી. ૩ તલવાર. ૪ ચંદ્રો.

વિરહ વિયોગ હરણી એ દતી[1],
સંધી એ વેગ મિલાવે,
યાકી અનેક અવંચકતાથી,
આણાભિમુખ[2] કહાવે હો. પા૦ ૪
અક્ષર એક અનંત અંશ જિહાં,
લેપ રહિત સુખ ભાખો;
તાસ ક્ષયોપશમ ભાવ વધ્યાથી,
શુદ્ધ વચન રસ ચાખો હો. પા૦ ૫
ચાખ્યાથી મન તૃપ્ત થયું નવિ,
શા માટે લોભાવો;
કર કરૂણા કરૂણારસ સાગર,
પેટ ભરીને પાવો હો. પા૦ ૬
એ લવલેશ લહ્યાથી સાહિબ,
અશુભ યુગલ ગતિ વારી;
ચિદાનંદ વામાસુત કેરી,
વાણીની બલિહારી હો. પા૦ ૭

અર્થ—હે પાર્શ્વનાથ પરમાત્મા ! આપની વાણી અનુભવ રૂપ અમૃતથી ભરેલી છે-અમૃતમય છે. જે વાણી આપના શ્રીમુખથી સાંભળીને નાગ જે સર્પ તે ઇંદ્રપણું પામ્યો, તે વાણી મેં મારા ચિત્તમાં ધારણ કરી છે. ૧

૧ વાણી ૨ આજ્ઞા સન્મુખ

વળી તે વાણી સ્યાદ્વાદરૂપ મુદ્રાથી મુદ્રિત થયેલી છે અને સુરસરિતા જે ગંગા નદી તેના પાણીની જેવી પવિત્ર છે. વળી અંતરમાં રહેલી મિથ્યાત્વરૂપ લતા-વેલડીને કાપવા માટે તલવાર જેવી છે. ૨.

હે નાથ ! અહો ઇતિ આશ્ચર્યે ! તે વખતે સમવસરણમાં અસંખ્ય ચંદ્રો આ તિર્ચ્છાલોકમાં મળે છે, છતાં લોકાલોક-પ્રકાશક જે કેવળ જ્ઞાન તેના અંશને પણ પામી શકતા નથી, એવા કેવળજ્ઞાનને શેની ઉપમા આપવી ? ૩.

વળી એ વાણી સમ્યગ્ ભાવના વિરહ તેમજ વિયોગ-ને હરનારી છે અને સમકિતના સંગની સંધીને વેગે મેળવી દેનારી છે. વળી તેના અનેક પ્રકારના અવંચકપણાથી-જે તેને તદ્રૂપે સમજે તે પ્રાણી આણાભિમુખપણું કહેવરાવે છે. ૪.

અક્ષરના (કેવળજ્ઞાનના) અનંતમા ભાગરૂપ તે વાણી આપ લેપરહિતપણે-સ્પષ્ટપણે મુખદ્વારા કહો છો. તેનાવડે-ભવ્ય જીવોના ક્ષયોપશમ ભાવની વૃદ્ધિ થવાથી આપના શુદ્ધ વચનનો રસ તે ચાખી શકે છે. ૫.

પણ હે સ્વામી ! એવી રીતે માત્ર તેનો સ્વાદ ચાખવાથી મન તૃપ્ત થતું નથી, માટે સ્વાદ ચખાડ્યા પછી શા માટે લોભાવો છો ? ટટળાવો છો ? હવે તો હે કરૂણાના સાગર પ્રભુ ! મારી ઉપર કરૂણા કરીને મને પેટ ભરીને તે પાઓ-પીવા દ્યો. ૬.

એ વાણીનો અંશમાત્ર પામ્યાથી પણ બે અશુભ ગતિતો નાશ પામે છે ( દૂર થાય છે ). ચિદાનંદજી મહારાજ કહે છે કે-એવી એ વામાસુત પાર્શ્વનાથ પરમાત્માની વાણીના

બલિહારી છે. તેના વ્યાખ્યાન આ એક મુખે કરી શકાય તેમ નથી. ૭

સાર—આ સ્તવન રહસ્યપૂર્ણ છે. તેમાં જિનવાણીનું સ્વરૂપ બહુ સ્ફુટ કર્યું છે. એ વર્ણન ખાસ લક્ષપૂર્વક વાંચવા લાયક છે. અને એ વાણી સાંભળવાનો અવસર કેમ પ્રાપ્ત થાય ? એને માટે નિરંતર ચાહના (ઇચ્છા) રાખવાની છે. એ વાણીની વ્યાખ્યા કરવાની ચિદાનંદજી મહારાજ પણ અશક્તિ બતાવે છે. તો પછી આ સારમાં તો ક્યાંથીજ કરી શકાય ?

## પદ ૬૯ મું.

પુરવ પુન્ય ઉદયકર ચેતન ! નીકા[1] નરભવ
પાયારે. પુ૦ આંકણી.
દીનાનાથ દયાળ દયાનિધિ,
દુર્લભ અધિક બતાયા રે;
દશ દ્રષ્ટાંતે દોહિલો નરભવ,
ઉત્તરાધ્યયને ગાયા રે. પુ૦ ૧
અવસર પાય વિષયરસ રાચત,
તે તો મૂઢ કહાયા રે;
કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ,
ડાર મણિ પછતાયા રે. પુ૦ ૨

---

૧ સારા-શ્રેષ્ઠ.

નદી ઘોળ પાષાણુ ન્યાય કર,
અર્દ્ધ વાટ તો આયા રે;
અર્દ્ધ સુગમ આગે રહી તિનકું,
જિને કછુ મોહ ઘટાયા રે. પુ૦ ૩
ચેતન ચાર ગતિમેં નિશ્ચે,
મોક્ષદ્વાર એ કાયા રે;
કરત કામના[1] સુર પણ યાકી,
જિસકું અનર્ગળ માયા[2] રે. પુ૦ ૪
રોહણગિરિ જિમ રત્નખાણુ તિમ,
ગુણ સહુ યામેં સમાયા રે;
મહિમા મુખથી વરણત જાકી,
સુરપતિ મન શંકાયા રે. પૂ૦ ૫
કલ્પવૃક્ષસમ સંયમ કેરી,
અતિ શીતળ જિયાં છાયા રે;
ચરણ કરણ ગુણ ધરણ મહામુનિ,
મધુકર મન લોભાયા રે. પૂ૦ ૬
યા તનવિણ તિહું કાળ કહો કિને,
સાચા સુખ ઉપજાયા રે;
અવસર પાવ ન ચૂકે ચિદાનંદ,
સદ્ગુરૂ યું દરસાયા રે. પૂ૦ ૭

---

૧. ઇચ્છા. ૨ ઋદ્ધિ.

અર્થ—હે ચેતન ! હે આત્મા ! પૂર્વપુન્યના ઉદયથી આ શ્રેષ્ટ નરભવ તું પામ્યો છું.

દીનજનોના નાથ, પરમ દયાળુ અને દયાસમુદ્ર એવા પરમાત્માએ આ મનુષ્યજન્મને અત્યંત દુર્લભ બતાવ્યો છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં તેની દુર્લભતાના દશ દ્રષ્ટાંતો કહીને આ વાતને સ્પષ્ટ કરેલી છે. ૧.

હવે આ મનુષ્ય જન્મમાં આવો સુંદર અવસર પામ્યા છતાં જે પ્રાણી વિષયરસમાં રાચે છે, તેને શાસ્ત્રકાર મહામૂર્ખ કહે છે અને તે પ્રાણી કાગડાને ઉડાડવાને ચિન્તામણિ ફેંકી દેનાર બ્રાહ્મણની જેમ પાછળથી પસ્તાય છે.[1] ૨.

નદીમાં પડેલા પાષાણો અથડાતાં પીટાતાં જેમ ગોળ થઇ જાય છે, તેમ આ પ્રાણી અનેક જાતિમાં અનેક ગતિમાં—અનેક પ્રકારના દુઃખ સહેતો સહેતો અકામનિર્જરાદિકના બળવડે અર્ધપંથે—સાત રાજ ઉપર તો આવ્યો છે, હવે આગળ અરધી વાટ (સાત રાજ જેટલી) રહી છે તે જેણે કાંઇપણ મોહ ઘટાડ્યો હોય—દર્શનમોહનીનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કરીને સમકિત પ્રાપ્ત કર્યું હોય તેને માટે સુગમ છે—સ્હેલી છે. ૩.

હે ચેતન ! દેવ, નારક, મનુષ્ય ને તિર્યંચ—આ ચાર ગતિમાં મોક્ષનું દ્વાર—જ્યાંથી મોક્ષ જઈ શકાય તેવો માર્ગ—તેવું સાધન તો આ મનુષ્યશરીરજ છે કે જેની ઇચ્છા—જેની પાસે અનર્ગળ ઋદ્ધિ છે એવા દેવો (ઇંદ્રો) પણ કરી રહ્યા છે. ૪

૧ કથા નીચે આપી છે.

રોહિણાચળ પર્વત જેમ અનેક પ્રકારના રત્નોનું સ્થાન છે, તેમ ગુણમાત્ર આ દેહમાં સમાયેલા છે. અર્થાત્ સર્વ પ્રકારના ગુણોની પ્રાપ્તિ આ મનુષ્યજન્મમાં થઇ શકે તેમ છે. એ મનુષ્યપણાના ગુણનું વર્ણન કરતાં-તેનો મહિમા મુખવડે કહેતાં ઇંદ્ર પણ મનમાં શંકાણા છે કે શું આટલો બધો આ મનુષ્યજન્મ ઉત્તમ છે? અથવા હું એનો મહિમા કહી શકીશ કે નહીં? ૫.

જે મનુષ્યજન્મમાં કલ્પવૃક્ષસમાન સંયમગુણની અત્યંત શીતળ છાયા રહેલી છે. ચરણસિત્તરી ને કરણસિત્તરીને ધારણ કરનાર મહામુનિરાજરૂપ મધુકરનું મન પણ તેમાં લોભાણું છે. અર્થાત્ તેઓ પણ તેનેજ અમૂલ્ય માની રહ્યા છે અને તે મનુષ્યજન્મવડેજ કાર્યસિદ્ધિ કરવાનું ઇચ્છી રહ્યા છે. ૬

હે ચેતન! કહો, આ મનુષ્ય શરીર વિના કોઇએ સાચું સુખ જે મોક્ષસુખ તે નિપજાવ્યું છે?-મેળવ્યું છે? ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે આત્મા! તું આવો અમૂલ્ય અવસર પામીને ચૂકીશ નહીં. પૂર્વપુરૂષો-સદ્‌ગુરૂઓ પણ એમજ વારંવાર દર્શાવી ગયા છે-કહી ગયા છે. ૭.

સાર—આ પદ ખાસ મનુષ્યજન્મની વિશિષ્ટતા બતાવવા માટેજ છે. બીજી ગાથામાં કહેલ મણિ ફેંકી દેનાર વિપ્રનું દૃષ્ટાંત આ પ્રમાણે:—

એક બ્રાહ્મણ દ્રવ્યોપાર્જન કરવા પરદેશ જતો હતો, તેને જોઈ એક દેવીએ પોતાના સ્વામી (દેવ) ને કહ્યું કે આનું દુઃખ દૂર કરો.' દેવ કહે કે-' એ નિર્ભાગી છે, એની

પાસે દ્રવ્ય રહે તેમ નથી.' દેવી કહે કે-' એક વાર આપો તો ખરા, પછી થઈ રહેશે.' દેવે તે બ્રાહ્મણને ચિન્તામણિ રત્ન આપ્યું. આગળ ચાલતાં બ્રાહ્મણ પાસે એક કાગડો ' કા કા ' કરવા લાગ્યો. એટલે પેલા બ્રાહ્મણે તેને ઉડાવવા પેલું ચિંતામણિ રત્ન ફેંકયું એટલે કાગડો ઉડી ગયો, પણ પેલું ચિંતામણિ રત્ન કાંઈક ખાવાનો પદાર્થ હશે એમ જાણી તેને ઉપાડતો ગયો. બ્રાહ્મણ હાથ ઘસતો રહ્યો-તેનું દારિદ્ર ગયું નહીં.

આ બ્રાહ્મણને આપણે એકમતે મૂર્ખ કહેવા મંડી જઈએ છીએ, પરંતુ આપણે તેવી મૂર્ખાઈ કરીએ છીએ કે કેમ ? તેનો વિચાર કરતા નથી. પણ આપણે તો ચિંતામણિ રત્ન કરતાં પણ વધારે મૂલ્યવાળા-અમૂલ્ય મનુષ્યજન્મને પામ્યા છતાં વિષયસુખમાં આસકત રહી તેને હારી જઇએ છીએ-તેનાથી પ્રાપ્ત થઇ શકે તેવા અવિચળ સુખને ( મોક્ષને ) મેળવવા પ્રયત્ન કરતા નથી.

## પદ ૭૦ મું.

### ( પર્યુષણ પર્વની સ્તુતિ. )

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,<br>
પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર;<br>
નિજમુખથી દાખી, સાખી સુરનર વૃંદ,<br>
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ. ૧<br>
નાગકેતુની પરે, પર્વ સાધના કીજે,<br>
વ્રત નિયમ આખડી, ગુરૂમુખ આધકી લીજે;

દોય ભેદે પૂજા, દાન પંચ પ્રકાર,
કર પડિકમણા ધર-શિયળ અખંડિત ધાર. ૨
જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવકાર,
ભવ સાત આઠ અવ-શેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને, સફળ કરો અવતાર. ૩
સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણા કીજે,
કરી સાહમી વત્સલ, કુમતિદ્વાર પટ દીજે;
અઠ્ઠાઇ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઇ,
ઈમ કરતાં સંઘને, શાસનદેવ સહાઈ. ૪

અર્થ-મણિરત્નના રચેલા સિંહાસન પર-સમવસરણમાં બેસીને ત્રણ જગતના આધારભૂત પરમાત્માએ અનેક દેવો ને મનુષ્યોની સાક્ષીએ-તેમની સમક્ષ આ પર્યુષણ પર્વનો અગમ્ય અને અપાર-પારાવાર મહિમા વર્ણવ્યો છે. તેમાં કહ્યું છે કે-આ પર્વ સર્વ પર્વોમાં તારાઓમાં ચંદ્રની જેવું શ્રેષ્ટ છે. ૧.

વળી કહ્યું છે કે-આ પર્વની આરાધના નાગકેતુની જેમ કરવી. અનેક પ્રકારના વ્રત, નિયમ, બાધા ગુરૂ મહારાજ પાસે લેવી, દ્રવ્યભાવ બે પ્રકારે જિનપૂજા કરવી, પાંચે પ્રકારના દાન[1] દેવાં, બે ટંક પ્રતિક્રમણ કરવા અને અખંડ બ્રહ્મચર્ય પાળવું.

જે મનુષ્ય ત્રિકરણ શુદ્ધે મન વચન કાયાની નિર્મળતા-વડે નવકાર મંત્રનું આરાધન કરે તેનો સંસાર વધારેમાં વધારે

૧ અભય, સુપાત્ર, અનુકંપા, ઉચિત ને કીર્તિ.

સાત આઠ ભવપૂરતોજ શેષ રહેલો જાણવો. આ પર્વમાં સર્વ સૂત્રોમાં શિરોમણિ એવું મહાસુખકારી કલ્પસૂત્ર ગુરૂમુખે સાંભળીને પોતાના મનુષ્ય જન્મને સફળ કરવો. ૩.

આ પર્વમાં સર્વ ચૈત્યો (જિનમંદિરો) જુહારવા, સર્વ જીવોની સાથે ખમત ખામણા કરવા અને યથાશક્તિ સ્વામી-વાત્સલ્ય કરવું. તેમજ અઠ્ઠાઈ મહોત્સવ કરવો. એમ કરીને દુર્ગતિના દ્વાર તો બંધજ કરી દેવા. ચિદાનંદજી મહારાજ કહે છે કે-મનના ભાવ પૂર્વક આ પ્રમાણે કરનારા શ્રી સંઘને શાસનદેવ જરૂર સહાય કરે. ૪.

નોંધ-આ ચાર સ્તુતિ પર્યુષણ પર્વમાં કરવાના કૃત્યો બતાવ-નારી છે. તે કંઠે કરવાં લાયક અને પર્યુષણમાં કહેવા લાયક છે. તેમાં બતાવેલા કૃત્યો યથાશક્તિ કરવા લાયક છે. પર્યુ-ષણ પર્વ આવે ત્યારે પ્રમાદ તજીને આ સ્તુતિમાં બતાવેલા કૃત્યો કરવા માટે સાવધાન થઈ જવાની આવશ્યકતા છે કે જે કૃત્યો આત્માનું સંપૂર્ણ હિત કરનારા છે.

---

## પદ ૭૧ મું.

( રાગ-સોરઠ )

કયા તેરા કયા મેરા,
પ્યારે સહુ પડાઇ રહેગા. કયા તેરા૦ આંકણી.
પંછી[1] આપ ફિરત ચિહું દિશથી, તરૂવર રેન[2] વસેરા;
સહુ આપણે આપણે મારગતેં,
હોત ભોરકી[3] વેરા. પ્યારે૦ ૧

---

૧ પક્ષી. ૨ રાત્રી. ૩ સવારે.

ઇંદ્રજાળ ગંધર્વ નગર સમ, ડેઢ દિનકા ઘેરા;
સુપન પદારથ નયન ખુલ્યા જિમ,
જરત ન બહુવિધ હેર્યા. પ્યારે૦ ૨
રવિસુત[૧] કરત શીશ પર તેરે, નિશદિન છાના ફેરા;
ચેત શકે તો ચેત ચિદાનંદ,
સમજ શબ્દ એ મેરા. પ્યારે૦ ૩

અર્થ-હે ચેતન ! તું તારૂં ને મારૂં શું કર્યા કરે છે ? આમાં તારૂં ને મારૂં શું છે ? બધું (મરણ પામીશ ત્યારે પાછળ) અહીં પડ્યું રહેવાનું છે.

દશે દિશાઓમાંથી આવીને પક્ષીઓ રાત્રે એક ઝાડ ઉપર વસે છે-રાત્રિવાસો કરે છે. તે બધા સવાર થઈ કે તરતજ પોત-પોતાને માર્ગે-જુદે જુદે રસ્તે ચાલ્યા જાય છે-ઉડી જાય છે. ૧

અહીં આ મનુષ્યભવમાં ઇંદ્રજાળ ને ગંધર્વનગરની જેમ દોઢ દિવસ રહેવાનું છે, પછી તો જેમ સ્વપ્નમાં દીઠેલા પદાર્થ આંખ ખુલી ગયા પછી-જાગી ગયા પછી ઘણી રીતે શોધતાં પણ જડતા નથી તેમ આ બધું તને જડવાનું નથી. તારાથી છુટું પડી જવાનું છે. તે અહીં રહેવાનું છે ને તું ચાલ્યો જવાનો છે. ૨

વળી હે મનુષ્ય ! તારા મસ્તક પર રાત ને દિવસ કાળ છાનોમાનો ફેરા માર્યાજ કરે છે. માટે ચિદાનંદજી મહારાજ કહે છે કે-મારા શબ્દ-મારાં વચન માનીને જો ચેતી શકે તો ચેત અને કાંઈક આત્મસાધન કરીને આ મનુષ્ય જન્મને સફળ

---

૧ મૃત્યુ-કાળ-જમ.

કર. જો એમ નહીં કરે તો પાછળથી પસ્તાવું પડશે. ૩.

**સાર**–આ ત્રણ ગાથાના ટુંકા પદમાં સંસારની અનિત્યતા દૃષ્ટાંત સાથે બતાવી આપી છે. આ જીવ અમુક અંશે તેને અનિત્ય જાણે છે છતાં પાછો પ્રમાદમાં પડી જઈને ' મારૂં તારૂં ' કર્યા કરે છે. ચિદાનંદજી મહારાજ સાચું કહે છે કે– તારા માથા ઉપર કાળ ફરે છે એમ જાણ્યા છતાં તું કોના વિશ્વાસ ઉપર રહી ધર્મકાર્ય કરવામાં પ્રમાદ કરે છે ? હવે તો સાવધાન થઈ જા. આવી બાબતમાં વારંવાર કહેવાની જરૂર ન હોય.

## પદ ૭૨ મું.

( રાગ પીલુ–ત્રિતાળ. )

**મુસાફીર ! રેન[૧] રહી અબ થોરી. એ ટેક.**
**જાગ જાગ તું નિંદ ત્યાગ દે,**
**હોત વસ્તુકી ચોરી. મુસાફીર૦ ૧**
**મંઝીલ[૨] દૂર ભર્યો ભવસાગર,**
**માન ઉર મતિ મોરી. મુસાફીર૦ ૨**
**ચિદાનંદ ચેતનમય મુરત,**
**દેખ હૃદય દ્રગ જોરી. મુસાફીર૦ ૩**

અર્થ–હે મુસાફર ! હવે રાત્રી ઘણી થોડી રહી છે, માટે તું નિદ્રાનો ત્યાગ કર અને જાગૃત થઇ જા. કારણ કે તારી નિદ્રાવસ્થામાં તારી અનેક વસ્તુઓની ચોરી થઈ ગઈ છે. ૧

---

૧ રાત્રી. ૨ મજલ (જવાની).

આ જગતમાં જીવમાત્ર મુસાફર છે. તેમાં જે ખરે માર્ગે ચડેલા હોય છે તે ધારેલે સ્થાને વહેલા મોડા પણ પહોંચે છે, પરંતુ જેઓને સાચો માર્ગ મળ્યો હોતો નથી તેઓ ચાર ગતિરૂપ સંસારમાં ભટકયાજ કરે છે, પરંતુ ઇચ્છિતસ્થાને પહોંચતા નથી. તેજ પ્રમાણે આ ચેતન પણ એક મુસાફર છે તેને મોક્ષસ્થાન મેળવવું છે–ત્યાં જવું છે–તેનું સાધ્ય તે છે, પરંતુ જેને તે સ્થાનનો શુદ્ધ માર્ગ લભ્ય થયો હોય છે અર્થાત્ સમ્યગ્ જ્ઞાન દર્શન પામ્યા હોય છે તેઓ વહેલા મોડા પણ સાધ્યસ્થળે પહોંચે છે.

એવા મુસાફરને અંગે તેને જાગૃત કરવા–પ્રમાદ દૂર કરવા શુદ્ધ ચેતના કહે છે કે–હે સ્વામી ! તમે હવે જાગો. હવે નિદ્રા તજી દ્યો. તમે પ્રમત્ત ભાવમાં વર્તીને–પાંચ પ્રમાદને વશ થઇને ઘણું ગુમાવ્યું છે. તમારા આત્મધનની પુષ્કળ ચોરી થઇ છે, વિષય ને કષાય મળીને તમારા ગુણરૂપી દ્રવ્યને હરી ગયા છે. હવે જે રહ્યું હોય તે સંભાળી, સાવધાન થઈ, પાંચે પ્રમાદને તજીને સાચે પંથે પડી જાઓ.

આગળ કહે છે કે–હજુ તમારે મજલ ઘણી કરવાની છે, તમારે જવાનું સ્થાન બહુ દૂર છે. હજી તમારે આ જળથી ભરેલો સમુદ્ર (ભવસાગર) તરવાનો છે, માટે તમારા હૃદયમાં મારી શિખામણ ધારણ કરો. ૨.

આ જીવને મનુષ્યભવાદિ સામગ્રી પામ્યા છતાં હજુ ઘણો પંથ કાપવાનો છે. તેને માટે પ્રમાદ તજીને, વિરતિ ધારણ કરીને, અપ્રમત્તપણે પંથ કાપવો પડશે. આત્માને લાગેલાં કર્મોના પડળને રત્નત્રયીના બળવડે ઉખેડી નાખવા પડશે. આ

સંસાર પણ સમુદ્રની ઉપમાવાળો છે. સમુદ્રમાં અનેક પ્રકારના ઉપદ્રવો રહેલા હોય છે. તેનો અનુભવ જળવાટે મુસાફરી કરનારને થાય છે. આ સંસારમાં પણ મોક્ષ સુધી પહોચતાં હજુ ઘણા ઉપદ્રવો સહન કરવા પડે તેમ છે. તે સર્વ ઉપદ્રવોને સહન કરીને, પરિસહોને જીતીને, પ્રમાદને દૂરના દૂર રાખીને આત્મજાગૃતિ રાખવી પડશે. તોજ ધારેલે સ્થાને પહોચાશે, માટે શુદ્ધ ચેતના કહે છે કે-હવે તમારી મતિએ ન ચાલતાં હું કહું છું તે વાત-તે બુદ્ધિ તમારા હૃદયમાં ધારણ કરો અને તે પ્રમાણે વર્તન કરી-નિરંતર સાવધાન રહો. ૨.

ચિદાનંદજી મહારાજ કહે છે કે-હે જ્ઞાનમય મુર્ત્તિવાળા! જ્ઞાનસ્વરૂપી આત્મા! તારી હૃદયરૂપ દૃષ્ટિને ખોલીને આંતરચક્ષુવડે જો અને તારી સ્થિતિનો અનુભવ કરી તારે આગળ પ્રયાણ કરવા માટે શું શું કરવા યોગ્ય છે? એનો નિરધાર કર અને તે પ્રમાણે વર્તન કરી સાધ્યને મેળવ. ૩.

**સાર**-આ ટુંકા પદમાં પણ કર્ત્તાએ હિતશિક્ષા ઘણી આપી છે. આત્માને તેની સ્થિતિ ઓળખાવી છે અને હવે ફરીને પ્રમાદમાં ન પડી જાય તેટલા માટે મજલ ઘણી દૂર છે એમ બતાવીને સાવચેત કરેલ છે. આ પદનું રહસ્ય જે ભવ્ય જીવ પોતાના હૃદયમાં ધારણ કરી, તેનો વિચાર કરી, તદનુકૂળ વર્તન કરવા સાવધાન થઈ જશે તે મનુષ્ય અવશ્ય વાંચ્છિત લાભને મેળવી શકશે. તથાસ્તુ.

ઇતિ શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદ્રજીકૃત)
**બહોંતેરી સાર્થ સમાપ્ત.**

## શ્રી ચિદાનંદજી (કર્પૂરચંદજી) કૃત સવૈયા.

ૐકાર અગમ અપાર પ્રવચનસાર, મહા બીજ પંચ પદ ગરભિત જાણીએ, જ્ઞાન ધ્યાન પરમ નિધાન સુખથાનરૂપ, સિદ્ધિ બુદ્ધિદાયક અનુપ એ વખાણીએ; ગુણ દરિયાવ ભવજલનિધિ માંહે નાવ, તત્ત્વકો લિખાવ હિયે જોતિરૂપ ઠાણીએ, કીનો હે ઉચ્ચાર આદ આદિનાથ તાતે યાકો, ચિદાનંદ પ્યારે ચિત્ત અનુભવ આણીએ ॥૧॥

નમત સકળ ઇંદ ચંદ જાકું ધ્યેયરૂપ, જાનકે મુનિંદ યાકું ધ્યાન મજઝ ધારહિ, સુરતિ નિરતિમેં સમાય રહે આઠુ જામ, સુરભિ ન જિમ નિજ સુતકું વિસાર હિ; લીન હોય પીનતા પ્રણવ સુખકારી લહે, દહે ભવ બીજ વિષે વાસ પરજાર હિ, ચિદાનંદ પ્યારે શુભ ચેતના પ્રગટ કર, એસો ધ્યાન ધર મિથ્યા ભાવકું વિસાર હિ ॥ ૨ ॥

મુખમાંહિ રામપેં હરામ માંહિ મન ફિરે, ગીરે ભવકૂપમાંહિ કર દીપ ધાર કે, વિષય વિકાર માંહિ રાગી મુખ ઇમ કહે, મેં તો હું વૈરાગી માલા તિલક જ્યું ધાર કે; જોગકી જુગતિ બિનાજાને જો કહાવે જોગી, ગલા માંહી સેલી અરૂ કાલી કંથા ડારકે, બિના ગુરૂગમ મિથ્યાજ્ઞાન ભમે ઇણવિધ, ફોકટ જ્યું જાવે એ મનુષ્યભવ હારકે ॥ ૩ ॥

શિરપર શ્વેત કેશ ભયા તોહુ નાંહિ ચેત, ફીરત અચેત જ્યું ધન હેત પરદેશમેં, મેરે મેરા કરત ન ધરત વિવેક હિયે, મોહ અતિરેક ધર પરત કિલેશમેં; પર્યો નાનાવિધ ભવકૂપમેં સહત દુઃખ, મગન ભયો હે મધુબિંદુ લવલેશમેં, આતપત્ર છાયો સોઉ મનહુંત ભયો અબ, ચિદાનંદ સુખ પાયો સાધુકે સુવેશમેં ॥ ૪ ॥

ધન અરૂ ધામ સહુ પડ્યો હિ રહેગો નર. ધારકે ધરામેં તું તો ખાલી હાથ જાવેગો, દાન અરૂ પુન્ય નિજ કરથી ન કર્યો કછુ, હોય કે જમાઈ કોઈ દુસરો હિ ખાવેગો; કુડ કપટ કરી પાપ બંધ કીનો તાતેં, ઘોર નરકાદિ દુઃખ તેરો પ્રાણી પાવેગો, પુન્ય વિના દુસરો ન હોયગો સખાઇ તબ, હાથ મલમલ માખી જિમ પીસતાવેગો ॥ ૫ ॥

અગમ અપાર નિજ સંગતિ સંભાર નર, મોહકું બીડાર આપ આપ ખોજ લીજીયે, અચળ અખંડ આલમ બ્રહ્મંડ માંહિ, વ્યાપક સ્વરૂપ તાકો અનુભવ કીજીયે; ખીર નીર જિમ પુદ્‌ગલ સંગ એકીભૂત, અંતર સુદ્રષ્ટિ ખોજ તાકો લવ લીજીયે, ધાર એસી રીત હીએ પરમ પુનીત ઈમ, ચિદાનંદ પ્યારે અનુભવ રસ પીજીયે ॥ ૬ ॥

આયકે અચાણક કૃતાંત જયું ગહેગો તોહે, તિહાં તો સખાઇ કોઉ દુસરો ન હોવેગો, ધરમ વિના તો ઓર સકળ કુટુંબ મીલી, જાનકે પરેતાં કોઈ સુપને ન જોવેગો; લટક સલામ કે સખાઈ વિના અંતસમે, નેણ માંહિ નીર ભર ભર અતી રોવેગો, જાનકે જગત એસો જ્ઞાની ન મગન હોત, અંબ ખાયા ચાહે તે તો બાઉલ ન બોવેગો ॥ ૭ ॥

આપકું આપ કરે ઉપદેશ જયું, આપકું આપ સુમારગ આણે, આપકું આપ કરે સ્થિર ધ્યાનમેં, આપકું આપ સમાધિમેં તાણે; આપકું આપ લખાવે સ્વરૂપશું, ભોગનકી મમતા નવિ ઠાણે, આપકું આપ સંભારત યાવિધ, આપણો ભેદ તો આપહિ જાણે ॥ ૮ ॥

આપ થઈ જગ જાળથી ન્યારો જયું, આપ સ્વરૂપમેં આપ સમાવે, આપ તજે મમતા સમતા ધર, સીલશું સાચો

સનેહ જગાવે; આપ અલેખ અભેખ નિરંજન, પરિજન અંજન દૂર બહાવે, યા વિધ આપ અપુરવ ભાવથી, આપણો મારગ આપહી પાવે ॥ ૯ ॥

વેદ ભણો જયું કિતાબ ભણો અરૂ, દેખો જિનાગમકું સબ જોઈ, દાન કરો અરૂ સ્નાન કરો ભાવે, મૌન ધરો વનવાસી જયું હોઈ; તાપ તપો અરૂ જાપ જપો કોઈ, કાન ફિરાઈ ફિરો ફુનિ દોઈ; આતમ ધ્યાન અધ્યાતમ જ્ઞાન, સમો શિવ-સાધન ઓર ન કોઈ ॥ ૧૦ ॥

જે અરિ મિત્ત બરાબર જાનત, પારસ ઓર પાસાણ જયું દોઈ, કંચન કિચ સમાન અહે જસ, નિચ નરેશમેં ભેદ ન કોઈ; માન કહા અપમાન કહા મન, એસો બિચાર નહિ તસ હોઈ, રાગ અરૂ રોષ નહિ ચિત્ત જાકે જયું, ધન્ય અહે જગમેં જન સોઈ ॥ ૧૧ ॥

જ્ઞાની કહો જયું અજ્ઞાની કહો કોઈ, ધ્યાની કહો મત માની જયું કોઈ, જોગી કહો ભાવે ભોગી કહો કોઈ, જાકું જિસ્યો મન ભાસત હોઈ; દોષિ કહો નિરદોષિ કહો પિંડ–પોષિ કહો કોઈ ઓગુન જોઈ; રાગ અરૂ રોષ નહીં સુન જાકે જયું ધન્ય અહે જગમેં જન સોઈ ॥ ૧૨ ॥

સાધુ સુસંત મહંત કહો કોઉ, ભાવે કહો નિગરંથ પિયારે, ચોર કહો ચાહે ઢોર કહો કોઉ, સેવક હો કોઉ જાન દુલારે; બિનય કરો કોઉ ઉંચે બેઠાય જયું, દુરથી દેખ કહો કોઉ જારે, ધારે સદા સમભાવ ચિદાનંદ, લોક કહાવતશું નિત ન્યારે. ॥ ૧૩ ॥

માનીકું હોય ન મદ્દવતા ગુણ, મદ્દવતા તબ કાહેકો માની, દાની ન હોય અદત્ત જિકો જયું, અદત્ત ભયો તે તો·

કાહેકો દાની; ધ્યાનીકું ચંચલતા નહિ વ્યાપત, ચંચળતા તદ કાહેકો ધ્યાની, જ્ઞાની ન હોય ગુમાની સુણો નર, માન અહે તદ કાહેકો જ્ઞાની. ॥ ૧૪ ॥

જોબન સંધ્યાકે રાગ સમાન જયું, મુઢ કહા પરમાદકું સેવો, સંપત તો સરિતાકો પૂર જયું, દાન કરી ફળ યાકો જયું લેવો; આયુ તો અંજલીકે જલ જયું નિત, છિજત હે લખ એસો જયું ભેવો, દેહ અપાવન જાન સદા તુમ, કેવળી ભાષિત મારગ સેવો. ॥ ૧૫ ॥

સંસાર અસાર ભયો જિનકું, મરવેકો કહા તિનકું ડર હે, તે તો લોક દેખાવો કહા જયું કહો, જાકે હિયે અંતરશી તર હે; જિને મુંડ મુંડાયકે જોગ લીયો, તિનકે શિર કૌન રહી કર હે, મન હાથ સદા જિનકું તિનકે, ઘરહિ વન હે વનહિ ઘર હે ॥ ૧૬ ॥

શુભ સંવર ભાવ સદા વરતે, મન આશ્રવ કેરો કહા ડર હે, સહુ વાદ વિવાદ વિસાર અપાર, ધરે સમતા જે ઈસો નર હે; નિજ શુદ્ધ સમાધિમેં લીન રહે, ગુરૂ જ્ઞાનકો જાકું દીયો વર હે, મન હાથ સદા જિનકું તિનકે, ઘરહિ વન હે વનહિ ઘર હે ॥ ૧૭ ॥

મમતા લવલેશ નહિ જિનકે ચિત્ત, છાર સમાન સહુ ધન હે, જાકું ભેદ વિજ્ઞાનકી દષ્ટિ કરી, અહી કંચુકી જેમ જુદો તન હે; વિષયાદિક પંક નહિ ઢીક જાકું જયું, પંકજ જિમ જિકા જન હે, મન હાથ સદા જિનકું તિનકે, વનહિ ઘર હે ઘરહિ વન હે ॥ ૧૮ ॥

માખી કરે મધ ભેરો સદા, તે તો આન અચાનક ઓર હિ ખાવે, કીડી કરે કણકું જિમ સંચિત, તાસુકે કારણ

પ્રાણ ગમાવે; લાખ કરોરકું જોર અરે નર, કાહેકું મૂરખ સુમ કહાવે, ધર્યોહિ રહેગો ઈહાંકો ઇહાં સહુ, અંત સમે કછુ સાથ ન આવે ॥ ૧૯ ॥

રંચક બીજ ધરા માંહે બોવત, તાકો અનેક ગુણો ફીર પાવે, કાલ વસંતકું જાચક જાનકે, પાન દિયે તિનકું નવ આવે; જાણ અનિત સુભાવ વિવેકશું, સંપત પાય સુમારગ લાવે, કીરતિ હોગી ઉનોકી દશોદિશ, બેઠ સભામેં દાતાર કહાવે ॥ ૨૦ ॥

માટીકા ભંડ હોવે સતખંડ જ્યું, લાગત જાસ જરા ઠણુકા, ઇમ જાણ અપાવન રૂપ અરે નર, નેહ કહા કરીયે તનકા; નિજ કારજ સિદ્ધિ ન હોય કછુ, પર રંજન શોભ કરે ગણુકા, ચિદાનંદ કહા જપ માલકું ફેરત, ફેર અરે મનકે મણુકા ॥ ૨૧ ॥

જ્ઞાન રવિકા ઉદ્યોત ભયા તબ, દૂર ગયા ભ્રમ ભાવ અંધેરા, આપ સ્વરૂપકું આપ નિહારત. જૂઠા સ્વરૂપ લગ્યા જગ કેરા; માયાકે તોર અરૂ ધ્યાનકે જોરકે, પાયા જિનુને સુવાસ વસેરા, યાવિધ ભાવ વિચાર ચિદાનંદ સોઈ સુસંત અહે ગુરૂ મેરા ॥ ૨૨ ॥

કાહેકું દેશ વિદેશ ફિરે નર, કાહેકું સાયરકું અવગાહે, કાહેકું આશ કરે પરકી શઠ નીચ નરેશકી ચાકરી ચાહે; કાહેકું સોચ બિચાર કરે તન, અંતરતાપથી કાહેકું દાહે, દીનો અહે અવતાર તાહે જિણ, તાકો તો ભાર સું તેહુ નિવાહે ॥ ૨૩ ॥

કાહેકું જંતર મંતર સાધત, કાહેકું નિસા મસાણમેં જાવો, કાહેકું દેવકી સેવ કરો તુમ, કાહેકું આક ધતુર જ્યું ખાવો; રંચક વિત્ત અસાર કે કારન, કાહેકું ઓરકે દાસ

કહાવે, આશ કહા કરીયે પરકી નર, હોઈ નિરાશ નિરંજન ધ્યાવે ॥ ૨૪ ॥

સુતો કહા પરમાદમેં પ્યારે તું, સાથમેં તેરે તો ચોર લગેરે, માતરૂ તાતરૂ ભ્રાતરૂ ભામિની, સ્વારથકે સહુ જાન સગેરે; કુણકો સંગી સનેહી અહે તું જો, કુણ અહે જગમાંહી જ્યું તેરે, આયો કિહાંથી કિહાં પુનિ જાવેગો, એસો વિચાર કરો મનમેં રે ॥ ૨૫ ॥

નંદ મહા નિધિ સિદ્ધિ કહા કરૂં, કહા કરૂં સુખ દેવગતિકો, કહા કરૂં મણિ માણેક મોતી જ્યું, કહા કરૂં તેરો રાજકો ટીકો; કહા કરૂં જન રંજન વેશકું, કહા કરૂં મત ધાર મતિકો, એક નિરંજન નામ વિના જગ, ઓર સહુ મોહે લાગત ફીકો ॥ ૨૬ ॥

ફુલકે સંગ ફુલેલ ભયો તિલ તેલ તે તો સહુ કે મન ભાવે, પારસકે પરસંગથી દેખીયે, લોહા જ્યું કંચન હોય બિકાવે; ગંગામેં જાય મિલ્યો સરિતાજળ, તેહુ મહાજળ ઓપમ પાવે, સંગતકો ફળ દેખ ચિદાનંદ, નિચ પદારથ ઉંચ કહાવે ॥ ૨૭ ॥

નલિનીદલમેં જલ બુંદ તે તો. મુગતાફળ કેરી ઓપમા પાવે, મલયાગર સંગ પલાસ તરૂ લખ, તાહુમેં ચંદનતા ગુન આવે; સુગંધ સંજોગ થકી મૃગકો મદ, ઉત્તમ લોક સહુ મિલ ખાવે, સંગતકો ફળ દેખ ચિદાનંદ, નિચ પદારથ ઉંચકહાવે ॥૨૮॥

દ્રવ્ય અરૂ ભાવના કરમથી નીયારો નિત, લેશ્યા ગતિ જોગકો સંજોગ નહુ પાઇએ, કોઈથી ન કહ્યો જાય કરથી ન ગ્રહ્યો જાય, રહ્યો હે સમાય તાકું કેસે કે બતાઇએ; નય અરૂ ભંગ ન નિખેપકો પ્રવેશ જિહાં, ઉગતિ જુગતિ તામેં

કોન ભાત લાઇએ, ચિદાનંદ નિયત સરૂપ નિજ એસો ધાર, વિવહારસંહિ નાના ભેદ દરસાઇએ. ॥ ૨૯ ॥

તું તો અવિનાશી કાયા પ્રગટ વિનાશી અરૂ તું તો હે અરૂપી એ તો રૂપી વસ્તુ જોઇયે, મલકેરી કયારી મોહરાયકી પિયારી એ તો, હોયગી નીયારી એ તો વૃથા ભાર ઢોઇએ; મહાદુઃખ ખાની દુરગતિકી નીશાની તાતે, યાકો તો ભરૂસો નિહચિંત નહિં સોઇએ, ચિદાનંદ તપજપ કીરીયાકો લાહો લીજે, નીકો નરભવ પાય વિરથા ન ખોઇએ ॥ ૩૦ ॥

થીર કરી પંચ બીજ વાયુકો પ્રચાર કરે, ભેદે ખટ ચકરકો અફગતિ પાયકે, પ્રાણાયામ જોગ સસે ભેદકો સ્વરૂપ લહી, રહત અડોલ બંકનાલમેં સમાયકે; દેહકો વિસાર ભાન દઢ અતિ ધાર જ્ઞાન, અનહદ નાદ સુણો અતિ પ્રીત લાયકે, સુધા સિંધુરૂપ પાવે સુખ હોય જાવે તબ, મુખથી બતાવે કહા મુંગા ગોળ ખાયકે ॥ ૩૧ ॥

ધરમ શુકલ ધ્યાન હિરદેમેં ધારીયે જયું, આરત રૂદર દોઉ ધ્યાનકું નિવારીયે, પ્રથમ પ્રથમ ચ્યાર ચ્યાર પાયેકે જયું તાકો તો સરૂપ ગુરૂગમથી વિચારીયે; એસો ધ્યાન અગની પ્રજાર કાયાકુંડ બીચ, કર્મ કાષ્ટ કેરા જયું આહૂતિ તામે ડારીયે, દુરધ્યાન દૂર હોએ આપ ધ્યાન ભૂરી ભએ, શુદ્ધ સ્વરૂપ નિજ કર થીર ધારીયે ॥ ૩૨ ॥

ભુલ્યો ફિરે ફુલ્યો મોહ મદિરાકી છાકમાંહિ, ધાર્યો નહિ આતમ અધ્યાતમ વિચારકું, પંડિત કહાયો ગ્રંથ પઢી આયો નાંહિ સાચો ભેદ પાયો અરૂ ધાયો હે વિકારકું; પ્રભુતાઈ ધારે નવિ પ્રભુકું સંભારે મુખ, જ્ઞાન તો ઉચારે નવિ મારે મન જારકું, ખોટો ઉપદેશ દેવે અતિ અનાચાર સેવે, તે તો નવિ પાવે ભવ ઉદધિકે પારકું ॥ ૩૩ ॥

બગ ધરે ધ્યાન શુક કથે મુખ જ્ઞાન મચ્છ કચ્છા અસ્ના-નાન પયપાન શિશુ જાણીએ, ખર અંગ ધાર છાર ફણિ પૌનકો અહાર, દીપ સીખા અંધકાર સલભ પીછાણીએ; ભેડ મૂલ ચાવે લઠ પશુઅન પટા અરૂ, ગાડર મૂંડાવે મૂંડ બોત કહા વખાણીએ, જટાધાર વટ કેરો વૃક્ષ જ્યું વખાણે તાકી, ઇત્યાદિક કરણી ન ગિણતીમેં આણીયે ॥ ૩૪ ॥

છાંડકે કુસંગત સુસંગથી સનેહ કીજે, ગુણ ગ્રહિ લીજે અવગુણ દ્રષ્ટિ ટારકે, ભેદ જ્ઞાન પાયા જોગ જવાલા કરી ભિન્ન કીજે, કનક ઉપલકું વિવેક ખાર ડારકે; જ્ઞાની જો મિલે તો જ્ઞાન ધ્યાનકો વિચાર કીજે, મિલે જો અજ્ઞાની તો રહિજે મૌન ધારકે, ચિદાનંદ તત્ત્વ એહી આતમ વિચાર કીજે, અંતર સકલ પરમાદ ભાવ ગારકે ॥ ૩૫ ॥

જૂઠો પક્ષ તાણે વિના તત્ત્વકો પીછાણ કહે, મોક્ષ જાય ઇશ અવતાર આઈ લીનો હે, ભયે હે પાષાણ ભગવાન શિવજી કહાત, બિદા કોપ કરકે સરાપ જબ દીનોહે; તિહું લોક માંહિ શિવલિંગકો વિસ્તાર ભયો, વજિ વજા કરી તાકું ખંડ ખંડ કીનો હે, ચિદાનંદ એસો માનત ધાર મિથ્યા મતિ, મોક્ષ માર્ગ જાણ્યા વિના મિથ્યા મતિ ભીનો હે ॥ ૩૬ ॥

રોમ રોમ દીઠ પોણે બે બે રોગ તન માંહે, સાડેતીન ક્રોડ રોમ કાયામેં સમાયે હે; પાંચ ક્રોડ અડસઠ લાખ નિન્નાણુ હજાર, છસેંથી અધિક પંચતાલી રોગ ગાયે હે; એસો રોગ સોગ ઔર વિજોગકો સદન જામેં, મુઢ અતિ મમતાકું ધારકે લોભાયો હે; ચિદાનંદ યાકો રાગ ત્યાગ કે સુજ્ઞાની જીવ, સાચો સુખ પાય અવિનાશી જ્યું કહાયો હે ॥ ૩૭ ॥

યોંહિ આજ કાલ તોહે કરત જનમ ગયો, લહ્યો ન ધરમકો મરમ ચિત્ત લાયકે, શુદ્ધ બુદ્ધ ખોઈ એસે માયામેં લપટ રહ્યો,

ભયો હે દિવાનો તું ધતુરો માનું ખાયકે; ગહેગો અચાન જેસેં લવાકું સે ચાન તેસેં ધરીં પલ છીનમાંજ રવિસુત આયકે, ચિદા- નંદ કાચકે શકલ કાજ ખોયો ગાઢ, નરભવરૂપ રૂડો ચિંતામણિ પાયકે ॥ ૩૮ ॥

લવ સપ્તમિક દેવ જાણે ખટ દ્રવ્ય ભેવ, પરકી ન કરે સેવ એસે પદ પાયો હે, સાગર પ્રમિત હે તેત્રીસ જાકી આયુ થિતિ, બોધરૂપ અંતર સમાધિલક્ષ લાયો હે; અલ્પ હે વિકા- ર સુખ હે અનંત જાકું, સૂત્ર પાઠ કરી એસો પ્રગટ બતાયો હે, ચિદાનંદ એસો સુખ તેહુ જિનરાજદેવ, ભાવના પ્રથમમેં અનિત્ય દરસાયો હે ॥ ૩૯ ॥

વનિતા વિલાસ દુઃખકો નિવાસ ભાસ પર્યો, જંબુસ્વામિ ધર્યો તાતેં મનમે વિરાગ જ્યું, વનિતાવિલાસી નાનાવિધ દુઃખ પાવે એસે, આમિષ આસક્ત કષ્ટ લહ્યો જેસે કાગ જ્યું; નવ પરણીત નાર વસુ ધન ધામ ત્યાગ, છિનમાંજ લહે ભવ- ઉદધિકે પાર જ્યું, ચિદાનંદ નરક દુવાર હે પ્રગટ નાર, જ્ઞાન લીન કરે તેથી અતિ અનુરાગ જ્યું ॥ ૪૦ ॥

સુણી ભૃંગ કેરો શબ્દ કીટ પ્રીટ ભૃંગ થયો, લોહુકો વિકાર ગયો પારસ ફરસથી, ફુલકે સંજોગ તીલ તેલ હુ ભયો ફુલેલ, તરૂ ભયે ચંદન સુવાસકે ફરસથી; મુક્તાફળ સ્વાતકે ઉદક ભયો સીપ સંગ, કાષ્ટ હુ પાષાણ જ્યું સીલોદક સર- સથી, ચિદાનંદ આતમ પરમાતમ સરૂપ ભયો, અવસર પાય ભેદજ્ઞાનકે દરસથી ॥ ૪૧ ॥

ખટકાયમજઝ ધાર ચોલણે ચોરાસી લાખ, નાનારૂપ સજ બહુ વિધ નાટ કીનો હે, પંચ જો મિથ્યાતરૂપ સજ સીણગાર અંગ, મોહમચી મદિરાકો કેફ અતિ પીનો હે; કુમતિ કુસંગ લીયો ઉદભટ વેસ કીયો, ફીરત મગન ક્રોધમાનરસ ભીનો હે, ચિદાનંદ આપકો સરૂપ વિસરાય એસે, સંસારીક જીવકો બિરૂદ મોટો લીનો હે ॥ ૪૨ ॥

શિવસુખકાજ ધર્મ કહ્યો જિનરાજ દેવ, તાકે ચાર ભેદ જ્યું આચારાદિક જાણીયે, દાન શિળ તપ ભાવ હે નિમિત્તકો લખાવ, નિહચે વવહારથી દુવિધ મન આણીયે; સ્યાદવાદરૂપ અતિ પરમ અનુપ એસો, દયારસ કૂપ પરતક્ષ પહચાણીયે, ચિદાનંદ શંકાદિ દુષણ નિવાર સહુ, ધરમ પ્રતીત ગાઢી ચિત્ત માંહિ ઠાણીયે ॥ ૪૩ ॥

હંસકો સુભાવ ધાર કીનો ગુણ અંગીકાર, પન્નગ સુભાવ એક ધ્યાનમેં સુણીજીયે, ધારકે સમીરકો સુભાવ જ્યું સુગંધ ચાકી, ઠોર ઠોર જ્ઞાતાવૃંદમેં પ્રકાશ કીજીયે; પર ઉપગાર ગુણવંત વિનતિ હમારી, હિરદેમેં ધાર યાકું થીર કરી દીજીયે, ચિદાનંદ કહેવે અરૂ સુણવેકો સાર એહી, જિન આણા ધાર નરભવ લાહો લીજીયે ॥ ૪૪ ॥

ધીર વિના ન રહે પુરૂષારથ, નીર વિના તરખા નહિ જાવે; ભૂપ વિના જગ નીતિ રહે નહી, રૂપ વિના તન શોભ ન પાવે; દિન વિના રજની નવિ ફિટત, દાન વિના ન દાતાર કહાવે, જ્ઞાન વિના ન લહે શિવમારગ, ધ્યાન વિના મન હાથ ન આવે ॥૪૫॥

પંથિક આય મિલે પંથમે જીમ, દોય દિનોકા યહે જગમેલા, નાંહિ કિસુકા રહ્યા ન રહે ગા, કોન ગુરૂ ઓર કોનકા ચેલા; સાસા તો છીજત હે સુન એસે જ્યું, જાત વહ્યા જેસા પાણીકા રેલા, રાજ સમાજ પડ્યાહી રહે સહુ, હંસ તો આખર જાત અકેલા. ॥ ૪૬ ॥

ભૂપકા મંડન નીતિ વહે નિત, રૂપકા મંડન શિલસુ જાણો, કાયાકા મંડન હંસજ હે જગ, માયાકા મંડન દાન વખાણો, ભોગીકા મંડન હે ધનથી પુન, જોગીકા મંડન ત્યાગ પીછાનો, જ્ઞાનીકા મંડન જાણ ક્ષમા ગુણ, ધ્યાનીકા મંડન ધીરજ ઠાણો ॥ ૪૭ ॥

એક અનિષ્ટ લગે અતિ દેખત, એક લગે સહુકું અતિ પ્યારા, એક ફિરે નિજ પેટકે કારણુ, એકકું હોય લખ કોટિ આધારા; એકન ઉપન હિ નાહુ પાવત, એકનકે શિર છત્ર જ્યું ધારા, દેખ ચિદાનંદ હે જગમેં ઇમ, પાપ રૂ પુન્યકા લેખાહી ન્યારા ॥ ૪૮ ॥

પાપ રૂ પુન્યમેં ભેદ નહિ કછુ, બંધનરૂપ દોઉ તુમે જાણો, મોહનિ માત રૂ તાત દોઉકે જ્યું, મોહ માયા બલવંત વખાણો; બેડી તો કંચન લોહમઈ દોઉ, યાવિધ ભાવ હીયે નિજ આણો, હંસ સ્વભાવકું ધારકે આપણો, દોઉથી ન્યારો સ્વરૂપ પીછાનો ॥ ૪૯ ॥

પૂજત હે પદપંકજ તાકે જ્યું, ઈંદ નરિંદ સહુ મિલ આઇ, ચાર નિકાયકે દેવ વિનેયુત, કષ્ટ પડે જાકું હોત સહાઇ; ઉરધ ઓર અધોગતકી સબ, વસ્તુ અગોચર દેત લખાઇ, દુર્લભ નાંહિ કછુ તિનકું નર, સિદ્ધિ સુધ્યાનમઈ જિણે પાઈ ॥ ૫૦ ॥

જાણુ અજાણુ દોઉમેં નહિ જર પ્રાણી એસો દુવિદગ્ધ કહાવે, વિરંચ સમાન ગુરૂ જો મિલે તોહી, વ્યાલ તણી પરે વાંકોહી જાવે; જાણુ વિના હિ એકાંત ગહે સબ, આપ તપે પરકું જ્યું તપાવે, વાદ વિવાદ કહા કરે મુરખ, વાદ કિયે કછુ હાથ ન આવે. ॥ ૫૧ ॥

વેલુકું પીલત તેલ લહે નહિ, રુપ લહે નહિ તોય વિલોયા, સિંગકુ દુહત દૂધ લહે નહિ, પાક લહે નહિ ઉખર બોયા; બાઉલ બોવત અંબ લહે નહિ પુન્ય લહે નહીં પારકો તોયા, અંતર શુદ્ધતા વિણુ લહે નહિ, ઉપરથી તનકું નિત ધોયા ॥ ૫૨ ॥

श्री चिदानंदजी (कर्पूरचंद्रजी)

कृत

# सर्व संग्रह

विभाग २ जो

श्री परमात्मने नमः

# श्री चिदानंदजीकृत सवैया

निर्मळ ज्ञान-दान-प्रचारना अभिलाषी



शांतमूर्ति श्री कर्पूरविजयजी महाराज.

# अनुक्रमणिका


| | | |
|---|---|---|
| १ | श्री चिदानंदजीकृत सवैया (५२) | १ |
| २ | पुद्गल गीता पद्य १०८ | ३२ |
| ३ | अध्यात्म बावनी दुहा ५२ ( त्रण प्रकारना आत्मानुं स्वरूप ) | ४५ |
| ४ | दयाछत्रीशी नाना मोटा पद्य ३६ | ५२ |
| ५ | परमात्मछत्रीशी (परमात्म स्वरूप) दुहा ३६ | ६५ |
| ६ | स्वरोदयज्ञान दुहा ४५२ ( अनेक उपयोगी ज्ञानथी परिपूर्ण) | ७० |
| ७ | स्वरोदयज्ञान समजवानी आवश्यकता | १२७ |
| ८ | प्रश्नोत्तरमाळा एकंदर दुहा ६३ ( ११४ प्रश्नोना पद्यमां उत्तर) | १३२ |

# श्री चिद्दानंदजीकृत सवैया

( सवैया एकत्रीसा )

ओंकार[1] अगम[2] अपार प्रवचन[3]सार,
महाबीज पंच पद गरभित[4] जाणीए;
ज्ञान ध्यान परम निधान सुखथान[5] रूप,
सिद्धि बुद्धिदायक अनुप[6] ए वखाणीए.
गुण दरियाव[7] भवजळनिधि[8] मांहे नाव[9],
तत्त्वको लिखाव[10] [11]हिये जोति[12]रूप ठाणीए[13];
कीनो हे उचार आद[14] आदिनाथ[15] तात[16] याको,
चिदानंद प्यारे चित्त अनुभव[17] आणीए. १

---

१ अरिहंतनो 'अ', अशरीरी ( सिद्ध ) नो 'अ', आचार्यनो 'आ'; उपाध्यायनो 'उ' अने मुनिनो 'म्' एम पांच अक्षरो मळीने ओंकार थयेलो छे. ए शाश्वत मंत्र छे. २ अगम्य. ३ जैन प्रवचनना सारभूत. ४ गर्भित–समायेल. ५ सुखनुं स्थान. ६ अनुपम. ७ समुद्र तुल्य. ८ समुद्र. ९ वहाण. १० समावेश. ११ हृदयनां. १२ ज्योतिरूप. १४ स्थापीए. १४ प्रथम १५ श्री ऋषभदेवप्रभु. १६ पिताए. १७ प्रणव मंत्रनो अनुभव.

नमत सकळ[1] इंद चंद[2] जाकुं[3] ध्येयरूप[4],
जानके मुनींद याकुं ध्यान मज्झ[5] धारहि;
सुरति निरतिमें समाय रहे आठु[9] जाम,
सुरभि[10] न जिम निज सुतकुं[11] विसारहि,
लीन होय पीनंता[12] प्रणव सुखकारी लहे,
दहे[13] भवबीज [14]विषे वास[15] परजारहि[16];
चिदानंद प्यारे शुभ चेतना प्रगट कर,
एसो ध्यान धर मिथ्याभावकुं विसारहि. २

मुखमांहि रामपें हरामे[1]मांहि मन फिरे,
गिरे[2] भवकूपमांहि कर[3] दीपें[4] धारके;
विषयविकारमांहि रागी मुख इम कहे,
में तो हुं विरागी माला तिलक ज्युं धारके.
जोगकी जुगति[5] विना जाने जो कहावे जोगी,
गलामांहे सेली[6] अरु[7] काली कंथा[8] डोर के;

---

१ बधा. २ चंद्र. ३ जे ॐकारने. ४ ध्यान करवा योग्य. ५ मां, मध्ये. ६ ध्याननी. ७ आसक्तिमां. ८-९ आठे पहोर. १० गाय. ११ वाजरडाने. १२ पुष्ट थाय छे. १३ बाळे . १४ विषय. १५ वासना. १६ बाळी देय छे.

१ अनीतिमां. २ पडे. ३ हाथमां. ४ दीवो. ५ युक्ति. ६ राख. ७ अने. ८ चींथरानुं बनावेलुं वस्त्र. ९ पहेरीने.

विना गुरुगम मिथ्याज्ञान भमे इणविध[10],
फोगट ज्युं जावे ए मनुष्यभव हारके. ३

शिर[1] पर श्वेत[2] केश भया तोहु नांहि चेत,
फिरत अचेत धन हेत परदेशमें;
मेरो मेरो करत धरत न विवेक हिये,
मोह अतिरेक[3] धर परंत[4] किलेशमें.

पड्यो नानाविध भवकूपमें सहत दुःख,
मगन[5] भयो हे मधुबिंदु[6] लव[7]लेशमें;
आतपत्र[8] छायो सोउ मन हुंत भयो अब,
चिदानंद सुख पायो साधु के सुवेशमें. ४

धन अरु[1] धाम[2] सहु पड्यो हि रहेगो नर,
धार के धरामें तुं तो खाली हाथ जावेगो;
दान अरु पुन्य निज करथी न कर्यो कछु,
होय के जमाइ कोइ दुसरो हि खावेगो.
कुड अरु कपट करी पापबंध कीनो ताते,
घोर नरकादि दुःख तेरो प्राणी पावेगो;

---

१० आ प्रमाणे.

१ माथा उपर. २ सफेद. ३ उत्कर्ष. ४ पडे छे. ५ मग्न.
६ मधना बिंदु. ७ अंशमात्र. ८ छत्र.

१ अने. २ हाट-हवेली.

पुन्य विना दुसरो न होयगो सखाइ तब,
हाथ मल मल माखी जिम पसतावेगो. ५
अगम अपार निज संगति संभार[1] नर,
मोहकुं विडार[2] आप आप खोज[3] लीजीये;
अचळ अखंड अलिप्त ब्रह्मंड मांहि,
व्यापक स्वरूप ताको अनुभव कीजीए.
खीर नीर[4] जिम पुद्गल संग एकीभूत[5],
अंतर सुदृष्टि खोज ताको लॅव[6] लीजीये;
धार एसी रीत ही ए परम पुनित[7] इम,
चिदानंद प्यारे अनुभवरस पीजीये. ६
आयके अचानक कृतांत[1] ज्युं गहेगो तोहे,
तिहां तो सखाइ[2] कोउ दुसरो न होवेगो;
धरम विना तो ओर सकळ कुटुंब मिली,
जानके परेतां[3] कोइ सुपने न जोवेगो.
लटक[4] सलाम के सखाइ विना अंत समे,
नेणमांहि नीर भर भर अति रोवेगो;

---

१ संभाळ. २ विदार. ३ शोधी. ४ पाणी. ५ एकरूप. ६ अंशमात्र. ७ पवित्र.

१ काळ. २ रक्षक. ३ परेतां-प्रेत थयेल-मरण पामेल जाणीने. ४ लटक सलामवाळो सखाइ ते (जुहार) प्रणाम मित्र-धर्म.

जान के जगत एसो ज्ञानी न मगन[५] होत,
अंबे[५A] खावा चाहे ते तो बाउल[६] न बोवेगो[७]. ७

( सवैया तेवीसा. )

आपकुं आप करे उपदेश ज्युं,
आपकुं आप सुमारग आणे;
आपकुं आप करे स्थिर ध्यानमें,
आपकुं आप समाधिमें ताणे.
आपकुं आप लखावे[१] स्वरूपशुं,
भोगनकी ममता नवि ठाणे[२];
आपकुं आप संभारत या विध,
आपको भेद तो आप हि जाणे. ८

आप थइ जगजाळथी न्यारो ज्युं,
आप स्वरूपमें आप समावे;
आप तजे ममता समता धर,
शील शुं साचो सनेह जगावे.
आप अलेख[३] अभेख[४] निरंजन[५],

---

५ आसक्त. ५A केरी. ६ बावळ. ७ वावतो.

१ ओळखे. २ आणे-करे. ३ अलेख–जेनुं स्वरूप लखाय नहीं तेवो. ४ अभेख–कोइ पण प्रकारना भेख (वेश) विनानो. ५ निरंजन–मूळ स्वरूपमां कर्मरूप अंजन विनानो.

पर जन अंजन[६] दूर वहावे;
या विध आप अपूरव भावथी,
आपणो मारग आप हि पावे. ९

वेद भणो ज्युं कीताब[१] भणो अरु,
देखो जिनागमकुं[२] सब जोई;
दान करो अरु स्नान करो भावे,
मौन धरो वनवासी ज्युं होई.

ताप तपो अरु जाप जपो कोउ,
कान फिराय[३] फिरो फुनि दोई[४];
आतम ध्यान अध्यातम ज्ञान,
समो शिवसाधन[५] ओर न कोई. १०

जे अरि[६]-मित्त बराबर जानत,
पारस[७] ओर पाषाण[८] ज्युं दोइ;
कंचन कीच[९] समान अहे जस,
नीच नरेशमें भेद न कोइ.
मान कहा अपमान कहा मन,
ऐसो बिचार नहि तस होइ;

---

६ अन्यनुं करेल अंजन-मिथ्यात्व-रूप तेने दूर करे.
१ धर्म-ग्रंथ. २ जैनसिद्धांत. ३ फडावीने. ४ बन्ने.
५ मोक्षनुं साधन. ६ शत्रु. ७ पारसमणि-जेना स्पर्शथी लोढुं सुवर्णपणाने पामी जाय छे ते. ८ पथ्थर. ९ माटी.

राग [10] रु रोष [11] नहिं चित्त जाके ज्युं,
धन्य अहे जगमें नर सोइ. ११

ज्ञानी कहो ज्युं अज्ञानी कहो कोइ,
ध्यानी कहो मतमानी [12] ज्यूं कोइ;
जोगी कहो भावे भोगी कहो कोइ,
जाकुं जिस्यो [13] मन भासत होइ.
दोषी कहो निरदोषी कहो,
पिंड-पोषी [14] कहो कोइ ओगुन [15] जोइ;
राग रु रोष नहिं सुन जाके ज्युं,
धन्य अहे जगमें जन सोइ. १२

साधु सुसंत महंत कहो कोउ,
भावे कहो निगरंथ पियारे;
चोर कहो चाहे ढोर कहो कोउ,
सेव करो कोउ जाने दुलारे.
विनय करो कोउ उंचे बेठाय ज्युं,
दूरथी देख कहो कोउ जा रे;
धारे सदा समभाव चिदानंद,
लोक कहावतसुं [3] नित न्यारे. १३

---

१० के. ११ द्वेष १२ कदाग्रही. १३ जेम. १४ उदर भरनार. १५ ओगुन-अवगुण.

१ जाणतो माणस. २ प्रेमथी. ३ कथनथी

मानीकुं होय न मार्द्दवता[1] गुण,
मार्द्दवता तब काहे को मानी ?,
दानी न होय अदत्त[2] जिको ज्युं,
अदत्त भयो ते तो काहेको दानी ?
ध्यानीकुं चंचळता नहिं व्यापत,
चंचळता तद काहेको ध्यानी ?;
ज्ञानी न होय गुमानी[3] सुनो नर,
मान अहे[4] तद काहेको ज्ञानी ? १४

जोबन[1] संध्याके रंग[2] समान ज्युं,
मूढ ! कहां[3] परमादकुं सेवो ?
संपत[4] तो सरिताकों[5] ही पूर ज्युं,
दान करी फळ याको ज्युं लेवो.
आयु तो अंजळिके जळ ज्युं नित,
छिजत[6] हे लखें[7] एसो ज्युं भेवो[8];
देह अपावन[9] जान सदा तुम,
केवळीभाखित[10] मारग सेवो. १५

---

१ मार्द्दवता-मृदुता ( निरभिमान ). २ नहि आपेल. ३ अभिमानी. ४ अहो !

१ यौवन. २ रंग. ३ क्यां ? ४ संपत्ति. ५ नदीना. ६ घटतुं जाय छे. ७ लक्षमां ले. ८ भेद-हकीकत. ९ अपवित्र. १० भाषित-कथित.

संसार असार भयो जिनकुं,
मरवेको[1] कहा तिनकुं डर हे;
ते तो लोक देखाव कहा ज्युं कहो,
जिनके हिये[2] अंतर थिति[3] रहे.
जिने मुंड मुंडाय के जोग लीयो,
तिनके शिर कोन रही कर[4] हे;
मन हाथ[5] सदा जिनकुं तिनके,
घर हि वन हे वन हि घर हे. १६

शुभ संवर[1] भाव सदा वरते,
मन आश्रव[2]केरो कहा डर हे ?;
सहु वादविवाद विसार अपार,
धरे समता जे इसो नर हे.
निज शुद्ध समाधिमें लीन रहे,
गुरु ज्ञानको जाकुं दियो वर[3] हे;
मन हाथ सदा जिनकुं तिनके,
घर हि वन हे वन हि घर हे. १७

ममता लवलेश नहि जिनके चित्त,
छार[4] समान सहु धन हे;

---

१ मरवानो. २ हृदयमां. ३ आत्मस्वरूपनी स्थिति. ४ वेरो. ५ कबजे छे.

१ आवता कर्मने रोकनार. २ कर्मने. ३ वरदान. ४ धूळ.

जाकुं भेद-विज्ञानकी दृष्टि ठरी,
अहि कंचुकी जेम जुदो तन हे;
विषयादिक पंक नहि ढीकै जाकुं ज्युं,
पंकजैं जिम जिका जन हे;
मन हाथ सदा जिनकुं तिनके,
वन हि घर हे घर हि वन हे. १८

माखी करे मध भेरो सदा ते तो,
आन अचानक ओर हि खावे;
कीडी करे कणकुं जिम संचित,
तोहुके कारण प्राण गमावे.
लाख करोरकुं जोर अरे नर,
काहेकुं मूरख ! सूम कहावे;
धर्यो हि रहेगो इहां के इहां सहु,
अंत समे कछु साथ न आवे. १९

२ जड-चैतन्यना विवेक. ३ सर्पनी. ४ कांचळी. ५ कादव. ६ ढांकी शकता. ७ कमळ. ८ आत्मा.

१ भेळुं. २ आवी. ३ अनाजनो. ४ संचय. ५ तेने माटे 'कीडी संचरे ने तेतर खाय' ए कहेवत अनुसार कीडीनुं एकठुं करेलुं बधुं धान्य तेतर पक्षी कीडी सहित खाइ जाय छे. ६ बळे. ७ कंजुस. ८ पड्युं रहेशे.

रंचक[1] बीज धरा[2]मांहि बोवत[3],
ताको अनेक गुणो फीर पावे;
काल वसंतकुं जाचक[4] जानके,
पान दिये तिनकुं नवे[5] आवे.
जाण अनित सभाव[6] विवेकशुं,
संपत[6A] पाय सुमारग लावे[7];
कीरति होगी उनोंकी दशो[8] दिशे[9],
वेठ सभामें दातार कहावे. २०

माटीका भांड[1] होवे शत[2]खंड ज्युं,
लागत [2A]जास जरा ठणका[3];
इम जाण अपावन[4] रूप अरे नर,
नेह[5] कहा[6] करीए तनका?
निज कारज सिद्धि न होय कछु,
पर[7]रंजन शोभ करे गणका[8];
चिदानंद कहा जप[9]मालकुं फेरत,
फेर अरे मनके मणका. २१

---

१ नाना सरखा. २ जमीनमां. ३ वावे छे. ४ भीखारी ५ नवा. ६ स्वभाव. ६A पैसा. ७ वापरे. ८ दशो. ९ दिशामां.

१ वासण. २ सो कटका. २A जेने. ३ ठोकर. ४ अपवित्र ५ स्नेह. ६ कांई. ७ अन्यने ८ वेश्या. ९ जपमाळा.

ज्ञानरविका उद्योत[1] भया तब,
दूर गया भ्रम[2]-भाव अंधेरा;
आप स्वरूपकुं आप निहारंत[3],
जूठ स्वरूप लिख्या[4] जगकेरा.
मायाकुं तोर[5] रु ध्यानकुं जोरके[6],
पाया जिनुने सुवास[7] वसेरा[8];
या विध भाव विचार चिदानंद,
सोई[9] सुसंत अहे[10] गुरु मेरा. २२

काहेकुं देश-विदेश फिरे नर?
काहेकुं सायर[1]कुं अवगाहे[2]?
काहेकुं आश करे परकी शठ[3]?
नीच नरेशकी चाकरी चाहे?
काहेकुं सोच[4] विचार करे तन?
अंतर तापथी काहेकुं दाहे[5]?
दीनो[6] अहे अवतार तोहे[7] जिर्ण[8],
ताको तो [8A]भारसुं तेहु निर्वाहे[9]. २३

---

१ प्रकाश. २ मिथ्याभाव. ३ जोवुं. ४ ओळख्युं. ५ तोड. ६ जोड. ७ आत्मस्वरूपमां रमणतारूप उत्तम निवासस्थानमां. ८ वसवाट कर्यो छे ९ तेज. १० हो.

१ सागरमां. २ सफर करे छे. ३ मूर्ख. ४ संताप करे छे.? ५ बळे छे? ६ दीधो. ७ तने. ८ जेणे. ८A भारने. ९ निर्वाहि-उपाडे.

काहेकुं जंतर मंतर साधत ?
काहेकुं निसा[1] मसाणमें जावो ?
काहेकुं देवकी सेव करो तुम ?
काहेकुं ओक[2]–धतुर ज्युं खावो ?
रंचक[3] वित्त असारके कारण,
काहेकुं ओर के दास[4] कहावो ?
आश कहा करीए परकी नर !,
होइ निराश[5] निरंजन[6] ध्यावो. २४

सुतो कहा परमादमें[1] प्यारे तुं ?
साथमें तेरे तो चोर[2] लगे रे;
मात रु तात रु भ्रात रु भामिनी[3],
स्वारथ के सहु जान सगे रे.
कुणको संगी सनेही अहे तुं जो ?
कुण अहे जगमांहि ज्युं तेरे ?
आया किहांथी किहां फुनि जावेगो ?
एसो बिचार करो मनमें रे. २५

१ रात्रिए. २ आकडो अने धतुरो. ३ रंचमात्र. ४ नोकर. ५ निष्कामपणे. ६ सिद्धस्वरूप परमात्मा.

१ आळसमां. २ काळरूप चोर अथवा तो कषायरूप चोर. ३ स्त्री.

नंदमहा[1]निधि सिद्धि[2] कहा करुं ?
कहा करुं सुख देवगतिको ?
कहा करुं मणि माणेक मोती ज्युं ?
कहा करुं तेरो राज्यको टीको[3] ?
कहा करुं जनरंजन वेशकुं ?
कहा करुं मं[4]तधार मति को ?
एक निरंजन नाम बिना जग,
ओर सहु मोहे लागत फीको. २६

फुलके संग फुलेल[1] भयो तिल[2]-
तेल ते तो सहु के मन भावे;
पारस के परसंगथी देखीए,
लोहा[3] ज्युं कंचन होय बिका[4]वे.
गंगामें जाय मिल्यो सरिता[5] जळ,
तेहु महा जळ ओप[6]म पावे;
संगत को फळ देख चिदानंद,
नीच पदारथ उच्च कहावे. २७

---

१ नवनिधि. २ अष्टसिद्धि. ३ तीलक. ४ मत-वादीओनी.

१ सुगंधीतेल. २ तलनुं. ३ लोढुं. ४ वेचाय छे. ५ नदीओनुं. ६ उपमा.

नलिनी[1] दलमें[2] जलबुंद ते तो,
मुगता[3]फळकेरी ज्युं ओपमा पावे;
मलयागर[4] संग पलास[5] तरु लख !
ताहु में चंदनता गुण आवे.
(सु) गंध संजोग थकी मृगको मद[6],
उत्तम लोक सहु मिल खावे;
संगतको फल देख चिदानंद,
नीच पदारथ उच्च कहावे. २८

धीर[1] विना न रहे पुरुषारथ,
नीर विना तरखा[2] नहि जावे;
भूप विना जग नीति रहे नहीं,
रूप विना तन शोभ न पावे.
दिन[3] विना रजनी नवि फीटत[4],
दान विना न दातार कहावे;
ज्ञान विना न लहे शिव मारग,
ध्यान विना मन हाथ[5] न आवे. २९

---

१ कमलिनी. २ पांदडामां. ३ माती. ४ मलयाचलना ५ खाखरा वगेरे. ६ मेल.

१ धैर्य. २ तृषा. ३ सूर्यप्रकाश. ४ दूर थाय. ५ कबजामां.

पंथिक[1] आय मिले पंथमें[2] इम,
दोय दिनोंका यहे जग मेला[3];
नांहि कीसीका रह्या न रहेगा ज्युं,
कोन गुरु अरु कोनका चेला ?
सासों[4] तो छीजंत[5] हे सुन एसे ज्युं,
जात वह्या जेसा पाणीका रेला;
राज समाज[6] पड्या ही रहे सहु,
हंस[7] तो आखर जात अकेला. ३०

भूपका मंडन[1] नीति यहे नित,
रूपका मंडन शील सुजाणो;
कायाका मंडन हंस[2] ज हे जग,
मायाको[3] मंडन दान वखाणो.
भोगीका मंडन हे धनथी फुन,
जोगीका मंडन त्याग पिछानो;
ज्ञानीका मंडन जाण क्षमा गुण,
ध्यानीका मंडन धीरज ठाणो[4]. ३१

---

१ मुसाफर. २ रस्तामां. ३ मेळो. ४ श्वासोश्वास ५ वहेता जाय छे. ६ साम्राज्य. ७ जीव.

१ शोभा. २ आत्मा स. ३ लक्ष्मीनुं. ४ समजो.

एक अनिष्ट[A] लगे अति देखत,
एक लगे सहुकुं अति प्यारा;
एक फीरे निज पेटके कारण,
एकहि हे लख कोटी आधारा.[1]

एकन उपनेहि नहि पावत,
एकनके शिरछत्र[2] ज्युं धारा;
देख चिदानंद हे जगमें इम,
पाप रु पुन्य का लेखा[3] हि न्यारा. ३२

पाप रु पुन्यमें भेद नहि कछु,
बंधन रूप दोउ तुमे जाणो;
मोहनी माय रु तात दोउके ज्युं,
मोहमाया बलवंत वखाणो.

बेडी[1] तो कंचन लोहमयी दोउ,
याविध भाव हिये निज आणो;
हंस स्वभावकुं धारके आपणो,
दोउथी न्यारो सरूप[2] पिछानो[3]. ३३

---

A अप्रिय. १ आधारभूत. २ पगरखा. ३ पंथ–हिसाब.

१ पुन्य अने पाप ए बन्ने सोनानो अने लोहानी बेडी समान छे. २ आत्मस्वरूप. ३ ओळखो.

पूजत हे पदपंकज ताके ज्युं,
इंद नरिंद सहु मिल आइ;
चार निकायके[1] देव विनेयुत[2],
कष्ट पडे जाकुं होत सहाइ.
उरध[2A] और अधोगतकी सब,
वस्तु अगोचर[3] देत लखाइ[4];
दुर्लभ नांहि कछु तिनकुं नर,
सिद्धि सुध्यानमयी[5] जिणे पाइ. ३४
जाण[1] अजाण दोउमें नहि जड,
प्राणी एसो दुर्विदग्ध[2] कहावे;
विरंच[3] समान गुरु जो मिले तोहि,
व्याल[4]तणी परे वांको हि जावे.
जाणे[5] विना हि एकांत गहे[6] सब,
आप तपे[7] परकुं ज्युं तपावे;
वादविवाद कहा करे मूरख !
वाद किये कछु हाथ न आवे. ३५

---

१ भुवनपति, वाणव्यंतर, ज्योतिषी अने वैमानिक—ए चार जातिना. २ विनययुक्त २A ऊर्ध्वलोक. ३ अदृश्य. ४ प्रत्यक्ष देखाय छे. ५ केवलज्ञान.

१ ज्ञानीमां ए न गणाय अने अज्ञानीमांए न गणाय एवो जड. २ दुर्विदग्ध—बहु मुश्केलीए समजावी शकाय तेवो. ३ ब्रह्मा. ४ साप. ५ सम्यग्ज्ञान. ६ ग्रहे. ७ मिथ्यात्ववडे तपे.

वेलु[1]कुं पीलत तेल लहे नहि,
तूप[2] लहे नहि तोयँ[3] विलोया[4],
सिंग[5]कु दुहत[6] दूध लहे नहि,
पाक लहे नहि उखँर[7] बोर्या[8].
बाउल[9] बोवत अंब लहे नहि,
पुन्य लहे नहि पांर[10]को तोर्या[11];
अंतर शुद्धता विण लहे नहि,
उपरथी तनकुं कहा धोया ? ३६

द्रव्य अरु भावना करमथी न्यारो[1] नित,
लेश्या गति जोगको संजोग न हु पाइए;
कोइथी न कह्यो जाय कर[2]थी न ग्रह्यो जाय,
रह्यो हे समाय वाकुं केसे के[3] बताइए ?
नय अरु भंग न निखेप[4]को प्रवेश जिहां,
उ[5]गति जु[6]गति तामें कोन भात लाइए;
चिदानंद नियँ[7]त सरूप निज एसो धार,
विवहारसें हि नाना भेद दरसाइए. ३७

---

१ रेतीने. २ घी—माखण. ३ पाणी. ४ वलोव्याथी. ५ शींगडाने. ६ दोवाथी. ७ खारी जमीनमां. ८ वाववाथी. ९ बावळ. १० परने. ११ तपाव्याथी

१ अलग. २ हाथथी. ३ कही. ४ निक्षेपनो, ५ उक्ति. ६ जुक्ति. ७ निश्चय.

तुं तो अविनाशी[1] काया प्रगट विनाशी[2],
अरु तुं तो हे अरूपी ए तो रूपी वस्तु जोइए;
मळकेरी क्यारी मोहरायकी पियारी ए तो,
होयगी न्यारी ए तो वृथा भार ढोइए[3];
महादुःखखानी दुरगतिकी नीसानी तातें,
याके तो भरुंसे निहचित[4] नहि सोइए;
चिदानंद तप जप किरियाको लाहो लीजे,
नीको नरभव पाय बिरथा न खोइए. ३८
थीर करी पंच[1] बीज वायुको[2] प्रचार करे,
भेदे खट[3] चक्रको अवंक[4] गति पायके;

१ नित्य. २ अनित्य. ३ उठावीए. ४ निश्चिन्तपणे.

१ पांच बीज=पांच तत्त्व ( पृथ्वीतत्त्व, जलतत्त्व, अग्नितत्त्व, वायुतत्त्व अने आकाशतत्त्व ). २ प्राणवायु; प्राणवायुनी स्थिरता जेटले अंशे थाय तेटला अंशे मननी पण अचळता थाय छे. ३ छ चक्रः-१ ( कंठना मध्य भागमां ) "विशुद्धिचक्र," २ ( हृदय भागमां) "अनाहतचक्र," ३ ( जठरना भागमां ) "मणिपूरकचक्र," ४ (आंतरडाना भागमां ) "स्वाधिष्ठानचक्र," ५ ( गुदा स्थानमां ) "मूलाधारचक्र," अने ६ मगजमांना तंतुओनां जाळामांथी जे सूक्ष्मतंतु चक्र बन्युं छे तेने). "सहस्रारचक्र." आ षट् चक्रमां प्राणवायु रहेलो छे तेमां संयम करवाथी षट चक्रनुं भेदन थाय छे. ४ सरल.

प्राण५याम जोग६ सप्त भेदको स्वरूप लही,
रहत अडोल बंकनाल७में समायके,
देहको विसार भान दृढ अति धार ज्ञान,
अनाहत नाद८ सुणे अति प्रीत लायके;
सुधासिंधु९रूप पावे सुख होय जावे तब,
मुखथी बतावे कहा मुंगा गोळ खायके. ३९
धरम१ सुकल२ ध्यान हिरदेमें धारिये ज्युं,

---

५ श्वास अने उच्छ्वासनी गतिने रोकवी ते. ६ योगना आठ भेदो (अंगो) छे. तेमां एक प्राणायाम अने अन्य सात. ७ श्वासनो प्रकाश भ्रकुटिचक्रथी होय छे अने ते बंकनालमां थई नाभिमां निवास करे छे. ८ परम आनंदना स्थानरूप, सूक्ष्म, स्वानुभवथी लक्ष्य अने द्वादशांत स्थानमी नीचे तेलनी धारा पेठे अविच्छिन्नपणे चालतो अने दीर्घ घंटानादनी जेम लांबो तार शब्द प्रगट करतो एवो प्रणव ( ॐकार नाद ) ९ अमृत.

१ वस्तुनो स्वभाव-आत्मस्वरूप-ते धर्म छे. आत्मा एक वस्तु छे तेथी आत्मानो स्वभाव ते आत्मधर्म कहेवाय छे. ते संबंधी ध्यान-विचारणा ते धर्मध्यान अर्थात् आत्मस्वरूपमां प्रवेश करवा के आत्मस्वरूप प्राप्त करवा माटे जे विचारो करवा, जे जे निर्णयो करवा अने मन उपर ते ते स्वभावने लगता संस्कारो पाडवा ते धर्मध्यान. २ आत्मपरिणतिमां एकाग्र थवुं ते. धर्मध्यानथी वस्तुस्वभावमां प्रवेश करवानी लायकात आवे छे अने शुक्लध्यानथी आत्मस्वरूप थई रहेवाय छे.

आरत रूद्र दोउ ध्यानकुं निवारीए;
प्रथक प्रथक चार चार पाये हे ज्युं,
ताको तो सरूप गुरुगमथी विचारीए;
एसो ध्यान अगनि प्रजार कायकुंड बीचें,
कर्मकाष्टकेरी ज्युं आहुति तामें डारीए;
दुर्ध्यान दूर होये आप ध्यान भुरी भये,
शुद्ध ही सरूप निज कर थिर धारीए. ४०

---

३ रागद्वेषनी परिणतिथी कोई पण जीवने दुःख उत्पन्न करवुं के दुःख उत्पन्न करवाना विचारो करवा ते दुर्ध्यानरूप आर्त्तध्यान. ४ जे कारणने लई दुष्ट-क्रूर आशयवाळो जीव हिंसादि करी कर्म बांधे छे ते रौद्रध्यान. ५ आ चारे ध्यानना चार चार पाया छे, जेमकेः— (१) आज्ञाविचय धर्मध्यान, अपायविचय धर्मध्यान, विपाकविचय धर्मध्यान अने लोकसंस्थानविचय धर्मध्यान. (२) पृथक्त्ववितर्कसविचार, एकत्ववितर्क अविचार, सूक्ष्मक्रियाअप्रतीपाति अने समुच्छिन्नक्रिया निवृत्ति शुक्लध्यान. (३) अनिष्टसंयोग-आर्त्तध्यान, इष्टवियोग-आर्त्तध्यान, रोगचिंता-आर्त्तध्यान अने अग्रशौच आर्तध्यान. (४) हिंसानंद रौद्रध्यान, असत्यानंद रौद्रध्यान, चौर्यानंद रौद्रध्यान अने संरक्षानुबंधी रौद्रध्यान. आ ३९-४० सवैयामां लखेल ध्यान माटे ध्यानशतक, ध्यानदिपिका, योगदीपक, योगशास्त्र, योगप्रदीप वगेरे ग्रंथोमां बहु विस्तार छे ते जोवो. ६ अंदर. ७ विशेष. ८ स्थिरपणे.

भूल्यो फिरे फुल्यो मोह मदिराकी छाकमांहि,
धार्यो नहि आतम अध्यातम विचारकुं;
पंडित कहायो ग्रंथ पढी आयो नांहि साचो,
भेद पायो अरु धायो देहके विकारकुं;
प्रभुताइ[1] धारे नवि प्रभुकुं संभारे मुख,
ज्ञान तो उचारे नवि मारे मनजोर[2]कुं;
खोटो उपदेश देवे अति अनाचार सेवे,
ते तो नवि पावे भवउदधि[3]के पारकुं. ४१

बग[1] धरे ध्यान शुक[2] कथे मुख ज्ञान मच्छ—
कच्छा[3] असना[4] पयपान[5] शिशु[6] जाणीए;
खर[7] अंग धार छार[8] फणि[9] पौन[10]को आहार,
दीपसिखा अंग जार[11] सलभ[12] पिछानीए;
भेड[13] मूल[14] चावे लठ[15] पशुअन[16] पटा अरु,
गडर[17] मुंडावे मुंड बोर्त[18] का वखाणीए;
जटा[19]धार वट[20]केरो वृक्ष ज्युं वखाणे ताको,
इत्यादिक करणी न गिणतीमें आणीए. ४२

---

१ मोटाइ. २ व्यभिचारी मनने. ३ भवसमुद्रना.

१ बगलुं २ पोपट. ३ काचबा. ४ स्नान. ५ दूध पीवुं. ६ बाळक ७ गधेडो. ८ धूड. ९ सर्प. १० पवनना ११ प्रजाळी १२ पतंगीओ. १३ बोकडो. १४ मूळिया. १५ मजबूत. १६ पशुओ १७ घेटो. १८ बहु-वधारे. १९ वडवाई-रूपी जटा धारण करे. २० वडनुं.

छांडके कुसंगत सुसंगथी सनेह कीजे,
गुण ग्रही लीजे अवगुण दृष्टि टारके;
भेदज्ञान पाया जोग ज्वाला करी भिन्न कीजे,
कनक उंपलकुं विवेक खारें डारके;
ज्ञानी जो मिले तो ज्ञानध्यानको विचार कीजे,
मिले जो अज्ञानी तो रहीजे मौन धारके;
चिदानंद तत्त्व एही आतम विचार कीजे,
अंतर सकल परमाद भाव गौरके. ४३

जूठो पक्ष ताणे, विना तत्त्वकी पिछाण करे,
मोक्ष जाय इसं अवतार आय लीनो हे;
भये हे पाषाण भगवान शिवजी कहात,
बिंदा (विधु) कोप करके सराप जब दीनो हे;
तिहुं लोकमांहि शिवलिंगको विस्तार भयो,
वज्री वज्र करी ताकुं खंड खंड कीनो हे;
चिदानंद एसो मनमतं धार मिथ्यामति,
मोक्षमार्ग जाण्या विना मिथ्यामति भीनो हे. ४४

---

१ माटीने. २ क्षार. सुवर्णना अर्थी जेम क्षार मूकीने कनक अने पथ्थरने जुदा पाडे छे तेम भेदज्ञान पाम्या त्यारे योगरूपी ज्वाला प्रगटावी विवेकरूप क्षार मूकी आत्मा साथे मळेलां कर्मोने छूटा पाडी दईए. ३ गाळी दईने.

*१ इश्वरपणे. २ ब्रह्माए. ३ श्राप. ४ इन्द्रे. ५ असत्यमत. ६ लीन रहे छे.*

रोम रोम दीठ पोणे बेबे रोग तनमांहे,
साडेतीन कोड[१] रोम कायामें समाये हे;
पांच क्रोड अडसठ लाख निन्नाणु हजार,
छसेथी अधिक पंचताली रोग गाये हे;
एसो रोग सोग ओर विजोगको स्थान[२] जामे,
मूढ अति ममताकुं धारके लोभायो हे;
चिदानंद याको राग त्यागके सुज्ञानी जीव,
साचो सुख पाय अविनाशी[३] ज्युं कहायो हे. ४५
योंहि आजकाल तोरे करत जनम गयो,
लह्यो न धरमको मरम चित्त लायके;
सुद्धबुद्ध[१] खोइ एसे मायामें लपट रह्यो,
भयो हे दीवानो तुं धतुरो मानुं खायके;
गहेग्यो[२] अचान[३] जेसें लवाकुं[४] सिंचान[५] तेसें,
घरी पल छीनमांज रविसुत[६] आयके,
चिदानंद काचके शकल[७] काज खोयो गाढे[८],
नरभव रूप रूडो चिंतामणि पायके. ४६

---

१ क्रोड. २ निवास-देह. ३ सिद्ध.

१ शुद्धि-बुद्धि. २ पकडशे. ३ अचानक. ४ पक्षीना बाळको. ५ सींचाणो. ६ यम-काळ. ७ काचनो टुकडो. ८ अति श्रेष्ठ.

लवसत्तमिक[1] देव जाणे खटद्रव्य[2] भेवें[3],
परकी न करे सेवें[4] एसे पद[5] पायो हे;
सागर प्रमित[6] हे तेतीस जाकी आयु थिति[7],
बोधरूप[8] अंतर समाधि लक्ष लायो हे;
अल्प हे विकार अरु सुख हे अनंत जाकुं,
सूत्रपाठ करीं एसो प्रगट बतायो हे;
चिदानंद एसो सुख तेहु जिनराज देव,
भावना प्रथममें अनित्य दरसायो हे. ४७

वनिताविलास दुःखको निवास भास[1] पर्यो[2],
जंबूस्वामी धर्यो तातें[3] मनमें विराग ज्युं;
वनिताविलासी नानाविध दुःख पाये एसे,
आमिष[4]आसक्त कष्ट लह्यो जैसे काग ज्युं;
नवपरणित नार वसु[5] धन धाम त्याग,
छिनमांज लहे भवउदधिके पार ज्युं;
चिदानंद नरकदुवार हे प्रगट नार,
ज्ञानहीन करे तेथी अति अनुराग ज्युं. ४८

---

१ सर्वार्थसिद्ध विमानवासी. २ छ द्रव्यना. ३ भेदनुं स्वरूप. ४ सेवा. ५ अहमिंद्रपद. ६ प्रमाण. ७ स्थिति. ८ सम्यग्बोधरूप.

१-२ समजायुं. ३ तेथी. ४ मांस. ५ सुवर्ण.

सुणी भृंग[1]केरा शब्द कीट[2] फीट भृंग भयो,
लोह[3]को विकार गयो पारस फरस[4]थी;
फुलके संजोग तिल तेल हु भयो फुलेल,
तरु भये चंदन सुवासके फरसथी;
मुक्ताफळ[5] स्वात[6]के उदक भयो सीप[7]संग,
काष्ट हु पाषाण ज्युं सीलोदक[8] सरेस[9]थी;
चिदानंद आतम परमातम सरूप भयो,
अवसर पाय भेद-ज्ञानके दरस[10]थी. ४९

खट[1] काय मज्झ[2] धार चोलणे[3] चोरासी लाख,
नाना रूप सज बहुविध नाच कीनो हे;
पंच[4] जो मिथ्यातरूप सज सीणगार[4A] अंग,
मोहमयी मदिराको केफ अति पीनो हे;
कुमति कुसंग लीयो उद्भट[5] वेस कीयो,
फीरत मगन क्रोध-मान रस भीनो हे;

---

१ भ्रमरनो. २ कीडो-इयळ. ३ लोढानो. ४ स्पर्शथी. ५ मोती. ६ स्वाती नक्षत्र. ७ छीपना संगथी, ८ शिलोदकथी ९ सरेशथी १० दर्शनथी.

१ ( पृथ्वीकाय आदि ) छकाय. २ मध्ये. ३ वेष. ४ पांच मिथ्यात्व (अभिग्रहिक, अनाभिग्रहिक, आभिनिवेशिक, सांशयिक, अनाभोग ) ४A शणगार ५ आछकडो वेष.

११

चिदानंद आपको सरूप विसराय एसें,
सांसारिक जीवको बिरुद मोटो लीनो हे. ५०

शिव सुखकाज धर्म कह्यो जिनराज देव,
ताके चार भेद[1] ज्युं आचारादिक जाणीए;
दान शील तप भाव हे निमित्तको लिखाव,
निहचे[2] ववहारथी दुविध मन आणीए;
स्याद्वादरूप अति परम अनूप एसो,
दयारस कूप परतक्ष पहचाणीए;
चिदानंद शंकितादि[3] दूषण निवार सहु,
धरम प्रतीत गाढी चित्तमांहि ठाणीएँ[4]. ५१

हंसको सुभाव धार कीनो गुण अंगीकार,
पन्नंग[1] सुभाव[2] एक ध्यानसें सुणीजीये;
धारके समीरको[3] सुभाव ज्युं सुगंध याकी,
ठोरैं ठोर[4] ज्ञातावृंदमें[5] प्रकाश कीजीये;
पर उपगार गुणवंत विनति हमारी,
हिरदेमें[6] धार याकुं थिर करी दीजीये,

---

१ चार आचार.—ज्ञानाचार, दर्शनाचार, चारित्राचार अने वीर्याचार. २ निश्चय. ३ शंका वगेरे. ४ स्थापीए-धारण करीए.

१ सर्प. २ स्वभाव. ३ मंद पवननो. ४ ठेकाणे ठेकाणे. ५ ज्ञानीओना समूहमां. ६ हृदयमां.

चिदानंद केवे अरु सुणवेको सार एहि,
जिन आणा धार नर भव लाहो लीजी ये. ५२

७ अने. ८ सांभळवानो. ९ आज्ञा. १० लहावो.

इति श्रीचिदानंदजीकृत सवैया
समाप्त..

# पुद्गलगीता.

( क्या धनमें गदा बे, एक दिन माटीमें मिल जाना ए–राग. )

संतो देखीए बे

परगट पुद्गल जाल तमासा...ए आंकणी.

पुद्गल खाणो पुद्गल पीणो, पुद्गलहुंथी काया;
वर्ण गंध रस स्पर्श सहु ए, पुद्गलहुंकी माया. संतो० १

खानपान पुद्गल बनावे, नही पुद्गल विण काय;
वर्णादिक नहि जीवमें बे, दीनो भेद बताय. संतो० २

पुद्गल काला नीला राता, पीला पुद्गल होय;
धवलायुत ए पंचवर्ण गुण, पुद्गलहुंका जोय. संतो० ३

पुद्गल विण काला नहि बे, नील रक्त अरु पीतें;
श्वेत वर्ण पुद्गल विना बे, चेतनमें नही मितें. संतो० ४

सुरभि गंध दुरगंधता बे, पुद्गलहुंमे होय;
पुद्गलका परसंग विना ते, जीवमांहे नव होय. संतो०५

पुद्गल तीखा, कडवा पुद्गल, पुनि कसायॅल कहीये;
खाटा मीठा पुद्गल केरा, रस पांचु सँर्दहीये संतो० ६

---

१ पुद्गलनी. २ दीधो. ३ सफेद. ४ पीळा. ५ मित्र ! ६ तुरो. ७ पांच सरधीए.

शीत उष्ण अरु काठा कोमल, हलुवा भारी सोय;
चिकणा लुखा आठ स्पर्श ए पुद्गलहुमें होय. संतो० ७

पुद्गलथी न्यारा सदा, जाण अस्पर्शी जीव;
ताका अनुभव भेद ज्ञानथी, गुरुगम करो सदीव संतो०८

क्रोधी मानी मायी लोभी, पुद्गल रागे होय;
पुद्गल संग विना चेतन ए, शिवनायक नित जोय. संतो०९

नर नारी नपुंसक वेदी, पुद्गलके परसंग;
जाण अवेदी सदा जीव ए, पुद्गल विना अभंग. संतो०१०

बूढा बाला तरुण थया ते, पुद्गलका संग धार;
त्रिहुं अवस्था नहीं जीवमें, पुद्गल संग निवार. संतो० ११

जन्म जरा मरणादिक चेतन, नानाविध दुःख पावे,
पुद्गलसंग निवारत तिणदिन, अजरअमर होय जावे. सं०१२

पुद्गल राग करी चेतनकुं, होत कर्मको बंध;
पुद्गल राग विसारत मनथी, निरागी निरबंध. संतो०१३

तन मन काया जोग पुद्गलथी, निपजावे नितमेव;
पुद्गल संगविना अयोगी, थाय लही निज भेव. संतो०१४

पुद्गल पिंड थकी निपजावे, भला भयंकर रूप;
पुद्गलका परिहार कीयाथी, होवे आप अरूप. संतो० १५

---

१ कठण. २ हमेशां. ३ मोक्षपति. ४ ते ज दिवसे. ५ रूप.

पुद्गल रागी थइ धरत निज, देह गेहथी नेह;
पुद्गल राग मात्र तज दिलथी, छिनमें होत विदेह.संतो० १६

पुद्गल पिंड लोलुपी चेतन, जगमें रांक कहावे;
पुद्गल नेह निवार पलकमें, जगपति बिरुद धरावे. सं०१७

पुद्गल मोह प्रसंगे चेतन, चारु गतिमें भटके;
पुद्गल नेह तजी शिव जातां, समय मात्र नहीं अटके.सं. १८

पुद्गल रस रागी जग भटकत, काल अनंत गमायो,
काची दोय घडीमें निज गुण, राग तजी प्रगटायो. सं० १९

पुद्गल रागे वार अनंती, तात मात सुत थइया;
कीसका बेटा कीसकाबाबा भेद साच जब लहीया. सं० २०

पुद्गल संग नाटक बहु नटवत करतां पार न पायो;
भवस्थिति परिपक्व थइ तब,सहेजे मारग आयो.संतो० २१

पुद्गल रागे देहादिक निज, मान मिथ्याति सोय;
देह गेहनो नेह तजीने, सम्यकदृष्टि होय. संतो० २२

काल अनंत निगोद धाममें, पुद्गल रागे रहियो;
दुःख अनंत नरकादिकथी तुं, अधिक बहुविध सहियो.सं०

पाय अकाम निर्जराको बल, किंचित् उंचो आयो;
स्थूलमां पुद्गलरसवशथी कालअसंख्य गमायो. संतो०२४

---

१ धरे छे. २ घर. ३ क्षण. ४ चारे.

लही क्षयोपशम मति ज्ञानको, पंचेंद्रिय जब लाधी;
विषयासक्त राग पुद्गलथी, धार नरकगति साधी. सं० २५

ताडन मारन छेदन भेदन, वेदन बहुविध पाइ;
क्षेत्र वेदना आदि दइने, वेद भेद दरसाइ. संतो० २६

पुद्गल रागे नरक वेदना, वार अनंती वेदी;
पुण्यसंयोगे नरभव लाधो, अशुभ युगलगति[1] भेदी. संतो० २७

अति दुर्लभ देवनकुं नरभव, श्री जिनदेव वखाणे;
श्रवण सुणी ते वचन सुधारस, त्रास केम नवि आणे. सं०

विषयासकत राग पुद्गलको, धरि नर जन्म गुमावे;
काग उडावण काज विप्र जिम डार[2] मणि पस्तावे. सं०

दश द्रष्टांते दोहिलो नर भव, जिनवर आगम भाख्यो;
पण तिणकुं किम खबर पडे जिण, कनक[3] बीज रस चाख्यो.
संतो० ३०

हारत वृथा अनोपम नर भव, खेल विषय रस जुआ;
पीछे पस्तावत मनमांहि, जिम सिंमलका[4] सुआ[5]. सं०

कोइक नर इम वचन सुणीने, धर्म थकी चित्त लावे;
पण जे पुद्गल आनंदी तस, स्वर्ग तणा सुख भावे. सं०

---

१ तिर्यंच अने नारकी ए बंने गति. २ फेंकीने.
३ धतुरो. ४ अक्कोलीयुं. ५ पोपट.

संयम केरां फल शिवसंपत, अल्प मति नव जाणे;
विण जाणे नियाणां करीने, गज तज रासभ आणे.संतो.३३

पौद्गलिक सुख रस रसिया नर, देवनिधि सुख देखे;
पुण्यहीन थयां दुर्गति पामे, ते लेखां नव लेखे, संतो. ३४

देव तणां सुख वार अनंती, जिव जगतमें पाया;
निज सुख विण पुद्गल सुखसेंती, मन संतोष न आया.सं.३५

पुद्गलिक सुख सेवत अहर्निश, मन इंद्रिय न धरावे;
जिम घृत मधु आहुति देतां, अग्नि शांत नवि थावे.सं.३६

जिम जिम अधिक विषय सुख सेवे,तिमतिम तृष्णा दीपे;
जिम उँअपेय जल पान कीधाथी,तृष्णा कहो किम छीपे.सं३७

पुद्गलिक सुखना आस्वादी, एह मरम नवि जाणे;
जिम जात्यंध पुरुष दिनकरनुं,तेज नवि पहिचाणे. सं. ३८

इंद्रियजनित विषय रस सेवत, वर्तमान सुख ठाणे;
पण किंपाक तणां फळनी पेरे, नवि विपाक तस जाणे.सं३९

फल किंपाक थकी एकज भव, प्राण हरण दुःख पावे;
इंद्रिय जनित विषय रस ते तो, चिंहुं गतिमें भरमावे, सं.४०

एहवुं जाणी विषय सुखेंसेंति, विमुख रूप नित रहियें;
त्रिकरण योगे सुद्ध भावधर, भेद यथारथ लहिये, सं. ४१

---

१. हाथी २. गधेडो. ३ खारु. ४ चार गति. ५ थी.

पुण्य पाप दोय सम करी जाणो, भेद म जाणो कोउ;
जिम बेडी कंचन लोढानी, बंधन रूपी दोउं संतो० ४२

नल बल जल जिम देखो संतो, उंचा चढत आकाश;
पाछा ढलि भूमि पडे तिम, जाणो पुण्य प्रकाश. संतो० ४३

जिम साणसी लोहनी रे, क्षण पाणी क्षण आग;
पाप पुण्यनो इण विध निश्चे, फल जाणो महा भाग. संतो० ४४

कंप रोगमें[1] वर्तमान दुःख, अंकरमांहि आगामी[2];
इण विध दोउ दुःखना कारण, भाखे अंतरजामी. संतो. ४५

कोउ कुपमें पडि मुवे जिम, कोउ गिरि जंपा खाय;
मरण बे सरखा जाणिये पण, भेद दोउ कहेवाय. संतो. ४६

पुण्य पाप पुद्गल दशा इम, जे जाणे सम तूल;
शुभ किरिया फल नवि चाहे ए, जाण अध्यातम मूल. सं. ४७

शुभ किरिया आचरण आचरे, धरे न ममता भाव;
नुतन बंध होय नहीं इण विध, प्रथम अरि शिर घाव. संतो. ४८

वार अनंत चूकिया चेतन, इण अवसर मत चूक;
मार नीसाना मोहरायकी, छातीमें मत उकै[3]. संतो० ४९

नदी घोल पाषाण न्याय कर, दुर्लभ अवसर पायो;
चिंतामणि तज काच शकल सम, पुद्गलथी लोभायो. सं. ५०

---

१ एक जातनो रोग. २ भविष्य. ३ भूल.

परवशता दुःख पावत चेतन, पुद्गलथी लोभाय;
भ्रम आरोपित बंध विचारत, मरकट मूठी न्याय. सं. ५१
पुद्गल राग भावथी चेतन, थिर स्वरूप नवि होत;
चिहु गतिमां भटकत निशदिन इम, जिम भमरि विचे पोत. सं.
जड लक्षण परगट ये पुद्गल, तास मर्म नवि जाणे;
मदिरापान छक्यो जिम मद्यप, स्व पर नवि पीछाणे. सं. ५३
जीव अरूपी रूप धरत ते, पर परणित परसंग;
वज्र रत्नमां डंके योग जिम, दर्शित नाना रंग. संतो० ५४
निजगुण त्याग रागपरथी थिर, गहत अशुभ दल थोक;
शुद्ध रुधिर तज गंदो लोही, पान करत जिम जोके. सं. ५५
जड पुद्गल चेतनकुं जगमें, नाना नाच नचावे;
छाली खात वाघकुं यारो, ए अचरिज मन आवे. संतो० ५६
ज्ञान अनंत जीवको निजगुण, ते पुद्गल आवरियो;
जे अनंत शक्तिनो नायक, ते इणे कायर करियो. संतो० ५७
चेतनकुं पुद्गल ये निशदिन, नानाविध दुःख घाले;
पण पिंजरगत नाहरनी परे, जोर कछु नवि चाले. संतो० ५८
इतने परभी जो चेतनकुं, पुद्गल संग सोहावे;
रोगी नर जिम कुपथ करीने, मनमां हर्षित थावे. संतो० ५९

---

१ वांदरो. २ भ्रमरी. ३ वच्चे. ४ दारुनो पीनार. ५ डाक. ६ जळो. ७ बकरु. ८ नार. ९ अपथ्य खाई.

जात्य पात्य कुल न्यात न जाकुं, नाम गाम नवि कोइ;
पुद्गल संगत नाम धरावत, निजगुण सघळो खोइ. संतो० ६०

पुद्गलके वश हालत चालत, पुद्गलके वश बोले;
कहुंक बेठा टक टक जुवे, कहुंक नयण न खोले. संतो० ६१

मन गमतां कहुं भोग भोगवे; सुख सय्यामे सोवे;
कहुंक भूख्या तरस्या बाहर, पड्या गलीमें रोवे. संतो० ६२

पुद्गल वश एकेंद्रि कबहु, पंचेंद्रि पण पावे,
लेश्यावंत जीव ए जगमें, पुद्गल संघ कहावे. संतो० ६३

चउदे गुण स्थानक मारगणा, पुद्गल संगे जाणो;
पुद्गल भावविना चेतनमें, भेदभाव नवि आणो. संतो० ६४

पाणीमांहे गले जे वस्तु, जले अग्नि संयोग;
पुद्गलपिंड जाण ते चेतन, त्याग हरख अरु सोग. संतो० ६५

छाया आकृति तेज द्युति सहु, पुद्गलकी [1]परजाय;
सडन पडन विध्वंस धर्म ए, पुद्गलको कहेवाय. संतो० ६६

मळ्या पिंड जेहने बंधे बे, काले विखरी जाय;
चरम नयण करी देखो एने, सहु पुद्गल कहेवाय. संतो० ६७

चौदे राजलोक घृत घट जिम, पुद्गल द्रव्ये भरिया;
खंध देश प्रदेश भेद तस, परमाणु जिन कहिया. संतो० ६८

---

१ पर्याय.

नित्य अनित्यादिक जे अंतर, पक्ष समान विशेष;
स्याद्वाद समजणनी शैली, जिनवाणीमें देख.संतो० ६९
पूरण गलन धर्मथी पुद्गल, नाम जिणंद वखाणे;
केवल विण परजाय अनंती, चार ज्ञान नवि जाणे.संतो० ७०
शुभ अशुभ अशुभथी जे शुभ, मूल स्वभावे थाय;
धर्म पालहण पुद्गलनो इम,सत्गुरु दीयो बताय.संतो० ७१
अष्ट वर्गणा पुद्गल केरी,पामी तास संयोग;
भयो जीवकुं एम अनादि, बंधन रूपी रोग.संतो० ७२
गहत वरगणा शुभ पुद्गलकी, शुभ परिणामे जीव;
अशुभ अशुभ परिणाम योगथी, जाणो एम सदीव.सं० ७३
शुभ संयोगे पुण्य संचवे, अशुभ संयोगथी पाप;
लहत विशुद्ध भाव जब चेतन, समजे [1]आपोआप सं० ७४
तीन भुवनमें देखिये सहु, पुद्गलका [2]विवहार;
पुद्गलविण कोउ सिद्ध रूपमें, दरसत नहि विकार. सं० ७५
पुद्गलहुंके महेल मालिये, पुद्गलहुंकी सेज;
पुद्गल पिंड नारीको तेथी, विलसत धारि [3]हेज. सं० ७६
पुद्गल पिंड धारके चेतन, भूपति नाम धरावे;
पुद्गल बलथी पुद्गल उपर,अहनिश हुकम चलावे.सं० ७७

---

१ पोते पोतानी मेळे. २ व्यवहार. ३ हेत.

पुद्गलहुंके वस्त्र आभूषण, तेथी भूषित काया;
पुद्गलहुंका चमर छत्र, सिंहासन अजब बनाया. सं० ७८

पुद्गलहुंका किल्ला कोट अरु, पुद्गलहुंकी खाइ;
पुद्गलहुंका दारुगोळा, रच पच तोप बनाई. संतो० ७९

पर पुद्गल रागी थइ चेतन, करत महा संग्राम;
छलबल कल करी एम चिंतवे, राखुं आपणुं नाम. सं० ८०

ऋद्धि सिद्धि बंके गढ तोडी, जोडी अगम अपार;
पण ते पुद्गल द्रव्य स्वभावे, विणसत लगे न वार. सं० ८१

पुद्गलके संयोग वियोगे, हरख शोक चित्त धारे;
अथिर वस्तु थिर होय कहो किम, इणविध नहीय विचारे. सं०

जा तनको मन गर्व धरत हे, छिनछिन रूप निहार;
ते तो पुद्गल पिंड पलकमें, जल बल होवे छार सं० ८३

इणविध ज्ञान हीयेमें धारी, गर्व न कीजे मित्त,
अथिर स्वभाव जाण पुद्गलको; तजो अनादि रीत. सं० ८४

परमातमथी नेह निरंतर, लावो त्रिकरण शुद्ध;
पावो गुरुगम ज्ञान सुधारस, पूर्वापर अविरुद्ध. सं० ८५

---

१ जे. २ क्षणे क्षणे. ३ खाख. ४ अमृत

ज्ञानभान पूरण घट अंतर, थया जिहां पंरकास;[1]
मोह निशाचर तास तेज लख,[2] नाठा थई उदास. सं. ८६
भेद ज्ञान अंतरदृग्[3]धारी, परिहर पुद्गल जाल;
खीर नीरकी भिन्नता जिम; छिन[3A]में करत मेंराल[4]. सं ८७

एहवा भेद लखी पुद्गलका, मन संतोष धरीजे;
हाण लाभ सुख दुःख अवसरमें, हर्ष शोक नवि कीजे.सं. ८८
जो उपजे सो तुं नहि अरु, विणसे सो तुं नाहिं;
तुं तो अचल अकल अविनाशी,समज देख दिलमांही.सं.८९
तन मन वचनपणे जे पुद्गल, वार अनंती धार्या;
वम्या आहार अज्ञानगेंहलथी,[5] फिरफिर लागत प्यारा.सं.९०

धन्य धन्य जगमें ते प्राणी, जे नित रहत उदास;
शुद्ध विवेक हीये[6]में धारी, करे न परकी आश. संतो०९१
धन्य धन्य जगमां ते प्राणी, जे घट समता आणे;
वादविवाद हिये नवि धारे, परमारथ पंथ जाणे. संतो०९२
धन्य धन्य जगमां ते प्राणी, जे गुरु वचन विचारे;
अष्ट दयाना मर्म लइने, आतम काज सुधारे. संतो०९३
धन्य धन्य जगमां ते प्राणी, जेह प्रतिज्ञा धारे;
प्राण जाय पण धर्म न मूके, शुद्ध वचन अनुसारे.संतो०९४

---

१ प्रकाश २ जोईने ३ आत्मामां. ३A क्षणमां. ४ हंस.
५ घेलछाथी ६ हृदय.

इम विवेक हिरदेमें धारी, स्त्र पर भात्र विचारो;
काया जीव ज्ञानदृग् देखत, अहि[१] कंचुकी[२] जेम न्यारो. संतो०
गर्भादिक दुःख वार अनंती, पुद्गल संगे पाये;
पुद्गल संग निवार पलकमें, अजरामर कहेवाये. संतो० ९६
राग भाव धारत पुद्गलथी, जे अविवेकी जीव;
पाय विवेक राग तजी चेतन, बंधन विगत सदीव. संतो० ९७
कर्म बंधनो हेतु जीवकुं, राग द्वेष जिन भाखे;
तजी राग अरु रोष हियेथी, अनुभव रस कोउ चाखे. सं० ९८
पुद्गल संग विना चेतनमें, कर्म कलंक न कोय;
जेम वायु संयोगविना जल–मांही तरंग न होय. संतो० ९९
जीव अजीव तत्त्व त्रिभुवनमें, युगल जिनेश्वर भाखे;
अपर[३] तत्त्व जे सप्त[४] रहे ते, संयोगिक जिन दाखे. संतो० १००
गुण पर्याय द्रव्य दोउके, जुवे[४A] जुवे दरशाये;
ए समजण जीनके हिये उतरी, ते तो निज घर आये. सं. १०१
भेद पंचशत[५] अधिक त्रेशठ, जीवतणा जे कहिये;
ते पुद्गल संयोगथकी सहु, व्यवहारे सरदहीए[६]. सं. १०२
निश्चय नय चिद्रूप द्रव्यमें, भेदभाव नहि कोय;
बंध अबंधकता नय पख[७]थी, इणविध जाणो दोय. सं. १०३

---

१ सर्प. २ कांचळी. ३ बीजा. ४ सात. ४A जूदा जूदा. ५ पांचसे त्रेसठ. ६ श्रद्धीए. ७ पक्षथी.

भेद पंचशत त्रीश अधिक, रूपी पुद्गलके जाणो;
त्रीश अरुपी द्रव्यतणे जिन–आगमथी मन आणो. सं.१०४
पुद्गल भेदभाव इम जाणी, पर पख राग निवारो;
शुद्ध रमणता रूप बोध, अंतर्गत सदा विचारो. सं.१०५
रूप रूप रूपांतर जाणी, आणी अतुल विवेक;
तद्गत लेश लीनतां धरे, सो ज्ञाता अतिरेक. सं.१०६
धार लीनता लव[1] लव लोइ[2], चपल भाव विसराइ;
आवागमन नही जीण थानक, रहिये तिहा समाइ.सं.१०७
बाल ख्याल रचियो ए अनुभव, अल्पमति अनुसार;
बाल जीवकुं अति उपगारी, चिदानंद सुखकार. सं.१०८

---

१ थोडी थोडी. २ लावीने.



# अध्यात्म बावनी

( त्रण प्रकारना आत्मानुं स्वरूप )

मायाजाळ तुं मूक पर, श्रुत चारित्र विचार;
भवजळ तारण पोत सम, धर्म हैयामां धार. १

धर्मथकी धन संपजे, धर्मे सुखिया होय;
धर्मे यश वाधे घणो, धर्म करो सहु कोय. २

धर्म करे जे प्राणिया, ते सुखिया भवमांह;
जगमां सहु जीजी करे, आवी लागे पाय. ३

धर्म धर्म सहुको करे, धर्म न जाणे कोय;
धर्म शब्द जगमां वडो, वीरला बुंजे कोय. ४

आतम साखे धर्म जे, त्यां जननुं शुं काम ?
जनमनरंजन धर्मनुं, मूल न एक बदाम. ५

पावेगा तब तो कहे, तब लग कह्यो न जाय;
मन है मेरो मसकरो, भडकी भागी जाय. ६

माणस होणा मुश्कील है, तो साधु किहांसे होय;
साधु हुवा तब सिद्ध भया, कहेणी न रही कोय. ७

---

१ वहाण. २ समान. ३ समजे. ४ धर्मनो मर्म पमाशे. ५ यथार्थ वर्णवी शकाशे. ६ साधु.

साधु भया तो क्या हुआ ? न गया मनका द्वेष;
समतासुं चित लाय के, अंतरदृष्टि देख. ८
चैतनकुं परेच्यो[1] नहि, क्या हुवा व्रत धार;
शाळ-विहुणा[2] खेतमें, वृथा बनाई वाड. ९
आतम अनुभव वासकी, कोईक नवली रीत;
नाक न पकरे[3] वासना, कान न ग्रहे परतीत. १०
जिनवाणी नित्ये नमुं, कीजे आतम शुद्ध;
चिदानंद[4] सुख पामीए, मिटे अनादि अशुद्ध. ११
शुद्धातम दरशन[5] विना, कर्म न छूटे कोय;
ते कारण शुद्धातमा, दरशन करो थिर[6] होय. १२
आतम अनुभव तीरसे, मिटे मोह अंधार;
आप रूपमें[7] जळहळे, नहि तस अंत अपार. १३
ते आतम त्रिविधा कह्यो, बाहिर[8] अंतर[9] नाम;
परमातम[9A] तिहां तिसरो, सो अनंत गुण धाम. १४

( बहिरात्मस्वरूप )

पुद्गळसें रांतो[10] रहे, जाने एह निधान[11];
तस लाभे लोभे रह्यो, बहिरातम अभिधान[12]. १५

---

१ ओळख्या. २ विनाना. ३ पकडे. ४ आत्मानुं सहज स्वाभाविक सुख. ५ अनुभव. ६ स्थिर थईने. ७ स्वरूपे. ८ बहिरात्मा. ९ अंतरात्मा. ९A परमात्मा. १० रक्त. ११ भंडार. १२ नाम.

## ( अंतरात्मलक्षण )

पुद्गळ खेंळ[13] संगी परे, सेवे अवसर देख;
तनु अशक्त ज्युं लक्कडी, ज्ञान भेद पद लेख. १६
बहिरातम तज आतमा, अंतर आतम रूप;
परमातमने ध्यावतां[14], प्रगटे सिद्ध सरूप. १७
पुद्गल भाव रुचि नहि, तोयें[1] रहे उदास;
सो आतम अंतर लहे, परमानंद प्रकाश. १८
सिद्धस्वरूपी जो कहे[2], कछु न देखे रूप;
अंतर दृष्टि विचारतां, एसें सिद्ध अनुप. १९
अनुभवगोचर वस्तुको, जाणे एही आल्हाद;
कहण सुननमें कछु नहि, पामे परम आल्हाद. २०
आतम परमातम होवे, अनुभवरस संगते[3];
द्वैत[4]भाव मळे[5] नीसरे, भगवंतनी भगते[6]. २१
आतम संगे विलसतां, प्रगटे वचनातीत;
महानंद रस मोकळो[6A], सकळ उपाधि रहित. २२
सिद्धस्वरूपी आतमा, समता रस भरपूर;
अंतरदृष्टि विचारतां, प्रगटे आतमरूप. २३

---

१३ दुर्जन. १४ ध्यान करतां.

१ तेनाथी. २ कहेवाय. ३ अनुभवरसनी संगतिथी. ४ राग-द्वेष अने मोहरूप. ५ कर्ममळ. ६ भक्तिथी. ६A अखूट.

## शुद्ध अनुभव

आपे आप विचारतां, मन पामे विसराम;
रसास्वाद सुख उपजे, अनुभव ताको नाम. २४

अनुभव चिंतामणि रतन, अनुभव हे रसकूप;
अनुभव मारग मोक्षको, अनुभव शुद्ध स्वरूप. २५

चिदानंद चिन्मय[7] सदा, अविचल भाव अनंत;
निरमळ ज्योति निरंजनो[8], निरालंब भगवंत. २६

कंर्त कमल परे पंकथी, निःसंगे निरलेप;
जिहां विभाव दुरभावनो, नहि लवलेशे क्षेप[1]. २७

ज्युं नवनीतथी[2] जळ बळे, तव घृत प्रगटे खास;
त्यौं अंतर आतमथकी, परमातम परकाश. २८

शुद्धातम भावे रह्यो, प्रगटे निर्मळ ज्योत;
ते त्रिभुवन शिर मुगटमणि, गया पाप सब छोड. २९

निज[3] स्वरूप रहेतां थकां, परम रूपको भास;
सहज भावथी संपजे, ओर[4] ते वचनविलास. ३०

---

७ ज्ञानमय-ब्रह्ममय. ८ आत्मा.

१ प्रवेश. २ माखणमांथी. ३ शुद्ध स्वभावमां रमण करतां. ४ अन्य.

अंतरदृष्टि देखीए, पुद्गळ चेतनरूप;
परपरिणति होय वेगळी, न पडे ते भवकूप. ३१
अंतरगत जाण्या विना, जें पहेरे मुनिवेश;
शुद्ध क्रिया तस नवि होवे, इम जाणी धरो नेश. ३२
अंतरगतनी वातडी, नवि जाणे मति अंध;
केवळ लिंगधारीतणो, न करो नेह प्रसंग. ३३
अंतर आत्मस्वभाव छे, जे जाणे मुनिराय;
कर्ममेल दूरे करी, इम जाणे मनमांय. ३४
आतम वस्तुस्वभाव छे, ते जाणे रिषिराय;
अध्यात्मवेदी कहे, इम जाण्यो चित्तमांय. ३५
आतमध्याने रमणता, रमतां आत्मस्वभाव;
अष्ट कर्म दूरे करे, प्रगटे शुद्ध स्वभाव. ३६
लाख क्रोड वरसां लगे, कीरियाए करी कर्म;
ज्ञानी सासोसासमां, इम जाणे ते मर्म. ३७
अंतर मेल सब उपशमे, प्रगटे शुद्ध स्वभाव;
अव्याबाध सुख भोगवे, करी कर्म अभाव. ३८

---

५ अंतरदृष्टिथी-विवेकदृष्टिथी जड अने चेतनने यथास्थित देखतां पुद्गल परनी आसक्ति दूर थई जाय छे जेथी भवकूपरूप संसारमां भमवुं पडतुं नथी.
६ परमार्थ-तत्त्व ७ परमार्थ-तत्त्वनो खप करो.
१ क्रियाथी लाखो ने करोडो वर्षे जेटलां कर्म खपे तेटलां ज्ञानी एक श्वासोच्छ्वासमां खपावे.

अक्षय ऋद्धि लेवा भणी, अष्ट कर्म कर दूर;
अष्ट कर्मना नाशथी, सुख पामे भरपूर. ३९

संतोषी ते सदा सुखी, सदा सुधारस लीन;
इंद्रादिक तस आगळे, दीसे दुखीआ दीन. ४०

जे सुख नहि सुरराय में, नहि राजा नहि राय;
ते आतमसुख अनुभवे, शम संतोष पसाय. ४१

सुरना सुख त्रिहुं काळना, अनंतगुणा ते कीध;
अनंत वर्गवर्गित कर्या, तो पण सुख समिधं[२]. ४२

ते सुखनी इच्छा करो, तो मूको पुद्गलसंग;
अल्प सुखने कारणे, दुःख भोगवे पर संगं[३]. ४३

## परमात्म–लक्षण

प्यारो आप सरूपमें, न्यारो पुद्गल लेख;
सो परमातम जाणीए, नहि जस भवको भेख. ४४

नामातम बहिरातमा, थापना कारण जेह[१];
सो अंतर द्रव्यातमा, परमातमा गुण गेह. ४५

---

२ आ प्रमाणे कर्या छतां ते सुख आत्मिक सुख पासे कांई लेखामां नथी. समिध–बाळवाना लाकडां जेवां छे; कारण के पौद्गलिक ने विनाशी छे. ३ परनो—विषयकषायनो संग करी. ४ देखाव.

१ जेनी स्थापना के आकार होता नथी एवो अंतरात्मा ते द्रव्यात्मा ने परमात्मा ते भावात्मा.

भावातमसें (सो) देखीए, कर्ममर्मको नाश;
जो करुणा भगवंतकी, भावे भाव उदास. ४६

परम अध्यातम ते लखे[२], सद्गुरुकेरे संग;
तिणकुं भव सफळो होए, अविहड[३] प्रगटे रंग. ४७

धर्मध्यानको हेतु यह, शिवसाधनके खेत[४];
एसो अवसर कब मिले? चेत शके तो चेत. ४८

वक्ता श्रोता सवि मळे, प्रगटे निजगुण रूप;
अखे[५] खजानो ज्ञानको, तिन भूवनको भुप. ४९

अष्ट कर्मवन दाहिके[६], जेह सिद्ध जिनचंद;
ता सम जो अप्पा[७] गणे, ताकुं वंदे इंद. ५०

कर्म रोग औषध समी, ज्ञान सुधारस वृष्टि;
शिवसुख अमृत सरोवरे, जय जय सम्यग् दृष्टि. ५१

ज्ञानवृक्ष सेवो भविक, चारित्र समकित मूळ;
अमर अगम पद फळ लहो, जिनवर पद अनुकूळ. ५२

## इति अध्यात्म बावनी

---

२ जाणे. ३ शुद्ध-सात्विक प्रेम प्रगटे, ४ हडा क्षेत्ररूप. ५ अक्षय ६ बाळीने ७ आत्मा.

# दया छत्रीशी*

दोहा

चरणकमळ गुरुदेवके, सुरभी परम सुरंग;
लुंब्धो रहत सदा तिहां, चिदानंद मनभृंग. १
कल्पवृक्ष चितामणि, देखहु परतख जोय;
सद्गुरु सम संसारमां, उपगारी नहि कोय. २
सुरतरु चिंतामणि रतन, वांछित फळके हेत;
निर्वांछित फळ गुरु विना, दुजो कोउ न देत. ३
रसना एक करी कहुं, गुरुमहिमा किम थाय;
शेषनाग मुख सहस्त्रथी, वर्णन करत लजाय. ४
गुण छत्तीसे करी सदा, शोभित है गुरुदेव;
भो भवियणं कीजे सदा, त्रिकरण तीनकी सेव. ५
प्रीत करो गुरुकी सदा, धरी हिवडे आनंद;

---

*आ छत्रीशीमां खास करीने जिनपूजामां हिंसा थाय छे माटे न करवी, एम कहेनारना खंडनने माटे शास्त्राधार साथे जिनपूजा सिद्ध करी छे ने तेमां स्वरूपहिंसा छे पण अनुबंधहिंसा नथी एम बतावी आप्युं छे. १ ज्ञानरसभीना. २ मनोहर. ३ लीन. ४ चिदानंदी. ५ भ्रमर. ६ प्रत्यक्ष. ७ कल्पवृक्ष. ८ मोक्षफळ. ९ जीभ. १० भविक.

मगन चकोरी चित्तमें, निरखत होत सुचंद. ६

घन[12] गरजारव सांभळी, मगन होत जिम मोर;
तिम सद्गुरु वाणी करी, सुख उपजत चिहुं ओर. ७

गुरुकृपाथी करत हुं, दयाछत्तीसी रूप;
दया धरम संसारमां, साचव परम अनूप[2]. ८

दया धरमको मूळ है, दया मूळ जिण आणं[3];
आणा मूळ विनय कह्या, ते सिद्धांते जाण. ९

सोरठा

स्याद्वाद जिनवाण, हिरदेमांही विचारके;
करो न मन मत ताणं, एहि सार सिद्धांतको. १०

पूजा करंता कोय, कहे युं हिंसा होत है;
प्रगट मिथ्याती होय, तत्त्वभेद तिणे नवि लह्यो. ११

कूपखणन दृष्टांत, भद्रबाहुस्वामी कह्यो;
तदहुं ताकुं भ्रांत, नाहि मिटो तो मति मटो. १२

१२ मेघनां.

१ दिलमां. २ अनुपम. ३ आज्ञा. ४ हृदयमां. ५ खेंचताण. ६ कुवाना खोदकाम. ७ ते जाणवा छतां. ८ शंका-शल्य. ९ तो. १० भले न मटो.

पूजामांही स्वरूप[11]-हिंसाकी गिणती नहीं;
इम लखे[12] तत्त्व अनूप, शंका नवि चित्त आणीए. १३

सवैया एकत्रीसा

सरवथा जीवहिंसा त्यागको विरते[13] गहि,
नदीमां उतरता विराधक न जाणीए;
नारीको संघट्ट[14]ो नाहि करे तोहि साधवीकुं,
पाणीमांहि बूडतां जो [15]बांहे ग्रही ताणीए;
कारण विशेष[16] भेख त्यागे तो हुं मुनिराज,

११ स्वरूपहिंसा ते मात्र उपरथी हिंसा देखाय, पण अंतःकरण पवित्र-कोमळ होवाथो ते हिंसानुं फळ बेसतुं नथी. पूजा करतां प्रथम स्नान करवाथी तेमज पुष्पो चडाववाथी तेमज मुमिने नदी उतरतां मात्र उपर उपरथी हिंसा मालूम पडे छे; पण हृदय कोमळ होवाथी, ते जीवो तरफ पण दयार्द्र दृष्टि होवाथी ते संबंधी कर्मबंध थतो नथी. मतलब के ते जीवो तरफ पण पूर्ण दयानी लागणी ते पूजा करनारने अने नदी उतरनार मुनिने होवी जोईए. आ हिंसाने द्रव्यहिंसा पण कहेवामां आवे छे. आनाथी कर्मबंध सहेज थाय छे. उज्ज्वल वस्त्र पर रज पडवाथी तेने खंखेरी नांखता वार लागती नथी तेना जेवो आ कर्मबंध समजवो. १२ विचारी. १३ व्रत. १४ संयोग-संघर्षण. १५ हाथ. १६ कोई तथाविध शासनरक्षादिकना कारणे.

अंग त्रीजे[1] ताहुंकुं आराधक वखाणीए;
आणांहुमें[2] दया दया नांहि ओर ठोरे[3] कहुं,
ऐसो जाण प्यारे ज्युं कुमत नांहि ठाणीए[4]. १४

देव जिनराज केरी छबी जिनराय सम,
रायपसेणीमांहि[5] ज्युं प्रगट बताई है;
भगवतीमांहि[6] जिनचैत्यकी शरण कही,
केताइक अधिकार केवेकुं उववाइ[7] है;
*जीवाजीवाभिगम विजय देवकेरी बात,
सुरियाभ[8] बात रायपसेणीमें आई है;
एसो अधिकार ठोर ठोर तो हुं नांहि माने,
ते तो शठकेरो चित्त कुमति ज्युं छाही है. १५

समकिती देव ते हुं करे जिनराज सेव,
एकाभोओतारी[9] इंद[10] विनेसुं[11] नमतु है;

---

१ स्थानांग सूत्रमां. २ आज्ञामां. ३ स्थाने. ४ स्थापीए. ५ राजप्रश्नीय शास्त्रमां. ६ भगवती शास्त्रमां. ७ औपपातिक शास्त्रमां. ८ प्रदेशी राजानो जीव ते सूर्याभदेव. ९ एक भवावतारी थाय. मनुष्य थईने मोक्षे जाय. १० इन्द्र पासे. ११ विनयथी.

हियाए[13] सुहाए[14] खिमा[15] निसेयादि[16] बहुविध,
पूजा फळ कहे जिन हिये[17] ते गमतु है;
विज्जा[18]जंघाचारण ज्युं जात्रा रुचकादि[19] दिप,
वोहि जिनचैत्य चित्त मोहकुं वमंतु[20] है;
जिनबिंबरूप मच्छ मच्छको आकार देखी,
संगीज्ञान[21] पायके मिथ्यातकुं वमतु है. १६
दयाहु में धरम धरमहुं में दयाभाव,
दया अरु धर्म ते विभिन्न नवि जाणीए;
बेठके सभामें मित्त धार गुरुगम रीत,
परम पुनित दया धरम वखाणीए;
एसो है सिद्धांत सार कोटि ग्रंथको विचार,
हियडेमें धार परतिते[22] गाढी ठाणिये;
यांते पर प्राण निज प्राण के समान जाण,
चिदानंद प्यारे ! चित्त दयाभाव आणीए. १७

---

१३ हितकारी. १४ सुखकारी. १५ सामर्थ्यकारी १६ निःश्रेयस्-मोक्षकारी. १७ हृदयमां. १८ विद्याचारण अने जंघाचारण मुनिवरो. १९ रुचक ( तेरमा द्वीपनुं नाम ) अने नंदीश्वर द्वीप वगेरेना. २० वमे छे. २१ जातिस्मरणज्ञान अने समकित. २२ प्रतीत.

उपजे ज्युं सिद्ध आर्य, जीवे कोउ विष खाय,
अचळ चळे सुमेरु एहुं बात मानीए;
उलटे धरणी, कासे नास होय तो हुं पण,
हिंसाके करत धर्म कबहुं न मानीए;
*हिंसामें धरम मान करते आतमहान,
ऐसी बात करत मिथ्यात उदे जानीए;
यांते परप्राण निज प्राणके समान जाण,
चिदानंद प्यारे ! चित्त दया भाव आणीए. १८
दया दोयँ भेद जाण इतर ज्युं कही देव,
सो तो भेद सद्गुरु कृपासें नीपाइए;
तातें सद्गुरु सेव किजिये सुनित्यमेव,
धार एसी टेव प्रेम परम लगाइए;
सो तो देव धर्म गुरु घटमें निकट तेरे,
ताकुं खोजवेकुं अब ओर कहां जाइए?

---

१ सिद्ध पाका आषीने उपजे. *आ निशानी-वाळा बे पद लखेली प्रतमां न होवाथी नवा बनावीने मूकेला छे. असल कर्ताना करेला ते पद नथी. २ आकाश. ३ द्रव्यदया ने भावदया, अथवा स्वरूपदया ने अनुबंधदया. ४ बीजी. ५ पामी शकीए.

तिहुं तत्त्व एक जोय दुविधो न धरे कोय,
ज्योतिरूप होय शुद्ध जोतिमें समाइए. १९

दयाके समान जग साधना न आनर्जान,
दयाहुं प्रधान जग संत युं करतु है;
जीवदया काज सहु त्याग राजको समाज,
देव जिनराज पंच व्रत ज्युं गहतु है;
प्रबळ प्रचंड घोर बावीस परिसो चोर,
तीनहुंको त्रास भलीभातसुं सहतु है;
छांडी जगजाल निज शक्ति संभाल,
ते तो चिदानंद प्यारे! शिवरमणि लहतु है. २०

अभय प्रधान दान कह्यो जगभान ते तो,
एसो निको ज्ञान मुनिराज घेर[A] पाइए;
मुनिपद धारे ते संभारे आपोआप ते तो,
करुणाको सागर सिद्धांतमांहि गाइए;
तिन्हके पदारविंद पूजत सुरेंदवृंद,
आनंदको कंद ते तो निशदिन ध्याइए;

---

१ एकता विचारी. २ भिन्नता. ३ ज्योतिमां. ४ बीजी न जाण. ५ परीषहो. ६ जगभानु–तीर्थंकर. ७ उत्तम. ७A पासे. ८ चरणकमळ.

तिन्हहुंको ध्यान पर उत्तम विवेक कर,
चिदानंद आपरूप आपमें समाइए. २१

दया दया भाखे पण राखे न विवेक हिये,
ते तो नर प्रगट पशु समान कह्यो है;
पावे न विवेक जोलों[1] सिझे नहि काज तोलों[2],
दयारूप धरम विवेकमांहि रह्यो है;
जाके हिरदे विवेक सोई ज्ञाता अतिरेक[3],
तिनहुं सुतत्त्वको सरूप साचो लह्यो है;
तत्त्वके सरूप बिनजाणे पक्षपात ताणे,
ते तो महामोहरूप नदियांमें वह्यो है २२

पढ्यो तुं तो वेद पण जाण्यो नहि साचो भेद,
वेदमें अहिंसारूप परम धर्म कह्यो है;
लक्षण अहिंसा ज्युं बतायो हे धरमकेरो,
ते हुं तो वचन भागवतमांहि रह्यो है;
जाप जो बतायो ते तो भावरूप जाण्यो नांहि,
तें तो पशुघातकेरो गाढो पक्ष गह्यो है;
तत्त्वके सरूप बिनजाणे पक्षपात ताणे,
ते तो महामोहरूप नदियांमें वह्यो है. २३

---

१ ज्यां सुधी. २ त्यां सुधी. ३ अतिशय.

सवैया तेइसा.

आरज खेत्त लहे कुळ उत्तम,
जोग सदा सतसंगतकेरो;
दीरघ आयु आरोग दसा+ सुख,
रिधिं बहु परिवार घणेरो;
किरतं होय विख्यात देहुं दिश,
वेग मिटे भैंव भाव वेंरवेरो;
या विध होय महाफळ जाकुं ज्युं,
ऐसी दयामें वस्यो मन मेरो. २४

इंद नरिंद करे इम सेवसु,
जेसे अहे कोउ दांमिको चेरो;
अष्ट महासिधं निधं विराजत,
तेज प्रताप वधे ज्युं घनेरो;
ज्ञान–रवि प्रगटे घट अंतर,
होय विधंस मिथ्यात अंधेरो;
या विध होय महाफळ जाकुं ज्युं,
ऐसी दयामें वस्यो मन मेरो. २५

---

+ अवस्थानुं. १ ऋद्धि. २ कीर्त्ति. ३ दशे. ४ वधारे पडता रागनो ५ घरवखरी. ६ अतिशयशाळी. ७ सिद्धि. ८ नवनिधि. ९ नाश

कोउ अज्ञान करे शिव साधन,
जाण विना बहु जीव सतावे;
उरध बांहु अधोमुख झुलत,
जौर हुताग्नि अंग जलावे;
कोउ करे फल फूलको भक्षण,
अणगल पाणीमें नित नहावे;
करणी करुणाभाव विना करे,
ब्रह्मसरूप कहो किम पावे ? २६
आप समान लखे सहु जीवकुं,
पीड नहि परकुं उपजावे;
ममता धार तजे ममतामळ,
ज्ञान सरोवरमें नित न्हावे;
अल्प आहार करे निरदूषण,
योग हुतासनशुं तन तावे;
करणी करुणाभावमइ कर,
ब्रह्मसरूपकुं या विध पावे. २७
थावर जंगम जीव चराचर,
ब्रह्मसरूप वेदांत वखाणे,

---

९ अज्ञान कष्ट १० ऊंचा. ११ हाथ. १२ प्रजाळी.
१३ अग्नि.

१ दोष रहित २ त्रसजीव.

व्यापकरूप सवे घट अंतर,
एसो विवेक हिये निज आणे;
त्याग विरोध निरोध धरे मन,
धार खीमा[3] परपीड पीछाणे;
या विध पूरण ब्रह्म आराधन,
पूरण ब्रह्म[4] क्रिया कोउ जाणे. २८

धारके भेख विवेक विना शठ,
नाहक लोकनकुं भरमावे;
जीवके घातमें धर्म अहे[5] तद्[5A],
पापको कारण कुण कहावे?
देखो महापरपंच ज्युं मोहको,
एसो विवेक हिये नहि आवे;
नांही डरे करतो अघ[6] ते नर,
सुंधो[7] रसातळकुं[8] चल्यो जावे. २९

आरंभकुं[9] करतां हिरदे दया,
नांहि रहे लवलेश ए प्यारे;
येहि विचारकुं धार हिये मुनि–
राज भये जगजाळसें न्यारे;

---

३ क्षमा. ४ ज्ञान सहित. ५ होय. ५A तो. ६ पाप. ७ सीधो ८ नरकमां. ९ पापारंभने.

अंतर ज्योति जगी घट जाकुंसु,
ताकुं तो लोक देखावसु क्या रे;
कारज सिद्ध भयो तिनको जिने,
अंतर मुंड मुंडाय लीया रे. ३०

सवैया एकतीसा

जेसें कोइ रुधिरको[1] रंग्यो ज्युं मलिन पट,
रुधिरसें धोयो कहुं उजळो न होत है;
तेसें हिंसा करणीसें पाप दूर कीयो चाहे,
ते तो शठकृत महामिथ्या तोतें[2] होत है;
निरमळ निरमें पखाळत मलिन चीर,
शुध रूप देख परे जेसो जाको पोत है;
तेसें शुद्ध दयासें भावित करे आतमा सो,
सिद्ध के समान आप सिद्धरूप होत है. ३१

कंचन सुमेरु सहु भूमि दान देवे एक,
एकने तो एक कोउ जीवकुं बचायो है;
कंचन सुमेर महिदानथी बहुत विध,
जीव–दान अधिक पुराणनमें गायो है;
इण विध भाव दान हिरदे विवेक आण,
यातें यामें मेरो मन अधिक लोभायो है;

---

१ लोहीथी. २ तुत

मूळ भेद वस्तु जो वखाणे ते तो साचो भेद,
सद्गुरु किरपाथी सो तो अमे पायो है. ३२

सहु जीव जीवनकी इच्छा मनमांहि राखे,
मरवो अनिष्ट सहु प्राणीकुं लगतु है;
एसो ज्युं अकाज महादोषको समाज तेमें,
मूढ जन मोहवश अधिक पगतुं है;
पावे जो नरक दुःख, शुभ काजथी विमुख,
हिंसाके करत अति क्रोध ज्युं जगतु है;
याते आतमारथी पुरुष एसे काज सेति,
लाख गाउ प्रथम हि दूर ज्युं भगतुं है. ३३

दयारूप करणी[३] विवेक पतवार[४] जामें,
दुविध[५] सुतपरूप खेवट[६] लगाइए;
दांडा ये चतुर चार कीजीए सु अघवार,
मालिमें[७] सुमन ताकुं तुरत जगाईए;
पाल[८] शुभ ध्यान मन ताणं के तैयार कीजे,
शुभ परिणामकेरी तोप ज्युं दगाइए;
चिदानंद प्यारे! एसी नावमें सवार होय,
मोहमयी सरितांकुं[१०] वेगे पार पाइए. ३४

---

१ प्रराय छे. २ जागे छे. ३ सुकानी. ४ कप्तान. ५ द्विविध ( अंतर अने बाह्य ). ६ हलेसावाळा ७ वहाणमांना मालनो हिसाब राखनार. ८ नानो तंबु (सढ) ९ खेंची. १० नदीने.

दोहा

शरद पुरण निधि चंद्रमा, संवत्सर (१९०६) सुखकार;
गौतम केवळज्ञानको, मास दिवस चित्त धार. ३५
भावनगर भेटे सहि, श्री गवडी प्रभु पास;
चिदानंद तस कृपाथकी, सकळ फळी मन आस. ३६

**इति श्री कर्पूरचंदजीकृत दया छत्रीशी**

## श्रीपरमात्म छत्रीशी

दुहा

परम देव परमातमा, परम ज्योति जगदीश;
परम भाव उर आनके, प्रणमत हुं निशदिश[1]. १
एक ज्युं चेतन द्रव्य हे, तामें तीन प्रकार;
बहिरातम अंतर कह्यो, परमातम पद सार. २
बहिरातम ताकुं कहे, लखे न ब्रह्मस्वरूप;
मगन रहे परद्रव्यमें, मिथ्यावंत अनूप. ३

---

१ हमेशां.

अंतर आतम जीव सो, सम्यग्दृष्टि होय;
चोथे अरु फुनि बारमे, गुणथानक लों सोय. ४

परमातम परब्रह्मको, प्रगट्यो शुद्ध स्वभाव;
लोकालोक प्रमाण सब, झलके तिनमें आय. ५

बहिर आतम भाव तज, अंतर आतम होय;
परमातम पद भजतु हे, परमातम वह सोय. ६

परमातम सोय आतमा, अवर न दुजो कोय;
परमातमकुं ध्यावते, यह परमातम होय. ७

परमातम एह ब्रह्म हे, परम ज्योति[1] जगदीश;
परसुं भिन्न निहारीए, जोई अलख सोइ इश. ८

जे परमातम सिद्धमें, सोही आतममांहि;
मोह मयल[2] दृग लग रह्यो, तामें सूजत नांहि. ९

मोह मयल रागादिके, जा जिनें[3] कीजे नास;
तां[4] छिन एह परमातमा, आप ही लहे प्रकास. १०

आतम सो परमातमा, परमातम सोइ सिद्ध;
बिचकी दुविधा मिट गइ, प्रगट भइ निज रिद्ध. ११

में हि सिद्ध परमातमा, में हि आतमराम;
में हि ध्याता ध्येयको, चेतन मेरो नाम. १२

---

१ ज्योति. २ मेल. ३ ज्यारे. ४ ते ज क्षणे.

में हि अनंत सुखको धनी, सुखमें मोहि सोहाय;
अविनाशी आनंदमय, सोऽहं त्रिभुवनराय. १३

शुद्ध हमारो रूप हे, शोभित सिद्ध समान;
गुण अनंत करी संयुत, चिदानंद भगवान. १४

जेसो शिवपें तहीं वसे, तेसो या तनमांहि;
निश्चय दृष्टि निहाळतां, फेर रंच कछु नांहि. १५

करमनके संजोगतें, भए तीन प्रकार;
एक ही आतमा द्रव्यकुं, कर्म नटावणहार. १६

कर्म संघाते अनादिके, जोर कछु न बसाय;
पाइ कला विवेककी, राग द्वेष छिन जाय. १७

करमनकी जर[1] राग हे, राग जरे[2] जर जाय;
परम होत परमातमा, वो ही सुगम उपाय. १८

काहेकुं भटकत फिरे, सिद्ध होनेके काज;
राग द्वेषकुं त्याग दे, वो ही सुगम इलाज. १९

परमातम पदको धनी, रंक भयो विल लाय;
राग-द्वेषकी प्रीतिसें, जन्म अकारथ[3] जाय. २०

राग-द्वेषकी प्रीति तुम, भूले करो जन रंच;
परमातम पद ढांकके[4], तुम हि कियो तिरयंच[5], २१

---

१ जड-मूळ. २ जळे. ३ व्यर्थ. ४ ढांकीने. ५ पशु.

तप जप संजय सब भले, राग–द्वेष जो नांहि;
राग–द्वेषके जागते, ए सब भए वृथा हि. २२
राग–द्वेषके नासतें, परमातम परकास;
राग–द्वेषके भासते, परमातम पद नास. २३
जो परमातम पद चहे, तो तुं राग निवार;
देखी संजोग सामीको, अपने हिये विचार. २४
लाख बातकी बात यह, तोकुं देइ बताय;
जो परमातम पद चहे, राग–द्वेष तज भाय. २५
राग–द्वेष त्यागे बिनु, परमातम पद नांहि;
कोटि कोटि तप जप करे, सब अकारथ जाय. २६
दोष हि आतमकुं यह, राग–द्वेषको संग;
जेसें पास मजिठमे, वस्त्र ओर हि रंग. २७
तेमें आतमद्रव्यकुं, राग–द्वेषके पास;
कर्मरंग लागत रहे, केमें लहे प्रकाश ? २८
इण करमनको जीतवो, कठिन बात हे वीर !
जेर[1] खोदे विनु नहि मिटे, दुष्ट जात ये पीर[2]. २९
ललो पैंत्तोके[3] किये, ए मिटवेके नांहि;
ध्यान अग्नि परकाशके, होम देहि ते मांहि. ३०

---

१ जड. २ पीडा. ३ ललापतो करवाथी.

ज्युं दारुके गंजकुं, नर नहीं शके उठाय;
तनक आग संजोगमें, छिन एकमें ऊड जाय. ३१
देह सहित परमातमा, एह अचरजकी बात;
राग–द्वेषके त्यागते, कर्मशक्ति जरी जात. ३२
परमातमके भेद द्वय, निकल सकल परधान;
सुख अनंतमें एकसें, हवके द्रव्य थान. ३३
भाइ एह परमातमा, सो हे तुममें याहि;
अपनी शक्ति संभारके, लिखावत दे तांहि. ३४
राग–द्वेषकुं त्यागके, धरी परमातम ध्यान;
युं पावे सुख शाश्वत, भाइ एह कल्यान. ३५
परमातम छत्रीसीको, पढियो प्रीति सभार;
चिदानंद तुम प्रति लिखी, आतमके उद्धार. ३६

१ काष्ठनो.

॥ श्रीसच्चिदानंदाय नमः ॥

# श्री चिदानंदजी अपरनाम श्रीकर्पूरचंदजी महाराजकृत

# स्वरोदयज्ञान

॥ छप्पय छंद ॥

नमो आदि अरिहंत, देव देवनपति राया ।
जास चरण अवलंब, गणाधिप गुण निज पाया ॥
धनुष पंचशत मान, सप्त कर परिमित काया ।
वृषभ आदि अरु अंत, मृगाधिप चरण सुहाया ॥
आदि अंत युत मध्य, जिन चोवीश इम ध्याइए ।
चिदानंद तस ध्यानथी, अविचल लीला पाइए ॥१॥

इक कर वीणा धरत, इक कर पुस्तक छाजे ।
चंदवदन सुकुमाल, भाल जस तिलक विराजे ॥
हार मुकुट केयूर, चरण नूपुरधुनि वाजे ।
अद्भुत रूप स्वरूप, निरख मन रंभा लाजे ॥

लीलायमान गजगमनी नित, ब्रह्मसुता चित्त ध्याइए।
चिदानंद तस ध्यानथी, अविचल लीला पाइए ॥२॥

॥ दोहा ॥

उदधिसुतासुत तास रिपु, वाहन संस्थित बाल।
बाल जाणी निज दीजीए, वचन विलास रसाल ॥३॥
अज अविनाशी अकल जे, निराकार निरधार।
निर्मल निर्भय जे सदा, तास भक्ति चित्त धार ॥ ४ ॥
जन्म जरा जाकुं नहीं, नहीं सोग संताप।
सादि अनंत स्थिति करी, स्थितिबंधन रुचि काप ॥५॥
तीजे अंश रहित शुचि, चरम पिंड अवगाह।
एक समे समश्रेणिए, अचल थया शिवनाह ॥ ६ ॥
सम अरु विषमपणे करी, गुण पर्याय अनंत।
एक एक परदेशमें, शक्ति सुजस महंत ॥ ७ ॥
रूपातीत व्यतीतमल, पूर्णानंदी ईस।
चिदानंद ताकुं नमत, विनय सहित निज शीस ॥८॥
कालज्ञानादिक थकी, लही आगम अनुमान।
गुरु किरपा करी कहत हुं, शुचि स्वरोदयज्ञान ॥९॥
स्वरका उदय पिछाणीए, अतिही थिर चित्त धार।
ताथी शुभाशुभ कीजीए, भावी वस्तु विचार ॥ १० ॥

नाडी तो तनमें घणी, पण चौवीश प्रधान ।
तिनमें नव फुनि ताउमें, तीन अधिक कर जान ॥११॥

इंगला पिंगला सुखमना, ये तीनुंके नाम ।
भिन्न भिन्न अब कहत हुं, ताके गुण अरु धाम ॥१२॥

भ्रकुटी चक्रशुं होत है, स्वासाको परकास ।
वंकनालके ढिग थइ, नाभि करत निवास ॥ १३ ॥

नाभीतें फुनि संचरत, इंगला पिंगला धाम ।
दक्षण दिश हे पिंगला, इंगला नाडी वाम ॥ १४ ॥

इण दोउंके मध्यमें, सुखमम नाडी जोय ।
सुखमनके परकासमें, स्वर फुनि चालत दोय ॥१५॥

डाबा स्वर जब चलत हे, चंद उदय तब जान ।
जब स्वर चालत जीमणो, उदय होत तब भान ॥१६॥

सौम्य काजकुं शुभ शशि, क्रूर कामकुं सूर ।
इणिविधि लख कारज करत, पामे सुख भरपूर ॥१७॥

दोउ स्वर सम संचरे, तब सुखमन पहिचान ।
तामें कोउ कारज करत, अवस होय कछु हान ॥१८॥

चंद्र चलत कीजे सदा, थिर कारज स्वर भाल ।
चर कारज सूरज चलत, सिद्ध होय ततकाल ॥१९॥

कृष्णपक्षस्वामी रवि, शुक्लपक्षपति चंद ।
तिथिभाग इनका लहि, कारज करत आनंद ॥२०॥

कृष्णपक्षकी तीन तिथि, प्रथम रविकी जान ।
तीन शशीकी फुनि तीन रवि, इण अनुक्रम पहिचान॥२१

शुक्लपक्षकी तीन तिथि, चंदतणी कही मित्त ।
फुन रवि फुन शशि फुन रवि,शशि गिणवाकी रीत॥२२॥

॥ छप्पय छंद ॥

मंगल शनि आदित्य, वार स्वामी रवि जाणो ।
सुरगुरु बुध अरु सोम, शुक्रपति चंद वखाणो ॥
इणविधि स्वर तिथि वार, भिन्न कर नक्षत्र पिछाणो ।
शुभ कारजके योग्य, सकल इणविधि मन आणो ॥
निरगम सुरगम निध, भाव इण विधके लेखो ।
तत्त्वतणो परकाश, सुधारस इम तुम पेखो ॥ २३ ॥

॥ दोहा ॥

कृष्णपक्ष एकम दिने, प्रातः सूर जो होय ।
तौ ते पक्ष प्रवीण नर, आनंदकारी जोय ॥ २४ ॥

शुक्लपक्षके आदि दिन, जो शशि स्वर उद्योत ।
तो ते पक्ष विचारीए, सुखदायक अवि होत ॥ २५ ॥

चंद्रतिथिमें चंद्र स्वर, सूरतिथि वहे सूर ।
कायामें पुष्टि करे, सुख आपत भरपूर ॥ २६ ॥

चंद्रतिथिमें आय जो, भानु करत प्रकाश ।
तातें क्लेश पीडा हुवे, किंचित् वित्तविनाश ॥ २७ ॥

सूरजतिथि पडिवा दिने, चले चंद्र स्वर भोर ।
पीड कलह नृप भय करे, चित्त चंचल चिहुं ओर ॥२८॥

दोउं पक्ष पडिवा दिने, सुखमन स्वर जो होय ।
लाभ हाण सामान्यथी, ते निहचे करी जोय ॥ २९ ॥

वृश्चिक सिंह वृष कुंभ पुन, शशि स्वरनी ए राश ।
चंद्रजोग इणके मिलत, शुभ कारज परकाश ॥ ३० ॥

कर्क मकर तुल मेष पुन, चर राशि ए चार ।
रवि संग ए संचरत, चर काजे सुखकार ॥ ३१ ॥

मीन मिथुन धन कन्यका, द्विस्वभाव ए जान ।
सुखमन स्वरसुं मिलत है, काज करत होय हान ॥३२॥

शशि सूरजके मास इम, भिन्न भिन्न करी जाण ।
राशि वर्गित दिनथकी, अधिक भेद मन आण ॥३३॥

प्रश्न करणकुं कोउ नर, आवत हिरदे धार ।
पृच्छक नरनी दिशितणो, निर्णय कहुं विचार ॥३४॥

सनमुख डाबी ऊर्ध्व दिशि, रही प्रश्न करे कोय ।
चंद्रजोग हे ता समे, तो कारिजसिद्धि होय ॥३५॥

नीचे पीछे जीमणो, जो कोइ पूछे आय ।
भानुजोग स्वर होय तो, तस कारज हो जाय ॥३६॥

पूछे दक्षिण भुज रही, सूरज स्वरमें वात ।
लगन वार तिथि जोग मिली, सिद्ध कार्य अवदात ॥३७॥

वाम भाग रही जो कहे, प्रश्नतणो परसंग ।
शशि स्वर जो पूरण हुवे, तो तस काज अभंग ॥३८॥

पूछे दक्षण कर रही, शशि स्वरमें जो कोय ।
रवि तत्त्व तिथ वार बिन, तस कारज नवि होय ॥३९॥

अधो पृष्ठ पाछल रही, पृच्छकनो परिमाण ।
चंद चलत फल तेहनुं, पूर्वकथित पहिछाण ॥४०॥

चलत सूर स्वर जीमणो, (रही) पूछे डाबी ओर ।
चंद्रजोग बिन तेहनो, नवि कारिज विधि कोर ॥४१॥

सन्मुख ऊर्ध्व दिशा रही, पूछे जो रविमांहि ।
चंद्रजोग बिन तेहनुं, कारज सीजे नांहि ॥४२॥

लग्न वार तिथि तत्त्व पुन, रास जोग दिसि शोध ।
कारजके अक्षर गिणे, होवे साचो बोध ॥४३॥

सम अक्षर शशिकुं भलो, विषम भानु परधान।
तिनकी संख्या करनकुं, कहुं एम अनुमान ॥ ४४ ॥

चार आठ द्वादश युगल, षट दश चवदे जाण।
षोडशथी शशियोग ए, महाशुद्ध पहिछाण ॥ ४५ ॥

एक तीन सर सात नव, एकादश अरु तेर।
तिथि संयम पचवीस पुन, रविजोग इम हेर ॥ ४६ ॥

लोककाज सहु परिहरे, धरे सुनिहचल ध्यान।
श्रवण मनन चिंतन करत, लहत स्वरोदयज्ञान ॥४७॥

अथवा प्राणायाम जे, साधे चित्त लगाय।
ताकुं पहेली भूमिका, सिद्ध स्वरोदय थाय ॥ ४८ ॥

प्राणायाम विचार तो, हे अति अगम अपार।
भेद दोय तस जाणीए, निश्चे अरु व्यवहार ॥ ४९ ॥

निहचेथी निज रूपमें, निज परिणति होय लीन।
श्रेणीगत ज्यों संचरे, सो जोगी परवीण ॥ ५० ॥

उपशम क्षपक कही जुगल, श्रेणी प्रवचनमांहि।
तिणको काल स्वभाव वस, साधन हिवणा नांहि ॥५१॥

अहनिसि ध्यान अभ्यासथी, मनथिरता जो होय।
तो अनुभव लव आज फुन, पावे विरला कोय ॥५२॥

निज अनुभव लवलेशथी, कठिन कर्म होय नाश ।
अल्प भवे भवि ते लहे, अविचलपुरको वास ॥५३॥

व्यवहारे ये ध्यानको, भेद नवि कहेवाय ।
भिन्न भिन्न कहेतां थकां, ग्रंथ अधिक हो जाय ॥५४॥

नाम मात्र अब कहत हुं, याको किंचित् भाव ।
अधिक भवि तुम जाणजो, गुरुगम तास लखाव ॥५५॥

अष्ट भेद है जोगके, पंचम प्राणायाम ।
ताके सप्त प्रकार है, सकल सिद्धके धाम ॥ ५६ ॥

रेचक पूरक तीसरो, कुंभक भेद पिछाण ।
शांतिक समता एकता, लीन भाव चित्त आण ॥ ५७ ॥

पूरक पवन गहत सुधी, कुंभक थिरता तास ।
रेचक बाहिर संचरे, शांतिक ज्योति प्रकाश ॥ ५८ ॥

समता ध्येय स्वरूपमें, तिहां सूक्ष्म उपयोग ।
गहे एकता गुण विषे, लीन भाव निज जोग ॥५९॥

लीन दशा व्यवहारथी, होत समाधि रूप ।
निहचेथी चेतन यह, होवे शिवपुर भूप ॥ ६० ॥

स्वासाकुं अति थिर करे, ताणे नहीं लिगार ।
मूलबंध दृढ लायके, करे बीज संचार ॥ ६१ ॥

वायु पांच शरीरमें, प्राण समान अपान ।
उदान वायु चोथो कह्यो, पंचम अनिल अव्यान ॥६२॥

प्राण हिये पुन सर्वगत, तनमें रहत समान ।
आधार चक्रगति जाणिये, तीजो वायु अपान ॥६३॥

उदान वासह कंठमें, संधिगतिए अव्यान ।
पंच वायुके बीज पुन, पंच हिये इम आन ॥६४॥

ऐँ पैँ रौँ ब्लौँ क्लौँ सुधी, पंच बीज परधान ।
इनके गर्भित भेदको, कहत न आवे मान ॥६५॥

पंच बीज संचारथी, अनहद धून जे होय ।
निर्गम भेद धूनितणो, जोगीश्वर लहे कोय ॥६६॥

वरण मात्र इण बीजके, कमल कमल थित जाण ।
भिन्न भिन्न गुण तेहनो, शास्त्रथकी मन आण ॥६७॥

सकल सिद्धि इणमें वसे, सर्व लब्धि इण मांहि ।
केतिक आज हुं संपजे, केतिक तो अब नांहि ॥६८॥

वरण नाभीमें संचरे, सोऽहं शब्द उद्योत ।
अजप जाप ते जाणीए, अनुभव भाव उद्योत ॥६९॥

नाभीथी हिये संचरे, तिहां रंकार प्रकाश ।
मनथिरता तामे हुवे, अशुभ संकल्प होय नाश ॥७०॥

सुरतडोर लावे गगन, तिरवेणी कर वास।
तिहां अनहद धूनि उपजे, थिर जोति परकास ॥७१॥

॥ चोपाइ छंद ॥

अनहद अधिष्टाय जे देव,
थिर चित्त देख करे तसु सेव।
ऋद्धि अनेक प्रकार देखावे,
अद्भुत रूप दृष्ट तस आवे ॥ ७२ ॥

ऋद्धि देख नवि चित्त चलावे,
ज्ञान समाधि ते नर पावे।
वेदभेद समाधि कहीए,
गुरुगम लक्ष तेहनो लहीए ॥ ७३ ॥

नाभी पास हे कुंडली नाडी,
वंकनाल हे तास पिछाडी।
दशम द्वारका मारग सोई,
उलट वाट पावे नहीं कोई ॥ ७४ ॥

मुद्रा पंच बंध त्रय जाणो,
आसण चोरासी पहिचाणो।
तामे आसण युग परधान,
मूलासण पद्मासण जाण ॥ ७५ ॥

अस्तव्यस्त वायु संचरे,
कारण विशेषे षट् कर्म करे ।
नेती धोती नौली कही,
भेद चतुर्थ त्राटक फुनि लही ॥ ७६ ॥

वस्ती पंचम भेद पिछानो,
रस कपाल भाती मन आनो ।
किंचित् आरंभ लख इणमांहि,
जैनधरममें करीए नांहि ॥ ७७ ॥

त्राटक नवलि ए दोय भेद,
करत मिटे सहु तनका खेद ।
रोग नवि होवे तनमांहि,
आलस ऊंघ अधिक होये नांहि ॥ ७८ ॥

दृष्टि अष्ट योगनी कही,
ध्यान करत ते अंतर लही ।
कीजे ए सालंबन ध्यान,
निरालंबता प्रगटत ज्ञान ॥ ७९ ॥

मित्रा तारा दुजी जाण,
बला चतुर्थी दीप्रा मन आण ।

थिरा दृष्टि कांता फुनि लहीए,
प्रभा परा अष्टम दृग कहीए ॥ ८० ॥

सघन अघन दिन रयणी कही,
ताका अनुभव यामें लही ।
निरउपाधि एकांते स्थान,
तिहां होय ए आतम ध्यान ॥ ८१ ॥

अल्प आहार निद्रा वश करे,
हित सनेह जगथी परिहरे ।
लोकलाज नवि करे लिगार,
एक प्रीत प्रभुथी चित्त धार ॥ ८२ ॥

आशा एक मोक्षकी होय,
दुजी दुविधा नवि चिंत्त कोय ।
ध्यान योग्य जाणो ते जीव,
जे भवदुःखथी डरत सदीव ॥ ८३ ॥

परनिंदा मुखथी नवि करे,
स्वनिंदा सुणी समता धरे ।
करे सहु विकथा परिहार,
रोके कर्म आगमन द्वार ॥ ८४ ॥

हरख शोक हिरदे नवि आने,
शत्रु मित्र बराबर जाने ।
परआशा तजी रहे निराश,
तेहथी होय ध्यान अभ्यास ॥ ८५ ॥

ध्यान अभ्यासी जो नर होय,
